STORY CAFÉ (Gujarati Edition)

Desai , Dinesh

VISIT...

LANZAROTE Caliente.com

સ્ટોરી - કાફે



STORY café
By Dinesh Desai
Published by Gurjar Granthratna Karyalay,


Gandhi Road, Ahmedabad 380 001
પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ: રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન: 079-22144663, 09227044777 e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ: શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન: 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

ગુજરાતી નવલિકા–સાહિત્યના શિલ્પીઓ

* ધૂમકેતુ
* રા. વિ. પાઠક `દ્વિરેફ'
* ચુનીલાલ મડિયા

તથા

`ચાંદની' સામયિક નિમિત્તે ગુજરાતી નવલિકાઓને પરખનાર
અશોક હર્ષને –
આદરાંજલિપૂર્વક

– દિનેશ દેસાઈ

સમાજજીવનનું સત્ય મારી કથાનો પિંડ

અંગ્રેજી વાર્તાકાર ઑ. હેનરીએ કહ્યું છે કે "સર્જક પોતાની આસપાસના વાતાવરણમાંથી શ્વાસ લે છે એમ સર્જન માટે તેની સંવેદનશીલતા પણ કશુંક ને કશુંક ગ્રહણ કરી લે છે. સર્જન રાતોરાત થાય અથવા રાતોરાત ના પણ થાય, પણ મનોમન સતત કશુંક ઘૂંટાતું રહેતું હોય છે."

મારા આ બીજા વાર્તાસંગ્રહમાં પ્રસ્તુત મારી 51 ટૂંકી વાર્તાઓનો સર્જનકાળ સને 1985થી સને 2020ના સાડા ત્રણ દસકાનો લાંબો પટ ધરાવે છે. મારી પ્રથમ પ્રકાશિત ટૂંકી વાર્તા "તૂટતાં આંસુ" સને 1985માં હું કૉલેજના પહેલા વર્ષ (એફ. વાય. બી. કૉમ.)માં હતો ત્યારે શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના ઍન્યુઅલ મૅગેઝિન (વાર્ષિક અંક: 1985-86) માટે પસંદ થઈ અને પ્રગટ થઈ હતી. આ વાર્તા સને 1984માં હું 16 વર્ષનો હતો અને ધોરણ-11માં ભણતો હતો ત્યારે લખી હતી.

અહીં પ્રસ્તુત મારી ટૂંકી વાર્તાઓ વિવિધ સાહિત્યસામયિકોમાં પ્રકાશિત થયેલી છે, એ તમામ પત્રોના તંત્રી-સંપાદકશ્રીનો આભાર માનું છું. મારા પ્રથમ વાર્તાસંગ્રહ "પારોમિતા" (પ્ર. 2010)માંથી કેટલીક ટૂંકી વાર્તા પણ આ સંચયમાં લીધી છે.

વાચકોના પ્રેમ વિના લેખક અધૂરો જ ગણાય. મારી મોટા ભાગની ટૂંકી વાર્તાઓનું કથાવસ્તુ સમાજમાં આપણી આસપાસ બનતી સત્યઘટનાઓ જ છે. એ કારણ હોઈ શકે કે વાચકોએ મારી મોટા ભાગની વાર્તાઓ વાંચીને પ્રતિભાવરૂપે પોસ્ટકાર્ડના જમાનામાં પત્રો પણ લખ્યા છે અને

આજના મોબાઇલના યુગમાં મને કૉલ કરીને પણ પ્રતિભાવો આપ્યા છે.
મને બાળપણથી ગુજરાતી વિષય ગમતો અને વાચન પણ ગમતું. હું 14-15 વર્ષનો હતો ત્યારથી એટલે કે નવમા-દસમા ધોરણથી જ કવિતા, વાર્તા, લઘુકથા લખવાનું સર્જનકર્મ શરૂ કરેલું એટલું સહજ. મારા માટે સાહિત્ય એટલે શબ્દની સાધના. મારા માટે સર્જન એટલે અજાગ્રત મનની પ્રવૃત્તિઓને વ્યક્ત કરતી શબ્દલીલા. જુદાં-જુદાં સામયિકો અને દૈનિકપત્રોમાં પ્રસિદ્ધ થયેલી મારી આ વાર્તાઓ મને સમાજજીવનના વાસ્તવમાંથી જડી આવી છે. એ વાસ્તવિકતા મારી કથાનો પિંડ બનીને શબ્દદેહ પામી છે. તમામ પાત્રોનાં નામ અલબત્ત બદલ્યાં છે. કેટલાંક પાત્રો જીવિત હોઈ શકે અને કેટલાંક પાત્રો કાળની ગર્તામાં વિલીન પણ થયાં હોય.
સને 1985માં ધોરણ-12 પાસ કરવાની સાથે જ અમદાવાદની શ્રી સહજાનંદ આર્ટ્ સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. આ કૉલેજમાં મને સાહિત્યનું વાતાવરણ મળ્યું. સને 1985-86માં કૉલેજ કક્ષાએ કાવ્યસ્પર્ધામાં હું વિજેતા બન્યો ત્યારે સુપ્રસિદ્ધ સાહિત્યકાર પન્નાલાલ પટેલના હસ્તે મને ટ્રૉફી અને પુરસ્કાર મળ્યાં હતાં. તેઓ સાથે ગોષ્ઠિ કરવાની તક પણ સાંપડી હતી.
સને 1986-87માં મારી પ્રથમ કૃતિ (અનુક્રમે કાવ્ય અને લઘુકથા) મુંબઈના ગુજરાતી સાહિત્ય-સામયિક “પ્રખર”માં પ્રગટ થઈ. આ માસિકના કાવ્ય વિભાગનું સંપાદન કવિ-ગઝલકાર હરીશ વટાવવાળા (વડોદરા) અને લઘુકથા વિભાગનું સંપાદન શ્રી પ્રકાશ પુરોહિત ‘નિર્દોષ’ સંભાળતા. વાચન-લેખન હેતુ પુસ્તકાલયો-વાચનાલયોની મુલાકાતના કારણે સને 1986-87ના

અરસામાં જ જુદાં-જુદાં સામયિકોનાં સરનામાં મેળવીને સ્વીકાર-અસ્વીકારની ચિંતા કર્યા વિના વાર્તા-કવિતા મોકલવી શરૂ કરી હતી. સને 1987માં "ચાંદની" સામયિકમાં મારી ટૂંકી વાર્તા "હરિરામની હાર" તથા પછીથી બીજી વાર્તાઓ પણ "ચાંદની" અને "રંગતરંગ"માં પ્રગટ થઈ હતી. "ઇન્ડિયન ઍક્સપ્રેસ ગ્રૂપ"નાં આ બેઉ સામયિકોના તંત્રીપદે વરિષ્ઠ પત્રકારશ્રી અશોક હર્ષ હતા.

સને 1987ના અરસામાં મારી સમક્ષ મુખ્ય ત્રણ પડકાર હતા: (1) ભણતરના ભાર સાથે સ્નાતક થવાની મથામણ, (2) સાહિત્યસર્જનનો માર્ગ અને (3) કારકિર્દીનો વળાંક – આ ત્રિભેટે ઊભા રહેવાની સાથે મારે મારી ગુજરાતી સાહિત્યસફરને ગતિ આપવાની હતી. એવામાં સને 1987ના ઉનાળુ વૅકેશનમાં ગુજરાત સરકારના "રાજ્ય યુવક બોર્ડ" (યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ) તરફથી નવોદિત લેખકો માટે "એકાંકી નાટ્યલેખન શિબિર" યોજવાની જાહેરખબર પ્રગટ થઈ હતી. એ વખતે હું કૉલેજના છેલ્લા વર્ષમાં ભણતો અને મારી ઉંમર 18 વર્ષ. 19મા વર્ષના ઉંબરે (જન્મ તા. 12 ઑગસ્ટ, 1968, અમદાવાદ). જેમાં ભાગ લેવા માટે 18થી 45 વર્ષ સુધીના ગુજરાતમાં વસતા નવોદિત લેખકોએ અરજી કરવાની સાથે એક સ્વલિખિત એકાંકી નાટક પણ મોકલવાનું હતું. મેં "વ્યસનમુક્તિ" નામનું એકાંકી નાટક અરજી સાથે મોકલાવ્યું હતું. ગુજરાતભરમાંથી અરજીઓ આવી હોય, એમાંથી પસંદ કરાયેલા 19 નવોદિત લેખકોમાં હું પણ એક હતો. માઉન્ટ આબુના સાધનાભવનમાં તા. 30મી ઑક્ટોબર, 1987થી તા. 5મી નવેમ્બર, 1987 સુધીના છ દિવસ દરમિયાન આ શિબિર યોજાઈ હતી.

આ “એકાંકી નાટ્યલેખન શિબિર” નિમિત્તે માઉન્ટ આબુ ખાતે ગુજરાતી સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી સતીશ વ્યાસને પહેલી વાર મળવાનું અને તેમની નિશ્રામાં એક અઠવાડિયું સાથે રહેવાનું બન્યું. તેઓએ મારાં ગદ્ય-પદ્ય પ્રત્યેનાં રસ-રુચિને જાણી-પ્રમાણીને સાહિત્યક્ષેત્રે ઉપયોગી સૂચનો કર્યાં અને માર્ગદર્શન પણ આપ્યું. તેઓએ જ મારી કવિતા પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરીને મને “ગુજરાતી સાહિત્ય પરિષદ” પરિસરમાં દર બુધવારે મળતી “બુધસભા”માં જવા અને “બુધસભા”ના સંવાહક તથા “કુમાર” અને “કવિલોક”ના તંત્રીશ્રી ધીરુ પરીખને મળવા પ્રેરણા આપી હતી. આમ માઉન્ટ આબુથી અમદાવાદ પરત આવ્યા પછી (સને 1987થી) દર બુધવારે “બુધસભા”માં નિયમિત જવાની શરૂઆત કરી હતી, એ વાતનું પણ અત્રે સ્મરણ થઈ આવે છે.
ગુજરાતી સાહિત્ય પરિષદ ભવનના ભોંયતળિયે સીડી પાસે એક નાનકડા ઓરડામાં દસેક ખુરશી ગોઠવેલી હતી. અગ્ર ભાગે બે ખુરશી હતી. કાવ્યગુરુશ્રી ધીરુ પરીખ સાથેની એ પહેલી મુલાકાત. એમની સાથે કવિશ્રી પિનાકીન ઠાકોર પણ હાજર હોય. ધીરુભાઈએ પહેલી વાર અજાણ્યો ચહેરો જોઈને સૌપ્રથમ મારું નામ પૂછ્યું હતું અને પછી પૂછ્યું હતું કે “કવિતા લાવ્યા છો?” મેં “હા” પાડી હતી. તેઓએ કવિતા આપવા કહ્યું એટલે મેં કવિતા લખેલો કાગળ સંકોચ સાથે એમને આપ્યો હતો અને વાંચીને મને પાછો આપવાની સાથે મને પઠન કરવા કહ્યું હતું. “બુધસભા”ની પરંપરા મુજબ કવિનું નામ જાહેર કર્યા વિના માત્ર કવિતાપઠન કરવામાં આવે. કવિતાના ગુણદોષ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવે અને માર્ગદર્શન

મળે. કોઈ ટીકા-ટિપ્પણી નહીં, કોઈને ઉતારી પાડવાની વાત નહીં.
સને 1989માં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન રાજકોટમાં મળ્યું હતું. એમાં ભાગ લેવાની પ્રેરણા શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી ધીરુ પરીખે જ મને આપી હતી. આ સમયે "ગુજરાતી સાહિત્ય પરિષદ"નું સભ્યપદ મેળવ્યું અને રાજકોટમાં જ (સ્વ.) ડૉ. મફત ઓઝાનો પરિચય થયો તથા તેમના તંત્રીપદના માસિક "તાદર્થ્ય"ના આજીવન સદસ્ય બન્યાનું સ્મરણ. પી.ડી. માલવિયા કૉલેજ, રાજકોટ ખાતે આયોજિત ગુ.સા.પ.ના અધિવેશનમાં ભાગ લીધો એ વખતે મારા મિત્રો કિશોર ડોડિયા અને કૌશિક મહેતા "શ્રી નૂતન સૌરાષ્ટ્ર" દૈનિકમાં પત્રકારની નોકરી કરતા. સને 1989માં તેમના માર્ગદર્શનથી જ હું "શ્રી નૂતન સૌરાષ્ટ્ર" (રાજકોટ)ના તાલીમી સંવાદદાતા તરીકે અને ત્યાર બાદ અમદાવાદમાં વરિષ્ઠ પત્રકાર-સાહિત્યકારશ્રી (સ્વ.) ભૂપત વડોદરિયાના તંત્રીપદે "સમભાવ" દૈનિક (સને 1989)માં સબ ઍડિટર તરીકે જોડાયો. સને 1990માં હું "ગુજરાત સમાચાર" દૈનિકના મૅગેઝિન સેક્શનમાં પત્રકાર તરીકે નોકરીમાં જોડાયો. એ પછી ક્રમશઃ પત્રકારત્વનો વ્યાપ વધતો ગયો અને નોકરીના સમયની અનિશ્ચિતતા સાથે અમદાવાદ ઉપરાંત વડોદરા, મુંબઈ અને નવી દિલ્હી નિવાસ કરવાનો સમય પણ આવ્યો. આમ સમયના અભાવે સને 1991થી સને 2000 સુધી અને ફરીથી સને 2011થી સને 2020ના બે દસકામાં સાહિત્યસર્જન માટે શૂન્યાવકાશ પણ સર્જાયો. આ ગાળામાં ઓછામાં ઓછું અથવા નહિવત્ સર્જનકર્મ થયું.
સને 1989માં અને સને 1990માં "ગુજરાત સમાચાર" પ્રકાશનના

મહિલાલક્ષી “શ્રી” સાપ્તાહિકમાં મારી ટૂંકી વાર્તા પ્રગટ થઈ એ વખતે આ સામયિકના સંપાદકશ્રી યશવંત મહેતા હતા. સને 1991-92માં “શ્રી” સાપ્તાહિકના સંપાદક તરીકે શ્રી રોહિત શાહનો પ્રથમ વાર પરિચય થયો. સમયપાલન, નિયમિતતા અને શિસ્ત તેમનો આજીવન સ્વભાવ. તેઓ “શ્રી” સાપ્તાહિકમાં મારી ટૂંકી વાર્તા પ્રકાશિત કરતા. તેઓએ જ “શ્રી” સાપ્તાહિકમાં મારી “ટહુકો” નામની કૉલમ પણ શરૂ કરાવી, એ વાતનું સહજ સ્મરણ. સમયની સાથે-સાથે વાચન-લેખન ઉપરાંત અભ્યાસ અને અનુશીલન – પરિશીલન પણ વધ્યાં. પદ્યની સાથોસાથ ગદ્ય પણ રચાતું ગયું. સાહિત્ય રચાતું ગયું અને નિજહૃદયમાં સમાતું પણ ગયું. સાહિત્યસમજનો ચેતોવિસ્તાર પણ વધ્યો. સને 2000માં ધીરુ પરીખે મને “કુમાર” અને “કવિલોક” માટે પુસ્તકપરિચય, પુસ્તકસમીક્ષા, અવલોકન-વિવેચન અને કાવ્યાસ્વાદ લખવા પ્રેર્યો અને પ્રોત્સાહન આપ્યું. સને 2000માં રાધેશ્યામ શર્માએ પણ આ માર્ગ ઉપર ચાલવા માર્ગદર્શન આપ્યું. એ સાથે “બુદ્ધિપ્રકાશ” માટે ડૉ. મધુસૂદન પારેખ, “પરબ” માટે તત્કાલીન તંત્રીશ્રી રમેશ ર. દવે, “ઉદ્દેશ” માટે તંત્રીશ્રી ડૉ. રમણલાલ જોશી, “પ્રત્યક્ષ” માટે ડૉ. રમણ સોની, “ખેવના” માટે સુમન શાહ, “શબ્દસૃષ્ટિ” માટે તત્કાલીન તંત્રી-સંપાદકશ્રી હર્ષદ ત્રિવેદી, “ફાર્બસ ગુજરાતી સાહિત્ય સભા ત્રૈમાસિક” માટે મંજુ ઝવેરી અવલોકન-વિવેચન, પુસ્તકસમીક્ષા, પુસ્તકપરિચય લખવા માટે સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપતાં રહ્યાં. આમ, સને 2000થી સને 2011ના એક દસકામાં આ સામયિકોમાં લગભગ 650થી વધુ પુસ્તકો વિશે લખ્યું. આ અરસામાં મારા અવલોકન-

વિવેચનલેખોના ત્રણ સંચય પ્રગટ પણ થયા. કાવ્ય ઉપરાંત નવલકથા, લઘુનવલ, ટૂંકી વાર્તા, લલિત નિબંધ, અભ્યાસ, સંશોધન, સંપાદન, અખબારીલેખન (પત્રકારત્વ), કાયદો અને પર્યાવરણવિજ્ઞાન મળીને અત્યાર સુધીમાં મારાં 80 પુસ્તકો પ્રગટ થયાં એનો આનંદ છે. સને 2011થી સરકારી સેવામાં જોડાવાના કારણે સાહિત્યસર્જન, સાહિત્યવિવેચન ઇત્યાદિ પ્રવૃત્તિને સમયના અભાવે અવશ્ય અસર પહોંચી. અલબત્ત, વાચકોનો પ્રેમ અપાર અને અસીમ છે એ વાતનો આનંદ છે.

મારું આ પુસ્તક પ્રગટ કરવા બદલ પ્રકાશનસંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રકાશકશ્રી મનુભાઈ જી. શાહ, શ્રી અમરભાઈ ઠા. શાહ અને મારા પરમમિત્ર શ્રી રોહિત શાહ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું. વાચકોના પ્રતિભાવની પ્રતીક્ષા રહેશે.

તા. 10મી ઑક્ટોબર, 2020 દિનેશ દેસાઈ

31, મનીપુર ગ્રીન્સ્ બંગલૉઝ,
મનીપુર વડ બસ સ્ટૅન્ડ, પોસ્ટ: ગરોડિયા, બોપલ-ઘુમા રોડ,
અમદાવાદ- 382115
મોબાઇલ: +91 9825076303, 8320419077

અનુક્રમ

લોહીનો વેપાર
વારસો
વિદ્રોહી જેનિફર
વૈદેહીની વ્યથા
શાદી યા બરબાદી?
શિકાર પર શિનાજોરી
શ્યામલી
સન્નાટો
સહાનુભૂતિ
સ્કિઝોફ્રેનિયા
સંજોગોનો શિકાર દ્રૌપદી
હરિરામની હાર

કમળાબા

દરેક મા માટે પોતાનો દીકરો દેવતા જ હોય છે. મા ગરીબ હોય કે અમીર, મા માટે પોતાનો દીકરો રાજકુમારથી કમ નથી હોતો. દીકરા માટે દરેક માને પક્ષપાત હોય છે. મા માટે મનોદ્વંદ્વ ત્યારે સર્જાય છે જ્યારે પતિ અને પુત્રમાંથી કોઈ એકની પસંદગી કરવાની આવે. ડાબી આંખ વહાલી ગણવી કે જમણી આંખ?

એંસી વર્ષનાં કમળાબા વિસ્ફારિત આંખે ઘરના બારણે અને ઉંબરે મીટ માંડીને બેઠાં છે. મન બેચેન છે. શરીરે ફાટેલો સાડલો વીંટાળ્યો છે. પલાંઠી વાળીને બેસી શકાતું નથી અને ઊભા થવા માટે હવે લાકડીના ટેકાની જરૂર પડવા માંડી છે. સંતાનમાં એકનો એક દીકરો તે આનંદ પણ હવે એ'ય માની ટેકણલાકડી બની શકતો નથી.

બળબળતા બપોરની વિદાય અને સાંજનો આરંભ છે. વૈશાખનો વાયરો દઝાડી મૂકે એવો છે. હવે કમળાબા ઓસરીમાં આવ્યાં ને કરચલીવાળા કપાળે ડાબા હાથની હથેળીનું છજું કરીને રસ્તા તરફ જોઈ રહે છે. પાડોશમાં રહેતો બાબુ તો છેક બપોરના બાર વાગ્યાનો આનંદને લેવા માટે ઘરેથી નીકળી ગયો છે. છતાં હજુ બેઉ ઘરે પાછા ફર્યા નથી. કમળાબાના હૈયે ઉચાટ છે. ઓસરીમાંથી ફરી ઘરના ઓરડામાં આવીને બાએ રેડિયો ચાલુ કર્યો. બાને હંમેશાં રેડિયો પરથી ગુજરાતી કાર્યક્રમો અને ગુજરાતી ગીતો, ભજનો વગેરે સાંભળવાનું ગમતું. એ ભલાં અને એમનો રેડિયો ભલો. કમળાબાના ચાસ પડી ગયેલા ચહેરા ઉપર ભાવશૂન્યતાનાં લીંપણ સિવાય

કશું જ નથી. ખડકીનો દરવાજો ખખડ્યો અને એ તરફ તેમણે જોયું કે બાબુ આનંદનો હાથ પકડીને લાવી રહ્યો છે.
સાંજના પાંચ થવા આવ્યા છે. બાએ બેઉને જોતાવેંત દોટ મૂકી અને આનંદને બાથમાં લઈ લીધો. ક્યાંય સુધી માથે હેતપૂર્વક હાથ ફેરવ્યો. આનંદના માથાના વાળ સહેજ લાંબા અને અસ્તવ્યસ્ત હતા. દાઢી'ય થોડી વધેલી હતી. બાએ વાંસે હાથ ફેરવીને દીકરાને ખાટલા ઉપર બેસાડ્યો. પોતે પણ બાજુમાં બેસી ગયાં. પચાસ વર્ષનો આનંદ પાંચ વર્ષનો બાળક બનીને બાના ખોળામાં માથું મૂકીને રડવા માંડ્યો.
બા દીકરાના માથે હાથ ફેરવતાં રહ્યાં અને બોલ્યાં: "બેટા, ચાલ જોલ્યા. છાનો થઈ જા. તને ખૂબ ભાવતી લાપસી રાંધી છે."
બાબુ ઉભડક પગે બાજોઠ ઉપર બેઠો હતો. તેણે કહ્યું કે "કમળાબા, મૅન્ટલ હૉસ્પિટલવાળા ડૉક્ટર કહેતા હતા કે આ વખતે આનંદને ઘરે લઈ જવામાં બહુ મોડું કર્યું. એક અઠવાડિયાથી રાહ જોવામાં આવી રહી હતી. તમે દીકરાને લેવા રૂબરૂ કેમ ન આવ્યાં? એમ પણ પૂછતા હતા."
આનંદ ખાટલેથી ઊઠીને બાથરૂમ તરફ વળ્યો કે તરત બાબુએ વાત આગળ વધારી: "ડૉક્ટર તો એમ પણ કહેતા હતા કે આને તો નખમાં'ય રોગ નથી. હા, તોફાને ચઢે ત્યારે જુદી વાત છે પણ એટલા ખાતર તમે લોકો આનંદને અહીં મૅન્ટલ હૉસ્પિટલમાં મૂકી જાવ છો અને વરસ-વરસ લગી મોં પણ બતાવતાં નથી, એ ઠીક નથી. આ તે કંઈ ખોડા ઢોરની પાંજરાપોળ છે કે તમે આવી-આવીને એને મૂકી જાવ છો, રામભરોસે?"
આનંદ બાથરૂમ સુધી પહોંચી શક્યો નહિ. એનાથી ઓસરીમાં જ

પેશાબ થઈ ગયો. તેણે પોતાનું મેલુંઘેલું શર્ટ ઉતાર્યું અને જાતે પોતું કરવા લાગ્યો અને પછી એ જ શર્ટ પહેરવા પ્રયાસ કરી રહ્યો. એને રોકવામાં જોખમ હતું એટલે બા અને બાબુ આ બધું જોઈ જ રહ્યાં.
બાએ ડૂસકું મૂક્યું અને બાબુ તરફ જોઈને બોલ્યાં કે "બાબુ, ડૉક્ટરની વાતે'ય ખોટી નથી. આ તો લલાટે લખાયેલું રોજનું દુઃખ છે. મને'ય કંઈ શોખ થતો હશે કે એકના એક દીકરાને ગાંડા ભેગો ગાંડો કરવા ગાંડાની ઇસ્પિતાલમાં મૂકતી ફરું? આતો વરસે દહાડે એનો ત્રાસ વેઠવો મારા માટે અસહ્ય થાય ત્યારે જ ને!"
બા બોલ્યે જતાં હતાં: "બાબુ, તું પાડોશી નહિ, મારા દીકરાની ગરજ સારે છે, બાકી આજના નકલી ઘીના જમાનામાં અહીં કોને પડી હોય કે ટાંપાં ખાવા અને મદદ કરવા આવીને ઊભું રહે?"
પચ્ચીસ વર્ષની વયે કમળાબાનાં લગ્ન થયાં હતાં. પતિના શ્વાસ તો દમની બીમારીમાં અટકી પડ્યા હતા. વૈધવ્ય તો વસમું જ હોય. પિયરમાં મા-બાપ ન હોય ત્યારે ભાઈ-ભાભી વિધવા બહેનને આખી જિંદગી પાળે-પોષે એ વાતમાં કોઈ માલ નથી. પહેલા લગ્નથી સંતાનની જવાબદારી નહોતી, એટલું કદાચ ઈશ્વરનું વરદાન હતું. ચારેક વર્ષ તો જેમ-તેમ કાઢ્યાં પણ પાણી માથા ઉપરથી વહેવા લાગ્યું ત્યારે કમળાબાએ બીજું ઘર માંડવાનું મન બનાવી લીધું હતું. કમળાબા બીજવર શંભુપ્રસાદને પરણ્યાં ત્યારે ઓગણત્રીસ વર્ષનાં હતાં. ત્રીસેક વર્ષની ઉંમરે તેમને સંતાનસુખ પ્રાપ્ત થયું અને દીકરાનો જન્મ થયો. ઘરમાં આનંદ-આનંદ છવાઈ ગયો હતો અને એથી જ દીકરાનું નામ

આનંદ પાડ્યું હતું. આજે તો હવે એ વાતને પચાસ-પચાસ વર્ષનાં વહાણાં વાયાં હતાં અને પોતેય એંસી વર્ષનાં થયાં હતાં. શંભુપ્રસાદની સરકારી નોકરી હતી એથી તેમના ગુજરી ગયા પછી પણ તેમને દર મહિને પેન્શન મળે છે. આમ પેન્શનની રકમમાંથી ગુજારો થઈ જાય છે. કમળાબાની આંખ સામે બધું તાદૃશ્ય થતું હતું. યુવાનીના ઉંબરે પ્રેમભગ્ન થતાં આનંદનો સ્વભાવ બદલાઈ ગયો હતો. તે શૉર્ટ-ટૅમ્પર થઈ ગયો હતો. તેને કદાચ બ્રૅક-અપની ભારે અસર થઈ હતી. નોકરીના સ્થળે કોઈની પણ જોડે કારણ વિના બાખડી પડતો. એમાં ને એમાં તો સારા પગારની અને કાયમી નોકરી જતી રહી હતી.

આખો દિવસ આનંદ એક જ વાતનું રટણ કરતો; “બા, મને શાલિની સાથે લગ્ન કરાવી આપ.” નોકરી છૂટી ગઈ એ પહેલાંની વાત છે. કમળાબા એક દિવસ શાલિનીને રૂબરૂ મળ્યાં હતાં અને આજીજી પણ કરી હતી કે “બેટા, આનંદ સાથે લગ્ન કરવામાં તને શો વાંધો છે? મારે તો એકનો એક દીકરો છે. ઘરનું ઘર છે. તમે એકબીજાને સારી રીતે ઓળખો પણ છો. સાથે નોકરી કરો છો. તમારે જો પરણીને જુદા અને સ્વતંત્ર રહેવું હોય તો એમાં પણ મારો કોઈ જ વિરોધ નથી.”

શાલિનીએ શાંતચિત્તે જવાબ આપ્યો હતો કે “બા, એવું કશું જ નથી. અમે સાથે નોકરી કરીએ છીએ. અમે બેઉ એકમેકને જાણીએ છીએ, સમજીએ છીએ, એ બધી જ વાત સાચી પણ અમે સારાં મિત્રો છીએ. આનંદ સાથે લગ્ન કરીને જીવનસાથી બનવાનો મારો કોઈ ઇરાદો નથી.”

શાલિની એન.આર.આઈ. મુરતિયા સાથે પરણીને અમેરિકા ઊડી ગઈ હતી. આનંદને તો ઑફિસમાંથી ઊડતી-ઊડતી વાત જાણવા મળી હતી. શાલિનીએ પોતાનાં લગ્ન વિશે કોઈને કશું કહ્યું જ નહોતું, આનંદને પણ અંધારામાં જ રાખ્યો હતો. શાલિની સાથેનો પ્રેમભંગ અને તેનું અચાનક અમેરિકા જવું, બસ આ જ વાતે આનંદ વિચલિત થઈ ગયો હતો.
આનંદ જાણે ભ્રમિત થઈ ગયો હતો. નોકરી તો છૂટી ગઈ હતી. ઘરમાં પણ તેનું રુટિન ખોરવાઈ ગયું હતું. દાઢી-વાળ વધી જવા છતાં કોઈ દરકાર નહિ. સમયસર નાહવાનું નહિ, કપડાં બદલવાનાં નહિ, ગંદાં કપડાં તરફ જાણે ધ્યાન જ ન જાય. દેખાવથી મજનુ કે આવારા લાગે. ખાવા-પીવાનું કે ઊંઘવાનું અનિયમિત કરી દીધું હતું. ગમે ત્યારે લવારા કરવા માંડે. એકલો-એકલો બબડવા માંડે. કમળાબાની ચિંતાનો પાર નહોતો. પોતે દીકરાની દશા જોઈને મનોમન ભાંગી પડ્યાં હતાં.
હિતેચ્છુ લોકોના કહેવાથી કમળાબાએ મનોતબીબોને પણ બતાવી જોયું હતું. સૌ સાયકોલૉજિસ્ટ્સનો એક જ ઑપિનિયન હતો કે “મૅન્ટલ ડિસઑર્ડરનો કેસ છે. દવા અને સીટિંગથી સારું થાય એવી આશા રાખીએ. જોકે તકલીફ વધી જાય તો આગળ જતા આનંદના સબકૉન્સિયસ માઇન્ડને પણ અસર પહોંચી શકે. તેના પઝેસિવ નેચરથી આ તકલીફ શરૂ થઈ હોવાનું જણાય છે. જો તેનામાં પ્રતિકારની, બદલાની ભાવના પ્રબળ બને તો તે કોઈ પણ કૃત્ય કરી શકે. તેને પ્રેમ આપીને સાચવવાની જરૂર પણ ખરી.”
ઘરમાં આનંદ ક્યારેક તોડફોડ કરી લેતો. ક્યારેક ગુસ્સામાં ભાન ભૂલીને કમળાબાને પણ મારઝૂડ કરી લેતો. ઘરની ચીજવસ્તુઓ જેમતેમ

ફેંકવા લાગે. આનંદના ચહેરા ઉપરથી જાણે 'આનંદ' છીનવાઈ ગયો હતો.કમળાબાએ પાણી ભરી રાખ્યું હોય તો પાણી ભરેલાં વાસણ ઊંધાં પાડી દે. પીવાનું પાણી પણ ઢોળી દે. આનંદ વીફરે ત્યારે રાંધેલું અન્ન પણ ફેંકવા માંડે. પોતે ખાય નહિ અને કમળાબાને પણ ખાવા ન દે. ધોયેલાં કપડાં કાદવ-કીચડમાં મેલાં કરી નાખે. રૂપિયા ક્યાંક સંતાડીને સાચવીને મૂક્યા હોય અને તેના હાથમાં આવે તો રૂપિયાની નોટો પણ ફાડી નાખે.

દેખાવે પ્રૌઢ છતાં આનંદની બધી વર્તણૂક ચાર-પાંચ વર્ષના બાળક જેવી છે. પચાસ વર્ષના દીકરાની પાંચ વર્ષના બાળક જેવી હરકતો કમળાબા હસતા મોઢે ચલાવી લે છે. તે શાંત હોય ત્યાં સુધી નિરાંત ખરી પણ જાણે તોફાન પહેલાંની શાંતિ. વર્ષે એકાદ વાર થોડા દિવસો માટે તેને સારવારઅર્થે મૅન્ટલ હૉસ્પિટલમાં ખસેડવો પડે છે. આનંદનાં તોફાનોથી થાકી-હારીને કમળાબા તો ઇચ્છે છે કે તેને હવે કાયમ માટે મૅન્ટલ હૉસ્પિટલમાં જ રાખવામાં આવે.

કમળાબા હજુ કંઈ સમજે કે વિચારે એ પહેલાં તો પાણી ભરેલું માટલું પછાડવાનો અવાજ આવ્યો.

રસોડામાંથી બહાર દોડી આવેલો આનંદ જાણે સભાનતાપૂર્વક બોલ્યો: "બા, મારે હવે ક્યાંય નથી જવું. મને ત્યાં બહુ ત્રાસ આપવામાં આવે છે."

("બુદ્ધિપ્રકાશ"2001)

કાશીબા શું બોલે?

છેલ્લા ઘણા દિવસોથી કાશીબા વ્યથિત હતાં. હૈયામાં ઉચાટ હતો. કેમેય કરીને ચેન પડતું નહોતું. રાતે ઊંઘ આવતી નહિ. જરાક સૂતાં હોય અને અચાનક ઝબકીને જાગી જાય. ઘર આખું ખાવા દોડે. પાંચ ઓરડાના મકાનમાં પોતે એકલાં જણ. છતાં પરિવારે એકલાં ને નોંધારાં. થોડા દિવસ તો જેમ-તેમ કરીને વીતી ગયા પણ હવે બધું સૂનું-સૂનું લાગવા માંડ્યું હતું. પડોશીઓ પણ વાતો કરવા લાગ્યાં હતાં પણ કાશીબા કયા મોઢે લોકો સાથે વાતો કરે? કેમ કે અત્યાર સુધી લોકોને જુદું સંભળાવ્યું હતું અને હવે લોકોએ જુદું સાંભળ્યું હતું. વાત વાયરે ચઢીને ગામમાં ફેલાઈ ગઈ હતી. ઘરની બહાર નીકળે ત્યારે રસ્તે જે મળે તે કાશીબાને પ્રશ્નાર્થભરી નજરે જોતાં, પણ કાશીબા એમ મચક આપે એવાં નહોતાં.

સૂંડલામાં શાક ભરીને ફેરી કરતી કશલીએ એક વાર તો પૂછી જ નાખ્યું કે “કાશીબા, તમે તો મોટા ઉપાડે કાયમ માટે શહેરમાં વસતા દીકરાના ઘરે રહેવા ગયાં હતાં ને? આમ ગણતરીના દિવસોમાં જ પાછાં કેમ આવી ગયાં?”

કૌશલ્યા નામથી એને કોઈ ન ઓળખે. બધા એને કશલી કહીને જ બોલાવે. વળી જબાનની મીઠી એટલે બધા એની પાસેથી જ શાકભાજી લે. દિલની ભોળી પણ થોડો પંચાતિયો સ્વભાવ ખરો. વાતોડિયણ પણ ખરી એટલે ગામ આખાની વાતો જાણે.

કશલીએ તો જાણે ચૂંટિયો ભર્યો હોય એમ કાશીબા છેડાઈ પડ્યાં અને બોલ્યાં કે “તને બધાએ બહુ માથે ચઢાવી રાખી છે. એ તો

ઠીક છે કે હું જવા દઉં છું. ચાલ, છાનીમાની દોઢ સો ગ્રામ દૂધી જોખી દે, એટલે પછી હું ઢેબરાં ટીપવા માંડું. તું તો નવરી છે ને મારે હજી ઘણાં કામ કરવાનાં બાકી છે.”
“બા, ખોટું ના લગાડશો પણ આ તો તમારી સાથે જીવ મળી ગયેલો છે એટલે પૂછી નાખ્યું.” કશલીએ વાત ચાલુ જ રાખી.
બા હવે જરા નરમ પડ્યાં હતાં ને બોલ્યાં કે “ના, વાત એવી નથી, જેવી તમે બધાં લોકો માનો છો.”
“તો પછી વાત શું છે એ તો કહો, લોકો કેવી-કેવી વાતો કરે છે? એકના એક છોકરાએ તમને ઘરમાંથી કાઢી મૂક્યાં તે તમારે આ ગામડે ગામ એકલાં રહેવા આવવું પડ્યું. દીકરાની વહુ તમને ત્રાસ દેતી હતી અને એવું બધું...” કશલીએ તો પૂછી જ નાખ્યું.
થોડી વાર માટે સ્તબ્ધ થઈ ગયેલાં કાશીબા આખરે ગળગળાં થઈ ગયાં. કહે કે “મારો છોકરો છે ને મારી વહુ છે. અહીં ગામમાંય મારું જ ઘર છે ને? મારી મરજી, મારે શહેરમાં રહેવું કે ગામમાં. એમાં લોકોને શું?”
કશલી પણ શાકભાજીનો સૂંડલો કોરાણે મૂકીને ઊભાપગે બેસી પડી.
હવે કાશીબાનો બંધ તૂટી પડ્યો: “નથી મારી વહુએ કાઢી મૂકી કે નથી મારા દીકરાનો કોઈ વાંક. વાંક તો મારા કરમનો, મારા નસીબનો.”
નાનકડા ગામમાં જીવાભાઈ પટેલ આબરૂદાર માણસ. જીવાભાઈ – કાશીબાને એકનો એક દીકરો, અનિકેત. ભણવા-ગણવા શહેરમાં મોકલ્યો ને

શહેરનો થઈને જ રહી પડ્યો. પટેલની ખેતીવાડી વરસોવરસ સુકાતી ચાલી. ઘરનાં કામકાજમાં ધ્યાન કોણ આપે? પાછલી અવસ્થાએ વળી જીવાભાઈ પણ બિચારા કેટલું ખેંચે? ઘરનું ગાડું જેમતેમ ગબડતું. બે માણસને વળી ખાવા પણ કેટલું જોઈએ?
અનિકેતે શહેરમાં જ ગુપચુપ લગ્ન કરી લીધાં હતાં. એને બીક હતી કે મા-બાપને કહીશ તો ગામડા ગામની કન્યા સાથે જ સગપણ કરાવી દેશે. પટેલને ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને રહી-રહીને હૃદયરોગે પણ સપડાવ્યા. કાશીબાએ પણ હામ ન હારી. બધા ખર્ચને પહોંચી વળવા ધીરે-ધીરે બધી જમીન વેચાવા માંડી. ખાટલે પડેલા પટેલને શું ખબર કે હૉસ્પિટલ અને દવાના ખર્ચા ક્યાંથી આવે છે? આખરે પટેલ માંદગી સામે હારી ગયા અને હૃદયરોગના ત્રીજા હુમલામાં દેવ થઈ ગયા.
એકલાં પડેલાં કાશીબા પાસે ગામડે મા-બાપને મળવા જ્યારે વહુ અને બે બાળકોને લઈને અનિકેત આવ્યો ત્યારે તેને તો ખબર પડી હતી કે હવે બાપ રહ્યા નથી. જોકે બાપના જીવતેજીવ તો દીકરાની હિંમત નહોતી કે પ્રેમલગ્ન કર્યાની વાત કરે અને મોં બતાવી શકે. કદાચ બાપના મર્યાની વાત ઊડતી-ઊડતી પણ સાંભળી હોય, એટલે જ હવે દીકરો ગામ આવ્યો હોય એ સમજતાં કાશીબાને કંઈ વાર ન લાગી. જોકે વરસો પછી દીકરો ઘરે પાછો ફર્યાનો હરખ અને મૂડીનું વ્યાજ કોને વહાલું ન લાગે?
દીકરો લોકલાજે ગણો કે મોટા ઉપાડે ગણો પણ એકલાં પડેલાં બાને શહેરમાં સાથે લઈ તો આવ્યો પણ બાને દીકરા-વહુ સાથે ન ફાવ્યું તે ન જ ફાવ્યું. કદાચ વહુએ જ બાને ફાવવા ન દીધાં.

“બા, તમે વહેલાં ઊઠી જાવ છો એ તો સારી વાત છે પરંતુ સવેળા નાહી-ધોઈને તૈયાર થઈ જતાં હોવ તો?” નિકિતા વહુ કહેતી.

“હું તો મારા ગામડામાં જેમ બધા કામ પરવારીને પછી જ નાહવા-ધોવાનું કરીશ.” બા કહેતાં.

“– પણ વહેલાં તૈયાર થાઓ, સ્વચ્છ અને સુઘડ કપડાં પહેરો તો જરા સારું લાગે ને. વળી, હવે તો તમે અહીં શહેરમાં આવી ગયાં છો ત્યારે તમારે ગામ જેવાં કોઈ કામ પણ કરવાનાં નથી અને અહીંની રીત-ભાત પ્રમાણે રહો તો અમારું પણ સારું લાગે. અહીંના પ્રમાણે તમારે ટેવ પાડવી પડશે, જો અહીં રહેવું હોય તો –” વહુ બોલી પડી.

નિકિતા બાનાં વાસી કપડાં અને દુર્ગંધથી સૂગ અનુભવી રહી હતી. બાળકો સ્કૂલ માટે સવારે વહેલા નીકળી જાય તે છેક સાંજે આવે અને પાછા ટ્યૂશન જાય. અનિકેત પણ સવારે ઑફિસ જતો રહે તે પણ મોડેથી ઘેર આવે. આખો દિવસ નિકિતાએ જ અજબની બદબૂ સામે ઝઝૂમવું પડે.

“એટલે તું કહેવા શું માગે છે? હું ભૂંડી લાગું છું એમ જ ને. દીકરાને જન્મ આપ્યો, ઉછેરીને મોટો કર્યો. ભણાવ્યો-ગણાવ્યો તે આ દિવસ જોવા માટે? – અને હું કોઈ શોભાની પૂતળી છું કે તમે લોકો કહો એમ જ મારે રહેવાનું? હું તો આ ચાલી મારે ગામ. હું કોઈનેય ભારે પડું એમ નથી. મને એકલીને રહેતાં આવડે છે. મારે કોઈનાં ઓશિયાળાં થઈને રહેવું નથી.” કાશીબા જાણે વીફર્યાં હતાં.

“બા, એવી કોઈ વાત નથી. તમે અમને કંઈ ભારે પડતાં નથી,

પણ થોડું સમજો તો સારું." દીકરો-વહુ બેઉ બાને સમજાવવાનો પ્રયાસ કરતાં.
આ તરફ સિત્તેર વર્ષનાં કાશીબા કહેતાં કે "એના કરતાં તો ભગવાન મને ઉપાડી લે તો સારું."
કશલી એકધ્યાન થઈને કાશીબાની વાતો સાંભળી રહી હતી. એય ખુદ વિમાસણમાં પડી ગઈ હતી કે આખરે વાંક છે કોનો? કાશીબાનો કે માના જણ્યાનો?
એક વાર પાડોશીએ બાને કહેલું કે "આટલું મોટું મકાન છે, તમે એકલપંડ્ય છો. બધું વાપરી પણ ન શકો અને સાફસફાઈ પણ ન કરી શકો. એકાદ-બે ઓરડા ભાડે આપી દેતાં હોવ તો?"
"ના, ભ'ઈ ના. એ વાત જ ખોટી. હું જીવું છું ત્યાં સુધી તો ભાડેય નહીં અને વેચવાનીય વાત નહીં. અંજળપાણી હશે ત્યાં સુધી જીવીશ અને રહીશ." બા આવેશમાં બોલી ગયાં હતાં.
દીકરો દર મહિને નિયમિત અમુક રકમ ગામડે બાને મોકલી આપતો હતો. એમાં બાનો ગુજારો થઈ જતો હતો. ઓણ સાલ ભારે વરસાદમાં મેડીબંધ મકાનની પછીતનો ભાગ નુકસાન પામ્યો ત્યારે બાએ મરામતનો ખર્ચો મંગાવ્યો હતો પણ દીકરાએ તો સાફ શબ્દોમાં ઇનકાર કરી દીધો હતો.
દીકરાએ કહી દીધું હતું કે "બા, તમારે સમજવું જોઈએ કે અહીં શહેરમાં અમે માંડ-માંડ ઘરસંસાર ચલાવીએ છીએ. તમારે અહીં અમારી જોડે શહેરમાં રહેવા આવી જવું હોય તો ઠીક, બાકી જૂનું ઘર એટલે ખાતું ધન કહેવાય અને હાલ અમારી પાસે એવા કોઈ રૂપિયાની સગવડ નથી."

એ દિવસે તો કાશીબાને હાડોહાડ લાગી આવ્યું હતું અને મનોમન બબડ્યાં હતાં કે “દેવના દીધેલ જ્યારે મોટા થઈને ડામ દે ત્યારે ડિલ નહિ, દિલ સળગી ઊઠતું હોય છે.”

કાશીબાના પડોશના મકાનને પણ વરસાદથી નુકસાન થયું હતું. તેણે પણ ઘરનો થોડો ભાગ રિપૅર કરાવવાનું કામ કાઢ્યું હતું. એક જ દીવાલ હોવાથી પાડોશીએ ભેગું કામ કરાવવા માટે ભાગે પડતો ખર્ચો માંગ્યો હતો, પણ કાશીબા શું બોલે?

(“રંગતરંગ” 1987)

કાળો ધબ્બો

"તમારા ધ્યાનમાં કોઈ સારો છોકરો હોય તો કહેજો, અમારી દીકરી ઋતા માટે. એમ.એ. થયેલી છે અને નોકરી પણ કરે છે. સારો પગાર છે અને જન્માક્ષર પણ ચોખ્ખા છે. મંગળ, શનિ કે રાહુ, કેતુનો કોઈ પ્રૉબ્લેમ નથી." આમ કહી–કહીને છેતાળીસ વર્ષની સલોની મહેતાની જીભ સુકાઈ ગઈ હતી. સગાં-સંબંધીઓ અને સૌ ફ્રેન્ડઝ સર્કલમાં બધાંને તે કહી ચૂકી હતી. ચોવીસ વર્ષની ઋતા માટે આમ તો ત્રણ-ચાર વર્ષથી મુરતિયો ગોતવાની મથામણ ચાલી રહી છે પણ કોણ જાણે કેમ, યોગ્ય મુરતિયો, યોગ્ય ઘર અને વર મળતાં નથી. ઋતા પણ બધું જ જાણે છે. બેડરૂમમાં જઈને એકલી પડે ત્યારે આંસુ સારી લે છે. બીજું કરેય શું?

એક વાર ઋતાએ સલોનીને કહ્યું હતું કે "મમ્મા, હવે તું મારા સગપણનું વિચારવાનું પણ છોડી દે. તું તો બધું જ જાણે છે ને. હું કંઈ તને ભારે પડતી નથી. હું ખુદ પગભર છું અને કમાઉં પણ છું. જો તને મારો બોજ લાગતો હોય તો...?"

ચમકીને સલોની બોલી ઊઠી: "અરે, બેટા – ઋતા એ તું શું બોલી? કોઈ માને દીકરીનો ભાર લાગતો હશે? તને નવ-નવ મહિના પેટમાં ઉછેરી ત્યારે તારો ભાર મને નથી લાગ્યો, તો હવે વળી મને તારો શો ભાર લાગવાનો? તને સાસરે વિદાય કર્યા પછી તો હું આ ઘરમાં એકલી પડી જવાની, પછી તો મને પણ ક્યાં ગમવાનું હતું? બેટા, તું શાંતિથી વિચાર કે કયા મા-બાપ પોતાની પરણવાલાયક થયેલી દીકરીને ઘરમાં કુંવારી બેસાડી રાખે? તારા પાપા તો હવે રહ્યા નથી કે નથી કોઈ

બીજાં ભાઈ-બહેન. જે ગણો તે હું જ છું ને... હું નહિ કરું તો કોણ ચિંતા કરશે?" બોલતા–બોલતા તો સલોનીનો અવાજ ભારેખમ થઈ ગયો હતો. જાણે તે ડૂસકું મૂકવાનું પણ છુપાવી રહી હતી.

આ સાંભળીને વળી ઋતાની આંખો પણ ભરાઈ આવી હતી. મા અને દીકરી બેઉ બધું સમજતાં હતાં. સગપણમાં વિલંબનું કારણ પણ જાણતાં હતાં. આમ છતાં બંનેના મોં ઉપર જાણે એક અદૃશ્ય લક્ષ્મણરેખા ખેંચાઈ ગઈ હતી. જોકે પોતાનાં લગ્ન થતાં નથી કે પોતાને કોઈ પસંદ કરતું નથી એ બદલ માની વિહ્ વળતાએ આખરે ઋતાને બોલવા મજબૂર બનાવી જ દીધી.

ઋતાએ કહ્યું કે "મમ્મા, તું એ વાત સારી રીતે જાણે છે કે તારા ચહેરા ઉપરના બે સફેદ દાગના કારણે જ મારી સાથે લગ્ન કરવા કોઈ તૈયાર થતું નથી. મુરતિયો મને જુએ ત્યારે તો પસંદ કરી લે છે, ત્યાં સુધી તો બધું બરાબર ચાલે છે, પણ તને જોયા બાદ જોવા આવનારાઓ એવું માનવા લાગે છે કે લગ્ન કર્યા બાદ આગળ જતાં કન્યામાં પણ માની આ ઍબ વારસાગત રીતે ઊતરી આવશે તો? બસ બધી તકલીફનું મૂળ કારણ આ દાગ જ છે ને..."

આટલું સાંભળીને તો સલોનીએ અત્યાર સુધી રોકી રાખેલો બંધ તૂટી પડ્યો અને તેની આંખે શ્રાવણ-ભાદરવો વરસી પડ્યાં. ઋતા પણ મન મૂકીને રડી પડી. મા-દીકરી એકમેકને વળગીને ક્યાંય સુધી પોતાના ભાગ્યને રડતાં રહ્યાં. વાંક કોઈનોય ક્યાં હતો? કુદરતની માયા અને ઉપરવાળાની કમાલ હતી. એમાં બિચારો માનવી શું કરે?

સલોની રૂપાળી નહિ તોય ઘઉંવર્ણી જરૂર છે. દેખાવ આકર્ષક જ ગણાય. મદહોશ કરી મૂકે તેવી આસમાની આંખો અને ખૂબસૂરત ચહેરો. છેતાળીસ વર્ષ થવા છતાં તેના યૌવનને ક્યાંય કાટ લાગ્યો નથી. વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં હતી એવી જ આકર્ષક વળી. હા, સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા સફેદ દાગ તેના ચહેરાના આકર્ષણ ઉપર ગ્રહણ લગાડીને બેસી ગયા છે. સલોનીના ચહેરા ઉપરના બે નાનકડા સફેદ દાગ ઋતાની જિંદગીમાં હવે તો કાળો ધબ્બો બનીને રહી ગયા છે. સલોની તો નાની હતી ત્યારથી કામણગારી હતી. મા-બાપની એકની એક દીકરી એટલે લાડકી પણ ખરી. એક દીકરાની જેમ ખૂબ લાડકોડથી તેનો ઉછેર થયો હતો.
સલોનીને એક વાર ટીનેજમાં જ કુદરતની જાણે કે નજર લાગી ગઈ હતી. હોઠ પાસે રાઈના દાણા જેવડી સફેદીએ જગ્યા રોકી લીધી હતી. પહેલાં તો કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. સલોની પણ એનાથી બેખબર જ રહી હતી. ધીમે-ધીમે રાઈના દાણાએ મગના દાણા જેવડું સ્થાન લઈ લીધું હતું. સલોની ત્યારે અગિયારમા ધોરણમાં ભણતી હતી. સોળ વર્ષની સલોનીનું ધ્યાન હવે ભણવામાં ઓછું અને દર્પણમાં વધુ રહેવા માંડ્યું હતું. ક્યારેક મિનિટો સુધી દર્પણ સામે બેસીને પોતાની જાતને નિહાળી રહેતી.
એક દિવસ સલોનીએ જ મા-બાપને વાત કરી. મા-બાપ દીકરીને લઈને જુદા-જુદા ડૉક્ટરો, સ્કિન સ્પેશિયાલિસ્ટ્સ એમ બધા પાસે તપાસ, નિદાન કરાવી આવ્યા. દવા અને ઉપચારના પ્રકારમાં ફરક આવે, પણ

મગના દાણાની જગ્યા હવે વટાણાના દાણા જેવડી જગ્યાએ લઈ લીધી હતી. હવે દાગ મોટો થતો ગયો હતો. ચહેરો જોનારનું તરત ધ્યાન જાય એ રીતે દાગે હોઠ પાસે જગ્યા કરી લીધી હતી.
સોળ વર્ષની સલોની નીચલા હોઠ પાસે ફેલાયેલો સફેદ દાગ છુપાવવા કાયમ હળવા લાલ રંગની લિપસ્ટિક નિયમિત લગાવવા માંડી. મમ્મીએ જ દીકરી સલોનીને હાથવગા ઉપાય લેખે આવી સલાહ આપી હતી. કેમ કે બીજા કોઈ ઉપાય કે ઉપચાર કારગત રહ્યા નહોતા. આ તરફ ઋતા તો સુંદર અને આકર્ષક છે. તેના શરીરના કોઈ ભાગે સફેદ દાગ નથી કે તેને કોઈ જાતની ખોડખાંપણ નથી. આમ છતાં સગપણ માટે આવેલા લોકો ઋતાની મા સલોનીને જોઈ લીધા પછી મન વાળી લે છે.
સલોનીને યાદ આવે છે કે જ્યારે પોતાને પણ કોઈ મુરતિયા પસંદ કરતા નહોતા ત્યારે દાગ વિશે કોઈને અંધારામાં રાખીને તેણે પરણવાનું પસંદ કર્યું નહોતું. સલોનીએ તો મા-બાપને પણ કહી જ રાખ્યું હતું કે જે લોકો લગ્ન હેતુ પોતાને જોવા માટે ઘરે આવે તે બધાને પોતાના સફેદ દાગ વિશે અવશ્ય જણાવી દેવું. આખરે મૌલિક નામના એક યુવાને સલોની સાથે લગ્ન કરવા માટે હામ ભીડી હતી. તે લગ્ન કરવા તો તૈયાર થયો હતો પણ તેની વાત સાંભળીને જરૂર ચોંકી જવાય એવું હતું.
મૌલિકે સલોની અને તેનાં મા-બાપને પહેલી જ બેઠકમાં કહી દીધું હતું કે “જુઓ, સલોની મને ગમી ગઈ છે. મને સફેદ દાગ વિશે કોઈ પ્રૉબ્લેમ નથી. એની જો હા હોય તો મને કોઈ વાંધો નથી પણ એક વાતની હું ચોખવટ કરી દઉં કે તમે મને મારા મા-બાપને લઈને આવવાનું

કહેશો તો એમ નહિ બને. લગ્ન કરવા માટે પણ હું એકલો જ આવીશ. હા, થોડા ફ્રેન્ડઝ વગેરે સાથે હોઈ શકે. કેમ કે હું અનાથ છું. મારા માટે મા-બાપ એ અજાણી અને અઘરી વાત છે. અનાથઆશ્રમમાં જ રહીને ઊછર્યો અને ભણ્યો છું. નૅશનલાઇઝ્ ડ બૅન્કમાં જોબ છે. સારો પગાર છે. મારી માલિકીનો ફ્લૅટ છે. તમારી દીકરી દુઃખી નહિ થાય, એવું હું વચન આપી શકું છું.”

સલોનીનાં માતા-પિતા માની ગયાં હતાં અને સાદગીપૂર્વક સલોની અને મૌલિકનાં લગ્ન કરાવવામાં આવ્યાં હતાં. સલોની તો પરણી ગઈ પણ હવે ચોવીસ વર્ષની ઋતાનું કોઈ જ કારણ વિના પણ ક્યાંય ઠેકાણું પડતું નથી. જોકે ચોવીસ વર્ષની ઉંમર લગ્ન માટે કંઈ મોટી પણ ન ગણાય. આમ છતાં મુરતિયા જોવાનું ચાલતું રહ્યું છે. ઋતાને કોઈ ખોડ નથી કે નખમાંય કોઈ રોગ નથી, છતાં માનો પડછાયો આડે આવે છે. કન્યા જોવા આવનારા દરેક મુરતિયાને અને તેનાં સગાંને એક જ સવાલ મૂંઝવી મારતો હોય છે કે ભલે અત્યારે નથી પણ લગ્ન પછી જો કન્યાના શરીરે દાગ દેખા દેશે ત્યારે શું? એવું રિસ્ક કોણ લે? એવી માથાકૂટમાં કોણ પડે? સલોનીને હોઠ પાસે છે એ સિવાય ચાંદલો કરવાની જગ્યાએ કપાળે, બે ભ્રમરની વચ્ચોવચ પણ સફેદ દાગનો પગપેસારો છે. હોઠે લિપસ્ટિક લગાવીને ઢાંકી દેવાય છે એમ સલોની ચાંદલો કરીને પણ દાગ ઢાંકી રાખે છે. શરીરના બીજા ભાગોએ પણ આટલાં વર્ષોમાં સફેદ દાગ વિસ્તર્યો છે ખરો, પણ એ જોઈ શકાય એમ નથી, એટલી નિરાંત.

“સગાં સૌ સ્વાર્થનાં” આ કહેવતની યથાર્થતાનો સલોની અને હવે

ઋતાને પણ અનુભવ થઈ ચૂક્યો છે. સલોનીનાં મા-બાપ તો હવે રહ્યાં નથી. પતિ મૌલિકનું કૅન્સરના કારણે મોત થયું એ વાતને પણ બે વર્ષ વીતી ગયાં. પતિના પી.એફ. – ગ્રેજ્યુઈટી અને ઇન્સ્યૉરન્સ અને સેવિંગ્સ્ મળીને ચાળીસ લાખની જમા પૂંજી છે. બચત કરીને લીધેલા બીજા ફ્લૅટનું ભાડું અને વ્યાજમાંથી જિંદગી આસાનીથી પસાર થઈ રહી છે. દીકરી સારું કમાય છે પણ સલોનીને એક જ વાતની ચિંતા કોરી ખાય છેઃ "હું નહિ હોઉં ત્યારે મારી ઋતાનું શું થશે?"

("ચાંદની"1988)

કુહાડીનો ઘા

દુનિયામાં 'મા' શબ્દ પ્રેમ, દયા અને કરુણાનો પર્યાય માનવામાં આવે છે. દુનિયામાં દરેક પુરુષને તેની જિંદગીનું સૌપ્રથમ ચુંબન પોતાની મા તરફથી મળ્યું હોય છે. કઈ મા પોતાના દીકરાનું બૂરું ઇચ્છે? પરંતુ સમય અને સંજોગ માણસ પાસે કંઈ પણ કરાવી શકે છે. જે કર ઝુલાવે પારણું એ જનની પોતાના માથાફરેલા દીકરાને કુહાડીના ઘા પણ ઝીંકી શકે. ઐસા ભી હોતા હૈ.

ચોમાસાની વિદાયના દિવસો છે. આસો માસ ઢૂકડો છે અને દિવાળીના દિવસો સાવ નજીક છે. રાતના નવ-દસ વાગ્યાનો સુમાર છે. અમદાવાદના અમરાઈવાડી પોલીસસ્ટેશનમાં ફરજ ઉપરના પોલીસ ઇન્સ્પેક્ટર પી.જે. ત્રિવેદી પોતાના સ્ટાફ સાથે કોઈ ગુનાના કાગળો તપાસવામાં વ્યસ્ત છે. બહારથી આવતા કોલાહલમાં વધઘટ થતી રહે છે.

કચેરીના સન્નાટાને ચીરતી આધેડ વયની મહિલા પી.આઇ.ની ચૅમ્બરમાં ધસી આવી. એના જમણા હાથમાં મજબૂત રીતે પકડેલી કુહાડી હતી. ખુદ પી.આઇ. અને તેમના રાઇટર તથા ત્યાં હાજર બે પોલીસ કૉન્સ્ટેબલ, એમ ચારેય જણા સ્તબ્ધ થઈ ગયા. પોલીસ કંઈ વિચારે એ પહેલાં તો આગંતુક મહિલાએ કુહાડી પી.આઇ.ના મેજ ઉપર મૂકી દીધી. કુહાડીની ધાર ઉપર લાલાશ જોઈ શકાતી હતી. તેના વાળ વિખરાયેલા હતા. લઘરવઘર સાડલો અંગે વીંટાળ્યો હતો. શરીરનો બાંધો મજબૂત હતો, એથી કોઈ મજૂર પરિવારની હોય એમ લાગતું હતું.

"સાહેબ, આ કુહાડીથી જ મેં મારા જુવાનજોધ દીકરાને ઢાળી

દીધો છે. માથાના ભાગે ત્રણ-ચાર ઘા માર્યા છે. દોડીને સીધી તમારી પાસે આવી છું. અત્યાર સુધીમાં તો એ ઊકલી પણ ગયો હશે. સાહેબ, મેં ગુનો કર્યો છે, મને પકડી લો, મને સજા કરો.” આટલું બોલીને આગંતુક મહિલા ચૂપ થઈ ગઈ.

તે ધબ દઈને ભોંયતળિયે બેસી પડી. તેની આંખોમાંથી ડબ... ડબ... આંસુ પડી રહ્યાં હતાં. આંસુ કદાચ પશ્ચાતાપનાં હતાં, પુત્ર ગુમાવ્યાની વેદનાનાં હતાં કે પુત્રના મોતથી સંતૃપ્તિનાં હતાં? એ કોઈ સમજી શક્યું નહિ.

પોલીસે પોતાનું કામ શરૂ કર્યું. મા જ ફરિયાદી અને મા જ આરોપી. એફ.આઈ.આર.માં પ્રથમ ખબર આપનાર – ફરિયાદીના ખાનામાં પણ તેનું નામ અને તહોમતદારના ખાનામાં પણ તેનું જ નામ. પોતે જ લખાવતી ગઈ: “મારું નામ સોનીબહેન તે મગનભાઈ અમથાભાઈની વિધવા, જાતે નાડિયા. ઉંમર વર્ષ આશરે 55 વર્ષ. ધંધો: છૂટક મજૂરી. રહે. હાજરાબીબીની ચાલી, હાટકેશ્વર ડેપો સામે, લાલ બંગલા, અમરાઈવાડી, અમદાવાદ. મૂળ વતનનું ગામ સીકાસણા, તા. જિ. મહેસાણા.” પછી તેણે પોતાના જમણા હાથનો અંગૂઠો પણ પાડી આપ્યો.

વાત એમ બની હતી કે દારૂના નશામાં છાકટો બનેલો યુવાન દીકરો માને મારી નાખવા માટે આગળ આવ્યો હતો અને માએ કઠણ કાળજે ઘરની પરસાળમાં રાખેલી કુહાડી હાથમાં લીધી હતી. દીકરો કંઈ પણ સમજે કે વિચારે એ પહેલાં જ માએ તેને માથાના ભાગે કુહાડીનો એક ઘા ઝીંકી દીધો હતો. દીકરો લોહી દદડતી હાલતમાં ઢગલો થઈને જમીન પર બેસી પડ્યો હતો. માએ દીકરાને માથાના ભાગે જ બીજા ત્રણ

ઘા કરીને શાંત પાડી દીધો હતો. જનનીની જોડ ન જડે પણ માતૃપ્રેમ માટે લાડકવાયાએ પાત્રતા કેળવવી પડે.
સોનીબહેન કમનસીબ બનાવ વિશે પોલીસને માંડીને વાત કરે છે: “સાહેબ, આજે રાત્રે આઠ, સાડા આઠ વાગ્યાના સુમારે મારો પાંત્રીસેક વર્ષનો દીકરો સુરેશ રોજની જેમ ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં ઘરે જમવા આવ્યો. મેં રોટલી, દાળ-ભાત બનાવેલાં, જે મેં થાળીમાં પીરસ્યાં. બસ, તેણે તો ઉશ્કેરાઈને થાળી ઉલાળી. મને ગાળો બોલવા લાગ્યો. કહે કે શાક કેમ બનાવ્યું નથી? મેં એને ચોપડાવી દીધું કે કોઈ કામ-ધંધો તો કરવો નથી અને મફતના રોટલા તોડવા છે. પહેલાં કમાવા જા અને પછી શાક માગજે.” તે એકશ્વાસે બોલતી હતી.
થોડી વાર રોકાઈને સોનીબહેને પોતાની વીતક આગળ ચલાવી: “સુરેશ તો આવેશમાં આવીને મને મારવા લાગ્યો. આ તો રોજનું થયું. હું બચવા ઘરમાંથી દોડીને ચાલીમાં ભાગી. તેના માથે મોત સવાર હતું. મારા ઉપર છુટ્ટા પથ્થર ફેંક્યા, જે મને વાગ્યા પણ ખરા. લોકો ભેગા થઈ ગયા હતા. કોઈક એને પકડવા ને વારવા ગયું તો એમને હાથ ઉગામવા લાગ્યો. લોકો આઘાપાછા થવા લાગ્યા. એ મારા તરફ ધસી આવતો હતો. તે મને મારવા જમીન પર પડેલ લાકડાનું થડિયું ઉપાડવા નીચે નમ્યો અને મેં ઘર બહાર લાકડા કાપવા મૂકી રાખેલી કુહાડી ઉપાડી લીધી. એને માથાના પાછળના ભાગે એક જ ઘા ઝીંકીને પાડી દીધો. એ પછી માથાના ભાગે બીજા ત્રણ ઘા કર્યા અને કુહાડી સાથે અહીં પોલીસસ્ટેશને આવી ગઈ.”
પોલીસે મુખ્યત્વે ઇન્ડિયન પિનલ કૉડની કલમ-302 મુજબ

ગુનો નોંધીને સોનીબહેનની ધરપકડ કરીને અદાલતમાં રજૂ કર્યાં. અદાલતે તેને અદાલતી હિરાસતમાં સાબરમતી જેલમાં મોકલી આપ્યાં. અદાલતમાં કેસ ચાલ્યો પણ પુરાવાના અભાવે અદાલતે પ્રૉબેશનનો લાભ આપીને સોનીબહેનને નિર્દોષ છોડવા હુકમ કર્યો હતો. ચાલીના રહીશો એવા નજરે જોનાર સાક્ષીઓ પણ અદાલત સમક્ષ હૉસ્ટાઈલ –ફરી ગયેલા જાહેર થયા હતા. પાડોશીઓએ એમ માન્યું હશે કે જે થયું એ સારું થયું.

થોડા વખતના જેલવાસ પછી સોનીબહેન પોતાના ઘરે પાછાં ફર્યાં છે. સૌથી મોટો દીકરો આડત્રીસ વર્ષનો બાબુ તો પત્ની-બાળકો સાથે અલગ જ રહેતો આવ્યો છે. બીજા નંબરનો સુરેશ તો હવે રહ્યો નથી. ત્રીજા નંબરનો દીકરો બત્રીસ વર્ષનો અશોક અને ત્રીસ વર્ષનો રાજુ પત્ની-બાળકો સાથે સંયુક્ત પરિવારમાં જ રહે છે. ચાલીનાં લોકો પણ જાણે કે બધું ભૂલી ગયાં છે. સહુ પોતાની ગરીબ જિંદગીમાં જીવવા માટે ઝઝૂમવામાં વ્યસ્ત અને અસ્તવ્યસ્ત છે. સુરેશના ત્રાસથી તો તેની પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. ત્યારથી તેનાં ત્રણ સંતાન – બે દીકરી અને એક દીકરાને સોનીબહેન જ ઉછેરી રહ્યાં છે. સોનીબહેન માટે ચાલીની જિંદગીમાં કોઈ જ ફેર પડ્યો નથી. સોનીબહેનનો ચહેરો સપાટ છે. સુખ-દુઃખ કે હર્ષ-શોકની કોઈ લકીર તેમના ચહેરે કે કપાળે જોવા મળતી નથી. વાચા જતી રહી છે અથવા શબ્દો ગુમ છે.

(“લોકસત્તા-જનસત્તા”1999)

કુંવારી મા

તે સત્તરેક વર્ષની હતી ત્યારે જે ઝંઝાવાત અનુભવ્યો હતો એવો જ ઝંઝાવાત પિયા આજે બમણી ઉંમરે ફરી એક વાર અનુભવી રહી છે. પાત્રો અને સ્થળ બદલાયાં છે પણ પરિસ્થિતિમાં કોઈ જ ફરક આવ્યો નથી. આજે તો તેની દીકરી પિન્કી પણ સત્તરના ઉંબરે આવી ગઈ છે. મમ્માને તે ખૂબ પ્યાર કરે છે, લાડ કરે છે અને કદીક હક્કથી લડે, ઝઘડે પણ છે.

આજે તો પિન્કી પાછળ જ પડી ગઈ હતી: "મમ્મા, હું તને જ્યારે પૂછું ત્યારે તું એકનો એક જ જવાબ આપતી રહી છું... પછી કહીશ, સમય આવ્યે કહીશ પણ આજે તો તારે મને કહેવું જ પડશે, કોણ છે મારા ડેડી? તું મારી મમ્મા છે તો ડેડી વિશે મને કહેવું જ પડશે કે હું કોનું સંતાન છું?"

ચોત્રીસ વર્ષની પિયા ભીતરથી હચમચી ગઈ હતી. દીકરીના સવાલોએ તેને ઘેરી લીધી હતી. જે દર્દ વર્ષોથી હૃદયની ભીતર દબાવી રાખ્યું હતું તે દર્દની પોટલી ખોલવાની વેળા કદાચ આવી પડી હતી. વેદનાનો બંધ સંગોપાઈને આંખો પાછળ બાંધી રાખ્યો હતો એ છોડવાની વેળા પણ આવી પડી હતી. સમજણી થઈ ત્યારથી પિયા દુઃખ વેઠતી આવી હતી.

પિયા – એક તોફાની, અલ્લડ, મસ્ત, મનમોજી છોકરી. ભારે બોલકી અને સૌમાં ભળી જાય તેવી. મા-બાપની એકની એક અને લાડકી દીકરી. બદામ જેવી આંખો, રેશમી ઝુલ્ફો, રૂપનો અંબાર અને ડિઝાઇનર વૅરની શોખીન. ઘરની બહાર નીકળે ત્યારે ફૅશનપરેડમાં ભાગ લેવાની હોય

એવો તેનો ઠસ્સો અને રુઆબ. પિયા ભણવામાં પણ હોશિયાર. સત્તર વર્ષની પિયાને બહેનપણીઓ પણ વધારે અને ભાઈબંધો પણ એટલા જ. બારમા ધોરણમાં ભણતી પિયાનું સ્કૂલ-ફ્રેન્ડ્ઝનું ગ્રૂપ જુદું. ટ્યૂશન ક્લાસીસનું ફ્રેન્ડ્ઝ-ગ્રૂપ જુદું. કરાટે ક્લાસીસમાં જતી એટલે ત્યાંનું ફ્રેન્ડઝ-ગ્રૂપ વળી જુદું. જ્યાં રહેતી ત્યાં સોસાયટીનું ફ્રેન્ડ્ઝ-ગ્રૂપ વળી અલગ. પિયા હતી જ એવી, પહેલી નજરમાં જ ગમી જાય એવી છોકરી. તેને જોતાં જ તેની સાથે કોઈને વાત કરવાનું મન ન થાય તો જ નવાઈ!

"હાઉ આર યુ, ડેડ ઍન્ડ હાય મૉમ...?" બોલીને આખું ઘર પોતાના કલશોરથી ભરી દેતી. પિયાના ડેડ વિદેહ અને મૉમ રાગિણીને પણ દીકરી પ્રત્યે ભારે માયા. જોકે વિદેહ ક્યારેક દીકરીના બિન્ધાસ્ત વર્તાવથી નારાજ પણ થઈ જતા અને ક્યારેક ઠપકો પણ આપતા કે "જો, પિયા. તું હવે મોટી થઈ છું. તારે તારી રિસ્પૉન્સિબિલિટીઝ સમજવી જોઈએ અને કરિઅર ઉપર પણ ફૉકસ કરવું જોઈએ. રોમુ, ડિગ્ગી, મોનુ, જૉય, સ્વીટુ... એ બધાના કૉલ આવ્યા કરે અને એમની સાથે મોબાઇલ ઉપર તું કલાકો સુધી વાતો કરે, મન ફાવે ત્યારે આઉટિંગમાં જાય, નાઈટ પાર્ટીઝ અને ઘરે મોડી આવે, એ બધું ઠીક નથી."

પિયા રાગિણી તરફ જોઈને કહેતી: "મૉમ, તું ડેડને સમજાવ ને. આઇ એમ મૅચ્યૉર ઈનફ ઍન્ડ આઇ અન્ડરસ્ટેન્ડ માય રિસ્પૉન્સિબિલિટીઝ. ડૉન્ટ ઍડવાઇઝ ટુ મી. પ્રિલિમનરી ઍકઝામમાં મારા 94 પર્સન્ટેજ આવ્યા છે અને બોર્ડ ઍકઝામમાં પણ ટૉપ ટેનમાં મારો રૅન્ક આવશે. રહી મારા ફ્રેન્ડ્ઝની વાત, તો જસ્ટ ફ્રેન્ડશીપ. જો મારે કોઈની સાથે લવશીપ –

રિલેશનશીપ બનશે તો હું સામેથી કહી દઈશ કે મૉમ, આઇ વૉન્ટ ટુ મેરી વિથ ધીસ ગાય...”
રાગિણી વળી પિયાની ફેવર લઈને વિદેહને સમજાવવા લાગતી કે “વિદેહ, તમેય શું? જવા દો ને. મને પિયા ઉપર પૂરો ભરોસો છે અને હવે એ સમજદાર પણ થઈ છે. ડૉન્ટ બી સિલી...”
“ઑ.કે. પણ કોઈ પ્રૉબ્લેમ થશે તો હું નહિ ચલાવી લઉં... માઇન્ડ વૅલ?” આમ કહીને ડેડી ઑફિસ જવા નીકળી ગયા હતા.
પિયાને પોતાની જાત ઉપર પૂરો વિશ્વાસ હતો. કૂલ લાઇફના તેના પોતાના કેટલાક ફંડા હતા. તે બૉય્ઝ સાથે આઉટિંગમાં જતી ત્યારે કોઈ બાઉન્ડ્રી ક્રૉસ કરી નહોતી. નાઈટ પાર્ટીઝમાં વાઇન કે બિયર પણ તે લિમિટમાં જ પીતી હતી. બેટર લાઇફ અને બેટરહાફ વિશે તે બધું જ સમજતી હતી.
જીવન ચલનેકા નામ. એક દિવસ એ થઈને જ રહ્યું, જેનો ડેડીને ડર હતો અને મૉમ તથા પિયા બેફિકર રહ્યાં હતાં. પિયાને સ્ટમક પેઈન રહેવા લાગ્યો. બોર્ડ ઍકઝામની ડેટ્સ નજીક હતી અને દિવસ-રાત આ દુખાવાએ તેને પરેશાન કરી મૂકી હતી. જમવાની કે ભણવાની રુચિ ન થાય અને આખો દિવસ બધું ધ્યાન દુખાવામાં જ રહ્યા કરે. થોડા દિવસ સહન કર્યા પછી પિયાએ મૉમને જાણ કરી. મા તો બધું પામી ગઈ. દબાતા હૈયે રાગિણીએ વિદેહને વાત કરી. ડેડીએ પહેલાં તો પિયાને ખખડાવી જ નાખી. આખરે સ્ટમક પેઈનને જોતાં ઍન્ડોસ્કૉપી સર્જન પાસે પિયાને લઈ જવામાં આવી. ઍક્સ-રે કરાવવામાં આવ્યો. તબીબે કહ્યું કે આંતરડા પાસે

માઇનૉર ઑપરેશન કરવું પડશે.

મા-બાપને હાશ થઈ હતી કે જેવું વિચારતા હતા એવું નહોતું. પિયા વિધાઉટ મૅરેજ પ્રેગનન્ટ તો નહોતી. બોર્ડ ઍકઝામ સામે હતી છતાં ઑપરેશન પણ જરૂરી હતું. સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં પિયાને ઍડ્- મિટ કરવામાં આવી હતી. બધું હેમખેમ પાર પડ્યું. પિયાને ઘરે લાવવામાં આવી. તેણે ઍક્ઝામ પણ આપી. બોર્ડના ટૉપ-ટેનમાં એકાદ-બે માર્ક્સ માટે તે રહી ગઈ હતી પણ શહેરના ટૉપર્સ-લિસ્ટમાં તે મોખરે આવી હતી. તેણે આઇ. ટી. ઍન્જિનિયરિંગ ડિગ્રી કૉર્સમાં ઍડ્ મિશન લીધું હતું. સાથે-સાથે એક કૉલ સેન્ટરમાં ટ્રેઈની તરીકે પણ જૉબ સ્ટાર્ટ કરી હતી.

રાગિણીને ચિંતા એ વાતની હતી કે પિયા ઑપરેશનના પહેલા મહિને પિરિયડ્સમાં થઈ નહોતી. તબીબોએ રાહ જોવા કહ્યું હતું. પરંતુ ઑપરેશનના બીજા મહિને પણ પિયાને પિરિયડ્સ આવ્યા નહોતા. ફરી એક વાર મેડિકલ ચેક-અપ કરાવ્યું, તો ધડાકો થયો હતો કે પિયા પ્રેગનન્ટ છે. સેકન્ડ ઑપિનિયન અને ડિટેઈલ ચેક-અપ કરતાં ખબર પડી હતી કે જે જગ્યાએ તેનું આંતરડાનું માઇનૉર ઑપરેશન કરાવવામાં આવ્યું હતું ત્યાં અન્ય સ્ત્રીના બદલે પિયાને કૃત્રિમ ગર્ભાધાન કરાવી દેવામાં આવ્યું હતું. પિયા ખુદ અને ડેડી-મમ્મી પણ ચોંકી ગયાં હતાં. ડૉક્ટરની ભૂલ બદલ હૉસ્પિટલે માફી માગી હતી. કૉમ્પેન્સેશન-કૉસ્ટ ચૂકવી આપવા પણ કહ્યું હતું. ઍબૉર્શન કરાવવા કહેવામાં આવ્યું હતું પણ ત્યારે તો પિયાને ત્રીજો મહિનો સ્ટાર્ટ થઈ ગયો હતો. હવે ઍબૉર્શન રિસ્કી હતું.

હૈયું હચમચાવી દે તેવો નિર્ણય પિયાએ કર્યો હતો: "ડેડ, મૉમ, નાઉ – ઇટ્સ ઑ.કે. હું બેબીને જન્મ આપીશ."

આટલું સાંભળીને તો વિદેહે દીકરીને તમાચો ચોડી દીધો હતો.

"આપણા સંબંધ હવે પૂરા થયા. હું હવે એક નવા સંબંધની તલાશમાં જઉં છું." કહીને પિયાએ મા-બાપનું ઘર છોડી દીધું હતું.

હૉસ્પિટલની ભૂલ અને તબીબી વિવાદ બાજુ ઉપર રહી ગયો હતો. આબરૂના જોખમને લઈને સમગ્ર મામલો મીડિયા સુધી જતો દબાવી દેવામાં આવ્યો હતો. પિયા પેઇંગ ગેસ્ટ તરીકે રહીને હવે કૉલેજની સ્ટડી અને ટ્રેઈની તરીકેની જૉબ કરતી હતી. આ બે અંતિમોની વચ્ચે પિયાએ એક દીકરીને જન્મ આપ્યો હતો, જેનું નામ પિન્કી રાખ્યું હતું. ડિગ્રી કોર્સ પછી નવી અને સારી જૉબ પણ કૅમ્પસ્ પ્લેસમેન્ટમાં મળી ગઈ હતી. સારો પગાર ઑફર થયો હતો અને દર વર્ષે પગાર વધતો જતો હતો.

પૅઈંગ ગેસ્ટની લાઇફ પછી પિન્કીના જન્મ સાથે પિયાએ ભાડાના મકાનમાં નવી લાઇફ સ્ટાર્ટ કરી હતી. સમય જતાં લૉન લઈને આલીશાન ફ્લૅટ પણ લીધો હતો અને નવી કાર પણ ખરી. પોતાના જન્મ અને મમ્માની સ્ટ્રગલ-લાઇફ જાણ્યા પછી પિન્કી બોલી હતી: "મમ્મા, હવે મારે હાયર સ્ટડી માટે અમેરિકા જવું નથી. ડેડી વિશે જાણવાની મારી ઇન્તજારીનો પણ હવે ઍન્ડ આવી ગયો છે." મમ્માની વેદના જાણ્યા પછી પિન્કી વિઝા પેપર્સ ફાડતી વખતે રોઈ પડી હતી.

("પ્રખર" મુંબઈ,1988)

કોરોના

“ડીયર, તને મન થતું નથી કે આપણે મળીએ?”

“ઓહ, કમ-ઑન ડાર્લિંગ... તું તો લંડન છું ને? હું જોકે આજે જ બહારગામથી અમદાવાદ આવ્યો. યુ ટૅક કેર ઍબાઉટ કોરોના ઍન્ડ સ્ટે સૅફ.”

“મને ખબર છે કે મારું લંડન જવાનું તને નથી ગમ્યું. એટલે જ તેં મારી સાથે બોલવાનું બંધ કરેલું પણ એક મેસેજ – એક કૉલ તો કરાય ને? હું ગઈ કાલે જ અમદાવાદ આવી ગઈ અને સૅફ છું.”

“કાલે આવી ગઈ એ સારું થયું. તને ખબર છે ને કે આજે તા. 18મી માર્ચ, 2020થી આપણે ત્યાં અમેરિકા અને યુરોપીય દેશોમાંથી ફ્લાઇટ્સ લેન્ડિંગ પર પ્રતિબંધ છે?”

“હા, હવે ક્યારે મળવું છે?”

“ડાર્લિંગ, આજે નહિ, કાલે ગુરુવારે મળીએ...?”

“ઓકે, ડન...”

* * *

તા. 19મી માર્ચ, 2020 ગુરુવાર. સમીર સતત ન્યૂઝ ઉપર નજર રાખી રહ્યો છે. વિદેશથી આવેલાઓને પોલીસની મદદથી આઈસૉલેટ કરવામાં આવ્યા છે અને હૉમ ક્વૉરન્ટાઈનના ભંગ બદલ સંખ્યાબંધ લોકો સામે એફ.આઇ.આર. પણ કરવામાં આવી રહી છે. ભારત દેશ કોરોનાની બાબતમાં સ્ટૅજ-વન ઉપરથી સ્ટૅજ-ટુ ઉપર આવી રહ્યો છે, એવા સમાચારથી સમીરને જૂહીની ચિંતા હતી. તે લંડનથી હમણાં જ આવી છે, એને...?

જોકે જૂહીએ પોતાની કોઈ વાત સમીરને કહી નહોતી. તો સમીરે પણ એમ જ કરેલું ને?
બીજા દિવસે ગુરુવારે જૂહીએ સામેથી કૉલ કરીને કહેલું કે “સમીર, આજે મારા મૉમ-ડેડ ઘરે આવે છે તો આવતીકાલે શુક્રવારે મળવાનું રાખીએ?”
સમીરે કહેલું કે “ઓહ... ઓકે. મારે તો કંઈ કહેવાનું બનતું જ નથી ને? જો હુકુમ મેરે સરકાર...”
* * *
તા. 20મી માર્ચ, 2020 શુક્રવાર. આજે ગુજરાતમાં કોરોનાની દહેશત આગની જેમ ફેલાઈ હોવાના ન્યૂઝફ્લૅશ થઈ રહ્યા હતા.
આ તરફ જૂહીએ સમીરને મળવા કૉલ કરેલો: “બોલ ડીયર, ક્યાં અને કેટલા વાગે મળવું છે? ચા-કૉફી પીશું ને વાતો કરીશું. ડુ યુ નૉ? મને ઘરેથી નહિ નીકળવા દે પણ આઇ વિલ મૅનેજ...”
સમીરે કહેલું કે “ડાર્લિંગ, આજે અમદાવાદમાં મોટા ભાગે રૅસ્ટૉરન્ટ્સ વગેરે બધું જ બંધ હોય એવો માહોલ છે. હું તારા ઘરે આવું કે પછી તું મારા ઘરે આવ. નહિ તો આપણે ક્યાંક લૉન્ગ ડ્રાઇવ જઈ શકીએ.”
“ના, તારા કે મારા ઘરે નહિ. મને વારે-વારે એવું ફિલ થાય છે કે રાહુલને ખબર પડી ગઈ છે. લૉન્ગ ડ્રાઇવ પણ નહિ ફાવે. બાય ધ વે, આ તારા અવાજને થયું છે શું? આમ આટલો ગભરાયેલો કે થાકેલો કેમ લાગે છે? તું જલદી નક્કી કર. આપણે કોઈ કૉફી શૉપમાં જ જઈશું.”
“અરે પણ ડાર્લિંગ, કોઈ કૉફી શૉપ ના મળે તો હાઈવે ઉપર

લૉન્ગ ડ્રાઇવ જવાય."

"ના. જરાય નહિ. જો કોઈ કૉફી શૉપ ઑપન નહિ હોય તો આપણે છૂટાં પડીશું. ફરી કદીક મળીશું પણ આજે તો લૉન્ગ ડ્રાઇવનો મૂડ બિલકુલ નથી. જલદીથી ફાઈનલ કર અને મને ટાઇમ ઍન્ડ પ્લેસનો મેસેજ કર."

જૂહી અને સમીર વચ્ચે આ વાતચીત કદાચ છેલ્લી હતી, એવી તો બેઉને ખબર નહોતી. સમીરે મેસેજથી જ જૂહીને અમદાવાદમાં કોરોનાની સ્થિતિ વિશે કહીને રોગચાળો કાબૂમાં આવી જાય પછી યાને થોડા સમય પછી મળવા કહેલું. જોકે જૂહી આ વાત નહોતી જ માની અને રિસાઈ ગયેલી. આ તરફ સમીર પણ જૂહીથી નારાજ થઈ ગયેલો.

તા. 21મી માર્ચ, 2020 શનિવાર, સમાચાર અમદાવાદમાં 3, વડોદરામાં 2 અને સુરત એક તથા રાજકોટમાં એક કેસ પૉઝિટિવ. અમદાવાદના પરિશ્રમ એપાર્ટમેન્ટમાં ન્યૂયૉર્કથી આવેલી યુવતી 4 દિવસમાં 20 લોકોને મળી. બે જણાને કોરોનાની શંકા. અમદાવાદમાં 104 હેલ્પલાઇનને સંખ્યાબંધ ફરિયાદો મળી કે સોસાયટીઓમાં વિદેશથી આવેલા લોકો ઘરમાં રહેતા નથી અને બહાર ફર્યા કરે છે.

તા. 22મી માર્ચ, 2020 રવિવાર, સમાચાર: વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ કરેલી અપીલના પગલે દેશભરમાં આજે જનતા કર્ફ્યુ, ગુજરાત સહિત 18 રાજ્યોમાં લૉક-ડાઉન. ગુજરાતમાં એક જ દિવસે કોરોનાના 7 કેસ સહિત કુલ 14 કેસ પૉઝિટિવ. ભારતમાં ફેઝ-શ્રી તરફ કોરોના. આજથી કમ્યુનિટી ટ્રાન્સમિશન ફેઝ. ભારતમાં 22 રાજ્યોમાં 300થી વધુ

કોરોના પૉઝિટિવ કેસ.
તા. 23મી માર્ચ, 2020 સોમવાર, સમાચાર: ગુજરાતમાં કોરોના વાઈરસથી પહેલું મોત સુરતમાં, ગુજરાતમાં કુલ 18 પૉઝિટિવ કેસ અને દેશમાં 391 તથા વિશ્વમાં 3,22,572 પૉઝિટિવ કેસ. તા. 25મી સુધી સ્વૈચ્છિક બંધ, લૉક-ડાઉન. માત્ર આવશ્યક સેવાઓ જ ચાલુ રાખવા સરકારનો આદેશ. વિશ્વના 188 દેશોમાં 13,746નાં મોત અને 3,22,572 લોકો ચેપગ્રસ્ત. આજ સુધીમાં એકલા ચીનમાં 3261 લોકોનાં મોત.
તા. 24મી માર્ચ, 2020 મંગળવાર, સમાચાર: વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આજે રાત્રે 8 કલાકે દૂરદર્શન કેન્દ્ર પરથી રાષ્ટ્રજોગ સંબોધન કરીને સમગ્ર દેશમાં લૉક-ડાઉનની ઘોષણા કરી. આ લૉક-ડાઉનને એક પ્રકારનો કર્ફ્યુ જ ગણાવ્યો. તા. 25મી માર્ચથી 21 દિવસ લૉક-ડાઉન એટલે કે આજે તા. 24મીના મધરાતના 12 વાગ્યા પછીથી તરત જ અમલ. જે તા. 14મી એપ્રિલ, 2020ના રોજ પૂર્ણ.
* * *
સમીર ઑફિસ-ટુર પૂરી કરીને અમદાવાદ આવી ગયો. એ સમાચાર જાણીને જૂહીએ પણ લંડનથી અમદાવાદની વાટ પકડી હતી. તેને ભૂતકાળ જાણે કોઈ સિનેમાની જેમ દેખાઈ રહ્યો. સમીર પહેલી વાર એક ફંકશનમાં મળેલો. ‘લવ ઍટ ફર્સ્ટ સાઇટ’ જેવું કંઈ નહિ પણ પહેલી જ મુલાકાતમાં જ સમીર ગમી ગયેલો.
રાહુલે બેઉનો અરસપરસ પરિચય કરાવેલો: “આ છે હરફન – મૌલા સમીર શાહ અને સમીર, આ છે મારી વાઇફ જૂહી રાહુલ પટેલ.”

ફંકશન પૂરતું તો ‘હાય... હેલો’ એવી ઔપચારિકતા અને સામાન્ય વાતચીત થયેલી. રાહુલે સમીર માટે એમ જ નહોતું કહ્યું કે તે હરફન-મૌલા છે. તે કોઈક કંપનીમાં એચ. આર. મૅનેજર હતો અને જુદા-જુદા શોખમાં ક્રિકેટ, શાયરી, વાચન, પ્રવાસ, લૉન્ગ ડ્રાઇવ, સાઇકલિંગ, ફૅશન, બ્લડ ડૉનેશન અને સમાજસેવા પણ ખરી. કશું બાકી નહિ.
છૂટા પડ્યા પછી મળવાનું અશક્ય તો નહિ પણ અઘરું જરૂર હતું.જૂહીને સમીર પહેલી નજરે જ ગમી ગયેલો. જાણે પોતાનો ડ્રીમ બૉયફ્રેન્ડ મળી ગયો. તેણે હબીના એફ.બી. પર કૉમન ફ્રેન્ડ લિસ્ટ ચેક કર્યું તો સમીરનો પ્રૉફાઇલ મળી ગયો. સૌથી પહેલો મેસેજ જૂહીએ કરેલો: “આઇ વૉન્ટ ટુ મીટ યુ...”
સમીરે સવાલ કરેલો: “પણ તમને મારામાં આટલો રસ કેમ પડ્યો?”
જૂહીએ કહેલું કે “યાર, રાહુલ ઈઝ સૉ બૉરિંગ. કોઈ વાતમાં એને મજા પડતી નથી. મને તો એ ખબર પડતી નથી કે એ હબી છે કે રૉબો? મશીનની જેમ આખો દિવસ કામ, કામ ને કામ જ કર્યા કરે. એને કોઈ હૉબી જ નહિ. હા, સ્મૉકિંગની હૅબિટ ખરી પણ મૂવીઝ, મ્યુઝિક કે મસ્તી જેવું કશું જ નહિ.”
સમીર જૂહીને સાંભળતો જ રહેલો અને તેના બોલકા ચહેરાને તાકી રહેલો.
જૂહી બોલતી જ રહેલી: “રાહુલ આખો દિવસ ફૅક્ટરી સંભાળે અને રાતે ઘરે આવીને પથારી ભેગો. મને તો એ સમજ પડતી નથી કે

મારે ક્યાં સુધી અને શા માટે એને સહન કરવાનો? પત્ની શું પતિ માટે ઍન્ટરટેઈનમેન્ટનું મશીન માત્ર છે? શું પત્નીને એક સ્ત્રી તરીકે સ્વતંત્ર વિચારવાનો કે સ્વતંત્ર રીતે શ્વાસ લેવાનો પણ અધિકાર ના હોવો જોઈએ?"
સમીરને પહેલી વાર મળવાનું થયું ત્યારે જૂહી બ્લેક કલરનાં વૅસ્ટર્ન આઉટફિટ્સમાં તૈયાર થઈને ગયેલી એ આખી મુલાકાત નજર સામે તરવરી ઊઠી.
મૉકા લાઉન્જમાં સમીરે આવકાર આપેલો: "વૅલકમ જૂહી ભાભી..."
જૂહીએ શરારતી અંદાજમાં કહેલું કે "ભાભી કહેવાની જરૂર નથી, તું મને નામથી બોલાવી શકે છે. જૂહી...જૂહી ઑન્લી"
"વાઉ... જૂહી. રૉમૅન્ટિક યુ આર."
"અને તું પણ ક્યાં કમ છે, સમીર?"
"ઓહ, જૂહી... રાહુલને ખબર છે કે આપણે મળી રહ્યાં છીએ?"
"ના, પણ તારે એવી કોઈ ચિંતા કરવાની જરૂર નથી. એને પોતાના કામકાજમાંથી નવરાશ મળવી જોઈએ ને? મને લાગે છે કે તારે પણ કોઈને કશું કહેવાની જરૂર નથી."
"વૅલ. કેટલો ટાઇમ થયો મૅરેજને?"
"કેમ? તને નથી ખબર? ચાર વર્ષ થયાં. હું 24ની હતી ત્યારે. અત્યારે હું 28ની છું."
"મારી ઉંમર પૂછવી નથી?"
"ના, મને એવી કોઈ જરૂર લાગતી નથી. સંબંધ જો સાચો હોય તો ઉંમર મોટી હોય કે નાની, કોઈ ફરક પડતો નથી. રાહુલ મારાથી બાર

વર્ષ મોટો છે એ તમને ખબર છે?"
"ના, રાહુલની ઉંમર તો ખબર નથી પણ મારી ઉંમર 30 વર્ષ છે. તારાથી બે વર્ષ મોટો. મને એ જાણવામાં પણ રસ નથી કે તેં બાર વર્ષ મોટો પતિ કેમ પસંદ કર્યો?"
"ઇટ્સ ઓકે. આઇ હેવ નૉ પ્રૉબ્લેમ. સૉ, લેટ્સ સ્ટાર્ટ ન્યૂ બિગિનિંગ..."
"મેં મૅરેજ કર્યા નથી અને મારી લાઇફમાં કોઈ નથી, એટલે નવી શરૂઆત કરવાનો સવાલ જ નથી. જો શરૂઆત હશે તો એ પહેલી અને છેલ્લી જ હશે."
"ઓહો, ક્યા બાત હૈ."
"હમમમ... હેવ યુ ઍની ઈશ્યુ?"
"ઈશ્યુ એટલે અમારે કેટલાં બચ્ચાં છે એમ કે અમારી વચ્ચે કોઈ ઈશ્યુ – પ્રૉબ્લેમ છે, એમ પૂછે છે?"
"વૅલ, બાળકો હોય તોપણ તારા સ્લિમ ફિગરના કારણે તું મમ્મા હોય એવું લાગતું નથી."
"થૅન્ક્સ્ ફૉર કૉમ્પ્લિમેન્ટ્સ ઍબાઉટ માય ફિગર પણ મસ્કા મારવાની જરૂર નથી. મને મસ્કા ના મારે તોપણ હું તો તને પહેલી વાર જોતાં જ તારા પ્રેમમાં પડી ગઈ હતી."
"બાળકોની પણ વાત કર અને તમારા વચ્ચે કેવા રિલેશન છે એ પણ મને કહી શકે."
"જોકે હજુ સુધી તો કોઈ બાળક નથી અને રહી વાત હસબન્ડ-

વાઇફ વચ્ચેના સંબંધની, તો રાહુલ સાથે હું કમ્ફર્ટ હોત તો અત્યારે તારી સાથે આમ રૅસ્ટૉરન્ટમાં ના બેઠી હોત.”
“કેમ?”
“કેમ કે એ બિઝનેસના કામમાં એટલો બિઝી રહે છે કે મને ટાઇમ આપી શકતો નથી. મેં એ વિશે ફરિયાદ કરવાનું પણ છોડી દીધું છે. રાતે બસ સૂવા માટે જ ઘેર આવતો હોય એવી દશા છે. કોઈ દિવસ મૂવી જોવાનું નહિ, ક્યાંય આઉટિંગ નહિ કે કોઈ ટૂર-પ્રૉગ્રામ પણ નહિ. અરે, અમે હનીમૂન પર ગયેલાં તો ત્યાં પણ તેનું લેપટૉપ અને બિઝનેસ જોડે ને જોડે જ. જ્યારે પણ હું કોઈ ફરિયાદ કરું ત્યારે મને કહે કે ‘બોલ, તારે કેટલા રૂપિયા જોઈએ છે?’ પણ એને હું કેવી રીતે સમજાવું કે ‘આઈ નીડ નોટ મની, બટ આઈ નીડ લવ’ તારા પ્રત્યે લાગણી થવાનું કારણ કદાચ તું મને સમજી શકીશ.”
સમીરે જૂહીના બેઉ હાથની હથેળી પકડી લીધી. જૂહીને જોઈ ત્યારથી તેનો દીવાનો તો થઈ જ ગયો હતો. બેઉને એકમેકનો સાથ ગમવા માંડેલો. મૂવીઝ, મસ્તી, મ્યુઝિક, ટૉકિંગ, ચૅટિંગ, શૅરિંગ, આઉટિંગ, લૉન્ગ ડ્રાઇવ અને ટૂરિંગ પણ ખરું. જૂહી અને સમીર હંમેશાં એકમેકમાં ખોવાયેલાં રહેતાં.
* * *
કોરોનાને કારણે અમદાવાદ, ગુજરાત, ભારત અને દુનિયાભરની સ્થિતિ પળ-પળ બદલાતી – બગડતી હતી. જૂહી અને સમીર વચ્ચે “ટેક કૅર ઍન્ડ બી સૅફ” હવે માત્ર મેસેજ અને શબ્દ બનીને ઓગળી ગયા હતા.

સમીરે કોરોના હોવા છતાં પોતાના કારણે જૂહીને કોઈ ઇન્ફેક્શન ના લાગે એથી જ ડિસ્ટન્સ બનાવેલું. જૂહીએ પણ કોરોના પૉઝિટિવ હોવાથી જ સમીરને ઇન્ફેક્શન ના લાગે એ હેતુથીના મળવા માટેનાં બહાનાં કાઢ્યાં હતાં.

તા. 31મી માર્ચ, 2020ના મંગળવારે એક ન્યૂઝ ફ્લૅશ થયેલા: 'કોરોનાને કારણે અમદાવાદમાં વધુ એક યુવાન સમીર શાહનું મોત જ્યારે લંડનથી આવેલી જૂહી પટેલનું હૉમ ક્વૉરન્ટાઈન બાદ હૉસ્પિટલમાં મોત.'

આખરે રાહુલ સ્વગત બોલી ઊઠેલો: "એક છોટી સી લવસ્ટૉરીનો કોરોના વચ્ચે ધ ઍન્ડ! થૅન્કસ્ કોરોના, હવે હું મિનોલી સાથે લવમૅરેજ કરી શકીશ."

("મુંબઈ સમાચાર" દિવાળી અંક,2020)

ગૃહત્યાગ

માગશર મહિનાની અમાસની ઠંડી અને અંધારી રાત હતી. રસ્તાઓ સૂમસામ હતા. રસ્તા પર પથરાયેલા અડાબીડ અંધકાર સામે તો સ્ટ્રીટ લાઇટ્સ પણ વામણી સાબિત થઈ રહી હતી. ગોપાલ એક ઉપરવાળા અને બીજા બૈશાખીના સહારે ઠચૂક-ઠચૂક કરતો આમથી તેમ ચાલી રહ્યો હતો.

મધરાત પછી ત્રીજા પ્રહરમાં તો શેરી–કૂતરાઓનું ઝુંડ પણ ઠરીને ઠામ થઈ બેસી પડ્યું હતું, જાણે સમી સાંજથી ભસી-ભસીને સાવ હાંફી ગયું હતું, એમ લાગતું હતું. રસ્તાની કોરે ફૂટપાથ ઉપર ક્યાંક-ક્યાંક ટૂંટિયું વળીને જીવતી લાશો જેવા માણસો પછેડી કે પાગરણ ઓઢીને સૂતા હોય એમ થોડા-થોડા અંતરે ઢગલા જેવા ઓળા દેખાતા હતા. ગોપાલ કોઈની પરવા કર્યા વિના ભૂતકાળને પાછળ રાખીને દિશાવિહીન દશામાં બૈશાખીને ખેંચ્યે જતો હતો. ગોપાલનો અતીત પણ તેની પંગુતાની માફક તેની સાથે-સાથે લંગડાતા પગે ખેંચાઇ આવતો હતો.

શાહ પરિવાર એટલે વલસાડનો મોભાદાર અને શિક્ષિત પરિવાર. જયેશભાઈ શાહ વણિક એટલે વણજ-વેપારનો વારસો ખરો; પરંતુ તેમણે સામાજિક ચેતનાનો એટલે કે શિક્ષણનો માર્ગ પસંદ કર્યો હતો. સ્થાનિક સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં તેઓ ફરજ બજાવે અને શાળા સિવાયના સમયમાં શહેરના તકવંચિત નબળા વર્ગનાં બાળકોને નિઃશુલ્ક ભણાવે. સમાજમાં જયેશભાઈ એટલે લાખેણા દાનેશ્વરી અને ઉમદા, સેવાભાવી વ્યક્તિત્વ.

મા-જણ્યાને તો મા જ જાણે-પિછાણે. જયેશભાઈની ઘર બહાર ભલે ગમે તેટલી બોલબાલા હોય. ઘરમાં સૌ જયેશભાઈના કરકસરિયા

સ્વભાવથી ત્રાહિમામ્. પરિવારને કણકી ચોખા ખવડાવે અને દાન આપવામાં દહેરાદુન બાસમતી. ઘરના લોકો માટે સસ્તા અને સડેલા જેવાં શાકભાજી તથા મંદિર, આશ્રમશાળા વગેરેમાં સિઝનેબલ ફ્રૂટ્સનું દાન. ઘરના લોકો માટે દરેક વાતે કરકસર અને ઘરની બહાર દાન આપવામાં રૂપિયાની લ્હાણી. જયેશભાઈના બેધારા સ્વભાવથી તો પત્ની આશાલતા જ નહિ, સમગ્ર સમાજ તેમને સમજાવે, પણ સમજે તો જયેશભાઈ શાના?
આમ ને આમ જયેશભાઈના ઘરે ઘોડિયું બંધાયું. આશાલતાને પહેલા ખોળે દીકરો અવતર્યો. નામ પાડ્યું ગોપાલ. એ પછી આ પરિવારમાં અન્ય એક દીકરો મીનેષ અને દીકરી સ્વાતિનું આગમન થયું. શિક્ષક પિતાએ મોટા દીકરા ગોપાલને લાડકોડપૂર્વક પોતાની જ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં મૂક્યો. જ્યારે અન્ય બે સંતાનને ગુજરાતી મીડિયમની સ્કૂલમાં મૂક્યાં. ગોપાલ સમજુ અને ભણવામાં પણ હોશિયાર. એસ.એસ.સી.ની પરીક્ષામાં બોર્ડમાં ટોપ-ટેનમાં ગોપાલ ચમકી ઊઠ્યો. ચોતરફ શાહ પરિવારની નામના થઈ ગઈ.
ગોપાલે રિઝલ્ટ લઈને ઘરે આવીને પિતાને કહ્યું: “પાપા, મારે સાયન્સ સ્ટ્રિમમાં આગળ ભણવું છે અને મારી ડૉક્ટર બનવાની ઇચ્છા છે.”
પિતા તો તરત તાડૂકી ઊઠ્યા અને બોલ્યા: “જો દીકરા, કાન ખોલીને સાંભળી લે, આપણે વાણિયાની જાત. આપણો ધર્મ અને કર્મ વેપાર-વાણિજ્ય. હું તો શિક્ષકની નોકરી સ્વીકારીને પંતુજી બની ગયો, પણ તારે કૉમર્સ વિષય લઈને બિઝનેસ ફિલ્ડ પસંદ કરવાનું છે.”
આ સાંભળીને પોતાની ઇચ્છા પૂરી કરવા ગોપાલે માતાની

મદદ માગી. આશાલતાએ પતિને લાખ સમજાવ્યા છતાં તેઓ એકના બે ન થયા. ગોપાલે ખાવા-પીવાનું છોડી દીધું; પરંતુ પિતાનું હૃદય ન પીગળ્યું અને તેમણે જબરદસ્તીથી ગોપાલને અગિયારમા ધોરણમાં કૉમર્સમાં ઍડ્ મિશન લેવડાવ્યું.
આ સાથે ગોપાલના મગજમાં ગડમથલ શરૂ થઈ ગઈ. મનમાં ડૉક્ટર બનવાનાં ખ્વાબ, ગણિત-વિજ્ઞાનના વિષયોની રુચિ ને માથે પડ્યું કૉમર્સનું એકાઉન્ટ અને નામાનાં મૂળતત્ત્વો. તે રોજ નિઃસાસા નાખતો. ધીમે-ધીમે નિરાશાની ખાઈમાં ધકેલાવા લાગ્યો. મનની વાત કોઈ માનતું નહોતું અને પિતાએ નક્કી કરેલું ભવિષ્ય તેને ગમતું નહોતું.
આ ગડમથલમાં તેનું શરીર સુકાવા લાગ્યું. તેનો સ્વભાવ ધીમે-ધીમે ચીડિયો થવા લાગ્યો. તે ભણવામાં ધ્યાન આપી શકતો નહોતો. સ્કૂલે જવાની આનાકાની કરવા માંડ્યો. ઘર ઝઘડાનો અખાડો બની ગયું; પરંતુ તેના પિતા એકના બે ન થયા. જેનું પરિણામ એટલું ભયંકર આવ્યું કે જેની તેઓએ કલ્પના પણ નહોતી કરી.
એક દિવસ મનોમંથનના ભંવરમાં ડૂબેલ ગોપાલ પોતાનું માનસિક સંતુલન ગુમાવી બેઠો. તે એટલી હદ સુધી પાગલ થઈ ગયો કે તેને ઘરમાં હવે તો સાંકળેથી બાંધી રાખવો પડતો. પિતાને હવે ખૂબ પસ્તાવો થવા લાગ્યો; પરંતુ હવે પસ્તાવો કરવાથી કોઈ ફાયદો નહોતો. દીકરાની હાલત જોઈને માની હાલત પણ દયનીય બની ગઈ. બાકીનાં બે સંતાનના જીવનમાં પણ ધમાચકડી મચી ગઈ.
શાહ પરિવારે મોટામાં મોટા ડૉક્ટર પાસે ગોપાલનો ઇલાજ શરૂ

કરાવ્યો. આશાલતાની આંખો રડી-રડીને લાલ થઈ ગઈ હતી. ત્રણ મહિના સુધી ઇલાજ કરાવ્યા પછી પણ કોઈ ફરક પડ્યો નહોતો. આથી પૈસેટકે ખમતીધર એવા જયેશભાઈએ દીકરાને મુંબઈની કે.ઈ.એમ. હૉસ્પિટલમાં દાખલ કરાવ્યો. જ્યાં નવેક મહિના સુધી તેની સારવાર ચાલી; પરંતુ ગોપાલના આરોગ્યમાં જોઈએ એવો કોઈ ફેર ન પડ્યો. ફાયદો માત્ર એટલો થયો કે હવે તેને સાંકળથી બાંધવાની જરૂર પડતી નહોતી. ગોપાલ ઘરમાં પણ શૂન્યમનસ્ક અને એકાકી રહેવા લાગ્યો.
ધીમે-ધીમે ઘરનાં લોકો તેના વર્તાવથી કંટાળતાં ગયાં. કારણ કે તે ઓટલે બેસીને હવે કોઈને અપશબ્દો બોલે તો કોઈ રાહદારીને પથ્થર પણ મારે. પિતાને આ બધું જોઈને પોતાના વર્તાવ ઉપર પસ્તાવો થવા લાગ્યો હતો. તેઓ મનમાં એક જ વિચાર કરતા હતા કે મેં હાથે કરીને મારા સંતાનનું જીવન બરબાદ કરી નાખ્યું. હવે પસ્તાવાથી કંઈ મળવાનું નહોતું. વિધાતાના લખેલા લેખ બદલવા ચાલ્યો હતો, એમ વિચારતા-વિચારતા દિવસો વીતવા લાગ્યા. આજુબાજુના લોકોની ફરિયાદો વધી ગઈ. છેવટે શાહ પરિવારે ગોપાલને કોઈક સંસ્થામાં મૂકવાનું નક્કી કર્યું. વિચારોના વમળમાં ખોવાયેલા પરિવારને આશાનું કિરણ અમદાવાદની એક સંસ્થામાં જોવા મળ્યું. જે માનસિક રીતે બીમાર લોકોને પોતાને ત્યાં રાખીને ઇલાજ કરે છે. મને-કમને મા-બાપે દીકરાને એ સંસ્થામાં મૂકી દીધો.
ગોપાલ ધીમે-ધીમે સંસ્થામાં રહેવા ટેવાઈ ગયો. પોતે ભણેલો તો હતો જ. તેથી ક્યારેય તેના વર્તાવથી કોઈ કહી ન શકે કે તે માનસિક

રીતે અસ્વસ્થ છે. ઘરથી દૂર આ સંસ્થામાં રહીને ગોપાલ કંઈક પોતાની જાતને એકાકી મહેસૂસ કરવા લાગ્યો હતો. સંસ્થામાં દરેક પ્રકારની સુખ-સુવિધા મળતી હતી અને તેની કાળજી પણ બરાબર લેવાતી હોવા છતાં તેના ચહેરા ઉપરથી નૂર ઊડી ગયું હતું. સંસ્થામાં છ મહિના રહ્યો એમાં તો તેનું શરીર સુકાઈ ગયું હતું.

જ્યારે ગોપાલને તેનાં મા-બાપ મળવા આવ્યાં ત્યારે ગોપાલની આ હાલત જોઈને રીતસર ચોધાર આંસુએ રડી પડ્યાં. શાહદંપતી ચર્ચા કરવા લાગ્યું કે દીકરાને આ રીતે અહીં મરવા છોડી દેવો જોઈએ નહિ. તેને આપણી સાથે ઘરે જ લઈ જઈએ. આ અંગે જયેશભાઈ અને આશાલતાબહેન સંસ્થાના વૉર્ડનને મળવા અને તેમની સાથે ચર્ચા કરવા તેમની ઑફિસમાં ગયા એ દરમિયાન મા-બાપની ચર્ચા-વાતચીત સાંભળીને ગોપાલ સંસ્થામાંથી આંખના પલકારામાં તો ભાગી ગયો.

સંસ્થામાંથી નાસી છૂટેલો ગોપાલ પોતાના ઘરે તો નહિ જ જવાનું મન બનાવી ચૂક્યો હતો. આથી તે સીધો રેલવે સ્ટેશન પહોંચી ગયો હતો. સ્ટેશનના યાર્ડમાં તે આમથી તેમ ઘૂમવા લાગ્યો. લઘરવઘર હાલ અને મેલાંઘેલાં કપડાંથી તે આબાદ પાગલ જેવો જ દેખાતો હતો. જિંદગીથી કંટાળીને ગોપાલે આત્મહત્યા કરવાનું મનોમન નક્કી કરી લીધું અને સામેથી આવતી ટ્રેન જોતાં જ રેલવેના પાટા પર લંબાવી દીધું. ટ્રેનના તીણા હૉર્નના તીક્ષ્ણ અવાજની જાણે તેના ઉપર કોઈ જ અસર થતી નહોતી. કોઈક ભલા આદમીએ તેને બચાવવા અેને રેલવે ટ્રેક પરથી ખસેડવાનો પ્રયાસ પણ કર્યો; પરંતુ એટલામાં તો ટ્રેન નજીક પણ

આવી ગઈ અને ગોપાલ ઉપર ફરી પણ વળી ને આગળ નીકળી ગઈ.
આ અકસ્માતમાં ગોપાલ તો પેલા ભલા માણસની મદદથી બચી ગયો; પરંતુ તેનો ડાબો પગ કપાઈ ગયો. જિંદગી ટૂંકાવવા નીકળેલો ગોપાલ હવે અપંગ બની ગયો. પેલા ભલા માણસે જ ગોપાલને તાબડતોબ હૉસ્પિટલમાં ખસેડીને તેનો ઇલાજ પણ કરાવ્યો.
આ સાથે શાહ પરિવારને એક અપંગ સંતાનનું દુઃખ પણ જોવાનો વારો આવ્યો. મા-બાપે આખરે ક્યાંયથી પણ ભાળ મેળવી અને ગોપાલને ઘરે લઈ આવ્યા. હવે ગોપાલ માનસિક વિકલાંગ હોવાની સાથે-સાથે શારીરિક વિકલાંગ પણ બની ગયો હતો. હા, તેનામાં એક ફેરફાર એ આવ્યો હતો કે તે હવે ખૂબ શાંત થઈ ગયો હતો. હવે તે કોઈ ગાંડપણ કરતો નહોતો. ગોપાલમાં હવે કોઈ ગાંડપણનાં ચિહ્નો જોવા મળતાં નહોતાં. હા, તે આખો દિવસ પોતાના ઘરના ઓટલે બેસીને રસ્તેથી પસાર થતા ને આવતા-જતા લોકોને સાવ જ શૂન્યમનસ્ક બનીને નિહાળ્યા કરતો. તેનામાં આવેલા આ પ્રકારના પરિવર્તનથી મા-બાપને એકંદરે તો એટલો સંતોષ-પરિતોષ હતો કે તેમનો દીકરો હવે શાંત રહેતો હતો અને કોઈ ધાંધલ-ધમાલ પણ કરતો નહોતો. વીતેલાં વર્ષોમાં ગોપાલનાં નાનાં ભાઈ અને બહેન પણ હવે ઉંમરલાયક અને સમજદાર બની ગયાં હતાં.
જયેશભાઈની દીકરી અને દીકરો સ્નાતક સુધી ભણી ચૂક્યાં. દીકરાએ તો કોઈક નોકરી શોધી લીધી હતી. બીજી તરફ દીકરી પરણાવવા લાયક થઈ હોવા છતાં ગોપાલની દિમાગી હાલતને કારણે સમાજમાં આ પરિવારને ખાસ્સી બદનામી મળી હતી. પરિણામે દીકરીનાં લગ્નનું હજુ

સુધી ક્યાંય ગોઠવાતું નહોતું. મા-બાપને એક જ વાત સતાવતી હતી કે હવે ગોપાલ સિવાયનાં દીકરા અને દીકરીનાં લગ્નનું શું થશે.
મા-બાપની ચર્ચાઓ અને ચિંતાઓથી ગોપાલ અજાણ નહોતો. તેને ભલે લોકો માનસિક વિકલાંગ સમજતા હોય, પણ તે તો સમજણનો ભંડાર પણ હતો. તેને ખબર પડવા માંડી હતી કે પોતાની હાજરીના કારણે જ પોતાની બહેનનું લગ્ન થતું અટકે છે અને સમાજમાં પોતાના કારણે પરિવારને સહન કરવાનું આવે છે.
એક દિવસ ગોપાલના ઘરની બરાબર સામે ગાયત્રી હવનનો કાર્યક્રમ હતો. ઘરનાં બધાં લોકો હવનમાં દર્શનાર્થે ગયાં હતાં. ગોપાલ ઘરની બહાર ઓટલે બેસીને આ બધું જોઈ રહ્યો હતો. તેના મનમાં રોજબરોજના કિસ્સા એક પછી એક પસાર થવા લાગ્યા. સાવ અચાનક તેના મગજમાં શા વિચાર આવ્યા કે તે ઘરમાં એકાંતનો લાભ લઈને કોઈને કશું પણ કહ્યા વગર બૈશાખીના ટેકે ઘર છોડીને ચાલી નીકળ્યો.
ગૃહત્યાગ કરીને ગોપાલ વલસાડના રેલવે સ્ટેશને પહોંચ્યો અને જે ટ્રેન મળી તેમાં બેસી ગયો. આ તરફ હવનનાં દર્શન કરીને ગોપાલનાં મા-બાપ અને ભાઈ-બહેન ઘરે પાછાં ફર્યાં અને જોયું તો ઘર ખુલ્લું હતું અને ગોપાલ ગુમ હતો. સૌનામાંથી જાણે જીવ નીકળી ગયો હતો. સૌએ ચોતરફ ગોપાલની શોધખોળ આદરી. આખા વલસાડમાં દોડાદોડ કરી મૂકી; પરંતુ ગોપાલનો ક્યાંય કોઈ પત્તો ન મળ્યો તે ન જ મળ્યો. આખરે મા-બાપ પોલીસ સ્ટેશન પહોંચ્યાં અને પોલીસને પોતાનો દીકરો ગુમ થયા અંગેની જાણ કરી.

મા-બાપે દીકરાને શોધવાના પ્રયાસોમાં કોઈ કસર ન છોડી. ટી.વી. સમાચારમાં ગોપાલના ગુમ થયાના તસવીર સહિત સમાચાર પ્રસારિત થયા. અખબારોમાં ગોપાલના ફોટો સહિત વિગતો છપાવડાવી. ઠેર-ઠેર શાહ પરિવારે ગોપાલની શોધ આદરી; પરંતુ દીકરાનો ક્યાંય કોઈ પત્તો મળતો નહોતો. એક સમય એવો આવ્યો કે પરિવારે થાકી-હારીને હવે ગોપાલને શોધવાનું જ બંધ કરી દીધું. છતાં એક આશા જીવંત જરૂર હતી કે દીકરો ગમે ત્યારે તો પોતાના ઘરે પાછો અવશ્ય આવશે.
ગોપાલ એક ટ્રેનમાંથી બીજી ટ્રેનમાં અને એક શહેરમાંથી બીજા શહેરમાં રઝળપાટ કરતો રહ્યો. ગોપાલનું જીવન ખરા અર્થમાં લઘરવઘર બની ગયું. લોકો જે કંઈ ખાવાનું આપે તે ખાવાનું અને લોકો જે કંઈ કપડાં પહેરવા આપે તે પહેરી લેતો. માગશરની કડકડતી ઠંડી અને અમાસી રાતના ત્રીજા પ્રહરના સન્નાટામાં પણ ગોપાલને ઊંઘ આવતી નહોતી. તેનું મન બેચેન બનીને પોતાની જિંદગીના ભૂતકાળને ફ્લેશબેક તરીકે નિહાળી રહ્યો હતો અને મનોમન પોતાની જિંદગીને તિરસ્કારી રહ્યો હતો. ગૃહત્યાગ પછી તે આજે હવે એવા મુકામ ઉપર આવીને અટકી ગયો છે કે ન તો માગ્યું જીવન મળ્યું કે ન તો માગ્યું મોત.
આ તરફ વર્ષો વીતતાં ગયાં. જયેશભાઈ શિક્ષક તરીકે હવે નિવૃત્ત થઈ ગયા હતા. દીકરા અને દીકરીનાં લગ્ન પણ થઈ ગયાં હતાં. બે સંતાનો પોતપોતાની જિંદગીમાં સેટ થઈ ગયાં હતાં. જયેશભાઈ અને આશાલતાનાં દિલોદિમાગમાં હજુ પણ ગોપાલની યાદ એવી ને એવી તાજી જ હતી. દીકરાને તેઓ ભૂલી શક્યાં નહોતાં. આથી જ મા-બાપે પોતાની

તમામ પ્રકારની સંપત્તિના ત્રણ સરખા ભાગ પણ પાડી રાખ્યા હતા અને એ પ્રમાણે વસિયતનામું પણ બનાવી રાખ્યું હતું. જેમાં ગોપાલનો પણ ભાગ રાખ્યો હતો.
આશા અમર હતી પરંતુ ગોપાલ જો ઘરે પરત ન ફરે તો તેના નામનું ટ્રસ્ટ બનાવીને સામાજિક – સેવાભાવી પ્રવૃત્તિ કરવાનો ઉલ્લેખ પણ વિલપેપર્સમાં કર્યો હતો. આખરે જયેશભાઈનું નિધન થયું. આ તરફ મા આશાલતા દીકરો ગમે ત્યારેય પાછો ફરશે એવી આશામાં જીવી રહ્યાં છે. માએ તો વહાલસોયા દીકરાના નામનું ટ્રસ્ટ બનાવ્યું છે અને સેવાભાવી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યાં છે.
આ તરફ ગોપાલ કાયમની રઝળપાટ અને દરબદરની ઠોકરો ખાતો-ખાતો એક દિવસ પોતાના વતન વલસાડ જઈ પહોંચે છે. તેને પોતાનું ઘર, શેરી, રસ્તા બધું બરાબર યાદ હતું. કશું જ ભુલાયું નહોતું. કશું જ બદલાયું નહોતું. પોતાના પૈતૃક મકાનનો દેખાવ એવો ને એવો જ હતો. હા, ઘર બહાર ભીંત ઉપર એક બોર્ડ લટકતું હતું - “ગોપાલ ચેરિટેબલ ટ્રસ્ટ”.
થોડા દરિદ્રનારાયણ લોકો ઘર બહારની ઓશરીમાં જમી રહ્યાં હતાં અને મા તથા અન્ય એક બહેન ભોજન પીરસી રહ્યાં હતાં. ગોપાલ પણ ચૂપચાપ દરિદ્રજનોની પંગતમાં જમવા બેસી ગયો.
ગોપાલનું મન માનતું નહોતું કે માને કોઈ રીતે સંબોધન કરીને બોલાવે.
છતાં તે એટલું જ બોલી શક્યો કે “મૈયા, મુઝે ભી કુછ ખાને

કો દે દો. કુછ યહાં ભી પરોસ દો…"
આટલું બોલતાં-બોલતાં તો તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો. તે વધુ કશું બોલી ન શક્યો.
આ તરફ અવાજની દિશામાં પાછળ ફરીને મા આશાલતાએ જોયું પણ 'કોણ બોલ્યું', એ વિશે તે અનુમાન ન કરી શકી. જોકે માને અવાજ કંઈક જાણીતો અને અંગત લાગ્યો ખરો!
માએ પાછું ફરીને જોયું પરંતુ ગોપાલે પોતાના ચહેરાના હાવભાવ અને આંસુ બાઝી ગયેલી આંખો છુપાવવા માટે આખો ચહેરો મેલા કપડાના ટુકડાથી ઢાંકી દીધો કે જેથી મા પોતાને ઓળખી ન જાય.
જેવું મા આશાલતાએ નવ-આગંતુક ભિક્ષુને થાળી પીરસી કે તરત જ ભિક્ષુએ કોળિયો ભરીને હાથ મોં સુધી લંબાવ્યો. પહેલો કોળિયો મોંમાં મૂકતાં વેંત જ ભિક્ષુ મા આશાલતાનાં ચરણોમાં ઢળી પડ્યો.
માને કોણ સમજાવે કે ઢાંકેલા ચહેરા પાછળ તેનો પોતાનો દીકરો ગોપાલ છે!
("અખંડઆનંદ" ડિસેમ્બર, 2019)

ચિનારની આગ

છત્રીસ વર્ષની ચિનાર શાહ વીસ વર્ષ લાંબી રઝળપાટભરી લાઇફના ફ્લેશબૅક ઉપર નજર કરે છે ત્યારે એને સમજાય છે કે આ બે દાયકામાં તે પોતાના નસીબના પથ્થર પર પોતાનું કહી શકાય એવા એક ઘરનું સરનામું પણ કોતરી શકી નથી.

મુંબઈના મોહંમદઅલી રોડ ઉપર આવેલી એક ગંદી ચાલીની અંધારિયા રૂમમાં "ધૂલકા ફૂલ" ખીલ્યું હતું. ગોરી ત્વચા અને માંજરી આંખોવાળી છોકરી. નાનપણથી જ તે સૌની લાડકી બની ગઈ હતી. હુશ્ન ચિનગારી ચાંપી દે એવી છોકરીનું "ચિનાર" નામ દાદીમા શબ્બોખાતુને પાડ્યું હતું. રમતિયાળ, વાચાળ અને ચંચળ ચિનાર પરિવારની તો લાડકી હતી જ, પાડોશીઓ પણ તેને રમાડવા માટે લઈ જતા અને રમકડાં વગેરે ચીજો અપાવતાં.

ચિનારના અબ્બાજાન હારુન રઝા શાહ પાક નમાઝી ઇન્સાન. જાણે ખુદાનો ફિરસ્તો જોઈ લો. અમ્મીજાન શમીના અખ્તર પણ ભલી બાઈ હતી. હારુનને લોખંડનાં પીપડાં અને ડબ્બાનો કારોબાર એટલે તે હારુન રઝા શાહ ટીનવાલા તરીકે વેપારીઆલમમાં જાણીતા. ચિનાર મા-બાપનું છઠ્ઠું સંતાન. ત્રણ બહેનો અને બે બાઈ પછી તેનો જન્મ થયેલો. બધા ભાઈ-બહેનો મદ્રેસાની મઝહબી તાલીમ ઉપરાંત શહેરની સરકારી પ્રાઇમરી સ્કૂલમાં ભણવા જતાં. ઘરની નબળી આર્થિક સ્થિતિ અને મજબૂરીના કારણે ધોરણ સાત પછી કોઈ આગળ ભણી શક્યું નહોતું. તેર વર્ષની ચિનાર સાતમા

ધોરણમાં પાસ થઈ ત્યારે અમ્મીજાનનો ઇન્તેકાલ થયો. બસ ત્યારથી જ કદાચ ચિનારના માથે એક પછી એક આફત શરૂ થઈ. અબ્બાજાને સલમા નામની સ્ત્રી સાથે બીજી શાદી કરી હતી અને ઘરમાં નવી માનું રાજ ચાલવા લાગ્યું હતું. હારુને પાંચેય ભાઈ-બહેનને જરી-ભરતના કામે લગાડી દીધાં હતાં પરંતુ ચિનાર માધ્યમિક શિક્ષાની જીદ કરી રહી હતી. અબ્બાજાનને ઝૂકવું પડ્યું હતું. સૌતેલી મા સલમાની હાર થઈ, જે તેની બરદાસ્તની બહાર હતું.
સલમા પાંચ ભાઈ-બહેનમાં ચિનારને સૌથી વધુ નિશાન ઉપર રાખતી. સલમા પોતે સાંવલી હતી અને તેનાથી ચિનારનું રૂપ જોયું જતું નહોતું. ચિનારને સાવકી માની મારઝૂડનો સૌથી વધુ ભોગ બનવું પડતું. બધા ચિનારને નૂર-એ-જન્નત કહેતા; પરંતુ તેની ગોરી ચામડી ઉપર મારનાં નિશાન અને ચાઠાં પણ પડી જતાં હતાં. બીજા ભાઈ-બહેનો કમાઈને રૂપિયા ઘરે લાવતા એટલે સલમાને વહાલાં લાગે પણ ચિનાર તો ભણતી હતી, એની કોઈ આવક ન હોવાથી સાવકી મા માટે અળખામણી પણ ખરી.
પાડોશમાં રહેતો અને નવમા ધોરણમાં બે વાર નાપાસ થયેલો સત્તર વર્ષનો નૂર-ઉલ-હસન પંદર વર્ષની ચિનારને અવારનવાર મદદરૂપ બનતો. આસપાસના લોકો એને નૂરુ કહીને બોલાવે. તે સૌનું કામ દોડી-દોડીને કરે. એથી જ તે સૌનો વહાલો પણ ખરો. એક દિવસ સલમાએ ચિનારને બપોરના સુમારે માર મારીને ઘરમાંથી ઉઘાડા પગે જ કાઢી મૂકી હતી. દાઝતા પગે ચાલી રહેલી ચિનારને નૂરુએ પોતાના પગમાંથી સ્લિપર કાઢીને પહેરવા આપી દીધી હતી.

ચિનારનું દુઃખડું સાંભળીને તે પોતાના ઘરે લઈ ગયો હતો અને પોતાની વિધવા માને કહીને ચિનારને થોડું ખાવાનું પણ આપ્યું હતું. મોડી સાંજે અબ્બાજાન ઘરે આવી ગયા હશે એમ માનીને ચિનાર ઘરે પાછી ફરી હતી. જોકે અબ્બાજાન તો બહારગામ ગયા હોવાથી બીજા દિવસે આવશે, એવું જાણીને ચિનારના હોશકોશ ઊડી ગયા હતા. હવે શું થશે, એની ચિનારને ખબર પડી ગઈ હતી. સલમાને તો મોકળું મેદાન મળી ગયું હતું. ચિનાર બપોરથી પાડોશી નૂરુના ઘરે રોકાઈ હતી, એવું જાણીને સલમાએ રાત્રે ચિનારને ફરી એક વાર ખૂબ મારી હતી. રાતભર ઘર બહાર ઓટલા ઉપર પડી રહેલી ચિનારની હાલત જોઈને મધરાતે નૂરુ તેને ઓઢાડવા માટે ઘરેથી ચાદર અને થોડુંક ખાવાનું લઈ આવ્યો હતો. આ બધું જોઈને ચિનારની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. ચિનાર અને નૂરુ હવે સરકારી શાળાનું હૉમવર્ક પણ સાથે કરતાં અને હળીમળીને વાતો પણ કરતાં. આથી ચાલીના કેટલાક રહીશોની ચુગલીનો વિષય પણ બની ગયાં હતાં. ભણવામાં નબળા નૂરુને ચિનાર મદદ કરતી. આમ સમય જતાં બેઉએ બોર્ડની ઍક્ઝામ પણ ક્લીયર કરી હતી.
એક દિવસ ચાલીમાં વાત હવા બનીને ઊડી હતી કે નૂરુ હારુન રઝા શાહની ચિનારને લઈને ક્યાંક ભાગી ગયો છે. અઢાર વર્ષનો નૂરુ અને સોળ વર્ષની ચિનાર પોતપોતાના ઘરેથી ગુમ હતાં. જોકે નૂરુ તો ઘરેથી માને કહીને જ નીકળ્યો હતો. હારુન રઝા શાહે પોલીસને પોતાની સગીર દીકરી ગુમ થવા વિશે જાણ કરી હતી અને શકદાર તરીકે પાડોશી યુવાન નૂર-ઉલ-હસનનું નામ પણ આપ્યું હતું. પરિવારે અને પોલીસે ખૂબ

શોધખોળ કરી પરંતુ ઊડી ગયેલાં બે પંખીનો કોઈ પત્તો નહોતો.
સમય જતાં માહોલ શાંત પડ્યો હતો. ચાલીમાં ઊડતી-ઊડતી વાત આવી હતી કે નૂરુના એક સંબંધી દિલ્હીમાં રહે છે, ત્યાં નૂરુ અને ચિનારે આશરો લીધો હતો. ચિનાર અને નૂરુએ અરસપરસ પ્રેમનો એકરાર કર્યો હતો. સાથે જીવવા-મરવાની કસમો ખાઈ લીધી હતી. ચિનાર નૂરુની મંજિલ બની હતી તો નૂરુ ચિનાર માટે મકસદ બન્યો હતો. પુરાની દિલ્હીમાં ખાલીદ ચાચાએ પ્રેમીપંખીડાંને રહેવા માટે એક અલગ ઓરડી પણ આપી હતી. નૂરુ અને ચિનાર કોઈ બોજ બનીને રહેવા માગતાં નહોતાં. નૂરુને મનમાં એમ હતું કે આટલું મોટું શહેર છે તો કોઈ ને કોઈ કામધંધો મળી જશે, રોજગારીમાંથી થોડા રૂપિયા ખાલીદ ચાચાને પણ આપીશ. ધીમે-ધીમે ખુદનું મકાન પણ લઈ લઈશું અને ઘર-ગૃહસ્થી વસાવી લઈશું.
દિવસોના દિવસો અને હવે મહિના ઉપર મહિના વીતવા લાગ્યા પણ નૂરુનું ક્યાંય ઠેકાણું પડ્યું નહિ. બેઉ ખાલીદ ચાચા ઉપર બોજ બનીને રહેતા હોવાનું માની રહ્યાં હતાં અને તેમના અહેસાનનો ભાર પણ અનુભવી રહ્યાં હતાં. એક દિવસ ખાલીદ ચાચાએ સલાહ આપી હતી કે નૂરુને નોકરી ના મળે તો ચિનારે પણ નોકરી માટે ટ્રાય કરવી જોઈએ.
“– પણ મને નોકરી આપશે કોણ?” ચિનારે નોકરી કરવાની તૈયારી બતાવવાની સાથે સવાલ પણ કર્યો હતો.
સત્તર પાર કરવા પહોંચેલી ખૂબસૂરત ચિનારના આ સવાલ સામે ખાલીદ ચાચાએ શરારતી અંદાજમાં જવાબનૂમા સવાલ કર્યો હતો કે “તને નોકરી આપવાનો ઇનકાર પણ કોઈ કરી શકે, ભલા?”

ચિનારને જ્યારે ખબર પડી કે તેને એક લાખ રૂપિયામાં વેચી દેવામાં આવી છે, ત્યારે તો બહુ મોડું થઈ ગયું હતું. દિલ્હીની એક કોઠીમાં તેને લઈ જઈને રાખવામાં આવી હતી. સુખ-સાહ્યબીનો પાર નહોતો. ઍરકન્ડિશન્ડ કમરા અને ઍરકન્ડિશન્ડ કાર. રાતના સુમારે ફાઇવસ્ટાર હોટલના ડાન્સ ફ્લૉર પર પરફૉર્મ કરવું એક રુટિન બની ગયું હતું. ખાલીદ ચાચા કે નૂરુનો હવે કોઈ પત્તો નહોતો. જેમ-જેમ ચિનારના રૂપને વસંત આવતી ગઈ તેમ-તેમ માલિકો પણ બદલાતા ગયા અને દિલ્હી પછી સિમલા, શ્રીનગર, સિલીગુડી (આસામ), ફૈઝાબાદ, ઉજ્જૈન અને હવે ભોપાલ એમ શહેરો પણ બદલાતાં ગયાં. અરે! તેનું નામ પણ બદલાતું રહ્યું છે. નવા માલિક, નવું શહેર અને નવું નામ.

“ઘરથી બળેલી વનમાં ભાગી, તો વનમાં લાગી આગ.”– આ સ્થિતિ ચિનારની છે. ઘર-પરિવારમાં તેને કોઈનો પ્રેમ ન મળ્યો. નૂરુમાં તેને પ્રેમની ખોજ હતી પણ એ’ય દગાખોર નીકળ્યો. ચિનારને પ્રેમ નહિ પણ વાસનાની આગે ચોતરફથી ઘેરી લીધી છે. જોકે ચિનારના દિલમાં હજુય પ્રેમની આગ જલતી રહી છે.

સોળ-સત્તર વર્ષની કુમળી વયે ઘરેથી બંડ પોકારીને નીકળી ગયેલી ચિનારને હવે પરિવાર સાથે કોઈ સંબંધ રહ્યો નથી. લખનૌથી દિલ્હી જતા પહેલાં અને ઍરપૉર્ટ પહોંચે તે પહેલાં ઍરપૉર્ટ પાસેની ફાઇવસ્ટાર હોટલમાં તે પોલીસના હાથે ચઢી ગઈ હતી. પોલીસે રેડ પાડીને કેટલાક માલેતુજાર યુવાનો, વેપારીઓને યુવતીઓ સાથે ઝડપી લીધા હતા. યુવતીઓનાં નિવેદન લઈ-લઈને સાક્ષી બનાવીને જવા દેવામાં આવતી હતી.

લખનૌ પોલીસ ખાનાપૂર્તિ કરી રહી હતી. મહિલા પોલીસે પૂછ્યું કે “આપકા નામ, પતા ઔર સબ ડિટેઈલ્સ લિખવાઓ.”
ભૂખરી ઝુલ્ફોની રેશમી ઘટાને ઝટકો આપીને સિગારેટ પી રહેલી ચિનારે બેફિકરાઈથી જવાબ આપ્યો હતો કે “નામ? અરે, મેડમજી, નામ તો કુછ ભી લિખ દો ના. ક્યા ફર્ક પડતા હૈ? ઔર પતાકા પતા ચલતે હી હમ આપકો ખબર કર દેંગે. મેરા પતા તો મેં ખુદ ઢૂંઢ રહી હું. અગર આપકો ભી મિલ જાય તો બતા દેના. યહાં તો રોજ શહર બદલતા હૈ ઔર શહરકે સાથ-સાથ નામ ભી બદલતા રહતા હૈ.”
લાચાર અને નિરાશ ચિનાર નિઃસહાય પણ હતી. મહિલા પોલીસ અને બીજા સાંભળનારા સૌ ચિનાર સામે અજબ રીતે જોઈ જ રહ્યાં અને ચિનાર ચક્કર ખાઈને ઢળી પડી.
(“પ્રખર”1987)

જાનકી

"ચાલ બેટા, જમી લે. ક્યાં સુધી વાટ જોઈશ? અને ગામની છેલ્લી એસ.ટી. બસ પણ આવીને ચાલી ગઈ. હવે તો રાત પડી. વળી આ દીપુની આંખો પણ ઘેરાવા લાગી છે." મા બોલી-બોલીને થાકી, પણ આ હવે રોજનું થઈ પડ્યું છે. ત્રણેક વર્ષનો દીપુ ને ત્રીસેક વર્ષનો મોહનીશ ઘરના દ્વારની પછીતે નજર જડીને બેસે છે. આ એક નિત્યક્રમ થઈ ગયો છે. શારદાબાએ આજે ફરી પાછો મોહનીશને ઢંઢોળ્યો ત્યારે એના ખોળામાં માથું રાખીને દીપુ ઢળેલો હતો. દીપુને આશા હતી કે આજે તો મારી મા અવશ્ય ઘરે પાછી ફરશે ને મોહનીશને'ય શ્રદ્ધા હતી કે આજે નહીં તો કાલે, એ આવશે જરૂર.

"આમ ને આમ બાર-બાર મહિનાનાં વ્હાણાં વાયાં છતાં એનો કોઈ પત્તો નથી, પછી શા માટે રાહ જોવાની જીદ કરે છે?" શારદાબા દીકરાને સમજાવતાં થાકતાં નહોતાં અને બેઉ દીકરાની હાલત એમનાથી જોઈ શકાતી નહોતી.

"મા, તું વાળુ કરીને સૂઈ જા. હું અને દીપુ તો એમ જ..." મોહનીશે મૌન તોડ્યું.

"અરે બેટા, જેના બબ્બે દીકરા ભૂખ્યા બેસી રહ્યા હોય ત્યારે કઈ માને ગળેથી કોળિયો ઊતરે?" શારદાબાએ અકળામણ વ્યક્ત કરી.

"તો પછી, મા – શું જાનકીને એવા વિચારો નહીં આવતા હોય કે એ પોતાના માસૂમ બાળકને ભૂખ્યો-તરસ્યો મૂકીને આમ ઘર છોડીને ચાલી નીકળી હશે?" મોહનીશને તરત સવાલ થયો હતો.

"એ તો બેટા, વેઠે એને પીડા અને ભોગવે એને ભીડ. બાકી તો નઠારાં થઈને ફરે તેને તો કોણ પૂછવાનું હતું?" શારદાબાએ બળાપો વ્યક્ત કર્યો.
મોહનીશ વિચારી રહ્યો: વાત તો સાચી છે. જાનકીને જો સ્ત્રી-સહજ મર્યાદા કે શરમ હોત તો સાવ આવું ના કર્યું હોત. કોઈ જ દેખીતા કારણ વિના આમ અચાનક ઘર છોડીને ચાલી જવું એ ધરતીકંપના આંચકા સમાન ઘટના હતી. મારો, બાનો કે દીપુનો શો વાંક હતો? અને – આ કંઈ એ પહેલ-વહેલીવાર ક્યાં ઘર છોડીને ચાલી નીકળી હતી? આઠ-નવ મહિનાના દીપુને રઝળતો મૂકીને જાનકી આ પહેલાં પણ બબ્બે વાર ઘર છોડીને ચાલી જ નીકળી હતી ને. એ વેળા પણ જાનકીએ એવું નહોતું વિચાર્યું કે નાનકડા દીપુનું શું થશે?
પરણીને આવી ત્યારથી જાનકીનો વ્યવહાર એવો જ હતો કે જાણે એનાં પરાણે લગ્ન ન કરાવ્યાં હોય? જાનકીને સાસરે ગોઠતું જ નહોતું. સાસરિયામાં એનો પગ જ ટકતો નહોતો. પિયરમાં પણ એનું મન ક્યાં પરોવાતું હતું? એક દિવસ એ ઘર છોડીને ચાલી ગઈ તે ગઈ.
કોઈક કહેતું કે વહુને પ્રેતનો પવન ફૂંકાયો હશે એટલે... કોઈક કહેતું કે એનામાં ભૂત-પ્રેતની હાજરી હોય એવું બને પણ ખરું. કેમ કે ગમે ત્યારે, વેળા-કવેળાએ તે પતિ મોહનીશ સાથે ઝઘડી પડતી. નાનકડા દીપુ ઉપર પણ વિના કારણે હાથ ઉપાડતી. શારદાબાને પણ એ એલફેલ બોલતી. મોહનીશ ગામમાં કરિયાણાની દુકાન ચલાવે એટલે એ તો સવારથી જાય તે જાય. આખો દિવસ કામ, કામ ને કામ. બપ્પોરા વેળાએ ઘરે

આવે ખરો. જમીને પોરો ખાય અને પાછો દુકાને જાય તે છેક સંધ્યા પછી ઘરે પાછો ફરે.
મોહનીશને સિનેમાના સીનની માફક એક પછી એક વાતો યાદ આવતી જાય છે: મા-બાપ વિનાની કન્યા હોવાથી જ જાનકીને પસંદ કરી હતી. તેના સાવકા ભાઈએ સગી બહેનની માફક ઉછેરીને તેને મોટી કરી હતી. સાવકો ભાઈ કંઈ અમીર તો નહોતો, તોપણ તેણે કન્યાદાન અને બધો ખર્ચો ઉપાડ્યો હતો. શારદાબા અને મોહનીશને એમ હતું કે મા-બાપ વિનાની કન્યા છે એટલે ઘર સાચવીને બેસી રહેશે. બીજે તો વળી ક્યાં જવાની છે? પણ લગ્ન કર્યા ત્યારથી જાનકીનો પગ ઘરમાં ટકતો જ નહોતો. શનિ-રવિ આવ્યા નથી ને પિયરની વાટ પકડી નથી. જાનકી કહેતી કે "મને અહીં ગોઠતું નથી એટલે ભાઈના ઘરે રહીને આવું છું."
શરૂઆતમાં તો જાનકી ચાલી જતી અને પાછી પણ ફરતી. આમ ઘીના ઠામમાં ઘી પડ્યું રહેતું. મા-દીકરાને એમ થતું હતું કે ઘરની વાત ઘરમાં જ રહે તો સારું. આ તરફ જાનકી તો શારદાબા અને મોહનીશના મૌનને તેમની નબળાઈ સમજવા માંડી હતી. બસ, એક દિવસ જે થવાનું હતું એ થઈને જ રહ્યું. જાનકી એની આદત પ્રમાણે ઘરમાં કોઈને કશું કીધા વગર નાનકડા દીપુને એમ જ ઘોડિયામાં સૂતેલો મૂકીને ચાલી ગઈ હતી.
વારંવારની આવી હરકતોથી તંગ આવીને મોહનીશે પોતાના સાળા, જાનકીના સાવકા ભાઈને રૂબરૂ મળીને વાત કરી ત્યારે ભાંડો ફૂટ્યો કે જ્યારે-જ્યારે જાનકી સાસરેથી ભાઈના ઘરે જવાનું કહીને નીકળી છે,

ત્યારે-ત્યારે અહીં તો કદી આવી જ નથી. સાવકા ભાઈએ તપાસ કરતા ખબર પડી કે જાનકીને તો લગ્ન પહેલાંથી જ ગામના એક પટેલ યુવાન સાથે આંખો મળી ગઈ હતી.
જાનકીને ખબર હતી કે પોતાનું કર્મકાંડી બ્રાહ્મણનું ખોરડું અને રૂઢિચુસ્ત પરિવાર હોવાથી સાવકો ભાઈ પટેલનું ઘર માંડવાની મંજૂરી તો નહીં જ આપે. આથી મનોમન નિર્ણય કરી લેનારી જાનકીએ સાવકા ભાઈએ બતાવ્યા પ્રમાણેના યુવાન મોહનીશ સાથે જ્ઞાતિના સામાજિક રીત-રિવાજ અનુસાર લગ્ન કરી લીધાં હતાં.
હકીકત એ હતી કે જાનકી પહેલો પ્રેમ ભૂલી શકતી નહોતી. આથી જ્યારે મન થાય ત્યારે જાનકી પેલા પટેલ યુવાનને મળવા પોતાના પિયરના ગામ પહોંચી જતી હતી અને પટેલ યુવાન સાથે મન ભરાય તેટલું રોકાયા બાદ સાસરે પાછી ફરતી હતી. આમ સાસરે કે પિયરમાં કોઈને કશી ખબર પડી નહોતી કે શું ચાલી રહ્યું છે?
જાનકીની અનોખી લવસ્ટોરી અથવા લગ્ન પછીના સંબંધ વિશે જાણ્યા પછીય મોહનીશ હજુ સ્વસ્થ હતો. જાનકીના સાવકા ભાઈ માટે તો ગામમાં અને સગાં-સંબંધીઓમાં નીચાજોણું થયું હતું. આ તરફ સાસરિયાનું ઘર છોડ્યાને એક વર્ષ થવા આવ્યું હોવા છતાં જાનકીનો કોઈ પત્તો નહોતો. જાનકીના પિયરના ગામમાંથી પેલો પટેલ યુવાન પણ ગુમ થઈ ગયો હતો. સાવકા ભાઈએ તો ખૂબ તપાસ કરી પરંતુ બેઉ ભાગેડુઓનો કોઈ જ પત્તો મળતો નહોતો.
મોહનીશના ગામની નજીકના ગામે જ જાનકીનું પિયરનું ગામ

હોવાથી વાતને વાયુ બનીને ઊડતા વાર લાગી નહોતી. બેઉ ગામમાં ફજેતો થઈ રહ્યો હતો. બેઉ ગામના લોક વાતો કરે ત્યારે એમના મોઢે તાળાં ઓછાં વસાય છે? વિધવા શારદાબાને ચિંતા એક જ વાતની કે આ ઉંમરે નીચાજોણું થયું. બાકી તો ગામમાં કેવી સાખ જાળવી રાખી હતી. એમનાથી એકના એક દીકરા મોહનીશ અને તેના દીકરા દીપુનું દુઃખ જોયું જતું નહોતું.
દીકરો છતી પુત્રવધૂએ વિધુર બની ગયો હતો. “મા... મા...” એવા પોકાર સાથે ઘરમાં બધે ઘૂમી વળતો અને છેવટે શાંત થઈ જતો દીપુનો માસૂમ ચહેરો તેની બાળસહજ વેદનાની ચાડી ખાતો હતો. હૈયે સો-સો શૂળ ઘોંચાય એવી વેદના શારદાબા અનુભવી રહ્યાં હતાં.
એક બપોરે ટપાલીએ કમાડની સાંકળ ખખડાવી હતી. બપોરે જમવા ઘરે આવેલા મોહનીશે દરવાજો ખોલીને ટપાલી સામે પ્રશ્નસૂચક નજરે જોયું હતું. ટપાલીએ કહેલું કે રજિસ્ટર્ડ ટપાલ છે, કોર્ટનું કવર છે. મોહનીશે કવર ઉપર નજર કરીને જોયું કે મોકલનાર તરીકે જાનકીનું નામ છે – અને મોહનીશનો ચહેરો ફિક્કો પડી ગયો. કવર લઈને ટપાલીના ચોપડામાં સહી કરીને તે ઉંબરે બેસી પડ્યો, તેની સાથે શારદાબા અને દીપુ પણ.
(“ચાંદની” 1987)

જિંદગી બેપરદા, પરદો બેપરવા

પચ્ચીસ વર્ષની ગુલહમીદબાનુ પરદાનસીન પરિવારમાંથી આવે છે. રૂપની પૂનમની ચાંદની એના ચહેરા ઉપર સદા પથરાયેલી હોય છે પણ હવે ગુલહમીદબાનુ બેપરદા છે અને પરદો ખુદ બેપરવા. રૂપ જ્યારે વેરી બને ત્યારે કોણ બચાવે? કંઈક આવી જ દાસ્તાન છે આ પાક નમાઝી ઔરતની કે જેના જીવનસંગીતમાંથી એક જ ગીતના શબ્દ-સૂર ઊઠે છે: "કોઈ હમદમ ના રહા, કોઈ સહારા ના રહા..."

અમદાવાદનાં કોમી તોફાનોને શમી ગયાને તો કંઈ કેટલાંય વરસ થઈ ગયાં પણ લોકોનાં દિલોમાં પડેલા ઘાવ ક્યાંક ભરાઈ ગયા છે તો ક્યાંક હજુ તાજા છે. ગુલના ચહેરાને આ તોફાનોએ જે ઉઝરડા પાડ્યા છે તે આમ તો જોઈ શકાતા નથી પણ હજુય લીલાકચ છે. તોફાનોએ જ પોતાનો પતિ છીનવી લીધો હતો, એ વેદના ગુલ હજુ આજે પણ ભોગવી રહી છે. "મેરે બિછડે હુએ શૌહર કહાં હોંગે? મુઝે કુછ નહિ પતા..." બોલીને ગુલ વિચારોમાં ખોવાઈ જાય છે. તેના ખોળા પાસે રમતો ત્રણ વર્ષનો સૈલાબ કંઈક ખાવાનું માગતો જીદે ચઢ્યો છે. મા ખુદ વલવલી ઊઠે છે: "એક બાર બોલ દિયા ના, નહિ હૈ. કહાંસે લાઉં મેં ખાના? લે, આજા. તું મુઝકો હી ખા લે..."

મા માટે એ સ્થિતિ સૌથી કપરી હોય છે કે જ્યારે પોતાનું સંતાન ખાવા માટે વલખાં મારતું હોય. બાળક ભૂખે તડપતું હોય અને મા કશું જ ન કરી શકે, એવી લાચાર સ્થિતિ બીજી કોઈ ન હોઈ શકે.

થોડી વારમાં સૈલાબ જમીન ઉપર જ લાંબો થઈ જાય છે. તેની આંખો ઘેરાવા લાગે છે અને ગુલહમીદબાનુ પોતાની વાત માંડે છે.
“સને 2000ની સાલની આ વાત છે. અમદાવાદના દૂધેશ્વર વિસ્તારની એક ચાલીમાં હું રહેતી હતી. પરિવારમાં અબ્બા, અમ્મી, મારા સિવાય બીજી બે બહેન અને એક ભાઈ. મારી દૂરની માસીના દીકરા મોહંમદ યાસીન સાથે મારા નિકાહ કરાવવામાં આવ્યા હતા. યાસીન આમ તો ઉત્તર પ્રદેશમાં ફિરોઝાબાદ પાસેના એક ગામનો રહેવાસી હતો. એકાદ વર્ષથી જ રોજીરોટીના ચક્કરમાં અમદાવાદ આવીને વસ્યો હતો. ઓઢવ પાસે લોખંડના કારખાનામાં કામ કરવા જતો હતો. નરોડા પાટિયા પાસે એક ખોલીમાં બીજા ત્રણ મિત્રો સાથે રહેતો હતો.”
ગુલ બોલ્યે જતી હતી: “નિકાહ વખતે જ મારા અબ્બાએ નરોડા પાટિયા પાસે અહેમદીનગરમાં એક રૂમ અમને મિયાં-બીવીને ભાડે અપાવી હતી. એ વખતે મારા શૌહરનો પગાર મહિને રૂપિયા પંદરસો હતો. એમાંથી સાતસો રૂપિયા તો રૂમના ભાડા પેટે ખર્ચાઈ જતા હતા; પરંતુ મારો શૌહર ખૂબ મહેનતુ હતો. મને ખૂબ પ્રેમ કરતો હતો. સવારે આઠથી સાંજે પાંચ વાગ્યાની નોકરી હતી. આ ઉપરાંત બીજા સમયમાં એ કોઈ ને કોઈ કામ કરી લેતો અને બીજા બસ્સોથી ચાર સો રૂપિયા કમાઈ લેતો. રાત્રે થાક્યો-પાક્યો જમીને સૂઈ જાય, બીજા દિવસે સવારે વહેલા ઊઠીને નોકરીએ જવા માટે.”
થોડી વાર રોકાઈને ગુલ બોલવા લાગી: “આમ તો હું દસમા ધોરણ સુધી ભણેલી છું પણ અમ્મીએ મને તાલીમ આપેલી છે. સિલાઈકામ,

ભરત-ગૂંથણ અને જરીકામ-જરદોશી કામમાં હું માહેર. નિકાહ બાદ ઘરમાં મદદરૂપ થવા આ બધું પરચૂરણ કામ હું કરી લેતી. આમ મહિને પાંચ સો રૂપિયા હું પણ કમાઈ લેતી. મારા બુરખા – ડ્રેસનું હું ખુદ સિલાઈકામ અને ભરતકામ કરી લેતી. જોતજોતામાં અમારી શાદીને એક વર્ષ થઈ ગયું પણ મારી ગોદ હજુ ભરાઈ નહોતી. સને 2001માં ભૂકંપ આવ્યો. જોકે અમારી નાનકડી ઓરડીને કોઈ નુકસાન થયું નહોતું; પરંતુ પાસ-પડોશના લોકોનાં મહેણાં-ટોણાંના ભૂકંપે મને હલબલાવી નાખી હતી. સગાં-વહાલાં પણ બોલવા લાગ્યા હતાં કે તેરી કોખ હી બાંઝ હૈ ક્યા? અભી તક ઔલાદ ક્યોં ન હો પાઈ...”

પોતાની વ્યથા આગળ વધારતા ગુલ કહે છે કે “મોહંમદ યાસીન બધું સમજતો હતો. તે આ બધું સાંભળી રહેતો અને મારી સામું જોયા બાદ ચૂપચાપ નીચું જોઈ રહેતો. ભૂકંપ પછી એ મને પહેલા કરતાં વધુ સાચવવા લાગ્યો હતો. બીજું કામ છોડીને મારી સાથે વધુ સમય િવતાવવા લાગ્યો હતો. ઈતવારના દિવસે મને સિનેમા જોવા લઈ જતો હતો. ક્યારેક ડ્રેસની સારી જોડ પણ લાવી આપતો હતો. એની આંખો હંમેશાં મને ખુશ જોવા માટે તાલિબ રહેતી. એક જુમેરોજ મેં એને ખબર આપી કે મને સારા દિવસો છે, એ સાંભળીને એ તો જાણે પાગલ થઈ ગયો હતો. જાન્યુઆરી, 2002માં મને સાત મહિના થવા આવ્યા હતા. હવે તો બાળક પેટમાં ફરકતું હોય એવું અનુભવી શકાતું હતું.”

સૂકી આંખો સાથે તે કહી રહી હતી કે “મારી આ ખુશી લાંબો સમય ના ચાલી. કદાચ ખુદાને કંઈક ઔર જ મંજૂર હતું. ગોધરાકાંડની

વાત અમારા ઇલાકામાં એ જ દિવસે તા. 27 ફેબ્રુઆરી, 2002ની સાંજે આગની જેમ ફેલાઈ ગઈ હતી. સમી સાંજે તો બધે સન્નાટો ફરી વળ્યો હતો. બીજા દિવસે તા. 28મી ફેબ્રુઆરીએ આપવામાં આવેલું ગુજરાત બંધનું એલાન અમારા માટે મનહૂસ બનીને આવ્યું હતું. સવારના પહોરથી જ ચારે તરફ ભાગદોડ અને આગ હી આગ."

ગુલ બોલ્યે જતી હતી: "હિન્દુસ્તાનકે બંટવારેકી જો બાતેં સૂની થી, વો નજરકે સામને થી. કુછ લોગ મરતે ગયે, કુછ લોગ બચતે ગયે. મૈં ભી મેરી પડોશન હાજરાબીવીકે સાથ સન્નાટે કો ચિરતે હુએ કહીં ચલ નીકલી થી. મેરે શૌહર કા તો કોઈ પતા હી ન થા. સુબહ જબ ઘરસે નીકલા તો બોલ કે ગયા થા કિ અભી વાપસ આતા હું. બસ, યૂં ગયા ઔર યૂં આયા. લેકિન વો નહિ લૌટે. હાજરાબીવી મુઝે બચાતે હુએ, છિપતે છિપાતે દરિયાખાન ઘુમ્મટ કે રીલિફ કૅમ્પમેં લેકર આ ગઈ થી. ડિલિવરીકા વક્ત નજદીક થા ઔર પેટમેં દર્દ ભી હો રહા થા. રીલિફ કૅમ્પમેં હી બચ્ચેકા જન્મ હુઆ તો ઈસકા નામ સૈલાબ રખ દિયા."

આગ તો રાખ બનીને ઠરતી ગઈ. થોડા દિવસોમાં જ ખબર મળી કે ગુલહમીદબાનુનો શૌહર મોહંમદ યાસીન તો તોફાનોમાં માર્યો ગયો છે. હવે ગુલને વિધવાનું સર્ટિફિકેટ મળ્યું હતું. જન્મ્યો ત્યારથી સૈલાબે તો પોતાના બાપનું મોઢું જ જોયું નથી. બાપની કોઈ તસવીર પણ બચી નથી. કેમ કે આગમાં બધું ખાખ થઈ ગયું હતું. મોહંમદ રઝાક નામના રીલિફ કૅમ્પ વર્કરે ગુલ અને સૈલાબના નામવાળું રૅશનકાર્ડ કઢાવી આપ્યું હતું. તેણે જ સરકારી સહાય અને બીજી ઘરવખરી વગેરેની મદદ અપાવી હતી.

સેન્ટ્રલ રીલિફ કમિટી તરફથી અસરગ્રસ્તોને સરકારી સહાયથી મકાન બનાવી આપવામાં આવ્યાં હતાં પણ નરોડા પાટિયાની એ જ જગ્યાએ ભૂલી બિસરી યાદો સાથે રહેવા ગુલની તૈયારી નહોતી. રઝાકે જ મદદ કરીને રામોલની વસાહતમાં રાહતનું મકાન એક્સચેન્જ કરાવી આપ્યું હતું. રામોલમાં એક જ મઝહબના લોકો હોવા છતાં બધું સાવ અજાણ્યું હતું. અહીં સિવણ, ભરતકામ જેવું કશું નહોતું. પાડોશી મહિલા મુમતાઝ મદદે આવી હતી. તેણે શાહીદ ફટાકડાવાલાની ઓળખાણ કરાવી આપી હતી.
ગુલને ફટાકડા બનાવવાનું કામ મળવા લાગ્યું હતું. શાહીદ ફુટડો જુવાન હતો અને ગુલ જાણે ફટાકડીથી કમ નહોતી. બેઉને એકબીજાની જાણે કે જરૂરિયાત હતી. આમ છતાં ગુલને આ બધું ગમતું નહોતું. છતાં રોજગારી છીનવાઈ જવાના ડરથી ગુલ બધું સહી લેતી હતી. બીજી તરફ રઝાકે ગુલ સાથે શાદી કર્યાનું બોગસ નિકાહનામું બનાવી રાખ્યું હતું. રઝાક ગુલનું મકાન પડાવી લેવાની અને રસ્તા ઉપર લાવી દેવાની ધમકી આપીને ધાર્યું કરાવી લેતો હતો. ગુલ માટે તો શાહીદ અને રઝાક એટલે આગે કુવા, પીછે ખાઈ. જાયે તો જાયે કહાં? કોમી તોફાનો કરતાં જાત ઉપર આવેલી આ આફત અસહ્ય લાગી રહી હતી.
("લોકસત્તા-જનસત્તા" અને "નયા માર્ગ" 2002)

જૂની મા, નવી મા

અલકાનું અવસાન થયું એનું સૌથી વધુ દુઃખ અપૂર્વને હતું. બે બહેનોને સાસરે વળાવી હતી. મોટાભાઈ અલગ રહેતા હતા. મા-બાપ તો ક્યારનાય પરલોક સિધાવી ગયાં હતાં. નાનકડા ઘરમાં હવે ખાલીપો ભરાઈ ગયો હતો. એકના એક લાડકા સમર્થને હજુ ભયાવહ ગંભીરતાનો અણસાર સુધ્ધાં નહોતો કે મા હવે આ દુનિયામાં નથી. હવે કઈ-કઈ મુશ્કેલીઓ આવવાની છે? એ વિશે આ માસૂમ બેખબર હતો. અપૂર્વને દીકરાની ચિંતા સતાવી રહી હતી. અલકા નથી ત્યારે તેને સાચવવો, ઉછેરવો, પોતે નોકરીએ જાય ત્યારે તેનું ધ્યાન કોણ રાખશે? આખો દિવસ કોણ રાખશે, નવડાવશે, ધોવડાવશે, ખવડાવશે, પીવડાવશે?

સાતેક વર્ષનો સમર્થ બધી જંજાળથી મુક્ત હતો. માના મોતના દિવસે તે જરૂર રડ્યો હતો. સવાલ પણ કર્યો હતો કે “પપ્પા, કહોને, મા કેમ બોલતી નથી. ક્યારની સૂઈ ગઈ છે? કહો તો ખરા, કેમ ઊઠતી નથી. શું મારી અને તમારી સાથે એણે કિટ્ટા કરી છે? ચાલોને પપ્પા, આપણે એને પકડીને ઊભી કરી દઈએ.”

સમર્થ અપલક નયને અલકાના નિશ્ચેતન શરીર તરફ ત્યાં સુધી તાકી રહ્યો હતો, જ્યાં સુધી મૃતદેહને ડાઘુઓ ઘરમાંથી સ્મશાન લઈ ગયા ત્યાં સુધી. પહેલા ધોરણમાં પાસ થઈને બીજા ધોરણમાં આવેલો સાતેક વર્ષનો સમર્થ હજુ દુનિયાદારીથી બેખબર હતો. મા રોજ નવડાવી, ધોવડાવીને તૈયાર કરે. સરસ મજાના પ્રેસ કરેલા નવા અને સ્વચ્છ કપડાં પહેરાવે. આખા શરીરે હેતથી હાથ ફેરવી-ફેરવીને વહાલ કરે. રોજ સવારે મોટો

ગ્લાસ ભરીને બૉર્નવીટાવાળું દૂધ પીવડાવે અને સમય-સમય પર મનગમતું ખાવાનું પણ ખવડાવે.
ડાઘુઓ સ્મશાન ગયા ત્યારે સમર્થ રડ્યો અને ઝઘડ્યો પણ હતોઃ “મારી માને આમ બાંધીને તમે બધા ક્યાં લઈ જાઓ છો?”
સહુ સગાં-વહાલાંએ તેને સમજાવ્યો હતો કે “બેટા, મા હવે ભગવાનના ઘરે જાય છે. અમે બધા તેને મૂકવા જઈએ છીએ.”
“– પણ પછી મારી મા પાછી ક્યારે આવશે? એને તમે બધા પાછી તો લાવશો ને?” સમર્થ આવા બધા સવાલો કરતો રહ્યો હતો અને વલોપાત કરતો રહ્યો હતો.
સમર્થે પપ્પા સાથે જીદ પણ કરી હતી કે “પપ્પા, મને પણ મમ્મી સાથે ભગવાનના ઘરે લઈ જાઓને. મારે પણ મમ્મી સાથે જવું છે. પપ્પા, તમેય જોડે ચાલો.”
થોડો સમય વીત્યો અને સમર્થ હવે રોઈ-રોઈને થાક્યો હતો. તેને મમ્મીની ગેરહાજરીનો અહેસાસ થવા માંડ્યો હતો. કદાચ આ જ સત્ય છે, એવું એનાં નાદાન મન-મગજે સ્વીકારી પણ લીધું હોય. એને કશીક એવી તો ખબર પડી જ ગઈ હતી કે મમ્મી હવે જ્યાં પણ ગઈ હોય, ત્યાંથી ક્યારેય પાછી ફરવાની નથી.
સગાં-વહાલાંનો સહકાર અને મદદ ક્યાં સુધી? બધા બે-ચાર દિવસ જ સાથ આપે, આખી જિંદગી કોઈ નહિ. અલકાનું કારજ અને ક્રિયા પતાવીને સૌ વિખેરાઈ ગયાં. બધા પોતપોતાના ઘરે રવાના થયા. હવે મા- વિહોણો સમર્થ અને પત્ની વિનાનો અપૂર્વ એમ બેઉ બાપ-દીકરો એકલાં

પડ્યાં. ખાલી ઘર ભેંકાર લાગવા માંડ્યું. ઉનાળુ વૅકેશનના દિવસો એટલે સમર્થ તો આખો દિવસ ઘરે જ હોય. અપૂર્વ વિચારવા લાગ્યો કે પોતે નોકરીએ જાય તો દીકરાને ઘરમાં કોણ સાચવશે? દીકરાને ઘરે એકલો મૂકીને પણ જઈ શકાય નહિ. સવારના દસથી સાંજના છ સુધી સમર્થનું શું કરવું?

પાડોશમાં રહેતા પ્રમોદભાઈ અને તેમનાં પત્ની ગીતાભાભીને કહીને અપૂર્વ ઘરેથી નીકળે કે "મારા સમર્થને ઘરમાં એકલો મૂકીને ઑફિસે જાઉં છું. જરા સાચવજો ને."

પારકો ટેકો ક્યાં સુધી? પાડોશી પણ ક્યાં સુધી મદદ કરતાં રહે? એક દિવસ પાડોશી પ્રમોદભાઈ અને ગીતાભાભી અપૂર્વના ઘરે આવ્યાં અને માંડીને વાત કરી: "અપૂર્વભાઈ, તમને અમે રોજ જોઈએ છીએ પણ તમારું આ દુઃખ અમારાથી જોઈ શકાતું નથી. તમારી ઉંમર માંડ ત્રીસેક વર્ષની હશે. હજુ તમારી સામે આખી જિંદગી પડી છે. બીજાં લગ્ન કરી લેવાનું કેમ વિચારતા નથી? સમર્થનો તો વિચાર કરો. રોજ તમારે રસોઈ કરવાની ચિંતા નહિ અને સમર્થને સાચવવાની જવાબદારી પણ નહિ. તમને વળી વધુ શું સમજાવવાનું હોય કે ગૃહલક્ષ્મી વિના ઘરની શોભા નહિ."

"તમારી વાત તો સાચી પણ મારા જેવા સાથે કોણ ઘર માંડવા તૈયાર થશે?"

અપૂર્વની આંખો સામે મરણબિછાને સૂતેલી અલકાનો મુલાયમ ચહેરો તરવરી રહ્યો. અલકાએ વચન માગ્યું હતું કે "હું તો ઘડી બે ઘડીની મહેમાન છું. મારા મોત પછી તમે સમર્થને મા અને બાપનો, બેઉનો પ્રેમ

આપજો અને એને સાવકી માના હવાલે ના કરશો."
અપૂર્વએ અલકાનો હાથ પોતાના હાથમાં લઈને તેને વચન આપ્યું હતું કે "ના, અલકા, ના. હું કદી બીજાં લગ્ન નહિ કરું." આટલું સાંભળીને તરત જ અલકાએ છેલ્લા શ્વાસ મૂક્યા હતા અને તેનો નિશ્ચેતન હાથ અપૂર્વના હાથમાં જ રહી ગયો હતો.
"કેમ, શું થયું? શા વિચારોમાં ખોવાઈ ગયા, અપૂર્વભાઈ?" પ્રમોદભાઈએ પૂછ્યું ત્યારે તંદ્રામાં સરી ગયેલા અપૂર્વએ સ્વસ્થ થવાનો પ્રયાસ કર્યો હતો.
"તમને વાંધો ન હોય તો મારી નાની બહેન અમૃતા છે, હજી કુંવારી જ છે. છવ્વીસ વર્ષની છે. જન્માક્ષર પણ ચોખ્ખા છે. આ લ્યો, જુઓ એનો ફોટો. તમારું મન માને તો વાત આગળ ચલાવીએ?" ગીતાભાભીએ પ્રસ્તાવ મૂક્યો.
અપૂર્વ હજુ મનોમન અલકા સાથેનો છેલ્લો સંવાદ યાદ કરી રહ્યો હતો. પત્નીને તેણે વચન આપ્યું હતું. તે વચનથી બંધાયેલો હતો. બીજી તરફ તેની નજર સમક્ષ માસૂમ સમર્થનો ચહેરો પણ તરવરતો હતો. તે તંદ્રામાંથી દ્વિધામાં જાણે સરકતો ગયો હતો.
આખરે અમૃતાને એક નજર જોઈ લેવાનું અને તેની સાથે મુલાકાત કરવાનું નક્કી થયું હતું. પાડોશી પ્રમોદભાઈના ઘરે જ બધું ગોઠવાયું હતું. યુવાવયે વિધુર બનેલા અપૂર્વની પોતાની જરૂરિયાત પણ હતી અને સમર્થને સાચવવા, ઉછેરવાની જવાબદારી પણ હતી. અપૂર્વને તો પહેલી નજરમાં જ અમૃતા ગમી ગઈ હતી. વાત આગળ ચલાવવામાં આવી હતી. સમર્થ

માટે "નવી મા" અથવા "સાવકી મા" લઈ આવવાના નિર્ણય સાથે જ સમર્થના દિવસો ફરી જવાના હતા.
અપૂર્વને જ નહિ, સૌ કોઈને પહેલી નજરમાં ગમી જાય એવી સુંદર યુવતી હતી, અમૃતા. જોકે અપૂર્વના ઘરમાં અમૃતાએ પગ મૂકતાં જ સમર્થના માથે તો પનોતી બેસી ગઈ હતી. પોતાના નામથી વિપરીત અમૃતાએ સમર્થનું જીવતર ઝેર કરવાનું શરૂ કર્યું હતું. સમર્થ પણ નામથી વિપરીત અપર માનો ત્રાસ સહન કરવામાં અસમર્થ રહેતો હતો.
અપર મા કેવી હોય? બધે એકસરખી જ હોય. અપૂર્વની હાજરીમાં તો સારો દેખાવ કરે પણ તેની ગેરહાજરીમાં આખો દિવસ સમર્થ પાસે જ ઘરનું બધું કામ કરાવતી. સમર્થની મારઝૂડ કરવામાં પણ અમૃતાએ કંઈ બાકી નહોતું રાખ્યું. જો પપ્પાને કહી દઈશ તો હજુ વધુ માર પડશે, એવી ધમકી પણ ખરી. સાવકી માના એક વર્ષના રાજમાં આઠ વર્ષનો સમર્થ કુમળી વયે જ ઘણો પરિપક્વ થઈ ગયો હતો. જાણે બધા જ ત્રાસ સહન કરવા હવે તે 'સમર્થ' બની ગયો હતો.
હવે સમર્થને વહેલી સવારે છ વાગે ઊઠી જવું પડે છે. વહેલા ઊઠીને પહેલું કામ દૂધ લેવા જવાનું. ઘરે આવીને દૂધ ગરમ કરવાનું. ચા બનાવવાની. નવી માને ઉઠાડવાની. પીવાનું પાણી ઘર બહારથી ભરીને લાવવાનું. સવાર-સાંજ બે ટાઇમ કચરો-પોતું કરવાનું. કપડાં ધોવાનાં અને વાસણ માંજવાનાં. ઘરનો બાથરૂમ તેણે નહિ વાપરવાનો. તેણે ઘરની બહાર નાનકડી ચોકડીમાં નાહવાનું. સાબુ-શૅમ્પુ વાપરવાનાં નહિ. બહાર કોઈ દોસ્તારો રાખવાના નહિ કે રમવા જવાનું નહિ.

અમૃતા જાણે બેફામ બની ગઈ હતી. અપૂર્વના નાકની નીચે સમર્થ ઉપર જુલ્મોસિતમ થતા અને તે પિતા તરીકે કશું કરી શકતો નહોતો. સમર્થને પ્રાઇવેટ સ્કૂલમાંથી ઉઠાડીને સરકારી યાને મ્યુનિસિપલ સ્કૂલમાં મૂકવામાં આવ્યો હતો. અમૃતાએ સમર્થને ત્રાસ આપવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. હવે તે ઘરે પૅકિંગ મટીરિયલનું કામ લાવવા માંડી હતી. એ મજૂરીમાં સમર્થને જોતરી દીધો હતો. સ્કૂલ અને ઘરકામ સિવાયના સમયમાં તેણે આ મજૂરીકામ કરવાનું રહેતું. એક બપોરે પૅકિંગ કામ કરતા-કરતા થાક્યો-પાક્યો સમર્થ ભોંય ઉપર જ લાંબો થઈને સૂઈ ગયો હતો. આ જોઈને અમૃતાનો ક્રોધ તો ભભૂકી ઊઠ્યો. કિચનમાં જઈને તેણે ગૅસ-બર્નર ઑન કરીને તવેથો ગરમ કર્યો અને સૂતેલા સમર્થના હાથે-પગે ગરમ તવેથાના ડામ દઈ દીધા. સમર્થની બૂમાબૂમ અને રડવાના અવાજો દીવાલોમાં અથડાઈને તેના ડામની જેમ ઠંડા પડી ગયા.
સાંજે ઑફિસેથી ઘરે પાછા આવેલા અપૂર્વએ જોયું કે સમર્થને હાથે અને પગે લાલ-કાળા ચકામાં પડી ગયાં છે. પિતાએ વહાલથી પૂછ્યું કે “આ શું થયું, બેટા?”
સમર્થે દબાતા અવાજમાં કહ્યું કે “કંઈ નહિ, પપ્પા. એ તો મમ્મી કપડાં પ્રેસ કરતી હતી અને હું રમતાં-રમતાં એની પાસે ગયો એટલે ગરમ-ગરમ ઈસ્ત્રી મને ચંપાઈ ગઈ. ઈસ્ત્રી નીચે પડી ગઈ એટલે પગમાં પણ...”
સમર્થને અમૃતાની ધમકી યાદ હતી કે “જો પપ્પાને કશું પણ કહ્યું છે તો તારી ખેર નથી.”

રોજ સાંજે પપ્પાના ઘરે આવવાના સમયે સાવકી મા સમર્થને ઘરની બહારના ઓટલે બેસાડી દેતી. જેથી દીકરો ખુશહાલ સ્થિતિમાં છે, એવો દેખાવ થઈ શકે. રમતા બાળકોને તે જોઈ રહેતો પણ તેના માસૂમ ચહેરા ઉપરથી સ્મિત જાણે વિલાઈ ગયું છે.
એક વાર સમર્થને કોઈકે પૂછ્યું હતું કે “બોલ, સમર્થ. તને જૂની મા ગમતી હતી કે નવી મા ગમે છે?”
સમર્થે જવાબમાં કહ્યું હતું કે “મને નવી મા જ ગમે. કેમ કે એ સાચી છે. જૂની મા તો જુઠ્ઠી હતી. મને કહે કે તોફાન-મસ્તી કરીશ તો ખાવાનું નહિ આપું. એ મને ઘરમાંથી બહાર કાઢી પણ મૂકે. છતાં જમવાનો સમય થાય ત્યારે એ જૂની મા મને શોધવા મારા નામની બૂમો પાડતી સોસાયટીમાં નીકળી પડી હોય અને મને પકડીને બાથમાં ઊંચકીને ઘરે લઈ આવે તથા પોતાના હાથે મને જમાડે. આમ ખાવાનું નહિ આપું, એવું જૂઠું બોલે અને મને ખવડાવે પણ ખરી. જ્યારે નવી મા સાચાબોલી છે. જે દિવસે નવી મા મને કહે કે આજે જમવાનું નહિ આપું, તો એ ના જ આપે અને મને ભૂખ્યો જ રાખે.”
સાવકી માના સિતમનો ભોગ બનેલા માસૂમ સમર્થની વેદના કોણ વાંચે?
(“બુદ્ધિપ્રકાશ” 2001)

જે રાહ જુએ છે, એ મા હોય છે.

“જે રાહ જુએ છે, એ મા હોય છે.” અંગ્રેજી લેખક વૂલ્મરનું આ વિધાન છે. ખરેખર ધીરજપૂર્વક અને અપેક્ષારહિત પ્રતીક્ષા મા જ કરી શકે. દીકરો આઠ વર્ષનો હોય કે એંસી વર્ષનો, ઉંબરની બહાર ગયેલો દીકરો ક્યારે ઘરે પાછો ફરશે, એની વાટ મા જોતી હોય છે, કપાળે હથેળીનું છજું કરીને.

ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાના ચલિયાનપુર ગામની ત્રીસેક વર્ષની રામખિલાવન યાદવને ઘર છોડીને નીકળી ગયેલા પોતાના બાર વર્ષના દીકરા મુન્ના ઉર્ફે મોહિતનો હજુ આજે બે વર્ષ પછીય ઇન્તજાર છે. દીકરો જીવતો હશે કે નહિ, એ વાતનીય એને જાણ નથી. દીકરાનું મિલન થશે કે નહિ? એ અત્યારે ક્યાં હશે? શું કરતો હશે? એવી માત્ર કલ્પનાને સહારે જ રામખિલાવનના દિવસો ગુજરતા જાય છે.

સામાન્ય દેખાવ અને સપ્રમાણ દેહ. રામખિલાવન નામની આ યુવતીને લાગે છે કે કદાચ પોતાનું નસીબ જ વાંકું છે. હજુ તો યુવાનીના ઉંબરે પગ મૂકવાની વેળા હતી અને પંદર-સોળ વર્ષની ઉંમરે જ એનાં લગ્ન લેવાયાં. પરણીને વતન ચલિયાનપુરથી બાજુના કથુરિયા ગામે એની નવી જિંદગી શરૂ થઈ. પતિ મોહરદીન યાદવ ખેતીકામ કરતો. જોકે પતિ-પત્ની માટે લગ્નજીવનની ખુશી લાંબો સમય ન ચાલી.

રામખિલાવનને છેલ્લા દિવસો હતા ત્યારે માંદગીમાં પટકાયેલા મોહરદીનનું મોત થયું. નવજાત પુત્રનું નામ મોહિત રાખવામાં આવ્યું. ઘરમાં બધાં એને મુન્નો કહીને જ બોલાવે. બિચારા મુન્નાએ તો બાપનું

મોં પણ જોયું નહોતું. પિતા કોને કહેવાય? અથવા પિતાનો પ્રેમ એટલે શું? એ વાતથી તે બેખબર જ હતો. સાસરિયાં હવે વિધવા પુત્રવધૂ અને તેના દીકરાને રાખવા તૈયાર નહોતા. રામખિલાવન સાસરિયાંનો ત્રાસ અને મારઝૂડ સહન કર્યે જતી હતી; પરંતુ એક રાતે તેને દીકરા સહિત ઘરમાંથી કાઢી મૂકવામાં આવી.

જેમ તેમ કરીને દીકરાને લઈને રામખિલાવન કથુરિયાથી ચલિયાનપુર પહોંચી. માતા-પિતા તો પરલોક સિધાવી ગયેલાં. ભાઈ-ભાઈએ આશરો આપ્યો, આવકારો નહિ. માવતર જેવી મીઠાશ ક્યાં મળે? મોટા ભાઈએ બહેન અને ભાણિયાને રાખવાની જવાબદારીમાંથી જાણે છટકવા માટે રામખિલાવનને બીજું ઘર કરવા સલાહ આપી.

રામખિલાવન વખાની મારી હતી, બોલી પડી કે "લેકિન મુજ વિધવાસે દુસરી શાદી કરેગા કૌન? ઔર ફિર મેરે મુન્નેકા ક્યા હોગા?"

જોકે મોટા ભાઈ તો રસ્તો કાઢવા જ માગતા હતા. તેમણે એવો એક યુવાન શોધી કાઢ્યો કે જે રામખિલાવનની સાથે-સાથે મુન્નાને પણ અપનાવી લે. યુવાન તેમની જ્ઞાતિનો જ હતો. મૈનપુરી શહેરમાં રહેતો જગદીશપ્રસાદ યાદવ. તેની સાથે રામખિલાવને મૈનપુરીમાં એક નવી જિંદગીની શરૂઆત કરી. મુન્ના માટે સાવકા બાપનો અનુભવ અજીબોગરીબ હતો. અહીં ભાડાનું મકાન અને તે પણ માત્ર એક ઓરડી. જગદીશપ્રસાદ શહેરની જ એક ફૅક્ટરીમાં મજૂરીકામ કરવા જતો.

મુન્નો ધીમે-ધીમે મોટો થતો હતો, એટલો સમજદાર પણ થયો હતો. સમય જતાં જગદીશપ્રસાદે પોત પ્રકાશ્યું હતું. વેળા-કવેળાએ દારૂ પીને

ઘરે આવે અને નશામાં ગાળો બોલે, ધમાલ કરે. પાસ-પાડોશના લોકો ભેગા કરે, તમાશો કરે. નશામાં ચૂર હાલતમાં રામખિલાવનને મારઝૂડ કરવી. આ બધું હવે રોજનું થઈ ગયું. જો મુન્નો માને બચાવવા વચ્ચે પડે તો તેનું પણ આવી બને. ઘરખર્ચની રકમ પણ હવે તેણે આપવાની બંધ કરી હતી. મકાનનું ભાડું પણ નિયમિત ચૂકવતો નહોતો. આથી મકાનમાલિક ઘર ખાલી કરવાની ધમકી પણ આપતો રહેતો હતો. આખરે રામખિલાવને તમાકુ-સોપારીનું પૅકિંગ કરવાનું કામ ઘરે લાવીને મહેનત-મજૂરી શરૂ કરી હતી.

મુન્નાને ભણાવી-ગણાવીને તેની જિંદગી સારી બને એવાં સપનાં આંખોમાં આંજીને માએ તેને સરકારી શાળામાં ભણવા મૂક્યો હતો. પૈસાના અભાવે સારી, ખાનગી સ્કૂલમાં મૂકવાની ઇચ્છાને માએ દબાવી દીધી હતી. આ તરફ પાંચ ધોરણ પછી મુન્નાએ ભણવાનું છોડી દીધું. તેને વધુ ભણવાનું દબાણ કરી શકે એટલા રૂપિયા પણ મા પાસે નહોતા. અગિયાર-બાર વર્ષનો મુન્નો ઘરમાં માને પૅકિંગના કામમાં મદદ કરાવતો. એટલું જ નહિ, પાણી ભરી લાવવું, કચરો વાળવો, પોતું કરવું, કપડાં ધોવાં અને વાસણો માંજવા વગેરે ઘરકામ કરવામાં પણ તે માને મદદરૂપ થતો.

– અને એક દિવસ બાર વર્ષના મુન્નાએ ગૃહત્યાગ કર્યો હતો. રાતના બે-અઢી વાગ્યાના સુમારે અમદાવાદ રેલવે સ્ટેશને પ્લૅટફૉર્મ નંબર નવના બાંકડા પર સૂતેલી હાલતમાં મુન્નો મળી આવ્યો હતો. રેલવે પોલીસે તેને અમદાવાદના બાળ રિમાન્ડ હૉમમાં મોકલી આપ્યો હતો. બાળ રિમાન્ડ હૉમ અને બાળ અદાલતના પ્રયાસોથી તેનું ઠામ-ઠેકાણું શોધીને તેને પરત ઘરે મોકલવા કાર્યવાહી કરવામાં આવી હતી.

આટલી નાની ઉંમરે ઘર છોડીને ભાગી નીકળવાનું કારણ શું? તેણે આપેલી કેફિયત અનુસાર, "એ દિવસે દારૂ પીને ઘરે આવેલા સાવકા બાપે મારી માને મારીમારીને અધમૂઈ કરી નાખી હતી. રોજેરોજની આ હરકતોથી માને બચાવવા માટે મેં મારા સાવકા બાપને માથાના ભાગે લોખંડનો દસ્તો મારી દીધો હતો. પછી શું થયું? એ જોવા માટે રોકાયા વિના જ હું ઘર છોડીને ભાગી નીકળ્યો હતો. હું નાનો હતો ત્યારે મા દૂધ પીવડાવવા વાટકો મોઢે માંડે ત્યારે સાવકો બાપ મારા મોં સુધી આવેલા વાટકાને કેટલીયવાર લાત મારીને ફેંકી દેતો હતો."
મુન્નો બોલ્યે જતો હતો: "મૈનપુરીથી જે ટ્રેન મળી એમાં આગ્રા, આગ્રાથી ભરતપુર, ભરતપુરથી જયપુર અને જયપુરથી અમદાવાદની ટ્રેનમાં એક રાત્રે અહીં અમદાવાદ રેલવે સ્ટેશન આવી પહોંચ્યો. ખિસ્સામાં પૈસા તો હતા નહિ. દિવસો સુધી રેલવે પ્લૅટફૉર્મ પર આવેલા એક સ્ટૉલમાં મજૂરીકામ કર્યું. રાતના બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી જ સૂવા મળે. સવારના ચાર વાગ્યાથી રાતના દોઢ-બે વાગ્યા સુધી મજૂરી જ કરવાની."
મુન્નાની આંખમાં આંસુ છલકતા હતા અને તે પોતાની વીતક વર્ણવતો હતો કે "પ્લૅટફૉર્મ ઉપર રહીને રીઢા બની ગયેલા અઢાર-વીસ વર્ષના રાજા, ભુંગો, લખમણ, ઝાકીર અને દીપો, નવો શિકાર આવ્યો છે, એમ કહી-કહીને રાતના સન્નાટામાં મારા ઉપર જુલ્મોસિતમ ગુજારતા હતા. મારી ઉપર થયેલા દુર્વ્યવહારનું હું વર્ણન કરી શકું એમ નથી."
હકીકત તો એ હતી કે બાળ રિમાન્ડ હૉમ કે પ્લૅટફૉર્મ નંબર નવની સ્થિતિમાં ઝાઝો ફરક નહોતો. મુન્નાએ કહ્યું કે "અહીં રિમાન્ડ

હૉમમાં પણ તેની ઉપર શારિરીક અત્યાચાર થાય જ છે. કોઈ રોકનારું કે ટોકનારું નથી. અહીં રાખવામાં આવેલા છોકરાઓ પણ ક્રૂર અને ઘાતકી જ છે." મુન્નો બાળમજૂર મટીને હવે બાળ અપરાધી બની ગયો હતો. તેણે સ્વબચાવમાં ત્રણેક છોકરાઓ ઉપર જીવલેણ હુમલા કર્યા હતા.

બીજી તરફ મુન્ના પાસેથી પૂછપરછના અંતે તેનું સાચું સરનામું મેળવી લેવામાં આવ્યું હતું. બાળ રિમાન્ડ હૉમ તરફથી પત્ર લખીને રામખિલાવનને મૈનપુરીથી અમદાવાદ બોલાવવામાં આવી હતી. રામખિલાવન બહાવરી બનીને પોતાની આંખના રતનને મેળવવા આવી પહોંચી હતી; પરંતુ બાળ રિમાન્ડ હૉમના સંચાલકોએ સપાટ અવાજમાં હકીકત કહી હતી કે "ક્યા કરેં? આપકા લડકા કલ રાત કો હી દૂસરે દો લડકોં કે સાથ મિલકર યહાં કી દીવાલ તોડકર ભાગ નીકલા હૈ."

("શ્રી" સાપ્તાહિક, ગુજરાત સમાચાર પ્રકાશન,1990)

ઢીંગલી સોનાલી

શિખર આજે સવારથી ખિન્ન હતો. ન્યૂઝપેપરમાં જે સમાચાર વાંચ્યા તે રહી-રહીને આંખ સામે છવાઈ જતા હતા: “સલમાનથી પીછો છોડાવવા ઐશ્વર્યાએ વિવેક ઑબેરૉયને ઉલ્લુ બનાવ્યો અને અભિષેક સાથે સંબંધ જોડ્યો.”

શિખર મનોમન વિચારોમાં ગરકાવ થઈ ગયો: “શું સોનાલીએ પણ મારી સાથે ગેમ કરી? હું આ ત્રણ આશિકની લવસ્ટૉરીમાંથી ક્યાં ફિટ બેસું છું? સોનાલી આજે ક્યાં હશે? શું કરતી હશે? કઈ હાલતમાં હશે?”

સોનાલીએ શહેરની જાણીતી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં અગિયારમા ધોરણમાં ઍડ્ મિશન લીધું હતું. સત્તર વર્ષની સોનાલી ગ્લેમર ગર્લ બનીને આખી સ્કૂલમાં છવાઈ ગઈ હતી. તેની મુગ્ધતા જાદુઈ હતી. તેના રૂપનો જાદુ એવો હતો કે તે પસાર થાય ત્યારે છોકરાઓ તેને જોવા માટે ઊભા રહી જતા. સ્કૂલના પ્લેગ્રાઉન્ડમાં તે શૉર્ટ્સ પહેરીને બેડમિંગ્ટન રમતી હોય ત્યારે છોકરાઓની સૌથી વધુ ભીડ જામતી. સ્કૂલની બીજી છોકરીઓ સોનાલીની ઈર્ષા કેમ ન કરે? કેમ કે તેણે આખું મેદાન સાફ કરી નાખ્યું હતું.

સ્કૂલમાં જુદા-જુદા સ્ટુડન્ટ્સ ગ્રૂપ સોનાલીને પોતપોતાના ગ્રૂપમાં સામેલ કરવા અંદરોઅંદર જાણે સ્પર્ધામાં રહેતા હતા. ભણવામાં હોશિયાર હોવાથી સોનાલી ટીચિંગ સ્ટાફમાં પણ સૌ શિક્ષકોની માનીતી સ્ટુડન્ટ બની ગઈ હતી. તેના પપ્પા સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઑફિસર હોવાથી ટ્રાન્સફરેબલ જૉબને લઈને આ શહેરમાં ટ્રાન્સફર થઈને ફૅમિલી સાથે આવી વસ્યા હતા. શિખર, મીત અને વૈભવ સોનાલીના ક્લાસમેટ્સ ખરા પણ તેમના ત્રણેયના

ફ્રેન્ડ્ઝ ગ્રૂપ જુદા-જુદા હતા. તે ત્રણેય વચ્ચે જો કોઈ સામ્યતા હોય તો તે એટલી જ કે ત્રણેય ફ્રેન્ડ સોનાલીને પસંદ કરતા હતા, ચાહવા લાગ્યા હતા.
મુગ્ધતાની મૂર્તિ સોનાલી રમતિયાળ ઢીંગલી જેવી ખરી પણ ખાસ્સી મૅચ્યૉર પણ હતી. તે આંખોના ભાવ પરથી, નજર પરથી પામી જતી કે સામી વ્યક્તિના મનમાં શું ચાલી રહ્યું છે? બૉડી લૅન્ગ્વેજ ઉપરથી તે વ્યક્તિનો તાગ પામી જતી. એક દિવસ સ્કૂલમાં રિશેષ ટાઇમમાં સ્કૂલ કૅન્ટીનમાં સોનાલી તેની ફ્રેન્ડ દીપા સાથે પિઝા ખાઈ રહી હતી.
અચાનક નજીક દોડી આવેલા મીતે સોનાલી જોડે છેડછાડ કરી હતી: "હાય, સ્વીટી ડાર્લિંગ, વિલ યુ કિસ મી?"
સોનાલીએ જરાય વિચલિત થયા વિના મીતને લાફો ચોડી દીધો હતો. છંછેડાયેલા મીતે સોનાલીના માથાના વાળ ખેંચીને તેના ગાલે કિસ કરીને ચાલતી પકડી હતી. બાજુના ટેબલ ઉપર નાસ્તો કરી રહેલા શિખરથી ના રહેવાયું. આ તમાશો જોઈને તેણે મીતને લલકાર્યો હતો: "હેય, યુ કાવર્ડ – બાસ્ટર્ડ...?"
શિખરે મીત સાથે સોનાલી મામલે ઝઘડો કર્યો હતો. બેઉ મારામારી ઉપર ઊતરી આવ્યા હતા. બીજા છોકરાઓ અને ખુદ સોનાલી વચ્ચે પડ્યાં હતાં. એ વખતે તો લાગતું હતું કે મામલો શાંત થઈ ગયો છે પણ ખરેખર તો મામલો ગરમાયો જ હતો.
સોનાલીએ પહેલી વાર શિખરનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું હતુ ં: "શિખર, આઈ એમ હાર્ટલી થેન્કફૂલ ટુ યુ. પણ તારે આમ રિસ્ક લેવાની કે ઝઘડવાની જરૂર નહોતી."

એ ઝઘડા પછી તો સ્ટુડન્ટ્સ ગ્રૂપમાં અવારનવાર નાની-નાની નોંકઝોંક ચાલતી રહેતી. એક દિવસ સમાધાનની વાત કરીને સૌ દોસ્તોને પોતાના ઘરે પાર્ટી માટે ઇન્વાઈટ કર્યા હતા. સોનાલીને લાવવાની જવાબદારી મીતે ખુદ શિખરને સોંપી હતી.
શિખરે કહ્યું હતુ: "સોનાલી, એવી બધી વાતો મનમાં નહિ રાખવાની. લેટ્સ હેવ એ ફન ઍન્ડ ઍન્જૉય." પાર્ટીમાં બધા દોસ્તો ખૂબ નાચ્યા, ઝૂમ્યા અને મસ્તી કરી હતી. વૈભવના ડાન્સ-સ્ટેપ્સ્ સોનાલીને મોહિત કરી ગયા હતા. તે મોહી પડી હતી અને કહ્યું પણ હતું: "લવલી, વૈભવ. યુ હેવ ડન ગૂડ ડાન્સ..."
એક દિવસ તો ભારે થઈ હતી. પ્રિલિમનરી ઍક્ઝામના દિવસો હતા અને સોનાલીએ પોતાના ઘરે બર્થ ડે પાર્ટી ઍરેન્જ કરી છે એમ કહીને શિખરને ઇન્વાઈટ કર્યો હતો. શિખરે સમી સાંજે સોનાલીના ઘરે પહોંચીને જોયું તો સોનાલી સિવાય કોઈ નહોતું.
શિખરની મૂંઝવણ પારખીને સોનાલીએ કહ્યું હતું: "ચિલ, શિખર. મારા ઘરેથી બધા બહારગામ ગયા છે. કાલે સાંજ સુધીમાં આવશે. ઘરે હું એકલી છું એટલે જ મેં તને ઇન્વાઈટ કર્યો છે. ડૉન્ટ બી સિલી. કમ ઍન્ડ હેવ એ ફન. વી કેન ઍન્જૉય ઑલ ધ નાઈટ..."
"પણ મારે તો ઍક્ઝામની તૈયારી કરવાની છે. બહુ બધા લેશન્સ્ બાકી છે." શિખર સંકોચ પામતો રહ્યો હતો અને સોનાલીએ તેને પોતાના બાહુપાશમાં ઓગાળી દીધો હતો. વહેલી સવારે શિખરને ભાન થયું હતું કે રાતભર શું બની ગયું. તે સોનાલીને બેડ ઉપર સૂતેલી રાખીને તેને કશું

કીધા વગર જ પોતાના ઘરે જવા નીકળી ગયો હતો. સોનાલીના વૉટ્સ-ઍપમાં શિખરે એક મેસેજ છોડ્યો હતો: "થેન્ક્સ્ – લવ યુ..."

સોનાલીની ફેવરમાં મીત સાથે ઝઘડો કરનાર પણ શિખર હતો તો મીતના ઘરે પાર્ટીમાં જવા માટે સોનાલીને મનાવનાર પણ શિખર જ હતો. વૈભવ સાથે સોનાલીનો ઇન્ટ્રો પણ શિખરે જ કરાવીને દોસ્તી કરાવી હતી. પ્રિલિમનરી ઍક્ઝામ પૂરી થઈ હતી અને ઍન્યુઅલ ઍક્ઝામ નજીક હતી. દિવસો ઓછા અને પ્રિપેરેશન વધારે કરવાની હતી. એવામાં એક દિવસ સોનાલીએ શિખરને કૉલ કર્યો હતો: "હાય, શિખર. મમ્મી-પપ્પા આઉટ ઑફ ટાઉન ગયા છે. ઘરે કોઈ નથી. મને ગમતું નથી. તું આવી જા. આપણે સાથે રીડિંગ કરીશું."

શિખરે કહ્યું હતું: "જો, સોનાલી. હું તારા ઘરે ઍક્ઝામ ટાઇમ પર વાંચવા ઘણી વાર તારા ઘરે આવ્યો અને નાઈટ હૉલ્ટ પણ કર્યા. હવે મારું મન ના પાડે છે. પ્લીઝ. ટ્રાય ટુ અન્ડરસ્ટૅન્ડ મી."

શિખરે ખૂબ સમજાવી છતાં સોનાલી ના માની તે ના જ માની. સોનાલીએ વળતો પ્રહાર કરતાં કહ્યું હતું કે "ઑ.કે. જો તું ના આવી શકતો હોય તો હું વૈભવને બોલાવી લઉં છું. મેં તને ફર્સ્ટ પ્રેફરન્સ આપ્યો એ મારી ભૂલ હતી. વૈભવ નહિ આવે તો મીત તો રેડી જ છે. હા, એ જરા વાઇલ્ડ અને નૉટોરિયસ છે, એટલું જ. બટ આઈ હેવ નૉ પ્રૉબ્લેમ. આઈ વૉન્ટ કંપની વિથ ફન ઑલ ધ નાઈટ."

દત્તક પુત્રી

હરિતા મહેતા. શહેરની કૉમર્સ કૉલેજની લેક્ચરર. પાંત્રીસેક વર્ષની જાજરમાન યુવતી. ગૌર વર્ણ અને નમ્ર સ્વભાવ. મૃદુ અવાજ અને બોલે તો ફૂલ ખીલે. અમીયલ આંખો, જાણે લાગણીનો દરિયો. નકશીદાર ભમર અને શ્યામ – ઘટ્ટ જૂલ્ફોની ઘટા. એની હાજરીની નોંધ લેવી જ પડે એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ. હરિતા હંમેશાં કૉટન હેન્ડલૂમ સાડી જ પહેરે. સાડીને મેચિંગ કલરનું પર્સ પણ ખરું.

અનુસ્નાતક થયા પછી નોકરી સ્વીકારી અને પચ્ચીસેક વર્ષની વયે લગ્ન કર્યાં. પતિ સારો મળ્યો હતો. નિલેન્દુ એને હંમેશાં ખુશ રાખવાની કોશિશ કરે. જ્ઞાતિનો પરિવાર હોય અને કુળવાન પાત્ર મળે એ માટે મેટ્રિમૉનિયલ ઍડ્વર્ટાઇઝ આપી હતી. એમાંથી જ નિલેન્દુ શુક્લના પરિવારનો સંપર્ક થયો હતો. તે બિઝનેસમૅન હતો.

બેઉ વેલ એજ્યુકેટેડ અને સમજદાર હતા. બેઉએ એકમેકને સમજીને પસંદ કર્યા હતાં. લગ્નજીવનની ગાડી આગળ વધી રહી હતી. નિલેન્દુના બે મોટા ભાઈ અને તેમના પરિવાર સાથે મા-બાપ પણ વિદેશ રહેતા હતા. વર્ષે એકાદ વાર તે લોકો વતન આવે, એ સિવાય આલીશાન ફ્લૅટમાં પતિ-પત્ની એકલાં જ. દિવસો, મહિના ને વર્ષો. લગ્નજીવનને દાયકો વીતી ગયો, પણ દાંપત્યમાં સંતાનસુખ નહોતું. અષાઢી યૌવન વરસાદ વિના કોરાધાકોર ચોમાસાના આભ જેવું હતું. ચૈત્ર-વૈશાખના વાયરા ઊના નિઃશ્વાસ બનીને અંગને દઝાડી જતા હતા.

કંઈ કેટલાય લોકોને બતાવી જોયું. તબીબ હોય કે જ્યોતિષ,

બધા જ એકઅવાજે નિલેન્દુ અને હરિતાને કહેતા કે સંતાન શક્ય જ નથી. હરિતા સૂકી આંખે પતિને તાકી રહેતી અને કહેતી કે "નિલુ, હવે આ ખાલીપો અને લોકોનાં મ્હેણાં-ટોણાં વેઠાતાં નથી. તું કોઈ રસ્તો કાઢ. લોકો વાંઝણી... વાંઝણી... કહીને રસ્તો બદલી નાખે છે. મારે શું કરવું?"

બિચારા નિલેન્દુ પાસે પણ કોઈ જવાબ નહોતો. કોઈ ડૉક્ટર એમ કહેતા કે પતિના સ્પર્મ કાઉન્ટ ઓછા છે યા નીલ છે. કોઈ ડૉક્ટર એમ કહેતા કે પત્નીને ફર્ટિલિટી પ્રૉબ્લેમ છે. કોઈ ચોક્કસ કારણ મળતું નહોતું. એક દિવસ પરિવારના વડીલ ભાનુશંકર દાદાએ રસ્તો કાઢવા સૂચન પણ કર્યું કે "જો તમને બેઉને વાંધો ન હોય તો બાલાશ્રમમાંથી બાળક દત્તક લેવા માટે નામ નોંધાવી દો. બીજું તો શું?"

આખરે આ ઉપાય અજમાવવા નક્કી થયું અને શહેરના બાલાશ્રમમાં જઈને નામ નોંધાવ્યું. પ્રગતિશીલ વિચારસરણીને લઈને નિલેન્દુ અને હરિતાએ દત્તક સંતાનમાં દીકરી લેવાનું પસંદ કર્યું હતું. બાલાશ્રમના સંચાલકે સલાહ આપી કે "જેટલું નાની ઉંમરનું સંતાન પસંદ કરશો એટલું જલદીથી એ તમને મમ્મી અને પપ્પા તરીકે સંબોધન પણ કરશે અને તમારો મા-બાપ તરીકે કુદરતી સ્વીકાર પણ કરી લેશે. નવજાત શિશુથી માંડીને એકાદ બે કે ચાર-છ મહિનાનું બાળક પસંદ કરો તો વધારે સારું."

જન્મ બાદ તરત ત્યજી દેવાયેલી અને હવે માત્ર 45 દિવસની થયેલી સુંદર દેખાતી કન્યા ઉપર પતિ-પત્નીએ પસંદગી ઉતારી હતી. આશ્રમમાં થોડા દિવસ પહેલાં જ એને લાવવામાં આવી હતી. આશ્રમનો સ્ટાફ અને અન્ય બાળકો એનો ફૂલગુલાબી દેખાવ જોઈને એને "પિન્કી"

કહીને બોલાવતાં હતાં. નિલેન્દુ અને હરિતાએ એનું નામ “કૃતિ” પાડ્યું હતું.
જન્મદાત્રી – ધાત્રી માતાના અભાવમાં “પિન્કી”ને બહારનું દૂધ આપીને જ બાલાશ્રમમાં ઉછેરવામાં આવી હોવાથી હરિતાને “કૃતિ”ને ઉછેરવામાં કોઈ મુશ્કેલી પડતી નહોતી. પતિ-પત્ની લાડકોડથી દીકરીને ઉછેરતાં હતાં. કૃતિ વિશે હરિતાના કૉલેજ સ્ટાફમાં અને નિલેન્દુના બિઝનેસ સર્કલમાં જાણ થઈ ગઈ હતી. આથી તેઓ પાર્ટીની ડિમાન્ડ કરી રહ્યા હતા.
શુક્લ દંપતીએ ગ્રાન્ડ પાર્ટી રાખીને સૌને ઇન્વાઈટ કર્યા હતા. હરિતાની કૉલેજમાં લેક્ચરર તરીકે નવા-નવા જ જોડાયેલા રોહન ગંજવાલા કૃતિને રમાડતા રહ્યા અને કૃતિ પણ એની સાથે ખિલખિલાટ કરતી રહી હતી. હરિતાનો કૉલેજ સ્ટાફ, નિલેન્દુનું ફ્રેન્ડ સર્કલ અને સગાં-વહાલાંએ કૃતિ માટે ગિફ્ટ્સનો રીતસર ઢગલો જ કરી દીધો હતો. રોહનનો નિલેન્દુ સાથે હરિતાએ પરિચય કરાવ્યો હતોઃ “નિલુ, આ છે રોહન ગંજવાલા. મેં તને એના વિશે વાત તો કરી જ હતી. અમારી કૉલેજનો સૌથી વધુ ટેલેન્ટેડ અને ક્રિએટીવ સ્ટાફમેમ્બર. ઇંગ્લિશનો લેક્ચરર અને ઇંગ્લિશ લિટરેચરનો શોખીન પણ ખરો.”
નિલેન્દુએ આવકારતાં કહ્યું હતું કે “અરે ભાઈ, ઘરમાં જ્યારે-જ્યારે કૉલેજની વાત નીકળે છે ત્યારે તમારી વાત કરતા હરિતા થાકતી જ નથી. ક્યારેક તો તમારી વાતો કરવામાં એક પિરિયડ જેટલો ટાઇમ લઈ લે...”
ક્યારેક કૃતિને રમાડવા માટે, ક્યારેક હરિતાને વ્હિકલ પ્રૉબ્લેમ હોય ત્યારે ઘરે મૂકવા માટે, કદીક બુક્સ તો કદીક ફ્રૂટ્સ અને બીજું કશુંક આપવાના નિમિત્તે પણ રોહન અવારનવાર હરિતાના ઘરે આવવા

લાગ્યો હતો. નિલેન્દુને આમાં કશું અજુગતું લાગતું નહોતું.
એક દિવસ તો અઢી-ત્રણ વર્ષની બોલકી કૃતિએ નિર્દોષભાવે મમ્મી-પપ્પાને કહ્યું હતું કે "મમ્મી, રોહન અંકલ આપણા ઘરે આવે છે એ મને ગમે છે. આપણે એક કામ કરીએ ને... રોહન અંકલને આપણા ઘરે જ રાખી લઈએ ને?"
"બેસ, બેસ ચિબાવલી... બહુ બોલતી થઈ ગઈ છે તું." એમ કહીને હરિતા દીકરી ઉપર ચિડાઈ ગઈ હતી. એક દિવસ તો મમ્મીના બેડરૂમમાં જવા માટે કૃતિએ બારણું ખોલ્યું અને રોહન અંકલ સાથે મમ્મીને લપાયેલી જોઈને કૃતિ બેડરૂમનું બારણું ધડાકા સાથે બંધ કરીને બીજા રૂમમાં દોડી ગઈ હતી.
જરાક સરખી થઈને બહાર આવેલી હરિતાએ કૃતિને એક તમાચો ચોડી દીધો હતો અને ખખડાવી નાખી હતી કે "ખબરદાર, જો તેં પપ્પાને કશું કહ્યું છે તો..."
કૃતિ એ રાત્રે ઘરે આવેલા નિલેન્દુના ખોળામાં આવીને લપાઈ ગઈ હતી. તેની આંખોમાં આંસુ સુકાઈ ગયાં હતાં પણ સૂકી આંખો નિલેન્દુ વાંચી શક્યો નહોતો. કૃતિ કંઈક બોલે તે પહેલાં હરિતા જ બોલી પડી હતીઃ "નિલુ, ટાઇમ થઈ જવા છતાં હજુ મને પિરિયડ આવ્યા નથી. આપણે ડૉક્ટર પાસે જવું પડશે. મને કદાચ પ્રેગનન્સી તો નહિ હોય ને?"
નિલેન્દુ તો હરિતાના ચહેરા સામે જોતો જ રહી ગયો. ખોળાના ખૂંદનારની ખેવનામાં દત્તક દીકરી લીધા બાદ હવે હરિતાએ દીકરાને જન્મ આપ્યો હતો. નિલેન્દુએ પોતાનાં આશ્ચર્ય, કૌતુક અને નવાઈ શમાવી રાખ્યાં

હતાં. પુત્રજન્મની ખુશી પોતાના ચહેરા ઉપર લીંપાયેલી રાખી હતી. બીજી તરફ હરિતાને બાળક શક્ય નથી એવો રિપોર્ટ આપનારા ડૉક્ટરોને પણ આશ્ચર્ય થયું હતું. દીકરાનું નામ મંદાર પાડ્યું હતું. ચાળીસીના આરે આવેલી હરિતા હવે થાક અનુભવતી હતી. ઉંમરની અસરથી તે પણ બાકાત નહોતી.
પુત્રજન્મ પછી હરિતાનો કૃતિ તરફનો વ્યવહાર બદલાવા માંડ્યો હતો. કૃતિને પણ ખબર પડવા માંડી હતી. તે સમજણી થતી ગઈ તેમ-તેમ “અપર મા” કોને કહેવાય એનો ખ્યાલ તેને આવી રહ્યો હતો. તેના ચહેરા ઉપર એક પ્રકારની ખામોશીએ સ્થાન લેવા માંડ્યું હતું. અપર માના ગુસ્સાવાળા ચહેરા ઉપરથી જ કૃતિ પાર પામી જતી કે મા હવે શું કરશે? નિલેન્દુ મનમાં ને મનમાં તો બધું જ સમજતો હતો પણ મન મનાવીને સમસમીને બેસી રહેતો હતો. અર્ધી ઉંમરે હવે લગ્નજીવનમાં રસ્સાખેંચ શું કામ કરવી? એવો વિચાર કરીને તે ચૂપ બેસી રહેતો.
પતિ-પત્ની વચ્ચે ક્યારેક ઝઘડા પણ થઈ જતા. આખરે બેઉ મન મનાવી લેતાં અને સંસારની ગાડી એમ જ ચાલ્યા કરતી. ઘીના ઠામમાં ઘી પડ્યું રહેતું. મંદાર હવે છ વર્ષનો થયો હતો. કૃતિ પણ નવ વર્ષની થઈ હતી. હરિતાની આંખો નીચે કાળાં કૂંડાળાંએ આસન જમાવી દીધું હતું. ખરતા વાળ અને સફેદીનો હરિતા સામનો કરી રહી હતી. હરિતાના રૂપની હવે પાનખર બેઠી હતી.
એક અમાસી રાતે ફ્લૅટની બાલ્કનીમાં ઈઝી ચૅર ઉપર બેઠેલા નિલેન્દુએ પોતાની બાજુમાં સ્વિંગ પર બેઠેલી હરિતાને કહ્યું હતું કે “હરિતા, હમણાં ઘણા વખતથી રોહન કેમ દેખાતો નથી? પહેલાં તો એની નિયમિત

વિઝિટ રહેતી હતી. કોણ જાણે કેમ પણ આપણા મંદારના ચહેરામાં મને તો રોહન જ દેખાયા કરે છે…”

આ સાંભળીને હરિતા આડું જોઈ ગઈ હતી.

(“શ્રી” સાપ્તાહિક, ગુજરાત સમાચાર પ્રકાશન,1989)

દવરેખાની આરપાર

શર્મિલી સાવંત હસમુખી, રમતિયાળ અને પ્રેમાળ છોકરી. મા-બાપને એક જ વાતની ચિંતા કે દીકરી દિવસે ના વધે એટલી રાત્રે વધે અને રાત્રે ના વધે એટલી... મહામુનિ સાવંત અને સુલેખા સાવંતને સંતાનમાં ચાર દીકરી. એમાં શર્મિલી સૌથી મોટી. મા-બાપ કોઈ ભેદભાવ વિના ચારેય દીકરીને દીકરા જેટલો જ પ્રેમ કરે અને લાડકોડથી ઉછેરે. કોઈ પણ દીકરીને ક્યાંય ઓછું ન આવવા દે.

સૌથી મોટી દીકરી શર્મિલીની ચિંતા મા-બાપને સતાવતી રહેતી. યૌવનના ટોડલે જોબનના મોરલા ટહુકવા લાગ્યા હતા અને શર્મિલીએ કૉલેજમાં ઍડ્ મિશન લીધું હતું. જે દિવસે તે કૉલેજ ના ગઈ હોય ત્યારે તેના ફ્રેન્ડ્ઝ સર્કલમાં જાણે શાંતિ છવાઈ જતી. કૉલેજમાં સાથે ભણતા જહૉની સાથે તેની આંખ મળી ગઈ હતી. છતાં ઘર-પરિવાર અને સમાજની ચિંતા પણ તે કરતી હતી. યંગ-ઍજમાં સેફ ડિસ્ટન્સ વિથ અન્ડરસ્ટેન્ડિંગ શું હોય એનાથી તે સારી રીતે વાકેફ હતી.

એક દિવસ સુલેખાએ દીકરીને પૂછ્યું હતું: “શર્મિ, આ રવિવારે તારો શો પ્રૉગ્રામ છે?”

દીકરીને આશ્ચર્ય થયું હતું: “ના, મમ્મી. આમ તો ખાસ કોઈ કામ નથી પણ વાત શું છે? ઘરે કોઈ ગૅસ્ટ આવવાના છે કે આપણે ક્યાંક વિથ ફૅમિલી બહાર જવાનું છે?”

આખરે સુલેખાએ વાતમાં મૉણ નાખ્યા સિવાય ફોડ પાડ્યો હતો: “બીજું તો કંઈ નહિ પણ તને જોવા માટે મુરતિયો અને તેના પરિવારવાળાં

આવવાનાં છે.”
દીકરીએ શરમાતાં-શરમાતાં જાણે મૂક સંમતિ આપી હતી: “ઓહ, મમ્મી. એવી તો શું ઉતાવળ છે મને ઝટપટ પરણાવીને સાસરે મોકલી દેવાની?”
મહામુનિ અને સુલેખા સાવંત જેવું ઇચ્છતાં હતાં એવું જ થયું. મુરતિયો રાજ આંબેગાંવકર શર્મિલીને ગમી ગયો હતો. આ તરફ રાજને પણ કન્યા પહેલી નજરમાં જ આંખમાં વસી ગઈ હતી. આ સંબંધથી બેઉ પક્ષે મા-બાપ ખુશ હતાં. શર્મિની ત્રણ નાની બહેનો રેવા, કાંચી, શ્રીલેખાને દીદીના વિયોગથી દુઃખ થાય એ સ્વાભાવિક હતું છતાં બધી બહેનો પણ દીદીના સંબંધથી આનંદમાં હતી. ત્રણેયને જીજાજી ગમી ગયા હતા.
સારું મુહૂર્ત જોઈને લગ્ન લેવાયાં હતાં. રાજને ટ્રાન્સપૉર્ટનો ધંધો હતો. તે ખુદ પણ એક અચ્છો ડ્રાઇવર હતો. તેની આવક સારી હતી તો આવક સામે ખર્ચા પણ એવા જ હતા. જૉઇન્ટ ફૅમિલીમાં રહેતા હોવાથી ઘરસંસાર નભી જતો હતો. શર્મિલી આ લગ્નથી ખુશ તો હતી પણ તેને વહેલી પરણાવી દેવામાં આવી હોવાનો રંજ જરૂર હતો. કૉલેજના ત્રીજા વર્ષમાં જ લગ્ન લેવાયાં હતાં. માંડ એકવીસ વર્ષની થઈ ના થઈ અને પરણીને સાસરે આવી ગઈ હતી. ઇકોનૉમિક્સ્ સાથે ગ્રેજ્યુઍટ થઈ હતી પણ જીવનના અર્થશાસ્ત્રની પરિભાષા ઉકેલવાની બાકી હતી.
સાસરાના ઘરમાં શર્મિલીને જાણે ચાર દીવાલોમાં બંધ રાખવામાં આવતી હતી. જાણે તેના રૂપને કોઈની નજર ન લાગી જવાની હોય? પાસ-પાડોશમાં કોઈ સાથે હળવા-મળવા ઉપર પણ પાબંદી. પતિ રાજ

અને સાસરિયાં વહેમી સ્વભાવનાં નીકળ્યાં હતાં. સતત શંકાશીલ સ્વભાવ અને એવો જ વર્તાવ. ખુદ શર્મિલીને પણ ક્યારેક-ક્યારેક નવાઈ લાગતી કે પતિ અને સાસરિયાં પોતાની સાથે આવો અજબ વ્યવહાર કેમ કરી રહ્યાં છે? તે આ સવાલનો જવાબ મેળવવા મથતી પણ તેને કોઈ તાગ મળતો નહોતો કે પોતાનો વાંક શો છે?
રાજ નાની-નાની વાતોને લઈને શંકા કરતો રહેતો હતો: "મારો ફ્રેન્ડ સુધાંશુ ઘરે આવ્યો એ વખતે તારે તેની સાથે હસી-હસીને વાતો કરવાની શું જરૂર હતી? આપણા પાડોશી મુરુગન જ્યારે આપણા ઘરે આવતા હોય ત્યારે ખુશખુશાલ થઈને આવકારવાની તારે શું જરૂર? અને હા, મારા કઝિન મોહિત સાથે તારે એવી તો શું ખાનગી વાતો કરવાની હતી કે ખૂણામાં જઈને તેની જોડે ગુસપુસ કરતી હતી?"
પતિનાં મહેણાં-ટોણાં હવે શર્મિલીથી સહન થતાં નહોતાં. ક્યારેક શર્મિલીને એકાંતમાં રડવું પણ આવી જતું પણ પછી તે પોતાની જાતને સંભાળી લેતી. રાજનો એકદમ ફૉર્મલ બિહેવ તેને અકળાવી મૂકતો. એક દિવસ તેના હાથમાં એક હૉસ્પિટલની ફાઈલ આવી ગઈ. ફાઈલમાં રાખવામાં આવેલા મેડિકલ રિપોર્ટ જોઇને તો શર્મિલી ચોંકી ગઇ. રાજને એચ.આઈ.વી. પૉઝિટિવ – એઇડ્સ હતો. જેની ટ્રિટમેન્ટ ચાલી રહી હતી. શર્મિલી હવે સમજી ગઈ હતી કે પતિ અને સાસરિયાં તેને કેમ કોઈની સાથે ભળવા દેતા નહોતા. ક્યાંક રાજને થયેલી જીવલેણ બીમારીની પુત્રવધૂને જાણ ના થઈ જાય એવા ડરથી જ નાકાબંધીમાં રાખવામાં આવી હતી. આખરે શર્મિલીને પતિનું ઘર છોડવાનું મજબૂત કારણ મળી ગયું

હતું. તે પોતાના પિયરના ઘરે પાછી ફરી હતી. મા-બાપ માટે પરણેલી દીકરી સાસરેથી પાછી આવે એનાથી વધુ દુઃખદ સ્થિતિ બીજી કઈ હોઈ શકે? મહામુનિ અને સુલેખાની સાથે-સાથે ત્રણેય બહેનો પણ હકીકત જાણીને ગમગીન થઈ હતી. ઘરની સૌથી મોટી દીકરી પાછી ફરી હોય અને લગ્ન તૂટ્યાં હોય ત્યારે ત્રણ બહેનો સાથે લગ્ન કરવા કોણ તૈયાર થશે? એ સવાલ ઘરમાં સૌને સતાવતો હતો.

સમજદાર શર્મિલીએ એક દિવસ વહેલી સવારે પિતૃગૃહનો પણ ત્યાગ કર્યો. આમ તો પોતાનાં દુઃખ, હતાશા અને માનસિક તણાવને દૂર કરવાના હેતુથી તે પોતાના પિતાના ઘર પાસેના એક આધ્યાત્મિક કેન્દ્રમાં યોગ અને ધ્યાન કરવા તથા પ્રાર્થનાસભામાં જવા લાગી હતી. એ આધ્યાત્મિક કેન્દ્રમાં જ સાધક – સેવિકા તરીકે તેણે આશ્રય લીધો હતો. આધ્યાત્મિક કેન્દ્રનાં સંચાલિકા સરોજિની દીદી અને બીજી મહિલા સ્વયંસેવિકાઓ અને કાર્યકરો પણ પ્રેમાળ હતાં. કેન્દ્રના નિવાસકક્ષમાં માત્ર મહિલા સ્વયંસેવિકાઓ રહેતી હોવાથી કોઈ જાતની ચિંતાનું કારણ નહોતું. પોતાની ત્રણ બહેનોનાં લગ્નનો પ્રશ્ન ઉકેલાય અને મા-બાપને પોતે ભારરૂપ ના બની રહે એ માટે શર્મિલીએ પોતાનું મન આ તરફ વાળ્યું હતું.

આધ્યાત્મિક કેન્દ્ર વહેલી સવારથી જ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. વહેલી સવારથી જ યોગશિબિર, ધ્યાન-પ્રાણાયામ વગેરે. પ્રાતઃકાલીન આરતી, ભજન, મૉર્નિંગ લૅકચર સિરિઝ, બપોરે ભોજન અને થોડા કલાકનો વિશ્રામ, સાંજે ફરી પાછા મેડિટેશન સેશન, સંધ્યા-પૂજા, આરતી, ભજન અને રાતના ભોજન પછી પણ આધ્યાત્મિક લેકચર સિરીઝ.

આ તમામ પ્રવૃત્તિઓમાં માત્ર નિવાસી બહેનો જ હોય એવું નહિ, બહારથી પણ ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ભાગ લેવા માટે આવતાં.
એક દિવસ આધ્યાત્મિક કેન્દ્રની સ્વયંસેવિકા દીદીએ તો શર્મિલીને ચોંકાવી જ દીધી હતી. તેને એમ કહેવામાં આવ્યું હતું કે એક મહેમાન સાથે તેણે બહાર જવું પડશે અને તેમને કંપની આપવી પડશે. શર્મિલીએ તો સાફ શબ્દોમાં ના પાડી દીધી હતી.
કેન્દ્રની દીદીએ તેને રીતસરનું દબાણ કરતાં કહ્યું હતું કે "જો, શર્મિલી. અહીં નિવાસ કરનારી બીજી બધી જ સ્વયંસેવિકા બહેનો આ પ્રકારના સેવાકાર્યમાં જોડાતી જ હોય છે તો પછી તને એમાં શો વાંધો છે? અહીં કોઈને મફતમાં રાખવામાં આવે છે અને સત્સંગ કરવામાં આવે છે, એ વાત ભૂલી જજે. અહીં રહેવું હોય તો અમે કહીશું એમ તારે કરવું જ પડશે."
શર્મિલી હવે બધું બરાબર સમજી ગઈ હતી. પતિગૃહ અને પિતૃગૃહ છોડવાની વેળા આવી અને અહીં આશ્રય લીધો હતો પણ અહીંથીય કદાચ વિદાય લેવાનો સમય આવી ગયો હતો. તે જીવતે જીવ નર્ક જેવી જિંદગી જીવવા માગતી નહોતી. તેની જિંદગી દવરેખાની આરપાર હતી. જિંદગી જાણે આગ બની ગઈ હતી. ઘરથી બળેલી વનમાં આવી તો વનમાં લાગી આગ.
("પ્રખર" મુંબઈ,1990)

દિલકે અરમાં

“દિલકે અરમાં આંસુઓમેં બહ ગયે, હમ વફા કરકે ભી તન્હા રહ ગયે…” શાયર હસન કમાલે સને 1981માં આવેલી ફિલ્મ “નિકાહ” માટે લખેલી તાઝાતરીન દર્દીલી ગઝલ જે માયૂસી સાથે નિલોફર (સલમા આગા) પેશ કરે છે, એમાં અને અમદાવાદની નાહીદબાનુની જિંદગીની માયૂસીમાં કદાચ ઝાઝો ફર્ક નથી. તા. 28મી ફેબ્રુઆરી, 2002ને તો વર્ષો વીતી ગયાં પણ નાહીદબાનુ માટે સમય જાણે થંભી ગયો છે.

હૉસ્પિટલના બિછાનેથી સંગેમરમરની બૂત જેવી પચ્ચીસ વર્ષની નાહીદ કહે છે કે “એક બાર તો આગ લગાનેવાલે પરાયે થે, લેકિન અબ જિન્હોને આગ લગાઈ હૈ, વો તો અપને હૈ. દર્દે-ફરિયાદ કરેં ભી તો કિસસે કરેં?”

હવે તો તેના ફુલગુલાબી બદન ઉપર બેવફાઈએ ઉઝરડા પણ પાડી દીધા છે. એમાંથી લોહી નીકળતું નથી. ટશિયા ફૂટ્યા છે ને દર્દની ટીસ નીકળે છે. એક વાર તલ્લાક બાદ જેને પાછો શૌહર બનાવ્યો એ મુન્તઝીરે તેના હાલહવાલ કર્યા છે. સસ્પેન્સ નહોતું, વાત સાફ હતી. મુન્તઝીરને નાહીદમાં નહિ, એને મળેલી દસ લાખ રૂપિયાની સરકારી સહાયની રકમમાં જ રસ હતો.

નાહીદની નીલી આંખો સમક્ષ “વો બીતે હુએ દિન” તરવરી ઊઠે છે. ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં તેનો જન્મ થયો. રૂઢિચુસ્ત અને દીન-ધરમ પરિવાર. મા-બાપનું એ છઠ્ઠું સંતાન. જોકે એની પરવરિશમાં મા-બાપ કોઈ કચાશ રાખતાં નહિ. બુરખાનશીન અને ઇજ્જતદાર પરિવાર. નાહીદ

દસમા ધોરણ સુધી ભણી હતી. મદરેસામાં ઉર્દૂ, અરબી, ફારસી શીખી હતી. હિન્દી અને અંગ્રેજી તો આવડે જ. જુદા-જુદા ઇલ્મમાં પાવરધી પણ ખરી. મહેંદી, ભરત-ગૂંથણ, સિવણ, ઍમ્બ્રૉયડરી, ચિત્રકામ દિલ દઈને કરતી.

વીસ વર્ષની નાહીદની શાદી માસીના દીકરા રહેમત સાથે થઈ, એ સાથે જ નાહીદ સાસરે રહેવા અમદાવાદ આવી. સાસરી પક્ષવાળા તેના માટે કોઈ અજાણ્યા પણ નહોતા. આથી નાહીદ સાસરાના પરિવારમાં દૂધમાં સાકરની જેમ ભળી ગઈ. બોલે તો ફૂલો ખીલે અને હાજર હોય તો વાતાવરણને સુગંધથી ભરી દે. સ્વભાવ પ્રેમાળ અને રમતિયાળ. પારકાનેય પોતાનાં બનાવી દે.

અમદાવાદમાં નરોડા પાટિયા પાસે ગુલશનનગરમાં નાહીદના સાસરાનું ઘર. મધ્યમ વર્ગના ઘર-પરિવારમાં મદદરૂપ થવાના ઇરાદે નાહીદે ઘરે રહીને ભરત-ગૂંથણનું કામ ચાલુ કર્યું હતું. રહેમત પાસે એક ટૅમ્પો હતો. તે ખુદ ચલાવતો. માલની હેરફેરનું કામ તેને મળી રહેતું. એની આવકમાં ઘરનો ગુજારો માંડ-માંડ થઈ રહેતો. નાહીદે ભરત-ગૂંથણની સાથે-સાથે સિલાઈકામ પણ શરૂ કર્યું હતું અને મહેંદી મૂકી આપવાનું કામ પણ ખરું. નાહીદના નામની સાથે-સાથે તેની મહેંદીની મહેક પણ હવે તો પાસ-પાડોશમાં અને આખીય ગુલશનનગર વસાહતમાં ફેલાઈ ગઈ હતી. શાદીને બે વર્ષ થવા આવ્યા છતાં નાહીદને ખોળાના ખૂંદનારની ખોટ હતી. હવે તો સાસરિયાંનાં મહેણાં-ટોણાં પણ તેણે સાંભળવાં પડતાં હતાં. બીજી તરફ રહેમત નાહીદને ખૂબ ચાહતો હોવા છતાં પણ લાચાર હતો. શૌહર સાસરિયાંના ત્રાસથી પોતાની બીવીને બચાવી શકતો નહોતો.

તે સવારથી ટૅમ્પૉ લઈને ટ્રીપ મારવા નીકળી પડતો અને રાતના થાક્યો-પાક્યો ઘરે પાછો ફરે, જમે અને સૂઈ જાય.
નાહીદને અપાતા ત્રાસની તેના મામાના દીકરા મુન્તઝીરને જાણ થઈ. તે અવારનવાર ઘરે આવતો અને ડબલ સગાઈના નાતે નાહીદની સાસુ, નણંદ, દીયર સાથે દરમિયાનગીરી પણ કરતો અને નાહીદનો પક્ષ લઈને ઠપકો પણ આપતો. ફિરોઝાબાદનો મુન્તઝીર અમદાવાદમાં વટવા, બીબી તળાવ વિસ્તારમાં સ્થાયી થયો હતો.
મુન્તઝીર ફુટડો જુવાન હતો, કુંવારો પણ હતો અને નાહીદની ઉંમરનો પણ ખરો. તે વાર-તહેવારે ડ્રેસનું કાપડ, ડ્રેસ, ઈમિટેશન જ્વેલરી સેટ, મેક-અપનો સામાન વગેરે લાવીને નાહીદને ગિફ્ટ આપતો. મામા-ફોઈનાં સંતાન હોવાથી તે નાહીદને ક્યારેક શૉપિંગ કરાવવા સાસરેથી બહાર પણ લઈ જતો. એમાં કોઈને કશું અજુગતું પણ લાગતું નહિ. રહેમતની ગેરહાજરીમાં નાહીદ પોતાના મામાના દીકરા સાથે કશે બહાર જાય તો એમાં નાહીદનાં સાસરિયાંને કોઈ એતરાજ પણ નહોતો.
મહોલ્લામાં ક્યારેક કાનાફુસી થતી. રહેમતના કાને વાત આવી હતી પણ તેને પોતાની બેગમજાન ઉપર પૂરો ભરોસો હતો. પાસ-પાડોશના લોકો તેના કાન ભંભેરતા ત્યારે કદીક તેના મનમાં શંકાનાં વમળ ઊઠતા ખરા. એક વાર રહેમતે નાહીદ અને મુન્તઝીરને મલ્ટિપ્લેક્સમાંથી બહાર નીકળતાં જોઈ લીધાં ને વાત વણસી ગઈ. પાડોશીઓ, મિત્રો અને સગાં-સંબંધીઓની કાનભંભેરણી તો હતી જ. વળી નિઃસંતાનપણાથી પણ તે ખિન્ન હતો.

એક નબળી ક્ષણે રહેમતે નાહીદને તલ્લાક આપી દીધા. ગોધરાકાંડની તા. 27મી ફેબ્રુઆરી, 2002 એટલે નાહીદના તલ્લાકનો દિવસ. એ રાતભર નાહીદ ખૂબ રડી હતી. જાયેં તો જાયેં કહાં? માથે આભ તૂટી પડ્યું હતું. નાહીદના નસીબે આઘાત ઉપર આઘાત લખાયા હતા. બીજા દિવસની સવાર વળી કાળ બનીને આવી હતી. તા. 28મી ફેબ્રુઆરી, 2002 એટલે ગુજરાત બંધનું એલાન. આ દિવસનો સૂરજ કાળની કાલિમા લઈને ઊગ્યો હતો.

એક તરફ તલ્લાકના મામલે સમજૂતી કરાવવા મુન્તઝીર વટવાથી નરોડા પાટિયા આવ્યો હતો. જેમ નાહીદ ફોઈની દીકરી, બહેન હતી એમ રહેમત પણ ફોઈનો દીકરો, ભાઈ જ હતો. વડીલોની ખૂબ સમજાવટ પછી વચલો રસ્તો એવો કાઢવામાં આવ્યો હતો કે તલ્લાકશુદા ઔરત નાહીદ જો ફરી પાછી પોતાના પહેલા શૌહર પાસે જવા માગતી હોય અને બેઉ જણાને કોઈ એતરાજ ન હોય તોપણ ઈદ્દતની મુદ્દત અને અન્ય યુવાન સાથેના નિકાહ-તલ્લાક બાદ જ પોતાના પહેલા યાને મૂળ શૌહર પાસે જઈ શકે છે. આમ એક તલ્લાક બાદ નાહીદ સાથે મુન્તઝીર શાદી કરે અને પછી તલ્લાક આપી દે, એવું નક્કી થયું હતું.

તલ્લાકથી નાહીદ દુઃખી-દુઃખી થઈ ગઈ હતી, તો નાહીદને તલ્લાક આપ્યા પછી રહેમત પણ પેટ ભરીને પસ્તાયો હતો અને ખોબે-ખોબે રડ્યો હતો. પરિવારની સમજાવટના અંતે આ વિચારણા અને સમાધાનનો રસ્તો નક્કી કરાયો હતો. તલ્લાકના બીજા દિવસે યાને તા. 28મી ફેબ્રુઆરી, 2002ની સવારે રહેમત નાહીદને એમ કહીને નીકળ્યો

હતો કે “ઇદ્દતકી મુદ્દતકે બાદ હમ ફિરસે મિલેંગે ઔર ફિર આશિયાના સજાયેંગે. ઇન્સાલ્લાહ...”

રહેમત ઘરેથી નીકળ્યો ને થોડી વારમાં જ તો ખબર આવી હતી કે ગુજરાતબંધના એલાનના પગલે કશીક ગરબડ છે. નરોડા પાટિયા અને ગુલશનનગર વસાહતને તોફાની ટોળાએ ચારે તરફથી ઘેરી લીધાં છે. આગચંપી અને હુમલાના બનાવ પણ બન્યા છે. વાત આગની જેમ ફેલાઈ હતી. લોકોમાં ભયનો માહોલ, ચિત્કાર અને દોડાદોડી. સમી સાંજ સુધીમાં તો વસાહતના મોટા ભાગનાં મકાનોને આગની જ્વાળાએ કાળાં મેશ કરી મૂક્યા હતા.

બીજી તરફ બપોર સુધીમાં તો એવી પણ ખબર આવી હતી કે રહેમતને તોફાની ટોળાએ ટૅમ્પો સહિત આગ ચાંપી દીધી હતી. સાંજ સુધીમાં તો નાહીદનાં સાસુ, દિયર, નણંદ પોતપોતાની રીતે જીવ બચાવીને ભાગ્યાં હતાં. કોણ કોને બચાવે? હલ્લો, શોરગુલ ચાલુ હોવા છતાં નાહીદ ઘર છોડવા રાજી નહોતી. સાસરાના ઘરમાં નાહીદ અને મુન્તઝીર એકલાં હતાં. મુન્તઝીરે ઘર છોડીને બચી નીકળવા બહુ સમજાવી પણ નાહીદ સૂનમૂન જ હતી. એવામાં તેના ઘરને પણ આગે ભરડો લીધો હતો. બળતા ઘરમાંથી બચવાનું કશું નહોતું. દરદાગીના, રૅશનકાર્ડ, બીજાં કાગળિયાં કે પૈસા, કપડાં-લત્તાં એક બૅગમાં સમેટવા જતાં બેઉ હાથે-પગે દાઝાં હતાં પણ આખરે બચી નીકળ્યાં હતાં.

નાહીદ અને મુન્તઝીરે વટવામાં મુકામ કર્યો હતો. બેઉએ પોતાનાં વિખૂટાં પડી ગયેલાં સ્વજનોની ખૂબ તપાસ કરી પણ કોઈ ભાળ મળી

નહોતી. રાહત છાવણીઓમાં અને સરકારી દફતરે પણ વિગતો લખાવી હતી. એક દિવસ નાહીદને ખબર પડી હતી કે તેનાં સાસુ, નણંદ અને દિયર પણ માર્યાં ગયાં છે. હવે અમદાવાદમાં નાહીદને મુન્તઝીર સિવાય કોઈ આશરો નહોતો. “તલ્લાકશુદા ઔરત”ના લેબલ સાથે તે હવે માયકે ફિરોઝાબાદ પરત ફરવા માગતી નહોતી. હવે નાહીદે મુન્તઝીર સાથે બીજી શાદી કરી લીધી હતી. મુન્તઝીર પણ નાહીદને મેળવીને ખુશ હતો.

રાહત છાવણીના સંચાલકે સરકારી કાગળિયાં કરી આપવામાં મદદ કરીને નાહીદને તેનાં ચાર સ્વજન ગુમાવવા બદલ અને મકાન-મિલકતને નુકસાન વગેરે મળીને એકંદરે રૂપિયા દસ લાખની સરકારી સહાય અપાવી હતી. સેન્ટ્રલ રીલિફ કમિટીએ નાહીદને પુનઃવસન યોજના હેઠળ ગુલશનનગરની નવનિર્મિત વસાહતમાં જ એક નવું મકાન પણ ફાળવી આપ્યું હતું. જોકે નાહીદ વટવા મુન્તઝીર સાથે રહેતી હોઈને નરોડાનું મકાન બંધ જ રાખ્યું હતું.

આ સમયમાં મુન્તઝીરના ધંધા-રોજગાર ઉપર અસર પડી હતી. તેની આવક જ ઠપ્પ થઈ ગઈ હતી. મુન્તઝીરની નજર હવે નાહીદ પાસેની રોકડ યાને બૅન્ક સિલક અને નરોડાના મકાન ઉપર હતી. શૌહર-બીવી વચ્ચે ઝઘડા થવા લાગ્યા હતા પણ નાહીદ મચક આપતી નહોતી. એક દિવસ મુન્તઝીરે પોત પ્રકાશ્યું. નાહીદ ઉપર કેરોસીન છાંટીને આગ ચાંપી. તેને સળગતી હાલતમાં જ રૂમમાં બંધ કરીને તે નાસી છૂટ્યો.

આગ અને ધુમાડાના ગોટેગોટા જોઈને પાડોશીઓ પરિસ્થિતિ પામી ગયાં. સૌએ નાહીદને હૉસ્પિટલ ખસેડી. નાહીદ બચી તો ગઈ પણ

પીઠ અને કમરના ભાગે જખમ હજુ તાજા છે. હૉસ્પિટલના બિછાને રહેલી નાહીદને રહેમતના આખરી શબ્દો યાદ આવી જાય છેઃ "ઇદ્દતકી મુદ્દતકે બાદ હમ ફિર મિલેંગે. ઇન્સાલ્લાહ..."– અને હવે નાહીદને કયામતનો ઇન્તજાર છે.

("લોકસત્તા-જનસત્તા" અને "નયા માર્ગ"2003)

દીપા શું કરે?

હેમાંગનું કારજ પતાવીને સહુ સગાં-વહાલાં પોતપોતાના ઘરે ચાલ્યાં ગયાં હતાં. દીપા હવે સાવ એકલી પડી ગઈ હતી. ઘરની દીવાલો જાણે તેને ખાવા ધાતી હતી. દીવાલ ઉપર ટાંગેલી સુખડના હાર સાથેની હેમાંગના સસ્મિત ચહેરાવાળી તસવીર દીપાને જાણે વિચલિત કરી મૂકતી હતી. પતિનું સ્મિત તેના રુંવે-રુંવે જાણે લાખ-લાખ ડંખ દેતું હતું.

દીપા માટે દિશાઓ ધૂંધળી બની ગઈ હતી. સાસુમા - કોકિલાબા કારજવેળાનો થાક ઉતારવા હજુ હમણાં જ દિયર સંજયના ઘરે રહેવા ગયાં હતાં. કોકિલાબાનું કંઈ નક્કી નહિ, એ તો ગમે ત્યારે ટપકી પડે. આમ છતાં હિંમત કરીને દીપાએ ઘર ફંફોસવા માંડ્યું. કેમ કે હાથખર્ચી પેટે મની પર્સમાં દસ-વીસ રૂપરડીનું જ બૅલેન્સ રહ્યું હતું. કારજ પછીની સ્થિતિ એવી હતી કે હવે તો દૂધ-શાકભાજીનાય વાંધા પડે.

દીપાએ સૌપ્રથમ હેમાંગના કબાટથી શરૂઆત કરી. બેઉ ડ્રૉઅર જોયા. પ્રેસ કરીને વૉર્ડરૉબમાં હૅન્ગર પર લટકાવી રાખેલાં બધાં જ કપડાંનાં ખિસ્સાં ફંફોસી જોયાં. ક્યાંયથી ફૂટી કોડીય ન મળી. ધીમે-ધીમે કરીને તેણે આખું કબાટ અને આખો બેડરૂમ ફેંદ્યા પછી કોકિલાબાનો બેડરૂમ ચેક કર્યો. બધું ફંફોસ્યું પણ કંઈ જ હાથ ન લાગ્યું.

દીપા પોતાના નસીબને રડી રહી હતી. આડત્રીસ વર્ષની દીપાને વીસ વર્ષ પહેલાંના કૉલેજના એ દિવસો યાદ આવી ગયા. એક દિવસ દીપા તેના બૉયફ્રેન્ડ સાથે એક રેસ્ટોરન્ટમાંથી બહાર આવી રહી હતી ત્યારે અચાનક જ પસાર થઈ રહેલા પપ્પાએ તેને જોઈ લીધી હતી. દીપાને તો

છેક મોડી સાંજે પપ્પા ઘરે આવ્યા ત્યારે ખબર પડી હતી કે પપ્પા બધું જાણી ગયા છે. ગાલ ઉપર પડેલા તમાચા હજુય તેને તાજા લાગે છે.
પપ્પાએ ધમકાવી હતી: “દીપા, તને આમ લફરાં કરવા માટે કૉલેજ મોકલીએ છીએ કે ભણવા માટે? ટાપટીપ કરીને કૉલેજમાં છોકરાઓ સાથે રખડવા જતાં શરમ નથી આવતી?”
પપ્પા સમસમી ગયા હતા. મમ્મીએ પણ વાતમાં ટાપસી પુરાવી હતી: “હું તો ક્યારની કહું છું કે આપણી છોકરી હવે યુવાન થઈ ગઈ છે. ગઈ કાલની દીપા હવે કંઈ નાની કીકલી રહી નથી. સારો વર અને સારું ઠેકાણું જોઈને પરણાવી દેવી જોઈએ. સાસરે વળાવી દીધા પછી એય સુખી અને આપણેય સુખી. ભલું થાય ને ભાંગી જંજાળ પણ મારી વાત માને કોણ?”
દીપા ખૂણે બેસીને આંસુ સારતી હતી અને પપ્પા બોલ્યા હતા કે “ના, ના. તારી વાત સાચી છે. દીપાને હવે સારે ઠેકાણે વળાવી જ દેવી પડશે.”
પછી તો એસ.વાય. બી.કૉમ.નો સ્ટડી કરતી દીપાને બીજા જ દિવસથી કૉલેજ જવાનું બંધ કરાવી દેવામાં આવ્યું હતું. તાબડતોબ દીપા માટે હવે મુરતિયો જોવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું. દીપા રંગે રૂપે ખૂબસૂરત અને સપ્રમાણ કદ, કાઠીની હતી. જોકે વરની પસંદગીનો સિલસિલો બહુ લાંબો ચાલ્યો. કેમ કે કોઈકને દીપાની હાઈટ વધારે લાગતી. તે થોડી પડછંદ યાને સાડા પાંચ ફૂટથી થોડી વધુ હાઈટવાળી તો ખરી જ. કોઈકને તે થોડી જાડી પણ લાગતી. દીપા હતી તો ભરાવદાર અને ખરા અર્થમાં

તંદુરસ્ત અને મનમોજી, બેફિકર.
આ તરફ દીપાને પણ થોડાં નખરાં ખરાં. તેને કોઈક મુરતિયો શ્યામ લાગે, કોઈક સોટી જેવો પાતળો લાગે, કોઈક વળી જાડો લાગે તો કોઈક વળી લાંબો તાડ જેવી ઊંચાઈનો લાગે. જો કોઈક કિસ્સામાં વર અને કન્યા રાજી થાય ત્યારે જન્માક્ષર મૅચ ન થાય. બેઉ એકમેકને પસંદ પણ કરે અને જન્માક્ષર મૅચ પણ થાય તો ગુણાંક ઓછા આવે. છેવટે હેમાંગ ઉપર પસંદગી ઉતારવામાં આવી હતી. જોકે દીપા મનોમન કંઈ રાજી તો નહોતી જ પરંતુ પરિવારનું દબાણ અને મા-બાપની મરજી આગળ તેણે નમતું જોખવું જ પડ્યું. દીપા લાચાર હતી પણ શું કરે? દીપાને મનોમન ખટકો હતો કે “મારાથી સાત વર્ષ મોટો મુરતિયો તમે ગોતી આપ્યો? મારાથી મોટી ઉંમરનો પતિ વળી મારી લાગણી અને માગણીને ક્યાંથી સમજવાનો?” દીપાની આ આશંકા સમય જતાં સાચી ઠરી. દીપા અને હેમાંગ ભલે દુનિયાની નજરમાં સરસ યુગલ દેખાય પરંતુ બેઉની વૅવલેન્થ જરાય મળતી નહોતી. દીપા શોખીન જીવડો, તો હેમાંગ સાવ મૂંજી અને અતડા સ્વભાવનો. દીપા તરફ તે વધારે પડતો શંકાશીલ પણ ખરો. દીપાને ફિલ્મો જોવાનો ભારે શોખ અને ઓગણીસ વર્ષની મૅરેજ લાઇફમાં હેમાંગ માત્ર બે વાર જ દીપાને ફિલ્મ જોવા લઈ ગયો હતો. ઘર બહારના લોકો તો હેમાંગનાં વખાણ કરતાં ફરે પણ દીપા જ જાણતી કે “મારો વર કેટલો કંજૂસ અને મખ્ખીચુસ છે.”
પાડોશમાં કોઈ પુરુષ હોય કે સ્ત્રી હોય, તેની સાથે દીપા વાત પણ કરે તો હેમાંગ સમસમી જતો અને પત્નીને જેમ-તેમ સંભળાવી દેતો:

“તારે એની સાથે લટકાં, મટકાં કરીને વાત કરવાની શું જરૂર હતી?”
લગ્ન પછીનો ઘરસંસાર દીપા માટે જેલ સમાન સાબિત થયો હતો. હેમાંગ જ્યારે ઘરની બહાર લઈ જાય ત્યારે જ તેની સાથે બહાર જવાનું. એ સિવાય દીપાએ એકલીએ તો ઘરની બહાર પગ પણ નહિ મૂકવાનો. ફૅમિલીમાં પતિ અને પત્ની બે જ વ્યક્તિ. આથી જ્યારે હેમાંગ નોકરીએ જાય તે પછી દીપાને જાણે ઘર ખાવા દોડે. ઘર જાણે તેના માટે બંદીખાનું. ઘરની બહાર નહિ જવાનું એ તો ઠીક પણ પાડોશીઓ સાથે વાત પણ નહિ કરવાની.
ઘરમાં ટી.વી. ખરું પણ પતિએ િડશ – કેબલ કનેક્શન લીધું નહોતું. માત્ર દૂરદર્શન જોવાનું. એફ.એમ. રેડિયો હાથવગો. એ સિવાય કોઈ મનોરંજન નહિ. સમી સાંજે પતિ નોકરીએથી ઘરે આવે એટલે જમીને ઘરની બહાર પાનમસાલો ખાવા માટે જાય. થોડી વારમાં પાછો આવે, થાક્યો-પાક્યો પથારીમાં પડતાંની સાથે જ સૂઈ જાય. એકલી પડી ગયેલી દીપાનાં ડૂસકાં બેડરૂમની દીવાલો અને છત સાથે અફળાયા કરે. દીપાની વેદના સાંભળનાર, સમજનાર કોઈ નહિ.
ઓગણીસ વર્ષના લગ્નજીવનમાં પડખું ફરીને સૂઈ જનાર હેમાંગ પત્નીને એક સંતાન પણ આપી શક્યો નહોતો અને પત્નીને વગોવવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. સમાજ પતિ તરફ શંકાની નજરથી જોતો નથી. લોકોએ તો દીપાને જ “વાંઝણી...”નું બિરુદ આપ્યું હતું. દીપા બિચારી શું કરે? દીપા સમાજ પ્રત્યે તિરસ્કાર વ્યક્ત કરતી. લોકો દોષનો ટોપલો કાયમ સ્ત્રીના માથે જ કેમ ઓઢાડે છે?

દીપાને ભાનુમાસી પ્રત્યે ખૂબ લગાવ. તે માસીને કહેતી કે "માસી, સ્ત્રીને સંતાન ન થાય તો એમાં સ્ત્રીનો શું વાંક? શું પુરુષનો કોઈ જ વાંક નહિ? સ્ત્રી તરીકે જન્મ લીધો એ જ આપણો વાંક ને? નવ-નવ મહિના તો વેઠવાનું જ અને પ્રસૂતિની પીડા પણ સ્ત્રીએ જ વેઠવાની. આમ છતાં બાળક ન થયું હોય ત્યારે નિંદા અને કૂથલી પણ સ્ત્રીની જ કરવાની?"

ભાનુમાસી કહેતાં કે "જો દીપા, આપણા સમાજની આ જ કડવી સચ્ચાઈ છે કે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બનતી આવી છે. તારી સગી માએ જ તને કૂવામાં ધકેલી ને? તારી માને ખબર હતી કે તારી મરજી નથી, ત્યારે તારો પક્ષ લઈને તેણે તારા બાપને સમજાવવાનો પ્રયત્ન કેમ ન કર્યો? તારા દુઃખથી શું તારાં મા-બાપ અજાણ હતાં? આજે તો હવે સાયન્સે પણ એ વાત સાબિત કરી આપી છે કે સંતાન ન થાય તો એમાં વાંક સ્ત્રીનો નહિ, પુરુષનો હોય છે. સિવાય કે કોઈ અપવાદ કિસ્સો હોય."

દીપાને પોતાની જિંદગીનાં આંસુ ફ્લેશબૅકમાં યાદ આવતી જાય છે. એક વાર લગ્નજીવનની શરૂઆતના દિવસોમાં તે પતિથી રિસાઈને પિયર ગઈ હતી. મા-બાપે રાખવાના બદલે દાઝ્યા ઉપર ડામ જ આપ્યા હતા: "શું મોઢું લઈને તું તારું સાસરું છોડીને અહીં આમ પિયર દોડી આવી છું? અમે તો આજે છીએ અને કાલે ન પણ હોઈએ. તારે કોઈ ભાઈ-બહેન પણ નથી. પરણેલી સ્ત્રીનું સાચું ઘર તેનું સાસરાનું, પતિનું ઘર જ ગણાય. પતિ જેવો હોય તેવો ચલાવી લેવાનો હોય. હેમાંગ સાથે જ તારે આખી જિંદગી પૂરી કરવાની છે. આજે નહિ તો કાલે, સૌ સારાં વાનાં થઈ જશે. ચાલ, અમે તને મૂકવા આવીએ છીએ."

આ તરફ હેમાંગે પત્નીને મહેણાં-ટોણાં મારવામાં કંઈ બાકી રાખ્યું નહોતુઃ "કેમ, મોટા ઉપાડે કૂદતી-કૂદતી તું તારાં મા-બાપના ઘરે ગઈ હતી ને? બસ, સંતોષ થઈ ગયો ને? મા-બાપે કેટલો સમય રાખી? મને ખબર જ હતી કે તને સંઘરે કોણ? મારા વિના તારો ઉદ્ધાર નથી. તારાં મા-બાપ પણ તને રાખવા તૈયાર નથી, તો પછી તું મગરુબી શાની કરતી ફરે છે?" દીપા પાસે આંસુ સિવાય કોઈનો સહારો નહોતો. તે ખોબો ભરીને રોઈ પડી હતી.
આજે દીપાએ લોકલાજે સફેદ સાડલો પહેર્યો હતો અને માથે પણ ઓઢ્યું હતું. હેમાંગની તસવીરને ઔપચારિક નમસ્કાર કરી લીધા. મકાનનો દરવાજો બંધ કર્યો અને ખાલી ખિસ્સે, યાને ખાલી પર્સ સાથે ચાલતી-ચાલતી તે બૅન્કમાં ગઈ. હેમાંગે પોતાના બૅન્ક ખાતા નંબર કે બૅન્ક બેલેન્સ વગેરે કોઈ માહિતી પત્નીને કદીય આપી જ નહોતી; પરંતુ પતિ તેને ક્યારેક બૅન્કમાં સાથે લઈ જતો હોવાથી બૅન્કના સ્ટાફનો આછોપાતળો પરિચય ખરો. હેમાંગનો એક મિત્ર આ બૅન્કમાં જ હોવાથી દીપા તેને જાણતી હતી.
બૅન્કમાં ગયેલી દીપાને જાણવા મળ્યું કે તેનો પતિ તો પોતાના નૉમિની તરીકે પત્નીનું નહિ પરંતુ પોતાના નાના ભાઈનું નામ લખાવતો ગયો છે, ત્યારે તેના પગ નીચેથી જાણે ધરતી સરકી ગઈ. પતિના બૅન્કવાળા મિત્રે દીપાને બીજી વિગત કહીને તો ચોંકાવી જ દીધી કે "તમારું મકાન પણ હેમાંગભાઈએ પોતાના નાના ભાઈના નામે જ કરાવેલું છે. જો તે ઑનર તરીકે પઝેશન માગે તો તમારે મકાન ખાલી કરવાનું પણ આવે."

આ સાંભળીને દીપા ત્યાં જ ઢળી પડી.
("મુંબઈ સમાચાર" 2012)

દેવપ્રિયા

શીતળ સમીરની સરસરાહટ દેવપ્રિયાની અલકલટોને સંવારી જતી હતી પણ દેવપ્રિયા પોતાના નસીબનો વિચાર કરતી હતી કે નસીબને કેમ કરીને સંવારવું? ઑફિસ જવાનો ટાઇમ થયો હતો. ટાઇમસર પહોંચવું પડે એમ હતું પણ તેનું મન હજુ બેચેન હતું. મહિનાઓથી તેને આજના દિવસની પ્રતીક્ષા હતી કે ક્યારે આવે આ દિવસ? આજે રોહનનો જન્મદિવસ હતો અને રોહન જોજનો દૂર હતો. દિલમાં માત્ર યાદો વસીને રહી હતી. કેવો દેખાતો હશે? બદલાઈ તો નહિ ગયો હોય? ઑફિસે જઉં કે લીવ લઈને રોહનને મળવા ને વિશ કરવા જઉં? તેણે મનોમન નક્કી કર્યું અને ઝટપટ તૈયાર થઈને ઘરની બહાર નીકળી ગઈ.
દેવપ્રિયા મજુમદાર – બંગાળી પરિવારમાંથી આવતી દેવપ્રિયા સવાયી ગુજરાતી બની ગઈ હતી. મહાનગરમાં રહેતી દેવપ્રિયાએ છેક રિમૉટ એરિયામાં જવાનું હતું. ટુ-વ્હીકલ લઈને જવાનું હતું અને રસ્તામાં ઘણા બધા સિગ્નલ અને ટ્રાફિક પણ ખરો. એકસાથે ઘણા બધા વિચારોએ તેના મગજને ઘેરી લીધું હતું. મા-બાપે એકની એક હોવાથી લાડકોડથી ઉછેરી હતી. ડિગ્રી કોર્સ પૂરો કરીને માસ્ટર્સ્ કરતી વખતે સેલ્ફ-ડિપેન્ડ બનવા એક જ્વેલરી શૉ-રૂમના ઍકાઉન્ટ સૅક્શનમાં જૉબ સ્ટાર્ટ કરી હતી. પેઢીમાં કરોડોનો કારોબાર રહેતો. હિસાબની ચોકસાઈ અને વફાદારીમાં તેને કોઈ ન પહોંચે. માલિકની નજરમાં અને સ્ટાફમાં તે સૌની માનીતી બની ગઈ હતી. નાના શેઠ નિશીથ ઝવેરીની તો એ ફેવરિટ ઍમ્પ્લૉયી હતી.
એક દિવસ નિશીથ ઝવેરીએ દેવપ્રિયાને પોતાની ચૅમ્બરમાં

બોલાવીને કહ્યું હતું: “દેવપ્રિયા, મારે તને એક ખાસ વાત કરવી છે. એટલા માટે જ તને બોલાવી છે...”

આ તરફ દેવપ્રિયા તો સાંભળીને અવાક્ થઈ ગઈ હતી. નાના શેઠે તેને પ્રપૉઝ કર્યું હતું. તેઓ દેવપ્રિયા સાથે લગ્ન કરવા માગતા હતા અને કહેલું કે “એવું હોય તો હું તારા મમ્મી-ડેડીને મળવા આવવા પણ તૈયાર છું. એમને રાજી કરવાની જવાબદારી મારી. બસ, એક વાર તું હા કહે તો આગળ વાત ચલાવી શકાય.”

નિશીથનો પ્રેમ અને આગ્રહ અનુભવી રહેલી દેવપ્રિયા બોલી પડી હતી: “નાના શેઠ, તમે પાગલ થયા છો કે શું? મારામાં એવું તો શું છે કે તમે આમ... હું તો એક કૉમન મિડલ ક્લાસ ફૅમિલીમાંથી આવું છું. મૅરેજ કરવા માટે મને જ પસંદ કરવાનું એવું તો શું કારણ છે?”

“તું છે જ એવી કે કોઈ પણ વ્યક્તિને તું ગમી જ જાય. તને ન ગમાડવાનું શું કારણ હોય?” આટલું કહીને નિશીથ દેવપ્રિયાની આંખોમાં ઝળકી રહેલો પ્રેમરસ જાણે પી રહ્યો હતો.

આજે અચાનક દેવપ્રિયાને બધું યાદ આવી જતું હતું. પોતાની સહેજ પણ ઇચ્છા નહોતી કે નિશીથ સાથે લગ્ન કરે. મા-બાપે ખૂબ સમજાવી હતી કે આવો સુખી પરિવાર અને વર મળે છે એ નસીબની જ વાત છે. આખરે દેવપ્રિયાએ મા-બાપની વાત માની હતી અને મોટા ઘરની વહુ બની હતી. લગ્નની શરૂઆતના ગાળામાં તો પતિ અને સાસરિયાં દેવપ્રિયાને ખૂબ સારી રીતે રાખતાં હતાં. સમય જતાં જાણે નજરકેદમાં રાખવામાં આવતી હોય એવું બનતું. જ્વેલરી શૉ-રૂમ કે પેઢીની ઑફિસે જવાનું તો દેવપ્રિયાને

પતિએ લગ્ન થયા ત્યારથી જ બંધ કરાવી દીધું હતું. નિશીથ કહેતો: “તારે હવે કામ કરવાની શું જરૂર છે? બીફૉર મૅરેજ, ઇટ્સ ઑ.કે. પણ હવે…”
દેવપ્રિયા લગ્ન પછી પહેલી વાર સમસમી ગઈ હતી અને બોલી હતી: “લગ્ન પહેલાં હું જૉબ કરતી હતી એટલે તમે કહેવા શું માંગો છો? મારા મા-બાપને રૂપિયાની જરૂર હતી, એટલે હું જૉબ કરતી હતી? સૉરી ટુ સે, પણ મને સમજવામાં તમારી કંઈક ભૂલ થાય છે. હું ઇકોનૉમિકલી ઇન્ડિપેન્ડન્ટ રહેવા ટેવાયેલી છું. મને સ્વમાન ગમે છે અને સ્વતંત્રતા પણ.”
પેટમાં નિશીથની નિશાની પાંગરતી હોવાથી તે વધુ કશું બોલી નહોતી. ઝવેરી પરિવારનો વારસદાર આવનારો હોવાથી પતિ અને સાસરિયાં દેવપ્રિયાને સારી રીતે રાખતાં હતાં. જોકે પાબંદી એવી કે તેણે બેડરૂમમાંથી ઝાઝું બહાર નીકળવાનું નહિ. કોઈ ગેસ્ટ આવે તોપણ બહાર આવવાનું નહિ કે કોઈ સાથે વાતચીત કરવાની નહિ. પાડોશીઓ સાથે તો બિલકુલ બોલવાનું નહિ. ધન-દોલત અને સાહ્યબી વચ્ચે પણ દેવપ્રિયા ઉદાસ રહેતી હતી.
આખરે દેવપ્રિયાએ દીકરાને જન્મ આપ્યો હતો. એનું નામ રોહન રાખવામાં આવ્યું હતું. બીજી તરફ બીમારીના કારણસર પહેલાં ડેડી અને પછી મમ્મીનું અવસાન થયું હતું. હવે દેવપ્રિયા માટે રોહન જ જિંદગી જીવવાનું એકમાત્ર રિઝન હતું. દીકરો પોતાના માટે પ્રેમ અને લાગણીનો સહારો હતો. જીવન જીવવા માટેનું ચાલકબળ એટલે રોહન. રોહન મોટો થતો ગયો તેમ-તેમ સમજતો ગયો કે ડેડી પોતાની મમ્મીને કેવી રીતે રાખી રહ્યા છે. નિશીથ દેવપ્રિયા સાથે ઝઘડો કરે, ગુસ્સો કરે અને ક્યારેક હાથ પણ ઉગામે ત્યારે રોહન આઈ-વિટનેસ બનીને બધું જોતો. સમય જતાં

તેનું ડેડી પ્રત્યે માન ઊતરતું ગયું અને મમ્મી તરફનો ઝુકાવ વધતો ગયો.
એક દિવસ જે થવાનું હતું એ થઈને જ રહ્યું. નિશીથે દેવપ્રિયાને ઘરમાંથી કાઢી મૂકી હતી. પાંચ વર્ષના રોહનનું રુદન નિશીથને પીગળાવી શક્યું નહોતું. રોહનને મા સાથે જવા દેવાયો નહોતો. કોર્ટ રાહે ડિવૉર્સ લીધા હતા. કાનૂની રાહે દેવપ્રિયાને દીકરાનો કબજો મળી શકે એમ હતો પરંતુ પોતાની સાથે રહે એના કરતા ડેડી સાથે રહેશે તો સારી લાઇફ જીવી શકશે, એવા વિચારથી જ દેવપ્રિયાએ રોહનની જવાબદારી લીધી નહોતી.
દેવપ્રિયાનાં મા-બાપની બે માળની જૂની હવેલી હતી. એમાં ભોંયતળિયે દેવપ્રિયાએ રહેવાનું શરૂ કર્યું હતું. પહેલો અને બીજો માળ ભાડે આપ્યો હતો. તેની ભાડાની આવકમાં દેવપ્રિયા આરામથી રહી શકતી હતી. રોહનનો આજે નવમો જન્મદિવસ હતો. રોહનનો સ્કૂલટાઇમ તેને ખબર હતો. તે સ્કૂલે પહોંચી હતી. જોકે નિશિથે સ્કૂલ ઑથોરિટીઝને સૂચના આપી રાખી હતી કે દીકરા રોહનને મળવા મા આવે તો રોકવી, છતાં સ્કૂલસ્ટાફ પ્રેક્ટિકલ, સમજદાર હતો. સ્કૂલકૅમ્પસના છાના ખૂણે મા અને દીકરાનું મિલન હૃદયદ્રાવક બની રહ્યું.
રોહન બોલી પડ્યો હતો: “ચાલ ને, મમ્મી. આપણે ક્યાંક દૂર-દૂર રહેવા જતાં રહીએ. જ્યાં ડેડી, દાદા-દાદી કે ફોઈ – કોઈ જ ન હોય...”
(“ચાંદની”1989)

ધનીબા

હજારેક મકાનોવાળી હાઉસિંગ વસાહતમાં ધનીબાને કોણ ન ઓળખે? પંચોતેર વર્ષનાં ધનીબા અને ચાળીસેક વર્ષનો રાજુ, બેઉ કામગરાં. વસાહતમાં જે કોઈ સાદ પાડે કે તરત બેઉ દોડીને સાદ દેનારનું કામ કરી આપે. કોઈ અપેક્ષા નહિ. માગીને કશું લેવાનું નહિ.
હાથનાં’ય બેઉ ચોખ્ખાં. રાજુને ગાંધીની દુકાને મોકલ્યો હોય ને મોટી નોટ દીધી હોય ત્યારે કહ્યા પ્રમાણેની ચીજવસ્તુ અને વધેલા રૂપિયા-પૈસા બરાબર ગણીને પાછા લાવે. ધનીબાને સિઝનમાં કોઈ પડોશી અનાજ સાફ કરવા બોલાવે કે મરી-મસાલા ભરવા માટે બોલાવે, ઘરમાં સોનાની વસ્તુ રેઢી મૂકી હોય તોપણ મા-દીકરો નજર પણ ના નાખે.
બેઉની ઘસાઈને ઊજળા થવાની ભાવના. એથી લોકો એમની દરકાર પણ રાખે. બસ, આ જ વાત શિલ્પાને આંખમાં કણાની જેમ ખૂંચતી.
“વહુ બનાવીને આ ઘરમાં તો તને હું લાવી છું, પણ રુઆબ તો એવો કરે છે કે જાણે તું જ મને વહુ બનાવીને આ ઘરમાં ના લાવી હોય.” ધનીબા આટલું બોલ્યાં એમાં તો એ મોટા દીકરાની વહુ શિલ્પા વરસી પડી હતી. માત્ર હાથ ઉપાડવાનો જ બાકી રાખ્યો હતો; પરંતુ એ શબ્દપ્રહારના ઉઝરડા ધનીબાના ચહેરા ઉપર કાયમની છાપ છોડી ગયા.
શિલ્પા વીફરી હતી: “મારા ઘરના રોટલા તોડવા છે ને મને જ ગાળો ભાંડવી છે, ડોશી… નીકળ મારા ઘરમાંથી તું અને તારો ગાંડો રાજુ.”
શિયાળાની સાંજ હતી. ધનીબા મોંગોલિયન ચાઇલ્ડ પ્રકારના નાના દીકરા રાજુ સાથે પહેલા માળના ફ્લૅટના દરવાજામાંથી નીકળીને સડસડાટ

સીડીનાં પગથિયાં ઊતરી ગયાં. મોટો દીકરો પંકજ તો સવારનો નોકરી કરવા ઘરેથી નીકળે તે છેક રાતે ઘરભેગો થાય. એક રૂમ ને રસોડાનો આ ફ્લૅટ ખરીદવા ધનીબાએ જીવનની બધી પૂંજી ખર્ચી કાઢી હતી. પંકજ અને રાજુના પિતા તો પત્ની-સંતાનોને નાનપણમાં જ મૂકીને ગુજરી ગયાં હતાં.
વિધવા ધનીબાએ જ દુઃખ વેઠીને બેઉ દીકરાને લાડકોડથી ઉછેર્યા હતા. પંકજ ભણીગણીને સ્નાતક થયો. સેલ્સમૅનની નોકરી મળી. સારું ઠેકાણું જોઈને ધનીબાએ શિલ્પા સાથે લગ્ન કરાવી આપ્યાં. પંકજના ઘરે પણ બે દીકરાનો વસ્તાર થયો. એ વખતે તો ધનીબાનો થોડો બોખો ચહેરો ફૂલ્યો સમાતો નહોતો. આ બધું છતાં ધનીબાને રાજુની ચિંતા રહેતી. એ મોંગોલિયન ચાઇલ્ડ હોવાના કારણે મગજ સહેજ મંદ હોય એવી એની પ્રકૃતિ. મોજીલો સ્વભાવ. મનમાં આવે તો કામ કરે. ક્યારેક ચિડાઈ પણ જાય.
સાંજના સાત થવા આવ્યા. શીતળ સમીર શિયાળાને વધુ ઠંડો બનાવી રહ્યો હતો. એવા માહોલમાં ધનીબા પોતાના જ ફ્લૅટની સામેના કોમન પ્લૉટમાં બાંધવામાં આવેલા રામજી મંદિરના ઓટલે રાજુનો હાથ પકડીને ધ્રૂજતાં બેઠાં હતાં. સંધ્યાપૂજા અને સાયં આરતી કર્યા બાદ પૂજારી લાભશંકર મહારાજ મંદિરની બહાર નીકળ્યા ત્યારે તેમણે જોયું કે મા-દીકરો લાચાર સ્થિતિમાં ઓટલે બેઠાં છે. તરત તેઓ ભગવાનને ધરાવવા મૂકેલો થાળ લઈને આવ્યા અને કહ્યું કે “બહાર ઠંડી વધારે લાગશે. મંદિરની અંદર આવી જાઓ અને આ થાળ લો. તમે અને રાજુ જમી લો.”
“ના, ના. મહારાજ. રહેવા ધો.” ધનીબાએ થાળ ઉપર એક

નજર કરતાં વિવેક કર્યો.
મહારાજે કહ્યું: “બા, તમે જે દર્દ છુપાવવા માગો છો એ હવે અહીં કોઈથી છાનું રહ્યું નથી. ના પાડશો તો નાહક ભૂખે મરશો. એના કરતાં જમી લો. તમારી વહુ શિલ્પાને હાઉસિંગ વસાહતમાં કોણ નથી ઓળખતું.”
એટલું કહેતામાં તો રાજુએ થાળમાંથી સુખડીનો એક ટુકડો લઈને સીધો મોઢામાં મૂકી જ દીધો. આખરે ધનીબાએ થાળનો સ્વીકાર કર્યો. મા-દીકરાએ થાળ આરોગી લીધો. થોડી વારે મંદિર સામેના ભોંયતળિયાના ફ્લૅટવાળા અમૃતભાઈ ધનીબા અને રાજુને બે ધાબળા ઓઢાડી ગયા. રાત્રે લગભગ દસના સુમારે તો સહુ જંપી ગયાં હતાં. ચોતરફ સન્નાટો હતો. એ સન્નાટાને વિચલિત કરતો સ્કૂટરનો અવાજ આવ્યો.
રાજુએ ધનીબાને ઢંઢોળ્યા: “મા, ઓ મા. જો તો ખરી. મોટાભાઈ – પંકજભાઈ આવી ગયા છે.”
ધનીબા ઊંઘમાંથી ઊઠ્યાં ને પંકજને જોઈ રહ્યાં. પંકજે પણ માને જોઈ. એવામાં રાજુ તો દોડતો જઈને પંકજનો હાથ પકડીને ધનીબા પાસે ખેંચી લાવ્યો. પંકજ મા પાસે ગયો અને મા સામે જોઈને આંખ મેળવવાનો પ્રયાસ કર્યો; પરંતુ નજર ઢળી ગઈ. એ મા સામે આંખ મેળવી શક્યો નહીં.
ધનીબાનો સંયમ તૂટી ગયો હતો: જોયું?, તારી વહુએ અમારી બેઉની શી દશા કરી છે? આ દિવસો જોવા માટે તને ભણાવી-ગણાવીને મોટો કર્યો ને મકાન લઈ દીધું? ને લગ્ન કરાવી આપ્યાં?”

પંકજે પત્ની શિલ્પાનો લૂલો બચાવ કરતાં કહ્યું કે “મા, એ હું કંઈ ન જાણું. તેં જ કંઈક બફાટ કર્યો હશે. ઘરમાં શાંતિથી પડી રહેતાં શું થાય છે?”
બસ, દીકરો આ રીતે આંખ આડા કાન કરતો રહ્યો ને પુત્રવધૂને તો જાણે મોકળું મેદાન મળતું ગયું. એક રૂમ-રસોડાના ફ્લૅટમાં શિલ્પાને એકલું મહાલવું હતું ને એને તો જાણે ફાવતું જડી ગયું. જોકે ધનીબા ને રાજુનો પગ ઘરમાંથી સાવ કાઢી નાખ્યો હતો, એવુંય નહોતું. પરંતુ રાતની નિંદર ને બપોર-સાંજનો વિસામો લેવા બેઉએ રામજી મંદિરના ઓટલે કે પરસાળમાં જ લાંબા થવાનું.
સવારે ન્હાવા-ધોવા મા-દીકરો પોતાના ફ્લૅટમાં જાય. એ વેળા ધનીબાએ ઘરનાં તમામ કપડાં, વાસણ, કચરા-પોતાં અને બારી-બારણાંનાં ઝાપટ-ઝૂપટ વગેરે કામ કરવાનાં, શાકભાજી લાવી આપવાનાં ને સમારી આપવાનાં, બેઉ બાળકોને નવડાવી-ધોવડાવીને તૈયાર કરવાનાં અને આ બધાં કામમાં રાજુએ માને મદદ પણ કરવાની. એટલું જ નહીં, રાજુએ બેઉ બાળકોને નજીકની શાળાએ મૂકવા માટે ચાલીને જવાનું અને સાંજે શાળા છૂટવાના સમયે પણ રાજુએ જ બેઉ ભત્રીજાઓને ઘરે પણ લઈ આવવાના, રાજુ માટે તો જાણે નોકરી જેવો આ નિત્યક્રમ.
બસ, સવારે મા-દીકરાને એકાદ કપ ચા પીવા મળે એટલું અહોભાગ્ય. બપોરના બાર વાગ્યા સુધીમાં તો બેઉએ ઘરનાં કામ પરવારીને ફ્લૅટનાં પગથિયાં ઊતરી જવાનાં. પછી તો બપોરે મંદિરના થાળની પ્રસાદીનું ભોજન લઈને મા-દીકરો આડે પડખે થાય. પુત્રવધૂએ સાસુ અને આંશિક

માનસિક વિકલાંગ દીયરની હાલત જાણે કૂતરા જેવી કરી નાખી હતી. શિલ્પા હડે-હડે કરે ત્યારે ચાલ્યા જવાનું ને એ સાદ પાડે ત્યારે એનો પડ્યો બોલ ઝીલવા હાજર થઈ જવાનું. રામજીના ઓટલે ને રામજીના રોટલે જીવતાં ધનીબા મંદિર તરફ જોઈને કહેતા: "હવે તો આ રામજી બોલાવે એટલી જ વાર. ક્યાં સુધી આવી ઉધારની જિંદગી જીવવાની? બસ, જતાં-જતાં એક જ ચિંતા થાય છે કે હું નહીં હોઉં ત્યારે મારા આ લાડલા રાજુનું શું થશે? એનું ધ્યાન કોણ રાખશે?"

આવા વલોપાત પછી ધનીબા સ્વગત બબડતા; "એ તો મારો રામજી ને આખો રામદરબાર બેઠો છે ને મારા રાજુની રક્ષા કરવાવાળો."

એક દિવસ તો રામનવમીનો ઓચ્છવ હતો. આથી ઉપવાસ હોવાથી મંદિરના થાળના બદલે ધનીબા-રાજુને ફળાહારથી જ ચલાવી લેવાનું હતું. ભજન-કીર્તન બાદ બપોરે એકાદ વાગે સહુ મંદિરમાંથી વીખરાયાં હતા.ં બપોરે ચાર વાગે મંદિરના દ્વાર ખોલવા માટે પૂજારી લાભશંકર મહારાજ આવ્યા ત્યારે જોયું કે ધનીબા ચત્તાપાટ સૂતાં હતાં અને રાજુ પણ મંદિરની ઓસરીમાં ટૂંટિયું વાળીને આડે પડખે થયો હતો. એક કૂતરો ધનીબાના પગ તો ઘડીક માથાનો ભાગ સૂંઘતો હતો.

મહારાજને જોઈને રાજુ તરત જ ઊભો થઈને મહારાજ તરફ રીતસર દોડી જ ગયો: "પૂજારીજી, પૂજારીજી, આ કૂતરાને અહીંથી ભગાડો ને. મેં કેટલીયવાર ભગાડ્યો, પણ એ પાછો અહીં જ આવી જાય છે ને માને સૂવા પણ નથી દેતો."

લાભશંકર મહારાજે કૂતરાને ભગાડી મૂક્યો ને ધનીબાનો હાથ પોતાના હાથમાં લીધો અને તરત જ પાછો ભોંય ઉપર મૂકી દીધો.

("અખંડઆનંદ"2017)

પપ્પા બદલી કાઢ્યા!

વૅકેશન પૂરું થવામાં હતું ત્યાં જ સોનલને ટ્રાન્સફર લેટર મળ્યો. તેણે લેટર વાંચી લીધા પછી નાનકડા હર્ષ સામું જોયું અને આંખો ભીની થઈ ગઈ. વર્ગ-3 શ્રેયાન કારકુનની નોકરીમાં બદલી એ કોઈ નવી વાત નહોતી. બદલીથી એ ક્યારેય નિરાશ પણ થઈ નહોતી. કોઈ શહેર કે નાનકડા નગરમાં તે ઠરીને ઠામ થાય ત્યાં જ ટ્રાન્સફર લેટર આવી જતો. અઢી-ત્રણ વર્ષ તો બહુ થઈ ગયાં. એક વાર તો વરસમાં બે વાર તેની બદલી થવા પામી હતી. નાનકડા હર્ષ ઉપર જે વીતતી હતી એનાથી તે ચિંતિત રહેતી.

દરેક નવા શહેર કે નગરમાં જતાંની સાથે જ સ્કૂલ ઍડ્ મિશનના મામલાથી મુશ્કેલીની શરૂઆત થાય. નડિયાદની એક સ્કૂલમાં તો ઍડ્ મિશનની સીધી ના જ પાડી દેવામાં આવી હતી અને વાત છેક પ્રિન્સિપાલ સુધી પહોંચી હતી.

“બહેન, તમારી બધી વાત સાચી, પણ તમારે ઍડ્ મિશન ફૉર્મ તો યોગ્ય રીતે ભરવું પડે ને? તમારા દીકરાના બર્થ સર્ટિફિકેટમાં પિતાનું જે નામ છે અને છેલ્લા સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં પિતાનું નામ છે, તે ડીફર થાય છે. ચાલો, તમારા ડાઇવૉર્સ થયા છે એ વાત સમજ્યા પણ ચૅન્જ ઑફ નેમની લીગલ પ્રૉસિજર તમે કરાવી નથી અને પાછું સરકારી દબાણ લાવવાની વાત કરો છો?” પ્રિન્સિપાલના શબ્દો રૂપાળી સોનલના શરીરે શૂળ બનીને ભોંકાયા હતા.

સોનલ બિચારી કરે તો કરે પણ શું? સ્કૂલોના ધક્કા અને

પ્રિન્સિપાલ સાથેના સંવાદો. નવ-દસ વર્ષનો નિર્દોષ અને નાદાન હર્ષ વિસ્મયભરી આંખ઼ે બધું જોઈ રહેતો અને આશ્ચર્યથી સાંભળ્યા કરતો. એક વાર તો હર્ષે મમ્મીને સ઼ુણાવી દીધું હતું કે "મમ્મી, તેં પપ્પા કેમ બદલી કાઢ્યા? હવે આ નવા પપ્પા રહેવા દેજે. બદલી ના નાખતી, પાછી..."

આ સાંભળીને ઘડીભર તો સોનલના હૈયે ધક્કો જ વાગ્યો હતો. દીકરાના માસૂમ સવાલનો શો જવાબ આપવો? છતાં તેણે હર્ષને સમજાવવાનો પ્રયાસ કરી જોયો: "જો, બેટા. આપણે પપ્પાને બદલી કાઢ્યા નથી. એમણે જ આપણને બદલી કાઢ્યા છે. આપણાથી અલગ થઈ ગયા છે, આપણને છોડી દીધા છે. તું જ્યારે સાવ નાનો હતો ત્યારે તારા ચિરાગ ડેડીએ તને અને મને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. એમને આપણે બેઉ પસંદ નહોતાં. તું મોટો થઈશ એટલે તને બધું જ સમજાશે. હવે નવા પપ્પા આપણે નહિ બદલીએ. ઇટ્સ માય પ્રૉમિસ."

હર્ષ મમ્મીને એકીટશે જોઈ જ રહ્યો. સોનલની મેમરીલેનમાં મૅરેજ ટાઇમ ફ્લેશ થવા લાગ્યો. સોનલનું રૂપ જોઈને તો ચિરાગે મૅરેજ માટે પ્રપોઝ કર્યું હતું. તે એટલો તો દીવાનો થયો હતો કે જેમ બને તેમ જલદી મૅરેજની તૈયારી કરવા પણ કહી દીધું હતું. સોનલના પપ્પાએ તો વેવાઈ પક્ષ પાસે ખુલાસો પણ કર્યો હતો કે આટલી જલદી તૈયારીઓ પોતે કરી શકશે નહિ. આ તરફ વેવાઈ પક્ષને ઉતાવળ જ એવી હતી કે મૅરેજનો બધો ખર્ચો પણ ઉપાડી લીધો હતો. પાર્ટી પ્લૉટના બુકિંગથી લઈને કેટરિંગ ઍન્ડ ડેકૉરેશન વગેરે ખર્ચ ચિરાગ તરફથી કરવામાં આવ્યો હતો. સોનલના પપ્પાએ તો બસ કંકુ અને કન્યા યાને સાજન-માજન સાથે

હાજરી જ આપી હતી.
લગ્ન લેવાઈ ગયા અને સોનલ ચિરાગને પરણીને સાસરે આવી હતી. હસમુખી અને કામગરા સ્વભાવની સોનલે સાસરે આવતાની સાથે જ સાસરીમાં સૌનાં મન મોહી લીધાં હતાં. ઘરનું કામકાજ પણ સંભાળતી અને સમયસર નોકરીની જવાબદારીનું પણ વહન કરતી. સૌની સાથે હસતી બોલતી સોનલનો આ સ્વભાવ જ ચિરાગની તેના પ્રત્યેની ઈર્ષાનું કારણ બન્યો. પત્ની કોઈની પણ સાથે હસી-બોલીને વાત કરે તો એ પતિથી સહન થતું નહિ. પાડોશીઓ સાથે સ્મિત પણ કરી લે તો ચિરાગ પત્ની ઉપર ગુસ્સો કરતો. હવે તો નાની-નાની વાતમાં ચિરાગ પત્ની ઉપર ચિડાતો રહેતો હતો. સોનલ પ્રત્યે તે વધુ પડતો પઝેસિવ થઈ ગયો હતો. ખુશમિજાજ રહેતી સોનલને તે સતત શંકાની નજરે જ જોવા લાગ્યો હતો.
સંબંધી હોય કે પાડોશી હોય, કોઈ પુરુષ સાથે જો સોનલ વાત કરતી હોય તો ચિરાગ સંભળાવી દેતો કે "સોનુ, તારે પેલાની સાથે હસી- હસીને વાત કરવાની શી જરૂર હતી? એનો નેચર તને બહુ ગમી ગયો હોય તો..."
સોનલ આવું બધું સાંભળીને અવાક્ બની જતી. એક વાર તો ચિરાગ રીતસર ઝઘડી જ પડ્યો હતો: "હવે આજથી તારે નોકરી કરવાની નથી. તારી સેલરી આવશે તો જ ઘર ચાલશે, એવું પણ નથી. આજથી તારું ઘરની બહાર જવાનું પણ બંધ."
સોનલે પ્રતિકાર પણ કર્યો હતો, "જો, ચિરાગ. તારી શંકા-કુશંકાઓ અને મહેણાં-ટોણાંઓનો મારી પાસે કોઈ જ જવાબ નથી. હવે હું તારાથી

કંટાળી ગઈ છું. મૅરેજ પહેલાં તું મારા ઘરે આવ્યો ત્યારે જ તને અને તારાં મા-બાપને મેં સાફ કહ્યું હતું કે હું ગવર્નમેન્ટ જૉબ કરું છું અને એવા યુવાન સાથે જ મૅરેજ કરવા માગું છું કે જે મને મૅરેજ પછી પણ જોબ કરવા દેશે. સવાલ જૉબનો કે સેલરીનો નથી. મેઈન પૉઇન્ટ પગભર રહેવાનો અને જાત મહેનત કરવાનો છે. જે યુવાનને જૉબવાળી કન્યા પસંદ ન હોય એવા યુવાન સાથે મૅરેજ કરવાનો મારો કોઈ ઇરાદો જ નહોતો. ચિરાગ, આ બધી જ વાતો તને યાદ રહેવી જોઈએ અને કાન ખોલીને સાંભળી લે. હું પતિ તરીકે તને છોડી શકીશ પણ જૉબ નહિ છોડું."
બસ, પછી તો શું થાય? ચિરાગ ચિડાયો હતો. મૅરેજ લાઇફનો એ કદાચ છેલ્લો ઝઘડો હતો. હર્ષ ચારેક વર્ષનો હતો. ચિરાગ વરસી જ પડ્યો હતોઃ "તો પછી જોઈ શું રહી છે? તારી જીદ તને મુબારક. તને મારા કરતા નોકરી વહાલી હોય તો ચાલી જા મારા ઘરમાંથી..."– અને ચિરાગે મા-દીકરાને હાથ પકડીને ઘરમાંથી રીતસર કાઢી મૂક્યાં હતાં. એ અમાસી રાત પછી સોનલની જિંદગીમાં કદીય પૂનમ આવી નથી.
હર્ષ સોનલને ઢંઢોળી રહ્યોઃ "અરે, મમ્મી. શા વિચારોમાં ખોવાઈ ગઈ?"
"કંઈ નહિ, બેટા." બોલીને સોનલે દીકરાના બાપ તરીકે સર્ટિફિકેટમાંથી ચિરાગનું નામ હટાવી દેવાનો મક્કમ નિર્ધાર કરી લીધો. મૅરેજ પહેલાંની સરનૅમ સરકારી નોકરીના દફતરે તો ચાલુ જ હતી, એ દીકરાને પણ આપવાનું કન્ફર્મ કર્યું. હવેથી દીકરાને "હર્ષ ચિરાગ મહેતા"ના બદલે "હર્ષ સોનલ ભટ્ટ" નામની નવી ઓળખ આપવી. સુપ્રીમ કોર્ટે પણ

દીકરાના નામની પાછળ પિતાના નામના વિકલ્પે માનું નામ સ્વીકાર્યું જ છે. સ્કૂલમાં શરૂ-શરૂમાં હર્ષનું નામ સાંભળવામાં લોકોને નવું-નવું લાગવા માંડ્યું હતું પણ સમય જતાં સૌ કોઈ આ નવા નામથી ટેવાઈ જ ગયાં.

સોનલે હવે એકાકી અને સ્વમાનભેર જીવવાનું હતું. આ તરફ હર્ષ પણ હવે પંદર વર્ષનો થવા આવ્યો હતો. સોનલે પોતાની ઑફિસના જ એક ઑફિસર સાથે સંબંધ બાંધ્યો હતો. દીકરો પણ હવે સમજણો થઈ ચૂક્યો હતો. ક્યારેક દીકરો આશ્ચર્યથી આ બધું જોતો રહે ત્યારે માએ તેને કહ્યું હતું: “જો, બેટા. હું સમજી શકું છું કે તું શું વિચારે છે? પરંતુ એકલી રહેતી સ્ત્રીને સમાજ જીવવા જ દેતો નથી. કોઈ એક પુરુષ સાથે સંબંધ રાખવાનું કારણ એટલું જ કે રોજ ઊઠીને વેળા-કવેળાએ કોઈ પણ માણસ આવીને બારણે ટકોરા ના મારે.”

(“નવચેતન”1994)

પંગુતાનું ગ્રહણ

“બહેન, તમે અહીં જ મૂકીને ગયાં હતાં, એની અમે ક્યાં ના પાડીએ છીએ? પણ થોડાક સમય પહેલાં જ હેતા અને શ્વેતા બંને બહેનો અહીંથી ક્યાંક ભાગી ગઈ છે. અમે તો થાય એટલી શોધખોળ કરી. અમારા રેકૉર્ડ પ્રમાણે બેઉ અનાથ હતી. જાણ કરવીય કોને? તમારું સરનામું આપતાં જાવ, કોઈ ખબર મળે તો જાણ કરીશું. આમ તો જાણવા મળેલું કે બેયને બે યુવાન સાથે પ્રેમ થયો હતો ને આશ્રમમાંથી ભાગી છૂટી છે. અત્યાર સુધીમાં તો લગ્નેય કરી લીધાં હશે.”

– સમતા અનાથાશ્રમ અને કન્યાગૃહનો કર્મચારી એકશ્વાસે બોલી ગયો. ચાળીસી વટાવી ચૂકેલી રૂપા વિસ્ફારિત આંખે તેને જોઈ રહી અને સાંભળી રહી. તેના ચહેરાની રેખાઓ તંગ બની રહી હતી.

એક દાયકા પહેલાં રૂપા દસ વર્ષની હેતા અને નવ વર્ષની શ્વેતાનો હાથ પકડીને સુરતના આ સમતા અનાથાશ્રમમાં મૂકી ગઈ હતી. આશ્રમ સંચાલકોને તો એમ જ કહ્યું હતું કે આ બે છોકરી પોતાને એસ.ટી. બસ સ્ટેશનેથી નિરાધાર હાલતમાં મળી આવી છે. તેમનાં મા-બાપ વિશે કોઈ ખબર ન હોવાથી પોતે અહીં મૂકવા આવી છે. રૂપાએ પોતાના કાળજાના બે કટકાને આ રીતે કોઈને સોંપતી વેળા હૃદય ઉપર મણ-મણનો ભાર મૂક્યો હતો.

રૂપાએ બેઉ દીકરીઓને શીખવી રાખ્યું હતું કે “તમારો ઉછેર સારી રીતે થાય અને તમને અહીંથી કદાચ કોઈ દત્તક પણ લઈ જાય તો તમારી જિંદગી બની જાય એટલે તમને આશ્રમમાં મૂકવા લઈ જાઉં છું. હું તમારી મા છું, એમ કહેવાનું નથી. કેમ કે આશ્રમમાં માત્ર મા-બાપ

વિનાની કન્યાઓને જ રાખવામાં આવે છે. જો કોઈ બફાટ કરશો તો આ તક પણ જશે. તમારે કોઈ મા-બાપ નથી અને અનાથ છો તથા કશું જ યાદ નથી, એટલું જ કહેવાનું છે.”
એ વેળા વસમી હતી. હેતા અને શ્વેતાની આંખોમાં આંસુનું તોફાન આવ્યું હતું. રૂપાની આંખોય ભરાઈ આવી હતી પણ તેણે સંયમ રાખ્યો હતો. આશ્રમના સ્ટાફે જરૂરી ફૉર્માલિટી પૂરી કરીને બે છોકરીઓને લાવનાર તરીકે રૂપા સુરેશકુમાર શાહનું નામ-સરનામું પણ નોંધ્યું હતું. આશ્રમના એક ચાલાક કર્મચારીએ તો પૂછ્યું પણ હતું કે “બહેન, ન તો તમે આ બેઉ દીકરીઓની મા છો કે ન તો કોઈ સગપણ છે, તો પછી તમને શાનું દુઃખ થાય છે?”
રૂપાએ જવાબમાં કહ્યું હતું કે “કેમ, વળી? ભલે હું આ દીકરીઓની જનેતા નથી, પણ એક સ્ત્રી તો છું ને? બે દીકરીઓને અનાથ સ્થિતિમાં જોઈને અને પારકા હાથમાં સોંપતાં કઈ સ્ત્રીને દુઃખ ન થાય?”
આ વખતે પોતાની સુતરાઉ સાડીના પાલવનો ખૂણો મોંમાં લઈને ચાવતા છ વર્ષના રાહુલને રૂપા એકીટશે જોઈ રહી હતી. દીકરાને પણ બધું શીખવી રાખ્યું હતું કે “જો, બેટા... બેઉ દીદીને સ્કૂલમાં મૂકવા માટે જઈએ છીએ. એ વખતે ત્યાં તું જરાક પણ બોલીશ તો તનેય સ્કૂલમાં દાખલ કરાવી દઈશ.” સ્કૂલની બીકે રાહુલ ચૂપ જ રહ્યો હતો. આમ છતાં તે કોઈ બફાટ કરી બેસે એ પહેલાં રૂપા રાહુલને લઈને ત્યાંથી સડસડાટ નીકળી ગઈ હતી.
તાપીનાં પાણીમાંથી એક દસકો વહી ગયો છે. પોતાની વહાલસોયી

દીકરીઓને રૂપા આશ્રમમાં મૂકી ગઈ હતી ત્યારે બેઉ નાસમજ અને દુનિયાની નજરમાં નોંધારી પણ હતી. આજે હવે જાણવા મળે છે કે બેઉને પાંખો આવી અને ઊડી ગઈ.
આશ્રમના ક્લાર્કે કહ્યું પણ ખરું કે "તમે સરનામું અને ફોન નંબર લખાવતાં જાવ. જો કોઈ રીતે પણ ભાળ મળશે તો તમને પહેલી જાણ કરીશું."
હવે રૂપા પોતે જ પોતાનું સરનામું શોધી રહી હોય ત્યાં વળી કોઈને કયું સરનામું આપે? – અને તે આશ્રમના પગથિયે ફસડાઈ પડી હતી. સોળ-સત્તર વર્ષનો રાહુલ હવે ઉંમર કરતા વધુ સમજદાર થઈ ગયો હતો. તે ઘડીક માને તો ઘડીક આશ્રમના બોર્ડને જોઈ રહ્યો. તે મનોમન બોલી રહ્યો હતો કે "મા, હવે બેઉ બહેનોને શોધવાનો પ્રયત્ન પડતો મૂક."
રૂપાનો જન્મ નડિયાદના એક સાધારણ સ્થિતિના વણિક પરિવારમાં થયો હતો. દીકરી રૂપ-રૂપનો અંબાર હોવાથી જ મા-બાપે તેનું નામ રૂપા પાડ્યું હતું પણ પાંચેક વર્ષની થવા આવી ત્યાં તો રૂપાના રૂપને પંગુતાનું ગ્રહણ લાગી ગયું હતું. તેનો જમણો પગ પોલિયોનો શિકાર બની ગયો હતો. જાણે જીવનભરનો અભિશાપ. મા-બાપે પોતાના ગજા પ્રમાણે સઘળા વાનાં કર્યાં હતાં પણ રૂપાનો પગ કેમેય કરીને ઠીક ના જ થયો.
રૂપા જેમ-જેમ મોટી થતી ગઈ તેમ-તેમ તેનાં મા-બાપની ચિંતા પણ વધતી જતી હતી. જોકે તેઓ દીકરીનું આ દુઃખ જોવા લાંબો સમય જીવ્યાં જ નહિ. રૂપાએ દસમા ધોરણની પરીક્ષા પાસ કરી ત્યાં તો બાપ મૃત્યુ પામ્યા અને બાપની પાછળ-પાછળ પાંચેક મહિનામાં તો માએ પણ અનંતની વાટ પકડી હતી. રૂપાએ હવે મોટાભાઈ અને ભાભીની દયા ઉપર

જીવવાનો વારો આવ્યો હતો.
જમણો હાથ જમણા પગના ઢીંચણે મૂકીને લંઘાતા પગે પણ ઘરનું બધું જ કામ કોઈ પણ જાતની દાદ કે ફરિયાદ વિના રૂપાએ કરવું પડતું. દિવસભર એક ઘડીનો આરામ નહિ. આ સ્થિતિમાં પણ ભાભી રોજ મ્હેણાં-ટોણાં મારતી રહે કે “કામ કશું કરતી નથી ને મફતના રોટલા તોડે છે, એના કરતા ક્યાંક ચાલી જતી કેમ નથી?”
મોટાભાઈ બધું જ જાણતા અને સમજતા હોવા છતાં તેઓ આંખમિચામણાં કરી રહ્યા હતા, એ વાત રૂપા પણ સારી રીતે જાણતી હતી. એક દિવસ વહેલી સવારે સત્તર-અઢાર વર્ષની રૂપા પહેરેલે કપડે ઘર છોડીને ચાલી નીકળી હતી. એની પાસે હવે ઉપર આભ હતું અને નીચે ધરતી હતી. પિતાના મિત્રે મદદ કરી હતી અને તેને અમદાવાદની વિકલાંગો માટેની હુન્નર શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. જ્યાં રહેવાની પણ વ્યવસ્થા હતી.
રૂપા અહીં સીવણ અને ભરત-ગૂંથણ શીખીને રોજી કમાવા લાગી હતી, તે પોતાની અંગત બચત પણ કરી લેતી હતી. સીવવાના સંચા ઉપર કામ કરી રહેલી રૂપાને જુઓ તો લાગે જ નહિ કે તેના પગે પોલિયોની અસર હશે અને તે વિકલાંગ હશે. કપડાંનો માલ આપવા અને લેવા માટે નિયમિત રીતે સંસ્થામાં આવતા-જતા સુરેશ નામના યુવાન સાથે રૂપાની આંખો મળી ગઈ હતી. સ્મિતની આપ-લે પછી “કેમ છો?” થવા લાગ્યું હતું અને પછી વાતચીતનો વ્યવહાર પણ બંધાયો હતો.
સુરેશ દેખાવે સીધો-સાદો યુવાન હતો. વાચાળ અને હસમુખો

પણ ખરો. એ રૂપાને ગમવા માંડ્યો હતો તો સુરેશને પણ રૂપા ગમવા માંડી હતી. સુરેશના તન-મનમાં કોઈ ખોડ નહોતી, યાને તે વિકલાંગ નહોતો તેમ છતાં તેણે રૂપાને પસંદ કરી હતી. સંસ્થા સાથે સંકળાયેલાં ચારુલતાબહેન આ વાત જાણતાં હતાં.
એક દિવસ ચારુલતાબહેને બેઉને અલગ-અલગ બોલાવીને પૂછી જોયું હતું કે "તમે બેઉ એકમેકને પસંદ તો કરો છો પણ શું લગ્ન કરવા માગો છો?"
સુરેશે દિલ ખોલીને ચારુલતાબહેન અને રૂપાને માંડીને વાત કરી હતી કે "સુરત પાસે રાંદેર મારું વતનનું ગામ છે, પણ ગામમાં ઘર નથી કે સીમમાં ખેતર નથી. સગાં છે પણ સગાં સૌ સ્વાર્થનાં છે. આછી-પાતળી રોજગારી છે અને એ પણ તમારી નજર સામે જ કામ કરું છું. આવક પણ તમે જાણો જ છો. લગ્ન કરીને રૂપાને હું સારી રીતે રાખીશ એટલું વચન આપું છું. બીજું તો શું કહું?"
ચારુલતાબહેને બેઉનાં માથે હાથ મૂકીને સુખી ગૃહસ્થજીવનના આશીર્વાદ આપ્યા હતા. રૂપાની આંખો સમક્ષ આખો ફ્લેશબૅક ઝબકી રહ્યો. આજે તો હવે ચારુલતાબહેન સાથે કોઈ સંપર્ક પણ રહ્યો નથી. સુરેશ લગ્ન કરીને રૂપાને સુરત લઈ આવ્યો હતો અને અહીં આછીપાતળી નોકરી શરૂ કરીને ઘરસંસાર વસાવ્યો હતો. રૂપા પણ પતિ અને ઘરને મદદરૂપ થવાના આશયથી સિવણકામ કરી લેતી હતી. સુરેશને તેના મિત્રે રોકાણ કરીને એક દુકાન કરી આપી હતી. કટલરી, સ્ટેશનરી, ઝેરોક્સનો પરચૂરણ ધંધો હતો. મિત્ર બધો જ નફો સુરેશને જ આપી દેતો હતો.

ગૃહસ્થજીવનની ગાડી માંડ પાટે ચઢી રહી હતી. રૂપા એક પછી એક એમ બે દીકરી હેતા અને શ્વેતાની મા બની હતી. સુરેશના દીકરાના આગ્રહને લઈને રૂપાએ ત્રીજી વાર માતૃત્વ ધારણ કર્યું હતું. આમ રાહુલનો જન્મ થયો હતો. બેઉ પતિ-પત્ની ઉપરવાળાનો પાડ માનતા કે તેમનાં ત્રણેય સંતાનો સાજાં-નરવાં હતાં, એટલે કે તેમને કોઈ ખોડ-ખાંપણ નહોતી. જાણે રૂપા માટે સુખના દિવસો આવ્યા હતા.

એક દિવસ સુરેશનો મિત્ર ઘરે આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે "ભાભી, આ સુરેશનું જરા ધ્યાન રાખજો હોં કે. ગળામાં અને હાથના કાંડે દોરા-ધાગા-તાવીજ કેમ બાંધતો ફરે છે? કંઈ સમજાતું નથી."

પતિના મિત્રએ મશ્કરી કરી હશે એમ માનવા છતાં સુરેશ ઘરે આવ્યો ત્યારે રૂપાએ ધ્યાનથી જોયું તો સુરેશે ગળામાં કશુંક પહેરેલું પણ શર્ટની આડશમાં છુપાવી રાખ્યું હતું. હાથમાં પણ શર્ટની લાંબી બાંય ખસેડીને રૂપાએ ખાતરી કરી લીધી હતી. માત્ર દોરા-ધાગા જ નહિ, સુરેશનાં વાણી-વર્તનમાં પણ ફરક પડવા માંડ્યો હતો.

તે કહેતો કે "રૂપા, આપણો સંબંધ તો ખોળિયાનો. આત્મા ઊડી જશે અને માટીનો દેહ માટીમાં મળી જશે. આ બધી મોહ-માયા શા કામની?"

રૂપા આ બધું સાંભળીને પતિને સમજાવવાનો પ્રયાસ કર્યા કરતી; પરંતુ રૂપાની સમજાવટની સુરેશ ઉપર કોઈ અસર થતી નહિ. તે જાણે સાધુ-વૈરાગીની જેમ જીવવા લાગ્યો હતો. એક તરફ બે દીકરીને સ્કૂલમાં મૂકી હતી. જવાબદારીઓ વધતી જતી હતી ત્યારે જેઠ માસની એક મેઘલી

રાતે ત્રણ સંતાનોની જવાબદારી રૂપાના માથે નાખીને રૂપાને પણ અંધારામાં રાખીને સુરેશ ઘર છોડીને ક્યાંક જતો રહ્યો હતો.
પતિ જીવનના મધ્યાહ્ને પોતાને ત્રણ સંતાન સાથે મઝધારે એકલો મૂકીને જતો રહેતાં રૂપાની હાલત કફોડી થઈ હતી. તેના માથે જાણે વીજળી તૂટી પડી હતી. રૂપાને તો ત્યારે ખબર પડી કે જ્યારે તેણે સવારે ઊઠીને પથારીમાં જોયું કે સુરેશ ગાયબ છે. આવડા મોટા સુરત શહેરમાં એને શોધવો ક્યાં? છતાં પતિને શોધવાના શક્ય તમામ પ્રયાસો રૂપાએ કર્યા હતા. જોકે સુરેશનો કોઈ પત્તો નહોતો. જાણે યશોધરા અને રાહુલને મૂકીને સિદ્ધાર્થ ચાલી નીકળ્યા હતા.
પતિના મિત્રે રૂપાને કહ્યું હતું કે “આખી દુકાન હવે તમે સંભાળજો, મારે એમાંથી કંઈ જોઈતું નથી. દુકાનનો ધંધો પણ તમારો અને માલિકી પણ તમારી.”
રૂપાએ વિવેકપૂર્વક દુકાન સંભાળવાની ના પાડીને ત્રણ સંતાન સાથે અઘરી જિંદગી શરૂ કરી હતી. બે દીકરીની જિંદગીનો વિચાર કરીને જ તે આ આશ્રમમાં મૂકી ગઈ હતી. જે ઊડી ગઈ હતી.
આશ્રમના પગથિયા પાસે ફસડાઈ પડેલી રૂપાના માથે હાથ ફેરવીને રાહુલ આર્દ્ર સ્વરે કહે છે કે “ચાલ, મા, ચાલ. હવે આપણે અહીંથી ચાલી નીકળીએ.”
(“મુંબઈ સમાચાર”1995)

પાનખરની બીક

નીલા સૂનમૂન પથારીમાં પડી હતી. ગંધ મારતી ચાદર અને મેલી પથારી. આસપાસ માખીઓનો ગણગણાટ. પેશન્ટ માટેનું વ્હીલ-ટેબલ અને તેના ઉપર થોડાં વાસણ. થોડી દવાઓ, કાચનો ગ્લાસ અને એક પેટ-બૉટલ. નીલાનો નિખાર ઊતરી ગયા પછી આ જ અસબાબ બાકી રહ્યો છે. તેના રૂપનો સૂરજ હવે અસ્ત થઈ ગયો છે. વારે-વારે ખાંસી લેતી નીલા તમને ટી.બી. પેશન્ટ લાગે પણ એવું નહોતું. મહિલા આશ્રમવાળાઓ પહેલાં તો તેને રાખવા જ રાજી નહોતા. ઘણી કાકલૂદી કરીને નીલાએ કહ્યું હતું: "મારે ક્યાં તમારા ત્યાં જિંદગી આખી કાઢવી છે? થોડાક દિવસો કે મહિનાભરની તો વાત છે."

આમ તેનું માંડ ઠેકાણું પડ્યું હતું. જોકે આશ્રમવાળા ભલે કૂણા પડ્યા હતા પણ નીલાને જુદી ઓરડીમાં રાખવામાં આવી હતી. અગાઉ કદાચ ચોકીદાર આ ઓરડી વાપરતો હશે એમ લાગ્યા વિના ન રહે. મહિલા આશ્રમની નિવાસી બહેનોમાં નીલા ચર્ચાના કેન્દ્રમાં હતી. છેવાડાની ઓરડી કદાચ એટલે પસંદ કરી હોય કે અહીં કોઈ ફરકે નહિ. કદાચ આ ઘૃણા નહિ તો બીજું શું?

બે ટાઇમ ચા અને બે ટાઇમ જમવાનું આપવા આવતી સેવિકા બહેન પણ જાણે અભડાઈ જવાની હોય તેમ બંધ બારણાને ટકોરા દઈને આગમનની જાણ કરતી અને બંધ બારણાના ઉંબરા પાસે જ પીરસેલી સામગ્રી મૂકીને ચાલી જતી.

આશ્રમની નિવાસી બહેનોની ચર્ચા આ સેવિકાના કાને પણ પડી

હતી: "પેલી ઓરડી પાસે તો ફરકવું જ નહિ. જાળવીને રહેવું સારું. ચેપ તો ગમે ત્યારે લાગી શકે ને?"

સરકારી હૉસ્પિટલમાં નીલાને ખસેડવામાં આવી ત્યારે તો પતિ રાહુલ પાસે ને પાસે જ બેસી રહેતો. આમ તો સામાન્ય તાવની બીમારીને લઈને જ તેને ઍડ્ મિટ કરવામાં આવી હતી. પંદર-પંદર દિવસથી તાવ ઊતરતો નહોતો. તેર અને ચૌદ વર્ષની બે દીકરી અને અગિયાર વર્ષનો દીકરો પણ ડેડી સાથે માની ખબર જોવા આવતા અને કલાકો સુધી માના બિછાના પાસે બેસી રહેતા. મેડિકલ રિપોર્ટ આવ્યા પછી રાહુલે સંતાનોને માથી દૂર રહેવા કહ્યું અને ધીમે-ધીમે રાહુલ પોતે પણ પત્નીને હૉસ્પિટલમાં એકલી છોડી દઈને ગાયબ થઈ ગયો.

નીલાના શરીરમાં લોહીમાંથી રક્તકણો ઓછા થઈ રહ્યા હતા. તેનો મેડિકલ રિપોર્ટ એચ.આઇ.વી. પૉઝિટિવ આવ્યો હતો. ફરજ ઉપરના ડૉક્ટરે અને સ્ટાફ નર્સે પેશન્ટના ફર્સ્ટ રિલેટિવ તરીકે પતિ રાહુલને માંડીને વાત કરી હતી: "જુઓ, મિસ્ટર. તમારી વાઇફને એચ.આઈ.વી. પૉઝિટિવ છે. એઇડ્સ લાસ્ટ સ્ટેજમાં છે અને બહુ મોડું થઈ ગયું છે. હવે તેમને બચાવી શકાય એમ નથી. તમે હવે પેશન્ટને ઘરે લઈ જઈ શકો છો. વી આર હેલ્પલેસ..."

આ ઘડીથી રાહુલ ગાયબ થઈ ગયો હતો. નીલાએ અને હૉસ્પિટલ સ્ટાફે ત્રણ-ચાર દિવસ રાહ જોઈ. રાહુલ સાવ આ રીતે પોતાને છેહ દેશે એવી તો નીલાને કલ્પના પણ નહોતી.

"બહેન, આ રોગમાં તમારી સાથે જ આવું બને છે, એવું નથી. એઇડ્સના બધા જ પેશન્ટ્સ સાથે આવું જ બનતું આવ્યું છે. મોટા ભાગના

પેશન્ટ્સ સાથે તેમના ખુદના ફૅમિલીવાળાઓ જ આભડછેટ રાખતા હોય છે. મોટા ભાગના કિસ્સામાં આમ મરવા માટે તરછોડી જ દેતા હોય છે.” નર્સે કહ્યું.
નર્સે એમ કહીને વાતમાં મૉણ નાખ્યા વિના પૂર્ણવિરામ મૂક્યું કે “બહેન, હવે તમારે આ બેડ ખાલી કરવો પડશે.”
બિલ બાકી હોવા છતાં વૉર્ડની આયા પરાણે નીલાનો હાથ પકડીને હૉસ્પિટલની બહાર સુધી મૂકવા આવી હતી અને નીલાના કહ્યા પ્રમાણે તેને ઑટોરિક્ષામાં બેસાડી આપી હતી. તે આત્મવિશ્વાસ સાથે ઘરે પહોંચી હતી. પહોંચ્યા પછી ખબર પડી કે પોતાનું સરનામું જ બદલાઈ ગયું છે.
પાડોશીઓએ કહ્યું કે “તમારા હસબન્ડ તો બે દિવસ પહેલાં જ મકાન ખાલી કરીને બાળકોને લઈને ક્યાંક જતા રહ્યા છે.”
આ સાંભળીને તો નીલાના પગ નીચેથી જાણે ધરતી સરકી ગઈ. હજુ તો રિક્ષાવાળાને ભાડું ચૂકવવાનું બાકી હતું. તેની પાસે તો ફૂટી કોડીય નહોતી. તે ભોંય ઉપર ફસડાઈ પડી.
રિક્ષાવાળાએ કહ્યું: “બહેન, શી વાત છે? ઘરના લોકો ક્યાંક ચાલ્યા ગયા છે, એમ જ છે ને? પણ તમે ચિંતા ના કરશો. જેને કોઈનો સહારો ન હોય એવી બહેનો માટે સદ્ગુરુ મહિલા આશ્રમ ચાલે છે. તમે જો કહેતાં હોવ તો તમને ત્યાં સુધી મૂકી જાઉં.”
નીલાની નીલી આંખો ભીની થઈ ગઈ. તેની જે આંખો ઉપર લોકો મરતા હતા તે આંખો ભરજુવાનીમાંય ઊંડી ઊતરી ગઈ હતી. જે રૂપ વેચીને તે ઘરનું ગુજરાન ચલાવતી હતી તે રૂપ હવે કરમાઈ ગયું હતું. કોઈ જ કામધંધો કર્યા વિના ઘરમાં જ બેસી રહેતા રાહુલે પત્નીની કમાણી

બંધ થતાંની સાથે જ દગો દીધો હતો. જે દિવસથી પતિએ તેને બહાર મોકલવા માંડી હતી તે એક-એક વાત આજે હવે તેને યાદ આવતી ગઈ. નીલાએ ઑબ્ઝર્વ કર્યું હતું કે પોતે બહાર જવા માંડી એ પછીથી ધીમે-ધીમે રાહુલ પોતાની સાથે રહેતો હોવા છતાં દૂર-દૂર રહેવા માંડ્યો હતો.

નીલાએ એક દિવસ પતિને પૂછી જોયું પણ હતું: "એવું તો શું થઈ ગયું છે કે તું હવે મારાથી દૂર-દૂર રહેવા લાગ્યો છે? મને સુખનો એક શ્વાસ તો આપ. બહાર ભલે બધું જ હોય પણ તારા વિના હું અધૂરી છું."

જવાબમાં રાહુલ ના બોલવાનું ગમે તેમ બોલી ગયો હતો. એલફેલ બોલતા પતિને ચૂપ કરવા પહેલી વાર નીલાએ જબાન ચલાવવી પડી હતી: "તારામાં કમાવાની ત્રેવડ નથી ત્યારે મારે ઘરની બહાર નીકળવું પડે છે ને? કઈ સ્ત્રીને આવી જીવતા દોઝખ જેવી જિંદગી ગમે?"

નીલા મહિલા આશ્રમના સંચાલકોને અંધારામાં રાખવા માગતી નહોતી. તેણે પોતાની મેડિકલ રિપોર્ટવાળી ફાઈલ બતાવી હતી અને રહેવા દેવા માટે આજીજી કરી હતી. આશ્રમવાળા પીગળ્યા હતા અને તેને જીવતરનો છેલ્લો આશરો મળી ગયો હતો. તેને ખુદને પણ એ વાતની ખબર હતી કે પોતે હવે થોડા દિવસોની જ મહેમાન છે. ઉછીના શ્વાસ ઉપર જિંદગી લટકી રહી છે, જેમ ફૂલ-પાન તૂટવાની અણી ઉપર લટકતાં હોય.

("શ્રી" સાપ્તાહિક, ગુજરાત સમાચાર પ્રકાશન,1993)

પારોમિતા

લગ્ન એક એવી સમાજમાન્ય જેલ છે કે જેમાં પુરાઈ જવું તો સહેલું છે પણ બહાર નીકળવું શક્ય જ નથી. પચ્ચીસ વર્ષના સોહામણા પ્રોમિલ માટે આ હિન્દી ઉક્તિ લાગુ પડતી હતી કે "શાદીકા લડ્ડુ – ખાયે વો ભી પછતાયે, ન ખાયે વો ભી પછતાયે."

"મારું નામ પારોમિતા છે, અને તમે?" એક સામાજિક મેળાવડામાં બૂફે ડિનર લઈ રહેલા પ્રોમિલની પાસે આવી ગયેલી યુવતીએ એ રીતે પોતાનો ઇન્ટ્રૉ આપ્યો હતો કે પ્રોમિલ ઘડીભર તો વિચારતો જ રહી ગયો. આગંતુક યુવતી ભીને વાન હતી, આકર્ષક વ્યક્તિત્વ હતું. પિન્ક સલવાર-કમીઝમાં તે વધુ ગુલાબી લાગી રહી હતી.

પ્રોમિલને પારોમિતા સાથેની એ પહેલી મુલાકાત યાદ આવી જાય છે કે જ્યારે એને જોતાંની સાથે જ દિલ એકાદ-બે ધબકારા ચૂકી ગયું હતું પણ હવે એ ખુદ કહી રહ્યો છે કે "મુઝે મેરી બીવીસે બચાઓ..."

"અરે, એય મિસ્ટર. હું આપની સાથે વાત કરી રહી છું. ક્યાં ખોવાઈ ગયા?" આટલું બોલીને આગંતુક યુવતી ફ્..ર્..ર્..ર્... કરતી'ક હસી પડી હતી.

"ઓહ નો... ઓહ યસ... મારું નામ પ્રોમિલ. ઍન્ડ યસ, ખોવાઈ જવાય એવું તમારું વ્યક્તિત્વ છે ને." આટલું બોલીને તેણે િડનર-પ્લૅટ બાજુ ઉપર મૂકીને પેપર નેપ્કિનથી હાથ લૂછી કાઢ્યા હતા.

પછી તો બેઉ ખૂબ વાતોએ વળગ્યાં હતાં. પ્રોમિલ વિશે પૂરેપૂરું હૉમવર્ક કર્યા બાદ જ પારોમિતાના ભાઈ મોહિતે પોતાની બહેનને પ્રોમિલ

પાસે મોકલીને દાણા નખાવી જોયા હતા. જોકે પારોમિતા પોતાના ભાઈથી હવે કંટાળી ગઈ હતી. ક્યાં સુધી ભાઈના ઇશારે રૂપિયા કમાવા પ્રેમના નામે નાટક અને ચીટિંગ કરવાનાં? પારોમિતાને હમઉમ્ર પ્રોમિલ પહેલી નજરમાં જ ગમી ગયો હતો. પ્રોમિલને પણ પારોમિતા ગમવા લાગી હતી, આંખોના રસ્તે દિલમાં ઘર કરી ગઈ હતી. તેની સાથે લગ્નનો પહેલો વિચાર પ્રોમિલને આવ્યો હતો કે જો આ સ્ત્રી જીવનસાથી બની જાય તો કંઈક વાત બને.

“રંગના એકાદ લસરકાથી જ તમારા તો હાવભાવનું ચિત્ર બદલાઈ ગયું છે, તો હવે જ્યારે કલરકામ થશે ત્યારે શું થશે તમારું?” એટલું કહીને પારોમિતા મોં પાસે હાથની આંગળીઓ રાખીને ખડખડાટ હસી પડી હતી.

પ્રોમિલે જવાબમાં કહ્યું હતું કે “એ તો કલાકારના હાથની વાત છે, એમાં કૅન્વાસનું તો કેટલું ચાલે?”

“પ્રોમિલ? ઓહ, શું હું તમને નામથી બોલાવી શકું છું ને?– મને તો ગમી ગયું છે, તમારું નામ.” પારોમિતાએ રૉમેન્ટિક અંદાજમાં કહ્યું હતું.

પ્રોમિલ પણ રૉમેન્ટિક બન્યો હતોઃ “કેમ? નામ જ ગમી ગયું, હું નહિ?”

પ્રોમિલે રૉમાન્સ આગળ વધાર્યો હતો: “તમને મારું નામ ગમી ગયું હોય તો એ તો સારી જ વાત છે ને. આ નામ સાથે કાયમ માટે જોડાવાનું ગમશે, તમને? ઘરમાં વિધવા મા છે અને હું એકનો એક દીકરો છું. કોઈ ભાઈ-બહેન નથી. શહેરના પરા વિસ્તારમાં પોતાનું મોટું ઘર છે.

હું નોકરી કરું છું અને સાથે નાનકડો બિઝનેસ પણ છે. આપણે એક જ જ્ઞાતિનાં હોવાથી મને વિશ્વાસ છે કે તમારા પરિવારને પણ આપણા મૅરેજ સામે કોઈ વાંધો નહિ જ આવે. પછી તો હવે આગળ તમારી મરજી. તમને હું રિયલી ગમું છું ખરો ને?"

પારોમિતા બધું જ ધ્યાનથી સાંભળી રહી હતી. મોહિતે જે ટિપ્સ આપી હતી, એ બધી જ વાત કન્ફર્મ થતી જ હતી. તે પ્રોમિલનો નિર્દોષ ચહેરો જોઈ રહી હતી. ધીમા સાદે તેણે કહ્યું હતું કે "તમે મને 'તું' કહીને બોલાવી શકો છો. બીજી વાત એ કે તમને મેં અહીં જોયા ત્યારથી મને ગમવા માંડ્યા છો. એટલે તો હું સામેથી તમારી પાસે આવી અને વાતો કરવા લાગી ગઈ."

ખાસ્સું મોડું થયું હતું અને મેળાવડામાંથી બધાં પરિવારો નીકળી રહ્યાં હતાં. પારોમિતાએ પોતાનાં મા-બાપ અને ભાઈ મોહિત સાથે પ્રોમિલની ઓળખાણ કરાવી.

આજે હવે પારોમિતાને યાદ કરતા જ પ્રોમિલનું મગજ બહેર મારી જતું હતું. લગ્ન નક્કી કર્યાં ત્યારે કન્યાપક્ષે મોટી રોકડ અને દસ તોલા સોનાના દાગીના રિવાજમાં આપવા પડશે એવી શરત મૂકી હતી. પ્રોમિલ મ્યુનિસિપલ કચેરીમાં ડેઈલી વેજીસ ઉપર નોકરી કરતો હોવાથી રોકડ-ઉપાડ કે લૉન-લાભ મળે એમ નહોતા. શહેરના એક મલ્ટિપ્લેક્સનો પાર્કિંગ ઍન્ડ મેન્ટેનન્સ કૉન્ટ્રાક્ટ તેણે ડિપૉઝિટ ભરીને લીધો હતો. આથી તેમાંથી પણ કશું મળે એમ નહોતું. એક તરફ પ્રોમિલ રોકડ અને સોનાના દાગીનાનો બંદોબસ્ત

કરવામાં રઘવાયો થયો હતો, તો બીજી તરફ લગ્નની તારીખ નજીક આવી હતી અને કંકોતરી છપાઈને વહેંચવામાં આવી હતી. લગ્નનું એક અઠવાડિયું બાકી હતું ત્યારે વેવાઈ પક્ષ વતી પારોમિતાનાં મા-બાપના બદલે મોહિતે પ્રોમિલને સુણાવી દીધું હતું કે “રોકડ અને દાગીનાની વ્યવસ્થા ન થઈ શકે તો જાન લઈને આવશો જ નહિ. નહીંતર જાનને લીલા તોરણે પાછી કાઢવી પડશે. આબરૂ તમારી જશે, અમારી નહિ.”
પારોમિતાના ઘરમાં મા-બાપનું કશું ચાલતું નહોતું. મોહિતનું જ રાજ હતું. વર-કન્યા તો એકબીજા સાથે એવાં હળીમળી ગયાં હતાં કે હવે એકમેક વિના ચાલે એમ નહોતું. લગ્ન પહેલાંની છૂપી મુલાકાતોમાં પ્રોમિલે પારોમિતાને પોતાની હકીકત કહી દીધી હતી કે પોતે બંદોબસ્ત કરી રહ્યો છે; પરંતુ હજુ થોડી રોકડ જમા કરવાની બાકી છે અને દાગીનાનું કામ પણ રૂપિયાના અભાવે અધૂરું જ છે.
લગ્નની આડે હવે અઠવાડિયું જ બાકી રહી ગયું હતું – અને એક દિવસ પારોમિતા મા-બાપનું ઘર છોડીને પ્રોમિલના ઘરે આવી પહોંચી હતી. બેઉએ એકમેકની મરજીથી ચૂપચાપ સિવિલ મૅરેજ કરી લીધાં હતાં. વળતા પ્રહાર તરીકે મોહિતે પોતાની બહેનનું અપહરણ અને બળાત્કાર પ્રોમિલે કર્યું હોવાની પોલીસને જાણ કરી દીધી હતી. બસ, અહીંથી જ પ્રોમિલની પનોતીનો આરંભ થયો હતો. પ્રોમિલ તો પારોમિતાને સાથે રાખીને વકીલને લઈને પોલીસ સમક્ષ હાજર થઈ ગયો હતો. મૅરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ જોઈને પોલીસે બેઉ વર-કન્યાનાં સ્ટેટમેન્ટ લઈને ફરિયાદનો નિકાલ કર્યો હતો.

આમ થવાથી મોહિત હવે વધુ છંછેડાયો હતો. લગ્નને એક મહિનો વીતી ગયો હતો. લગ્નજીવન સુખમય ચાલી રહ્યું હતું. એક દિવસ પારોમિતાએ પતિને એક બંધ કવર આપ્યું અને કહ્યું કે "હું તમને કશુંક કહેવા માગું છું, જે હું બોલી શકીશ નહિ, એટલે બંધ કવરમાં કાગળ લખીને આપું છું. તમે એકાંતમાં વાંચીને ડિસિસન લેજો."

પ્રોમિલે કવર પોતાની સાથે લીધું અને ઑફિસ પહોંચીને પહેલું કામ કાગળ વાંચવાનું કર્યું. પારોમિતાએ લખ્યું હતુઃ "પ્રિય પ્રોમિલ, લખી શકાય નહિ કે ગળે ઊતરે નહિ એવી વાત હું આજે તમને કહેવા જઈ રહી છું. હું સમજણી થઈ ત્યારથી મારો સગો ભાઈ મારું જાતીય શોષણ કરતો આવ્યો છે. એની મારઝૂડ તો હું નાની હતી ત્યારથી સહન કરતી રહી છું. મારા મા-બાપે આખી જિંદગી બધું ચૂપચાપ જોયું છે અને મૂક સાક્ષી બનતા રહ્યા છે. તેઓ દીકરાને કંઈ પણ કહેવાની સ્થિતિમાં નથી. જો હું તમને લગ્ન પહેલાં આ વાત કરું તો તમે કદાચ મને ન અપનાવો, એવો છૂપો ડર હતો એટલે આ વાત અત્યાર સુધી કરી નહોતી. હું એ નર્કની યાતનામાંથી છૂટવા માગતી હતી. તમે મારા ભાઈને સબક શીખવશો ને? તમે મને સાથ આપશો તો મને આનંદ થશે. નહીં સ્વીકારો તો હું ક્યાંક ચાલી જઈશ. હું તમને મજબૂર કે લાચાર બનાવવા માગતી નથી – તમારી પારોમિતા."

પ્રોમિલનું મગજ તો બહેર મારી ગયું. કાગળ વાંચીને તો તે અવાક્ રહી ગયો. સગો ભાઈ પોતાની જ બહેન સાથે આવું અધમ કૃત્ય કરી શકે? સાંજે ઘરે આવીને તે પારોમિતાનો ચહેરો વાંચી રહ્યો. પારોમિતા

પણ પતિ સામે આશાભરી નજરે મીટ માંડી રહી.
પ્રોમિલે કહ્યું કે "મેં બધું વાંચી લીધું છે. હું તારી સાથે જ છું. તારે ક્યાંય જવાની જરૂર નથી કે હિંમત હારવાની જરૂર નથી."
પારોમિતા બોલી હતી: "તમને યાદ છે? હમણાં-હમણાં થોડા-થોડા દિવસોના અંતરે ત્રણ-ત્રણ વાર મારો ભાઈ મને પિયર લઈ જવા આવ્યો હતો અને મેં ના પાડી દીધી ત્યારે હંગામો મચાવ્યો હતો. મને પિયર લઈ જવા પાછળ ભાઈનો પ્રેમ નહોતો, એની હવસની ભૂખ હતી." આટલું બોલતાં તો પારોમિતાની આંખો ભરાઈ આવી હતી.
પ્રોમિલ જાતે જ પારોમિતાને લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પારોમિતાએ ફરિયાદ લખાવી હતી. પોલીસ સામે પણ જરા જુદા પ્રકારનો કેસ આવ્યો હતો. સગા ભાઈએ પોતાની જ બહેન ઉપર વર્ષો સુધી બળાત્કાર અને અત્યાચાર ગુજાર્યો હોવાની ફરિયાદે ચકચાર મચાવી દીધી હતી. વર્ષો સુધી યાને પારોમિતાનાં લગ્ન સુધી તો ઘરની વાત ઘરમાં જ દબાવી રાખવામાં આવી હતી.
મોહિત કંઈ ગાંજ્યો જાય એવો નહોતો. તે ગમે તેમ કરીને તપાસ કરનાર પોલીસ અધિકારીની ઓળખાણ લઈ આવ્યો હતો. પોલીસનો સ્વર હવે બદલાઈ ગયો હતો. પોલીસ અધિકારીએ પારોમિતાને અને તેના પતિને સમજાવ્યા હતા કે "લાંબું કરવામાં કોઈનું ભલું થવાનું નથી. ફરિયાદ પાછી ખેંચી લો. શા માટે હાથે કરીને સમાજમાં બદનામ થવા તૈયાર થયાં છો?"
પોલીસ અધિકારીએ સલાહ આપી હતી એ પ્રમાણે પ્રોમિલની ગેરહાજરીમાં બળજબરી કરીને પારોમિતાને તે પિયર લઈ આવ્યો હતો

અને કહ્યું હતું: “પારો, તને કેટલું બધું સમજાવીને પ્રોમિલ પાસે મોકલી હતી? હવે કાન ખોલીને સાંભળી લે. ગમે તેમ કરીને એનું મકાન તારા નામે કરાવી લે. પછી એ મકાન વેચી કાઢીશું. હવે જો તું પ્લાન પ્રમાણે કામ નહિ કરે તો તારી ખેર નથી.”

પ્રોમિલ હવે કોર્ટ-કેસોના ચક્કરમાં આવી ગયો હતો. દીકરાનું દુઃખ જોઈ-જોઈને મા ગુજરી ગઈ હતી તો પારોમિતા ઇચ્છા-અનિચ્છાએ પણ પિયરમાં હતી. પ્રોમિલ એકલો પડી ગયો હતો. સાળાએ જીવલેણ હુમલો કર્યો હતો તે કેસ ફોજદારી કોર્ટમાં ચાલે છે. પત્ની પારોમિતાએ પતિ સામે ફોજદારી કોર્ટમાં એક કેસ શારીરિક-માનસિક અત્યાચારનો અને એક કેસ દહેજ ઉત્પીડનનો કર્યો છે, એ પણ ચાલી રહ્યો છે. આ ઉપરાંત વળી ફૅમિલી કોર્ટમાં મેન્ટેનન્સનો કેસ પણ ખરો.

ચાર-ચાર કેસની મુદતે અદાલતમાં હાજર રહેવાનું અને આખો દિવસ નીકળી જાય, તેથી પ્રોમિલની નોકરી છૂટી ગઈ છે. સમય ન આપી શકવાના કારણે મલ્ટિપ્લેક્સના પાર્કિંગ અને મેન્ટેનન્સના ધંધાને પણ અસર થઈ છે. કદાચ મરવાના વાંકે જીવી રહ્યો છે, પ્રોમિલ.

(“મુંબઈ સમાચાર” 2013)

પ્રીતિ ભાગી ગઈ?

પ્રીતિ સાવ જ એવી તો નહોતી. દેખાવે ભલી-ભોળી લાગતી.ગામડાની ગમાર જ જોઈ લો, પણ આ નાર તો ચતુરસુજાણ નીકળી. બોલવા, ચાલવામાં તો વિવેકી અને નમ્ર હતી. ચાલ-ચલન પણ સારી હતી. મહોલ્લામાં સહુ કોઈ એનાં મોંફાટ વખાણ કરે. રમતાં બાળકોને એ તેડી લેતી, વહાલ કરતી. કોઈને ચૉકલેટ, કોઈને બિસ્કિટ, કોઈને ચકરડી, કોઈને ફુગ્ગો તો કોઈને વળી રમકડાં લઈ આપે.

સૌ છોકરાઓને ભેગા કરીને પ્રીતિ રમત પણ રમાડે અને તેમને ભણવા બેસાડીને ગૃહકાર્ય પણ કરાવે. છોકરીઓને ભરત-ગૂંથણનો સરસામાન લાવી આપે અને ભરત-ગૂંથણ કરતા પણ શિખવાડે. પડોશમાં રહેતી વહુવારુઓને ધોયેલાં કપડાંની ગડી વાળવામાં અને બીજાં કામોમાં મદદ પણ કરે.

મહોલ્લામાં અને રસ્તે જે પણ પરિચિત મળે એમને 'જેસીક્રિષ્ન' કહીને સામેથી બોલાવે. અશક્ત, વૃદ્ધ, બીમારને મદદ કરવા સામેથી દોડી જાય. બકાલાવાળીને માથે સૂંડલો ચઢાવી દેવા હાથનો ટેકો પણ આપે. ઘરના ઉંબરે કે આંગણે બેઠી હોય તોપણ આખો મહોલ્લો ભર્યો-ભર્યો લાગે. કોઈની પણ જોડે વાત માંડે એટલે કિલ્લોલ – કિલ્લોલ.

મેડીબંધ ઘરમાં પતિ, સાસુ-સસરા અને દિયર. બસ આટલો જ વસ્તાર. પ્રીતિને પરણીને સાસરે આવ્યાને જોકે ત્રણેક વરસ થઈ ગયેલાં પણ કોણ જાણે કેમ હજુ મા રન્નાદે રીઝાં નહોતાં. પતિ કિસન તો બિચારો સાવ ભગવાનનો માણસ. એ ભલો ને એનું ખેતર ભલું. સસરા

કાન્તિલાલનો દિવસ પણ ખેતરના કામકાજમાં પૂરો થઈ જાય. દિયર રાજુ નારદી ગામથી થોડે દૂર આવેલી જી.આઈ.ડી.સી.ની ફૅક્ટરીમાં સવારનો કામે જાય, તે છેક સમી સાંજે ઘેર પાછો આવે. ઘરમાં આખો દિવસ પ્રીતિ અને સાસુ ગુણીબા એકલાં. આમ પરિવાર આખો સુખેથી જીવે.

કાન્તિલાલ અને ગુણીબા પ્રીતિને પુત્રવધૂ નહિ, દીકરીની જેમ સાચવે. કિસન પણ વહુને ખૂબ પ્રેમ કરે. આ જોઈને ક્યારેક તો મિત્રો કિસનને 'વહુઘેલો' પણ કહેતા, એટલો કિસનને પ્રીતિનો લગાવ. દિયર રાજુ પણ ભાભીને પૂરા આદર, સન્માન સાથે સાચવે અને કાળજી રાખે. પ્રીતિ પણ રાજુને નાનો ભાઈ સમજીને એનું ધ્યાન રાખે, એનું ટિફિન તૈયાર કરી આપે. પતિ અને સસરા માટે બપોરાવેળાએ ભાથું લઈને તે જાતે જ ખેતરે પહોંચી જતી. ક્યારેક ગુણીબા પણ તેની સાથે ખેતરે જતા. કોઈક વાર વળી બાપ-દીકરો શિરામણ કરવા ઘરે પણ આવી જાય. કાન્તિલાલનું ખાનદાન પાંચમાં પુછાય એવું અને એમની પુત્રવધૂ પ્રીતિ સાતમાં પોંખાય એવી.

પણ આજે તો ગામ આખામાં એક જ સવાલ -"પ્રીતિ ભાગી ગઈ?" વા વાયો ને નળિયું ખસ્યું. ખોબા જેવડું નારદી ગામ, પછી વાત કંઈ છાની રહે? ગામને તો કૂથલી કરવાનો વિષય મળી ગયો. ગામના ચોરે અને ચૌટે બસ પ્રીતિના નામની જ ચર્ચા. ચર્ચાચોતરો છવાઈ ગયો હતો.

"નક્કી, કિસનની પ્રીતિને કોઈક ઉપાડી ગયું લાગે છે…" પટેલવાસના સરજુએ વાત માંડી. એટલામાં બારોટવાસના કનુએ ટાપસી પુરાવી: "મને તો પહેલેથી જ શક હતો…"

ત્યાં તો મોદીઓળના રામુએ કહ્યું કે "કોઈક કહેતું હતું ખરું કે કિસનાની વહુને એમના ઘર સામે રહેતા વશરામ જોડે હારું ફાવતું હતું."
ભટ્ટ શેરીના દ્વારકાદાસ હવે બોલ્યા કે "વાત તો હાચી, કેમ કે પ્રીતિ ઘર છોડીને ગઈ છે ત્યારથી વશરામ અને એની વહુ રેખાનો કોઈ પત્તો નથી, એમ કોઈક કહેતું હતું."
"અમે તો એવડી એ રેખાને જોઈ ત્યારથી પામી ગયેલા કે નક્કી કામણ-ટૂમણવાળી લાગે છે. માથાના વાળના એવા તો પટિયાં પાડતી અને વળી બિલાડી જેવી લીલીકચ્ચ આંખો. એ ખાલી નજર ફેંકે ને સામું માણસ ઘાયલ થઈને પડે. રૂપનો ઢગલો અને ઉપરથી પાછી પાઉડર, લાલી ને લિપસ્ટિક. ચાલ જુઓ તો જાણે છમ્મકછલ્લો. કપાળે રાણી છાપ સિક્કો ચોંટાડ્યો હોય એવડો મોટો તો ચાંદલો. એક વાર તો ઘરની મેડીના ઝરૂખેથી મારાથી ગવાઈ ગયેલું – રેખા ઓ રેખા, મૈને તુઝ કો દેખા..." પટેલવાસના સરજુનો તો જાણે ગરાસ લૂંટાઈ ગયો હોય એમ બોલ્યો હતો: "જે હોય તે પણ રેખા હતી ગજબ... તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત..."
આ તરફ ગુણીબા હવે વીફર્યાં હતાં: "એને મેં કેટલીય વાર વારી હતી કે તું રેખાની વાદે ના ચઢતી. એ મને પહેલેથી જ જાદુગરણી લાગતી હતી. છેલ્લે તો કિસનાનેય હું તો કહી-કહીને થાકી હતી કે જોજે લ્યા, પ્રીતિને ઘરમાં બાંધવાનું રાખ. ટાણે –કટાણે, ઊઠી– ઊઠીને ઉંબરો ઓળંગીને સામે ઘરે જાય અને ત્યાં જ પડીપાથરી રહે એ ઠીક નથી પણ મારું સાંભળે કોણ? ભગવાન જાણે કે રેખા અને તેના ધણી વશરામમાં આપણી પ્રીતિ શું ભાળી ગઈ હતી?"

ઘરમાં સન્નાટો છવાઈ ગયો હતો અને ગુણીબા ગુસ્સાથી રાતાપીળા થયાં હતાં: "અરે, કિસનાના બાપુ. તમને તો હું કહી-કહીને થાકી ગઈ. હવે જોયું ને આ પરિણામ? લ્યો, ભોગવો હવે. ગામ આખામાં વાતો થાય છે. કોના-કોના મોઢે ડૂચો મારશો?"

ગુણીબાએ હૈયાવરાળ ઠાલવી ત્યારે કાન્તિલાલ હજુ સ્વસ્થ હતા તોપણ ચાસ પાડેલા ચહેરા ઉપર વિષાદની રેખાઓ વાંચી શકાય એમ હતી. તેમણે મનની વાત કહી: "શાંતિ રાખ, રાજુની મા. શાંતિ રાખ. સહુ સારાં વાનાં થઈ જશે. આપણે પોલીસ ફરિયાદ તો કરી જ છે ને. આપણે શોધી રહ્યા છીએ એમ પોલીસ પણ તપાસ કરી રહી છે. આપણે શકદાર તરીકે વશરામ અને રેખાનાં નામ આપ્યાં જ છે ને. ભલે એમનું ઘર ભાડાનું રહ્યું પણ એ લોકો ઘરવખરી લેવા તો આવશે ને?"

"બા..." એટલું બોલીને થોડી વાર રોકાઈ ગયેલો કિસન આગળ બોલ્યો: "બાપુજી, તમારા બેઉના વલોપાત મારાથી જોવાતા નથી. ખરેખર તો હું જ દોષિત છું. મારો જ વાંક કે પતિ તરીકે એને મેં સામેના ઘરે જતાં રોકી નહિ. મને એ કહેતી કે સામેના ઘરે જઈને એ ધાર્મિક, સત્સંગની ચોપડીઓ લાવીને વાંચે છે. એમની સાથે ધર્મ – અધ્યાત્મની ચર્ચા કરે છે. મંત્રજાપ લખવાની નોટો લાવે છે. હું જોતો પણ ખરો કે એ નિરાંતની વેળાએ મંત્રજાપ લખતી હોય. હું તો એમ માનીને રાજી થતો કે સામેના ઘરે ભાડેથી રહેવા આવેલા નવા પાડોશી વશરામભાઈ અને રેખાભાભીના સંપર્કના કારણે ભલેને પ્રીતિનું મન ધર્મ તરફ વળતું. મારા મનથી એમ કે પ્રીતિનો સમય સારી રીતે પસાર થાય." આટલું બોલીને કિસન ઘણી વાર

સુધી એમ જ બેસી રહ્યો.
ગુણીબા હજુ ગુસ્સામાં હતાં. એ બોલ્યાં: "એ બધું તો ઠીક છે પણ દર ગુરુવારે ધર્મસભાની બેઠકમાં અને દર રવિવારે સત્સંગ માટે મંદિરે જતી પ્રીતિને રેખાડી ને વશરામિયાનો સંગ કરવાથી રોકવાની જરૂર નહોતી? હું જ્યારે કંઈ બોલું ત્યારે તમે લોકો ભેગા થઈને મને વારતા કે એમાં શું છે, ભલે જતી. હવે જોઈ લ્યો, પરિણામ."
કિસને કૉલ કરીને પ્રીતિ ગુમ થયાની જાણ એના માવતરને પણ કરી હતી. વેવાઈ પક્ષે કહ્યું હતું કે "અમારા ઘરે આવશે તોપણ અમે દીકરીને લઈને સીધા તમારા ઘરે જ આવી જઈશું. વળાવેલી દીકરી તો સાસરે જ શોભે ને?" આમ છતાં કાન્તિલાલ અને કિસન નારદીથી વડોદરા રૂબરૂ પણ આંટો મારી આવ્યા હતા. હળાહળ કળિયુગ છે. લોકો તો બે બાજુ બોલે, ધણીને કહેશે કે ધાજો અને ચોરને કહેશે કે નાસજો. રખે ને દીકરીનાં મા-બાપે એને ઘરમાં ક્યાંક સંતાડી રાખી હોય તો? એવા વિચારથી તેઓ ખરાઈ પણ કરી આવ્યા હતા.
કિસને જતા પહેલાં બા-બાપુજીને દલીલ પણ કરી હતી કે "મારા સાસુ-સસરા એવું શા માટે કરે?"
પ્રીતિના પિતા જનકભાઈ સામેથી વેવાઈ પક્ષના સમર્થનમાં પોલીસ થાણે પોતાનું નિવેદન લખાવવા આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે "જેની દીકરી ગુમ થઈ હોય એનાં મા-બાપ ઉપર શું વીતતી હશે એ તો ભોગવનાર અને ભગવાન બે જ જાણે. મારું તો એટલું જ કહેવાનું છે કે મારી દીકરી ગુમ થવા પાછળ જમાઈ કિસન કે મારી દીકરીનાં

સાસરિયાંનો કોઈ જ દોષ નથી."
એક દિવસ પોલીસને વશરામ અને રેખાની ભાળ મળી. પરગામના એસ.ટી. મથકના છજા નીચે બેઉ ઊભાં હતાં. ઝીણો-ઝીણો વરસાદ પડી રહ્યો હતો. નારદી ગામમાં જ રહેતો કૉન્સ્ટેબલ ત્યાં હાજર હતો એટલે બેઉને ઓળખી લીધાં હતાં. પોલીસે બેઉની અટક તો કરી પણ તેઓ એક જ રટણ કરતાં રહ્યાં કે "અમે પ્રીતિને ભગાડી નથી કે ઉપાડી ગયાં નથી. એ એની મરજીથી ઘર છોડીને ચાલી નીકળી છે. એને ધર્મમાર્ગે આગળ વધવું હતું અને અત્યારે એ માઈ ગુરુ આશ્રમમાં રોકાયેલી છે."
પોલીસે તપાસ કરી તો વાત સાચી નીકળી હતી. પોલીસ સાથે પ્રીતિનાં મા-બાપ, પતિ કિસન, સાસુ-સસરા અને દિયર રાજુ પણ માઉન્ટ આબુ પહોંચ્યાં હતાં. અહીં આવેલા માઈ ગુરુ આશ્રમમાં પ્રીતિ રોકાઈ હતી. જેની ઘણી બધી શાખાઓ જુદા-જુદા શહેરોમાં આવેલી છે અને ગામેગામ સત્સંગ – પ્રવૃત્તિઓ વગેરે ચાલે છે.
અહીં આશ્રમમાં પ્રીતિએ સફેદ સાડી પહેરી હતી. કોઈ ઠઠારો નહિ, જાણે સાધ્વી બની ગઈ હોય. એના હોઠે એક જ વાત હતી: "મને માફ કરી દો. હું મારી સ્વેચ્છાએ અહીં આવી છું અને મારે અહીં જ રહેવું છે. હું ક્યાંય આવવા માગતી નથી."
માઈ ગુરુના અંતેવાસીઓ અને બીજા આશ્રમવાસીઓએ તો સાફ-સાફ કહી દીધું હતું કે "અમે કંઈ તમારી પ્રીતિને પકડી રાખી નથી કે બાંધીને રાખી નથી. એની મરજીથી એ અહીં આવી છે. એ હવે પુખ્ત ઉંમરની છે અને પોતાની મરજીથી એણે ધર્મનો માર્ગ પસંદ કર્યો છે."

પોલીસે સહુનું નિવેદન નોંધીને ચાલતી પકડી હતી. દરેક સ્વજનને પ્રીતિ એકાંતમાં મળી પણ હતી. સૌ સાથે શાંતિથી વાતો કરી હતી. છતાં એ ટસની મસ તો થઈ જ નહોતી. કિસનને મળતાં જ પ્રીતિ એને વળગીને રોઈ પડી હતી. પ્રીતિ બોલી હતી: “કિસના, મારે તો મા બનવું હતું, મા અને તું તો...?”

(“રંગતરંગ” 1990)

ફ્રેન્ડશીપ

નીતાએ આખરે મોહિતને કૉલ કરી જ દીધો: "હેલો, મારે તને મળવું છે."
મોહિતે કહ્યું કે "પણ આમ સાવ અચાનક? શું થયું?"
તે બોલી: "હા, આઇ વૉન્ટ ટુ મીટ યુ ઍન્ડ આઇ નીડ યૉર હેલ્પ."
અવાજ પરથી તે ઉતાવળમાં હોય કે ગભરાયેલી હોય એમ લાગ્યું.મોહિતે તેને સમજાવી કે "તું આણંદ હોય અને હું અમદાવાદ. અત્યારે ને અત્યારે તો કેવી રીતે મળાય? જે હોય તે મોબાઇલ ઉપર પણ કહી દે ને?"
તે બોલી: "ના, આણંદ નહિ, નવી જૉબ વડોદરા છે. અપ-ડાઉન કરું છું."
મોહિત સમજ્યો નહિ: "એક વર્ષ પહેલાં તો તેં આણંદની જૉબનું કહેલું?"
તેણે કહ્યું કે "વૉટ રબિશ..."
મોહિત હસી પડ્યો કે "ઓહ માય ગૉડ. એક વર્ષથી તો આપણે મળ્યાં જ નથી તો પછી પ્રૉબ્લેમ કેવી રીતે થયો?"
નીતા ગુસ્સે થઈ ગઈ: "કમ ઑન ડીયર, ફૉર્ટી થ્રી થયા અને મૅનોપૉઝમાં પ્રેગનન્સી ના હોય. મજાકનો ટાઇમ નથી. મળવાની વાત કર."
મોહિતે કહ્યું કે "ઑ.કે. તો આવી જા અમદાવાદ."
તે એટલું જ બોલી: "નૉ વે. અમદાવાદ નહિ. તું વડોદરા કે

આણંદ આવ."
મોહિતે "ઑ.કે." કહીને કૉલ પૂરો કર્યો.
તે મનોમન વિચારવા લાગ્યો કે શું થયું હશે? હવે તો એની ગવર્નમેન્ટ જૉબ પણ નથી કે લાગવગની જરૂર પડે – અને એ દિવસો યાદ કરવા લાગ્યો જ્યારે તે પહેલી વાર એને મળેલો.
વીસેક વર્ષ આંખોની સામે કોઈ મૂવીની જેમ આવી ગયાં. ફ્લૅશબૅક તાજો થયો.
તે અમદાવાદની સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. પી.પી. રત્નાકરની ચૅમ્બરમાં બેઠેલો અને ચૅમ્બરનો અડધો દરવાજો ખૂલેલો. એક ખૂબસૂરત ચહેરો દેખાયેલો: "મૅ આઈ કમ ઇન સર...?"
ડ્રેસ કૉડ પરથી ખ્યાલ આવી ગયેલો કે નર્સ છે. ડૉ. રત્નાકરે ડોકું હલાવીને હા પાડેલી ને નીલી આંખોવાળી નર્સનો જાદુ મોહિત ઉપર છવાઈ ગયેલો.
આગંતુક નર્સ બોલેલી: "સર, માય નૅમ ઇઝ નીતા મેકવાન. અમારા ચીફ મૅટ્રન મૅડમે આ ફાઈલો પર આપની સહીઓ લેવા મોકલી છે. પ્લીઝ..."
ડૉ. રત્નાકરે ફાઈલો પર સહીઓ કરતા-કરતા પૂછેલું કે "તમને આ પહેલાં તો ક્યારેય જોયાં નથી. નવાં છો?"
તેણે કહેલું કે "યસ સર, સિવિલ કૅમ્પસમાં જ નર્સિંગ કર્યું અને થોડા દિવસો પહેલાં જ અહીં જૉબ જૉઇન કરી. જનરલ વૉર્ડમાં છું."
ડૉ. રત્નાકરે ઓળખાણ કરાવેલી કે "મિસ્ટર મોહિત, મીટ ટુ મિસ. નીતા. એ તમને હૉસ્પિટલના સ્પેશિયલ આઇસૉલેશન વૉર્ડની વિઝિટ

કરાવશે. હું થોડી વારમાં જૉઇન કરું છું.”
આટલું કહીને તેઓએ નીતાને સૂચના આપેલી કે “નર્સ, મિસ્ટર મોહિત આપણા હૅલ્થ ડિપાર્ટમેન્ટના મોટા ઑફિસર છે, ગાંધીનગરથી વિઝિટમાં આવ્યા છે. તમે એમને સાથે લઈને જાઓ. હું તમારા ચીફ મૅટ્રનને ઇન્ફૉર્મ કરી દઉં છું અને આ ફાઈલો પણ પ્યુન જોડે મોકલી આપું છું. યુ ડૉન્ટ વરી.”
નીતાની પાછળ-પાછળ મોહિત ઝેરી મેલેરિયાના દર્દીઓ માટે બનાવેલા અલાયદા વૉર્ડની વિઝિટ માટે ગયેલો. નવા વૉર્ડમાં હજુ કોઈ પૅશન્ટ્સ નહોતા.
તેણે કહેલું કે “તમે તો બહુ મોટા ઑફિસર છો, અમારા જેવા નાના માણસનું ધ્યાન રાખશો ને?”–મોહિત મુગ્ધ બનીને તેને સાંભળી રહ્યો હતો.
“તમે સરકારી જૉબમાં કેટલા વખતથી છો?”
“ત્રણ-ચાર વર્ષથી... કેમ?”
“બસ, તમારા વિશે જાણવાનું મન થયું. તમારી એજ? મેરિડ છો?”
મોહિતને લાગેલું કે નીતા પર્સનલ થઈ રહી છે. તેણે જવાબમાં કહેલું કે “એજ 25 વર્ષ. મૅરેજ હજુ બાકી છે.”
“હું તમારાથી બે વર્ષ નાની. 23 વર્ષ. તમે મને ‘તું’ કહીને બોલાવી શકો.”
“ઑ.કે.” કહીને મોહિતે વાત પૂરી કરેલી.
“એક સવાલ પૂછું..? તમને એમ ન લાગે કે હું જરા વધારે

પર્સનલ બની ગઈ, તમારી જોડે...”
“હમમ... એમ જ લાગે છે...” કહીને મોહિત હસી પડ્યો હતો.
“સર, તમે તો વૅલ-ટુ-ડુ છો, સારી પૉઝિશન પર છો, સૅલરી પણ સારી હોય, હેન્ડસમ લૂક છે, તો પછી મૅરેજ કેમ નથી કર્યાં?
“ધેર ઇઝ નૉ રિઝન.”
“તમારી ડ્રીમ-ગર્લ કદાચ હજુ સુધી નહિ મળી હોય...”
“ઓહ, કમ-ઑન નર્સ મૅમ...”
“અરે, સર. તમે મને બાય નૅમ બોલાવી શકો છો. ‘નીતા’ કહો તો ચાલશે.”
“ઑ.કે. નીતાજી...”
“અરે, સર. ‘જી’ કહેવું જરૂરી છે?”
“ઑ.કે. નીતા... તારી સાથે વાતો કરી તો ગમ્યું. નાઇસ ટાઇમ વિથ યુ...”
એટલામાં ડૉ. રત્નાકર આવી ગયા. તેણે ડૉ. રત્નાકરનું ધ્યાન ના પડે એમ કાગળની ચબરખી પર કંઈક લખીને મોહિતના હાથમાં આપી દીધેલી. “આઈ લવ યુ, સર. લવ ઍટ ફર્સ્ટ સાઈટ.” લખ્યું હતું. એ આખી રાતની મોહિતની ઊંઘ નીતાએ છીનવી લીધેલી. ફરી ક્યારે મળાશે એ નક્કી નહોતું. છતાં તેનું મન નીતાને મળવા આતુર બનેલું.
દિવસો નહિ, મહિનાઓ વીતી ગયા પછી નીતાએ કૉલ કરેલો: “સર, મારે તમને મળવું છે. તમે તો કોઈ જવાબ જ ન આપ્યો. મને પ્રેમ કરશો ને?”

"ઓહ, કેમ બહુ ટાઇમ પછી?"
"હા, પણ તમે તો સાવ ભૂલી જ ગયા ને મને?"
"હમમ... રૂટિન કામકાજ જ અને દોડાદોડી. યુ નૉ, ફાસ્ટ લાઇફ..."
"સર, આજે સાંજે 6 વાગે કાંકરિયા, તૃપ્તિ રેસ્ટૉરન્ટમાં મળીએ?"
"ઑ.કે."
સમી સાંજની એ મુલાકાતે બેઉને નજીક લાવી દીધેલાં.
"નીતુ, તું મણિનગર રહે છે?"
"હા, પણ તને કેવી રીતે ખબર પડી કે હું મણિનગર રહું છું?"
"જસ્ટ ઈમેજિન. કેમ કે તેં મને ગાંધીનગરથી છેક અહીં કાંકરિયા બોલાવ્યો એટલે પ્લેસની ચૉઇસ પરથી લાગ્યું કે તારા ઍરિયામાં મળવાનું છે."
"હમમ... મારા મોટાભાઈ મણિનગર પૂર્વમાં એટલે કે ખોખરામાં રહે છે, જ્યુડિશિયરી ઑફિસર છે. મમ્મી-પપ્પા નડિયાદ છે. ક્યારેક અપ-ડાઉન કરું અને ક્યારેક ભાઈના ઘરે રોકાઈ જાઉં. તમે 'નીતુ' કીધું એ મને ખૂબ ગમ્યું. મને આમ 'નીતુ' કહીને જ બોલાવજો."
"તું પણ મને 'તું' કહીને બોલાવી શકે."
"વાઉ... રિયલી?"
"યૅસ, માય નીતુ ડાર્લિંગ..."
* * *
નીતા સામેથી કૉન્ટેક્ટ કરતી ને સરપ્રાઇઝ આપતી. અચાનક કૉલ કરીને મૂવી જોવા બોલાવી લે. કદીક કૉફી-શૉપ પર બોલાવી લે તો ક્યારેક ડિનર પ્લાન કરે. મોહિત ઘણી વાર કહેતો કે "આપણા રિલેશન

કાયમ નૉન-શૅડ્યુલ જ રહ્યા.”
એક વાર તેણે ફોન કરીને કહેલું “ડીયર, કૉફી-બાર, મૂવી ઍન્ડ ડિનર સિવાય પણ લાઇફ ઍન્જૉય કરવાની કે નહિ?”
મોહિત ગૂંચવાયેલો: “હમમ... તો?”
તેણે શરારતી અંદાજમાં કહેલું કે “શનિવારે આપણે ક્વૉલિટી ટાઇમ સ્પૅન્ડ કરીએ. ઍડ્રેસ નૉટ કરી લે. ટાઇમસર આવી જજે.”
“અરે! તું તો નડિયાદ રહે છે, એમ કહેલું? તો પછી આ આણંદનું ઍડ્રેસ?”
“ઓહ, કમ-ઑન માય સ્વીટ-હાર્ટ. આમ ખાઓ, ગુટલીયાં મત ગિનો.”
“પણ, આ રીતે કોઈના ઘરે...?”
“ડાર્લિંગ, મારું જ ઘર છે. નડિયાદ મારાં મમ્મી-પપ્પાનું ઘર. બીજી વાત રૂબરૂ...”
“ઑ.કે. આઈ વિલ કમ...” કહીને મોહિતે વાત પૂરી કરી હતી.
નીતાએ ઍડ્રેસ બરાબર આપેલું એટલે ઘર શોધવામાં કોઈ મુશ્કેલી પડી નહોતી. તે આજે કંઈક વધારે રૉમૅન્ટિક બની ગયેલી અને મોહિતને મોહિત કરી દીધેલો. બે-ત્રણ કલાક તો ક્યાંય વીતી ગયા પણ હવે તે વારે-વારે વૉલ-ક્લૉક જોયા કરતી. ઘડિયાળમાં સાંજના પાંચ વાગેલા. શિયાળાની સાંજ ખુશનૂમા બનેલી ને ઋતુકલ્પ વસંતનો દમામ છવાયેલો.
મોહિતે પૂછેલું કે “કેમ ટાઇમ જોયા કરે છે, કોઈ પ્રૉબ્લેમ છે?”
“હા, તારે હવે જવું જોઈએ. મહેન્દ્ર છ વાગ્યાની આસપાસ

આવતો હોય છે.”
“અરે? આર યુ મૅરિડ? તારા મૅરેજ વિશે કદી કહ્યું નથી. આટલી મોટી વાત તેં મારાથી કેમ હાઈડ રાખી?”
“સૉરી ડાર્લિંગ, પણ હું તને દુઃખી કરવા નહોતી માગતી. મને ખબર છે કે તું મારી સાથે મૅરેજ કરવાનું વિચારીને જ સ્ટૅબલ થયો છું અને હું તને ગુમાવવા પણ માગતી નહોતી એટલે હું મેરિડ હોવાની વાત નહોતી કરી અને નહોતી કરવાની.”
“તો અત્યારે કેમ કહ્યું?”
“બીકૉઝ, આઇ રિસ્પેક્ટ યૉર જૉબ, યૉર પૉઝિશન, યૉર કરિઅર. આપણે આઉટિંગમાં બહાર ક્યાંય ન જઈ શકીએ, એવું તેં મને કહેલું એટલે બહાર જવાના બદલે ક્વૉલિટી ટાઇમ સાથે રહેવા મારા ઘરે કોઈ ના હોય ત્યારે ઇન્વાઈટ કર્યો.”
નીતા મૅરિડ હોવાની વાતથી મોહિત નારાજ થઈ ગયેલો. એ દિવસ પછી બંને વચ્ચે મળવા અને વાત કરવા પૂરતો જ સંબંધ રહેલો.
એક દિવસ નીતાએ પોતાનો ભૂતકાળ ખુલ્લો મૂકેલો: “મહેન્દ્ર ડિસિલ્વા મારો ફર્સ્ટ લવ છે. હું ચાર-પાંચ વર્ષની હોઈશ, ત્યારે મારી સ્કૂલરિક્ષાનો એ ડ્રાઇવર, મને લેવા-મૂકવા આવતો ત્યારે એ પચીસેક વર્ષનો હશે.નડિયાદમાં અમારા ઘરથી નજીક એનું ઘર. ચર્ચની ગાયનટોળીનો મૅમ્બર હોવાથી ચર્ચમાં પણ હોય અને ઘરે પણ આવે. સ્કૂલવર્ધી સિવાય ઑટો ગૅરેજનો ગલ્લો સંભાળે.”
“પછી?”

તેણે કહેલું કે "પછી હું દસમા ધોરણમાં આવી ત્યારે તેણે મને 'આઈ લવ યુ' કહેલું. બાળપણથી એને જોતી આવેલી એટલે મને એ ગમતો અને હું 'ના' ન પાડી શકી. હું ચૌદ-પંદર વર્ષની હતી ત્યારથી અમે એકલાં મળતાં. મારાથી વીસ વર્ષ મોટો હોવા છતાં મને કોઈ પરવા નહોતી. એ મને નડિયાદની બહાર અવારનવાર લઈ જતો. ત્રણ વાર ઍબોર્શન પણ કરાવેલું. મને બી.પી.એન.એ.માં ઍડ્ મિશન મળ્યું ત્યારે તેણે પ્રૉમિસ દીધેલું કે ભણ્યા પછી જૉબ સ્ટાર્ટ થાય એટલે લવ-મૅરેજ કરી લઈશું. અમદાવાદ, સિવિલમાં જૉબ મળી તેના બીજા જ દિવસે હું ઘર છોડીને એની સાથે જતી રહેલી. લવ-મૅરેજ કરીને અમે આણંદમાં રહેવાનું સ્ટાર્ટ કર્યું."
"તારા મા-બાપ, ફૅમિલીએ કંઈ ના કીધું?"
પળ બે પળ રોકાઈને તે બોલી: "પપ્પાને મારા સમાચારથી આઘાત લાગ્યો ને મરી ગયા." તેની આંખમાં આંસુ આવી ગયેલાં.
"ઓહ... પછી...?"
તેણે કહેલું કે "પછી શું? બે દીકરા થયા. દર મહિને મારો સૅલરી હબીના હાથમાં મૂકી દેવાનો. તેણે ગૅરેજનો ધંધો બંધ કર્યો. શેર-સટ્ટાના રવાડે ચઢ્યો. બધી બચત અને ગૉલ્ડ જ્વેલરી ઉડાવી દીધી. વ્યાજખોરોના ચક્કરમાં મારામારી અને પોલીસ કેસ. ત્રણ વાર જેલમાં જઈ આવ્યો. જે દિવસે જૉબ પરથી દસ મિનિટ પણ મોડું થાય તો લૅધર-બેલ્ટથી મારે. રજાના દિવસોમાં ઘણી વાર મારા પગમાં લોખંડની સાંકળ બાંધીને રાખે. લગ્નનાં વર્ષો પછી ખબર પડેલી કે તે મૂળ તો યુ.પી. કે બિહારનો વિધર્મી છે અને અહીં આવીને કન્વર્ઝન કરેલું. મને રૂપિયા કમાવાનું મશીન જ

સમજે છે. નાની હતી ત્યારથી મને 'ટાર્ગેટ' કરેલી તે આજે હવે સમજાય છે પણ હવે બહુ મોડું થઈ ગયું. બે દીકરા મોટા થઈ ગયા છે."

એક વાર નીતાએ ફોન પર કહેલું કે "અમદાવાદ સિવિલમાંથી ટ્રાન્સફર કરાવવી છે. મને હૅલ્પ કરીશ ને?"

મોહિતે જવાબ આપેલો કે "નીતુ, મેં પહેલા પણ કહેલું કે જૉબમાં ફૅવર કરું એ જ કારણથી જો તું મારી સાથે સંબંધ રાખતી હોય તો આઈ એમ સૉરી."

એ દિવસથી નીતાએ ફરી કદી તેનો કૉન્ટેક્ટ કર્યો નહોતો. આ રીતે સંબંધનો અંત આવી ગયેલો. થોડાં વર્ષો પસાર થઈ ગયાં. મોહિત એક વાર અમદાવાદ સિવિલ હૉસ્પિટલની વિઝિટે ગયેલો ત્યારે ચીફ મૅટ્રનને નીતા વિશે પૂછેલું.

તેઓએ કહેલું કે "જવા દો ને સર, એનું નામ લેવાથી તમારા ઉપર છાંટા ઊડશે. લોકો તમને'ય શંકાની નજરે જોશે."

"ઓહ, એવી તે શી વાત છે?"

ચીફ મૅટ્રન બોલેલાં કે "ડિપાર્ટમેન્ટ હેડ હોવાથી મારી પાસે એની કમ્પ્લેઈન્સ આવતી. હું દર વખતે એને સાચવી લેતી. સ્ટાફ મને કહેતો કે તે વૉર્ડના ઑન ડ્યૂટી ડૉક્ટર પાસે જ ટાઇમ સ્પેન્ડ કરતી હોય. ઘણા લોકો સાથે તેનાં પર્સનલ રિલેશનની વાતો ચગેલી. એમાં ડૉક્ટર પણ હોય, સ્ટૉર કીપર પણ હોય, લેબ ઇન્ચાર્જ પણ હોય અને વૉર્ડ બૉય પણ ખરો. જોકે હું માનતી નહોતી પણ એક દિવસ મેં ખુદ તેને એક ડૉક્ટર સાથે ખરાબ હાલતમાં જોઈ લીધેલી. મામલો ઉપર સુધી પહોંચેલો ને તેને

સસ્પેન્ડ કરવામાં આવેલી. આખરે ડિસમિસ કરવાની વાત સાંભળીને તેણે સામેથી રાજીનામું આપી દીધેલું."

"પછી, એના કોઈ સમાચાર?"

ચીફ મૅટ્રન બોલ્યાં કે "છે ને... અમારો વૉર્ડ બૉય જ સમાચાર લાવેલો કે ઇન્ડિયન રૅડક્રૉસ સોસાયટીની કોઈ હૉસ્પિટલમાં તે નોકરીએ લાગેલી પણ ત્યાંય કોઈ ડૉક્ટર સાથેના લફરામાં નોકરી ગુમાવેલી."

મોહિતે તટસ્થ રહીને કહેલું કે "જેવાં જેનાં નસીબ. આપણે શું કરીએ?"

છેલ્લે એક વર્ષ પહેલાં તે રૂબરૂ મળી ત્યારે આણંદની કોઈ હૉસ્પિટલમાં જૉબ કરતી હોવાનું કહેલું અને હવે વડોદરા?

નીતાએ વડોદરા, સયાજીગંજની આ જ રેસ્ટૉરન્ટમાં આવવાનું કહેલું. સાડા પાંચનું કહેલું અને છ વાગવા આવ્યા. મોહિત રાહ જોઈ રહેલો ત્યાં જ વાવાઝોડાની જેમ આવેલી નીતા બોલી કે "પેલો માણસ મને સ્ટૉક કરી રહ્યો છે, કદાચ હજુય બહાર ઊભો હશે. મૅરેજ કરવા ફૉર્સ કરીને પાછળ પડી ગયો છે."

વેઇટરને બે કૉફીનો ઑર્ડર આપીને મોહિતે તેને શાંત પાડતાં કહેલું કે "આરામથી બેસ અને માંડીને વાત કર."

તેણે કહ્યું કે "અરે, અહીં વડોદરાનો ફૅક્ટરી માલિક છે. મારાથી બાર-પંદર વર્ષ મોટો છે. હૉસ્પિટલમાં એક વાર મુલાકાત થઈ અને મારા ઉપર ફિદા થઈ ગયો. રોજ મળવા આવે. સાંજે છૂટતી વખતે હૉસ્પિટલના મેઈન ગૅટ બહાર કાર લઈને ઊભો રહે. મને રેલવે સ્ટેશને મૂકી જાય.

ઘણી વાર મને આણંદ મારી સોસાયટી સુધી મૂકવા આવે. ગૉલ્ડ અને ડાયમન્ડ જ્વેલરીઝ, ડ્રેસિસ, વૉચિસ અને એવી બહુ બધી વસ્તુઓ લઈ આપે, ડિનર પર લઈ જાય, લૉંગ-ડ્રાઇવ ઉપર લઈ જાય. મને સારો લાગ્યો એટલે તેની સાથે બે-ત્રણ વાર હોટલમાં ટાઇમ સ્પેન્ડ કર્યો, તો હવે મૅરેજ કરી લેવાની વાત કરે છે. બહુ સમજાવ્યો કે મારો મહેન્દ્ર જાણશે તો તને મારી નાખશે પણ સમજતો જ નથી. મારી જાસૂસી કરે છે. હું ક્યાં જાઉં છું કોની સાથે હોઉં છું, એનું ધ્યાન રાખે છે. હવે તું જ મને કહે કે ફ્રેન્ડશીપમાં તો એવું બધું ચાલ્યા કરે ને બધાની સાથે ટાઇમ સ્પેન્ડ કરીએ. એટલે શું પેલાએ મારા માલિક બનવાની જીદ કરવાની?”

મોહિત એટલું જ બોલી શક્યો: “નીતુ, તું એવીને એવી જ રહી. આમાં હું તને શું મદદ કરી શકું?”

(“મુંબઈ સમાચાર” 2018)

"બસ પપ્પા, બહુ થયું..."

સાબરમતી સેન્ટ્રલ જેલનો દરવાજો ખૂલે છે. નમતી સાંજ છે. વીસ વર્ષની ઉંમરે અંદર ગયેલો યુવાન પચ્ચીસ વર્ષની ઉંમરે બહાર આવે છે. પાંચ વર્ષ જેલની સજા ભોગવી હોવાનું જાણીને તેને નોકરીએ રાખવા કોઈ તૈયાર નથી.

"ભીખા, શું કરીશું? સાલું કોઈ કામ-ધંધે રાખવાની ના જ પાડી દે છે. બધા એ રીતે વર્તે છે કે જાણે હું તેમને મારી નાખવાનો ન હોઉં?" હિંમતસિંહ સિસોદિયા અકળાઈ ગયો હતો પણ હવે કરે તો કરે'ય શું?

હિંમત અને ભીખો બેઉ દિલોજાન દોસ્ત હતા અને બેઉ બેકાર હતા. હિંમતે ફિલોસૉફી પેશ કરી: "જો, દોસ્ત. સીધા રસ્તે સીધી જિંદગી જીવી શકાય તેમ નથી તો આડા રસ્તે આડી જિંદગી પણ ટ્રાય કરી લઈએ તો કેવું?"

બેઉ મિત્રો અડ્ડા ઉપર જઈ પહોંચ્યા અને કહ્યું: "ઇંગ્લિશ માલ ચાહીએ..."

અડ્ડાવાળાએ સામું પૂછ્યું: "ક્વાર્ટર ચાહીએ, હાફ ચાહીએ યા પૂરી પેટી ચાહીએ?"

હવે આ લાઇનમાં તો બેઉ નવા નિશાળિયા હતા. તેમને આ બધા કૉડવર્ડમાં કોઈ ગતાગમ પડી નહિ. બંને મૂંઝાયા હતા. છતાં એક આખી પેટી માલ ઉપાડી લીધો હતો. નવા ધંધાની અને અજાણ્યા રસ્તાની શરૂઆત હતી. આડા રસ્તે ચાલવાનું બેઉએ નક્કી કરી લીધું હતું. ત્રણે'ક મહિના આમને આમ ચાલ્યું. કહેવાય છે ને કે પોલીસ ગુનો અને ગુનેગારને

જાણે સૂંઘી લેતી હોય છે. સ્થાનિક પોલીસ કૉન્સ્ટેબલ પથુભાઈને નવા બે કબૂતરની ભાળ મળી ગઈ હતી.

એક દિવસ પથુભાઈએ બેઉને બોલાવીને ધમકાવ્યા હતા: “આ શું માંડ્યું છે? એક જ જગ્યાએ બે-બે સ્ટૅન્ડ? તમારું અને દિલીપ રાણાનું? કોઈ એકે તો બંધ કરવું જ પડશે.”

હિંમત અને ભીખો બેઉ પથુભાઈને તાકી રહ્યા હતા અને પથુભાઈએ આડા રસ્તામાં તોડ કાઢતા નવો રસ્તો બતાવ્યો હતો: “તમે બેઉ ઇંગ્લિશનું સ્ટૅન્ડ બંધ કરો અને દેશીની પોટલી વેચતા ચંદુજી ચાવડા જોડે ભાગીદારી કરી લો. હું તમારો બેઉનો મેળાપ કરાવી આપું છું. રાણાની સામે પડવાની અત્યારે કોઈ જરૂર નથી. જરૂર પડશે ત્યારે અમે સામેથી કહીશું.”

ચંદુજી ચાવડા તેના ભાઈ શંકરજી ચાવડા સાથે દેશી દારૂનું નેટવર્ક ચલાવતો હતો. એમના ધંધામાં હિંમત અને ભીખો ધીમે-ધીમે સેટ થઈ ગયા. ત્રણેક વર્ષ આમ જ ચાલ્યું. આ ગાળામાં હિંમતનાં લગ્ન પણ થયાં. તે જોતો હતો કે દિવસ હોય કે રાત હોય, ચંદુજી અને શંકરજી દેશી પોટલી ગટગટાવીને પડ્યા રહેતા હતા. બધી મહેનત તો પોતે કરે છે. નફામાંથી બે ભાગ તો તેઓ જ રાખી લે છે અને એક ભાગ જ પોતાને મળે છે, જેમાં તેના દોસ્ત ભીખાનો ભાગ પણ કપાતો.

ત્રણ વર્ષમાં હિંમતને હવે દેશીના કારોબારમાં ફાવટ આવી ગઈ હતી. તેણે ચંદુજી અને શંકરજી જોડેની દેશીના છૂટકની ભાગીદારી છૂટી કરી દીધી. હવે તેણે દેશીના છૂટકને બદલે દેશીના હૉલસેલનો ધંધો

હાથમાં લીધો. નવેક મહિના આમ ચાલ્યું હશે. તેણે જોયું કે દિલીપ રાણાની ઇંગ્લિશના કારોબાર ઉપરથી પકડ ઢીલી પડી રહી હતી. સ્ટ્રાઇકર કોઈ નહોતું અને મેદાન સાફ હતું. હિંમતે હવે ઇંગ્લિશના હૉલસેલના કારોબારમાં હાથ માર્યો હતો.
નેટવર્ક તો તેણે જડબેસલાક ગોઠવ્યું હતું. રાજસ્થાનના ડુંગરપુરથી ટ્રક ભરીને માલ ગુજરાતમાં બનાસકાંઠાના રસ્તે ઘુસાડવાનો અને અમદાવાદમાં ઉતારવાનો. શરૂઆત હતી એટલે ટ્રકમાં માલની સાથે હિંમત પણ જોડે ને જોડે જ રહેતો. એક રાતની વાત છે. અમદાવાદની સરહદે નાના ચિલોડા પાસે વલાદ ગામ નજીક ભારે વરસાદના કારણે ટ્રક પલટી ખાઈ ગઈ. અકસ્માતમાં હિંમત ટ્રક નીચે દબાઈ ગયો. તાત્કાલિક સારવારના કારણે બચી તો ગયો પણ હૉસ્પિટલમાં લાંબો સમય રહેવાનું થયું.
હિંમતસિંહ સિસોદિયા હવે માત્ર એક વિસ્તાર પૂરતો નહિ, સમગ્ર શહેરનો ઇંગ્લિશ માલનો સૌથી મોટો સપ્લાયર બની ગયો હતો. કહો કે આ ધંધામાં હવે તેની જ ધાક વાગતી હતી. તેના નામનો ડંકો વાગતો હતો. નીચેથી ઉપર સુધી અથવા ઉપરથી નીચે સુધી તેણે બધું “સૅટિંગ” કરી રાખ્યું હતું. તેના માણસોનું કે તેના અડ્ડાનું કોઈ નામ લેતું નહોતું. બૂટલેગરોની દુનિયામાં તેના નામની ધાક હતી તો સિસોદિયા ખુદ “ઇંગ્લિશ શરાબ”નો પર્યાય બની ગયો હતો. અખબારોનાં પાને તેનું નામ ચમકતું રહેતું. જ્યારે-જ્યારે “પોલીસ રેડ”ને “શૉ-ઑફ્ફ” કરવાની હોય ત્યારે તે પોલીસને કો-ઑપરેટ કરીને પોતાનો થોડો માલ સામેથી પકડાવી દેતો હતો.
– પણ અકસ્માત થયા પછી જાણે તેને નવી જિંદગી મળી હતી.

તે બચી ગયો પછી જાણે તેને બ્રહ્મજ્ઞાન થયું હતું. તેનો માંહ્યલો હવે કહી રહ્યો હતો કે “બસ, હવે બહુ થયું. મારે હવે આ કાળાં કામ કરવાં નથી.”
સામાન્ય રીતે પોલીસ આમ થવા ન દે. છતાં હિંમતસિંહે મન મક્કમ રાખીને સળંગ ત્રણેક વર્ષ ધંધો બંધ જ રાખ્યો. આ સમયગાળામાં પત્નીએ દીકરાને જન્મ આપ્યો. તેનું નામ રાખ્યું, કિરણ. દરમિયાન તેને બે જૂના મિત્રો મળી ગયા, ખત્રી અને કિરીટ.
બેઉએ તેને આગ્રહ કર્યો કે “ચાલ, સિસોદિયા. ફરી એક વાર ધંધો કરી લઈએ. મેદાન સાફ છે, બીજી ઈનિંગ પણ રમી લઈએ.”
હિંમતસિંહ માટે બીજી ઈનિંગ ટેસ્ટમૅચ જેવી રહી અથવા એમ કહી શકાય કે સરકારની ફૂલ ટર્મ યાને સળંગ પાંચ વર્ષની રહી. નવેસરથી ત્રણેય દોસ્તોએ નેટવર્ક બનાવ્યું. સાઠ-સાઠ ટપોરી છોકરાઓની ગેંગ, ચારસો ચારસો ટ્રકનો કાફલો અને બીજું ઘણું બધું. હવે તો આખાય ગુજરાતમાં સિસોદિયા ગેંગનું નામ ગાજતું થયું હતું. પોલીસ ચોપડે હવે મૉસ્ટ વૉન્ટેડ બની ગયેલો બૂટલેગર હિંમતસિંહ સિસોદિયા હવે ખરા અર્થમાં “ભાઈ” બની ગયો હતો.
દીકરા કિરણના જન્મ પછીના બીજા વર્ષે પત્નીએ એક દીકરીને પણ જન્મ આપ્યો હતો. તેનું નામ નિકિતા પાડવામાં આવ્યું હતું. બે નંબરનો ધંધો હોવાથી દિવસ-રાત ચોર-પોલીસની રમત ચાલતી રહેતી. આજે અહીં તો કાલે ક્યાં? કોને ખબર? પાંચ વર્ષ બધું હેમખેમ ચાલ્યા બાદ પોલીસે તેને “પાસા”માં ગિરફતાર કર્યો હતો. ફરી એક વાર જેલમાંથી બહાર આવ્યા પછી હિંમત ઠરીને ઠામ થયો હતો. હવે ફરી એક વાર તે શાંતિની

જિંદગી જીવવા માગતો હતો.
અચાનક એક દિવસ વહેલી પરોઢના ચારેક વાગે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ કાફલાએ તેના ઘરે દસ્તક દીધી હતી. ક્રાઇમ બ્રાન્ચના ડી.સી.પી. વિકાસ કદમે લીડ કરી હતી. આ બધા શોરબકોરમાં પાંચેક વર્ષનો કિરણ અને દીકરી નિકિતા ભર ઊંઘમાંથી જાગી ગયાં હતાં. પોલીસને જોતાં જ બેઉએ ચાદર ખેંચીને પોતાનો ચહેરો ઢાંકી દીધો હતો. ડી.સી.પી. વિકાસ કદમ આ બધું જોઈ રહ્યા હતા.
આમ તો અવારનવાર બેઉ સંતાનોની માસૂમ નજર પિતા સાથે વાતો કરતી રહેતીઃ “બસ, પપ્પા. બહુ થયું હવે. પોલીસ સાથે સંતાકૂકડી ક્યાં સુધી રમશો?”
હિંમતસિંહને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. જ્યાં ડી.સી.પી. વિકાસ કદમે તેને પ્રેમથી સમજાવ્યો કે “તમારે એવું કામ શા માટે કરવું પડે કે જેથી દીકરા-દીકરીએ પોતાનું મોઢું છુપાવવાનો વારો આવે? એવું કામ કરો કે જેથી તમે અને સમગ્ર પરિવાર સમાજમાં ગર્વથી માથું ઊંચું કરીને જીવી શકો. તમારાં સંતાનો માથું ઊંચું રાખીને અભિમાન સાથે છાતી ફુલાવીને સમાજમાં ફરી શકે. તેમને કોઈ એવું મહેણું મારી જવું જોઈએ નહિ કે આ તો બૂટલેગરનાં છોકરાં છે.”
હિંમતસિંહ બોલ્યો હતો કે “સાહેબ, હું એક સાચો સિસોદિયા રાજપૂત છું. હું જે બોલીશ એ અચૂક પાળીશ. સાહેબ, આજથી જ બધા ખોટા ધંધા બંધ. મને માફ કરો. હવે હું શાંતિની જિંદગી જીવવા માગું છું.”
જોકે ધરપકડ બાદ બૂટલેગર તરીકે છ મહિનાનો કારાવાસ તો

તેણે વેઠવો જ પડ્યો. જેલમાંથી છૂટીને બહાર આવ્યા પછી તેણે પહેલું કામ કર્યું પોલીસ અધિકારી વિકાસ કદમને મળવાનું. તેમના માર્ગદર્શન અનુસાર હિંમતસિંહે પોલીસ ખાતાના જુદા-જુદા વિભાગો, પોલીસ સ્ટેશનો વગેરે સ્થળોએ કાનૂની માર્ગદર્શન અનુસાર જાણ કરી દીધી કે “મારું નામ-સરનામું અને કાયમી સરનામું તથા ટેલિફોન નંબરો, મોબાઇલ નંબરો વગેરે સંપર્કસૂત્ર આ મુજબ છે. હવે મેં ગેરકાયદે વિદેશી શરાબનો ધંધો બંધ કરી દીધો છે. છતાં કોઈ પણ વ્યક્તિ ખોટી રીતે જો મારું નામ સંડોવે તો મને જાણ કરવા વિનંતી છે. હું સામેથી પોલીસ સમક્ષ હાજર થઈ જવાની ખાતરી, બાંયધરી આપું છું.”
આમ થોડા સમય પહેલાં ગેરકાયદે વિદેશી શરાબના ધંધામાં સમગ્ર રાજ્યમાં જેની ધાક હતી તેણે પોતાની માયાજાળ સંકેલી લીધી હતી. ઉમદા પોલીસ અધિકારીની સમજાવટ રંગ લાવી હતી અને ગુનેગાર ખોટા રસ્તેથી વળીને ઘરે પાછો ફર્યો હતો. વીસ વર્ષની નવજવાન ઉંમરે જાણે-અજાણે જેલમાં પહોંચી ગયેલા એક યુવાનની જિંદગીમાં જેલવાસ કેવા ટર્નિંગ પૉઇન્ટ લાવે છે, એ હિંમતસિંહનું હૃદય જ જાણે છે. જ્યારે પહેલી વાર જેલમાંથી પચ્ચીસ વર્ષનો યુવાન બહાર આવે છે ત્યારે સમાજે તેનો સ્વીકાર ન કર્યો અને તેની જિંદગીનો રાહ બદલાઈ ગયો.
આજે હિંમતસિંહના ધંધાના સ્થળે અને ગોડાઉન ઉપર ટ્રકોમાંથી માલ ઊતરે છે ખરો પણ એમાં શરાબ નથી, સ્ટીલ સ્ક્રેપનો સામાન છે. હવે તે સ્ટીલ સ્ક્રેપનો જથ્થાબંધ વેપારી છે. ઘરની નજીકના પ્રાચીન શિવાલયના જીર્ણોદ્ધારમાં રસ લઈને અઢળક ગુપ્તદાન કર્યું છે. સ્થાનિક યુવાનો માટે

સરસ મજાનું જિમ્નેશિયમ બનાવી આપ્યું છે. સમગ્ર વિસ્તાર માટે એક લાઇબ્રેરી પણ બનાવી આપી છે. જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર-દવાઓનો ખર્ચ તે ઉપાડી લે છે. તેની આંખોમાં એક જ વાત વાંચી શકાય છેઃ “જો બીત ગયા, એક સપના થા.”
(“લોકસત્તા-જનસત્તા” 1999)

બહેરું આયખું, મૂંગી વ્યથા

મંદા હજુ સાવ અવાચક હતી. વિસ્ફારિત આંખોથી એ અહીં-તહીં કશુંક જોઈ રહી હતી. કારતકની હજુ શરૂઆત હતી પણ ઠંડીનો સપાટો વહેલો હતો. સંધ્યાકાળના માથે અંધકારના ઓળા ઊતર્યા હતા. ગળતા નળની માફક થોડી-થોડી વારે મંદાનું નાક નીતરી આવતું હતું. સલવાર કમીજ થોડા મેલા-ઘેલા અને ક્યાંક થીંગડાવાળા હતા. માથાના વાળ જરાક બાંધેલા પણ કબૂતરના માળા જેવા અસ્તવ્યસ્ત.

એના ગળામાં સૂતળી જેવી દોરીમાં કાણાવાળી કોડી બાંધેલી ને એક હાથમાં બંગડીઓના હારડા તો બીજો હાથ સાવ ખાલી. થોડી-થોડી વારે મંદા કશુંક બબડતી રહેતી પણ એ બબડાટ કોઈની સમજમાં આવતો નહિ. વયના વાર્ધક્યને આરે પહોંચેલાં સિત્તેરેક વર્ષનાં મણિબા બેઉ હાથના ઇશારા અને મોંના હાવભાવ કરીને મંદા સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કરે છે. આવા ઇશારાની ભાષા તો મંદા અને મણિબા, એ બેઉ જ જાણે.

પૂર્વ અમદાવાદના પરા વિસ્તારની શ્રમજીવી વસાહતમાં એક ખોલી જેવડી ઓરડીમાં શેષજીવન ગાળતાં મણિબા વાત માંડે છે: "મારી દીકરી મધુને લાડકોડથી ઉછેરીને મોટી કરી હતી. એના બાપુ તો અમને મૂકીને ક્યારના સ્વર્ગે સિધાવી ગયા હતા. લોકોનાં ઘરકામ કરી-કરીને ઘર ચલાવ્યું છે. મધુને જેમ-તેમ કરીને સમાજમાં સારું ઘર અને સારો વર જોઈને પરણાવી હતી; પરંતુ મધુએ જ્યારે આ મંદાને જન્મ આપ્યો ત્યારથી તેણે કોઈ અપરાધ કર્યો હોય એમ પતિ અને સાસરિયાં માટે અળખામણી થઈ ગઈ."

મધુનું નસીબ પણ એવું પાધરું કે એને એક તો દીકરી અવતરી અને એ પણ બહેરી-મૂંગી નીકળી. એનું નામ પાડેલું મંદા. મંદા જેમ-જેમ મોટી થતી ગઈ તેમ-તેમ ખબર પડતી ગઈ કે તેનું મગજ પણ બરાબર કામ કરતું નથી. આથી મધુ ઉપર પતિ અને સાસરિયાંનો ત્રાસ વધતો જતો હતો. અસહ્ય ત્રાસથી કંટાળીને એક દિવસ મધુએ અગનપછેડી ઓઢી લીધી હતી. મધુના મૃત્યુ સાથે જ મંદા નોંધારી થઈ ગઈ. જમાઈ મંદાને મણિબા પાસે મૂકીને ગયા તે ગયા. આજની ઘડી ને કાલનો દહાડો. પચ્ચીસ વર્ષની મંદા પોતાની મા ગુજરી ગઈ ત્યારે માંડ અગિયાર-બાર વર્ષની હતી. આજે ઘરડે ઘડપણ મણિબાના માથે મંદા અનિવાર્ય જવાબદારી બની ગઈ હતી. કોઈ બાળકને સાચવવું અને મંદાને સાચવવી, એ બેઉ સરખું. મંદાને રોજ સવારે નવડાવી, ધોવડાવીને તૈયાર કરવાની, એના માથાના વાળ ઓળી આપવાના, એનાં કપડાં બદલાવી આપવાનાં, જમવા બેસાડીને મોંમાં કોળિયા પણ ભરી આપવાના. આ બધું કામ બોલીએ છીએ એટલું સહેલું નથી હોતું. વળી મંદા ભીને વાન એવી કે લોકો એને એકીટશે જોઈ જ રહે. એને જોતા વેંત તો કોઈનેય ખબર જ ના પડે કે એનું મગજ આમ મંદ હશે.
મણિબા બોલતાં ગયાં કે "મંદાને રોજ સવારે હું તૈયાર કરું એ પછી તે આખી ચાલીમાં ઘૂમી વળે. છેક રોડ સુધી આંટો મારતી આવે. એને આખો દિવસ બીજું કામ પણ શું? બસ, ફર્યા કરે. જ્યારે કોઈ કામ ન હોય ત્યારે અમારા ઘરની બહારના ઓટલે બેસી રહે. એક દિવસ આવી જ શિયાળાની સાંજ હતી. અંધારું થવા આવ્યું હતું. હું ઘરમાં દીવાબત્તી

કરતી હતી અને મંદા એના મૂડ પ્રમાણે ચાલીમાં આંટો મારવા નીકળી હતી. બસ, એ ગઈ તે ગઈ.”

છેક મધરાત સુધી મણિબાએ મંદાની રાહ જોઈ પણ તે ઘરે પાછી ફરી નહિ. તપાસ કરતા ખબર પડી કે બાજુની ચાલીમાં રહેતા બે યુવકો એને મોટરસાઇકલ ઉપર વચ્ચે બેસાડીને ક્યાંક લઈ ગયા છે. એ યુવકોના ઘરે જઈને તપાસ કરતાં ખબર પડી કે એ બેઉ જણા તો રાતથી ઘરે ગયા જ નથી.

સવાર પડતા જ પડોશીઓએ કહેલું કે પોલીસને જાણ કરવી જોઈએ અને પેલા યુવકો વિરુદ્ધ ફરિયાદ કરવી જોઈએ. કેટલાક લોકો વળી એમ કહેતા હતા કે મણિબાએ આ ઉંમરે પોલીસસ્ટેશનની જંજાળમાં પડવું જોઈએ નહિ. નાહકના આંટાફેરા કરવાના અને ન્યાય માટે પગથિયાં ઘસવાનાં. જોકે મણિબાએ પડોશીઓના સથવારે પોલીસ ફરિયાદ લખાવી અને પોલીસે તપાસ પણ કરી. છતાં બધી તપાસનું પરિણામ મીંડું જ આવ્યું. દિવસો ઉપર દિવસો અને મહિના ઉપર મહિનાઓ વીતતા ગયા પણ મંદાની ભાળ મળી નહોતી.

સમય વીત્યે જતો હતો. એક દિવસ પડોશમાં રહેતા પશાકાકાએ અને કૉલેજમાં ભણતા રમેશે મણિબાનું ધ્યાન ખેંચ્યું હતું કે “આજના પેપરમાં જબરો કિસ્સો આવ્યો છે. એક મંદ બુદ્ધિની અને ઉપરથી પાછી બહેરી-મૂંગી યુવતીને મૅન્ટલ હૉસ્પિટલમાં મા-બાપ તરીકે ઓળખ આપીને મૂકી ગયેલાં સ્ત્રી-પુરુષ પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયાં છે. મણિબા તમારે તપાસ તો કરવી જ જોઈએ કે એ યુવતી આખરે છે કોણ?”

મણિબાને પણ થયું કે "લાવ, જઈને જોઉં તો ખરી કે એ અભાગી છોકરી છે કોણ?" મણિબાએ આખરે મેન્ટલ હૉસ્પિટલની વાટ પકડી. જઈને જોયું તો તેઓ ચોંકી ગયાં. તેમની ધારણા કમભાગ્યે સાચી પડી હતી. એ અભાગી કન્યા બીજું કોઈ નહિ, પણ મણિબાની મંદા જ હતી. મણિબા પડોશી પશાકાકા અને રમેશ સાથે હૉસ્પિટલ પહોંચ્યાં હતાં. મંદા ઊલટીઓની ગંદકી વચ્ચે ગંદાં કપડાંમાં સાવ જ દયાજનક હાલતમાં બેઠી હતી. હૉસ્પિટલ સ્ટાફમાં પૂછપરછ કરતા ફરજ ઉપરના તબીબે જાણ કરી કે આ યુવતી પ્રેગનન્ટ છે.
પોલીસને જાણ કરવામાં આવી કે મંદા મળી ગઈ છે અને હૉસ્પિટલમાં પ્રેગનન્ટ હાલતમાં છોડી દેવામાં આવી હતી. પોલીસે તપાસનો દોર આગળ વધારીને મણિબાની ચાલી પાસેની ચાલીમાં રહેતા રાજુ અને તેના સાથીદારને આખરે ઝડપી લીધા ને જેલ હવાલે પણ કર્યા. પોલીસે મંદાનો મેડિકલ ટેસ્ટ કરાવ્યો અને તેને જરૂરી સારવાર પણ કરાવી. બીજી તરફ રાજુની પણ તબીબી તપાસ કરાવી હતી. મેડિકલ રિપોર્ટના આધારે એ વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે મંદાના પેટમાં રાજુનું જ બાળક ઊછરી રહ્યું હતું.
રાજુએ મંદાનું અપહરણ કર્યા બાદ તેને જુદાં-જુદાં સ્થળોએ ફેરવીને તેના ઉપર વારંવાર બળાત્કાર કર્યો હતો. રાજુએ ગુનો કબૂલી લીધો હતો અને નિવેદન પણ આપ્યું હતું. આથી કેસ મજબૂત બન્યો હતો. મૅન્ટલ હૉસ્પિટલમાં મંદાને મૂકી જનાર જે સ્ત્રી-પુરુષ પોલીસના હાથે

ઝડપાઈ ગયાં હતાં તેમણે પણ પોતાનો ગુનો કબૂલી લીધો હતો અને નિવેદન આપ્યું હતું.
રાજુએ એ જ સ્ત્રી-પુરુષની મદદથી ક્યાંક મકાન ભાડે રાખીને મંદાને ત્યાં રાખી હતી; પરંતુ મંદા સગર્ભા હોવાનું જાણવા મળતાં જ એ સ્ત્રી-પુરુષ સાથે મંદાને મૅન્ટલ હૉસ્પિટલ મૂકી દેવાનું ષડયંત્ર કરવામાં આવ્યું હતું.

પોલીસે કોર્ટમાં કેસ મૂક્યો હતો એ વાતને પાંચ વર્ષ થઈ ગયા. બહેરું આયખું ને મૂંગી વ્યથા. બાળક જેવી મંદાએ ખુદ નવજાત શિશુને જન્મ આપવાની વેળા આવી હતી. એક તરફ મંદાની આવી હાલત તો બીજી તરફ મણિબા અશક્ત અને લાચાર અને માથે ઉંમરનો ભાર. છતાં મણિબા ઘરનો ભાર ઉઠાવ્યે જાય છે. મણિબાની આંખમાં તગતગતાં આંસુ શિયાળાની સંધ્યાએ વીજબત્તીના તેજમાં ચમકી રહ્યાં છે. મંદા પોતાની મસ્તીમાં ખિલખિલાટ હસતી જોવા મળે છે. તેના ખોળામાં ચાર વર્ષના રાજકુમાર જેવા બાળક દીપકની આંખોમાં ઘણા સવાલો છે પણ હવે મંદા શું બોલે? અને મણિબા પણ શું બોલે?

(“અખંડઆનંદ” 2016)

બંસીના સૂર

ગામડેથી શહેરમાં આવ્યો ત્યારે તો શરૂ-શરૂમાં વરવાજી પ્રજાપતિ માથે લાલ રંગનું ફાળિયું બાંધતો. ડિલે અંગરખું ને પોતવાળું ધોતિયું. ખભે પાછો ખેસ તો ના મળે. પણ નેપ્કિન જેવો રુમાલ નાખવાની ટેવ ખરી. જમણા હાથની આંગળીઓ અથવા બે હોઠની વચ્ચે બીડી જલતી જ હોય. છેવાડાના પરા વિસ્તારમાં રાજસ્થાની પરિવારોની વસતીમાં એક ખોલી ભાડે લીધી હતી. એ ખોલીમાં પરિવાર સાથે રહેવાનું શરૂ કર્યું હતું. પરિવારમાં પત્ની ઝુમરુ, દીકરો બંસી અને બે દીકરી રાની તથા ટીની.

શહેરમાં આવીને વરવાજીના દીદાર બદલાઈ ગયા હતા. એ હવે પેન્ટ-શર્ટ કે અર્ધી બાંયનું પહેરણ અને લેંઘો પહેરતો. ઈંટોના નીંભાડે સવારથી તે છેક રાત સુધી મજૂરીએ જતો. શહેરમાં આવીને પતિ અને પત્ની, બેઉને થોડું ઘણું ગુજરાતી બોલવાની ફાવટ આવતી ગઈ હતી.

ઝુમરુ કહેતી: “દેખ વરવા, રાતમેં ભી બડી દેર તક કામ ક્યોં કરે હૈ? કભી તો ટેમસર આયા કર ઔર કભી તો ઘરમેં રહા કર.”– અને તે આડું જોઈ જતી.

વતનના ગામમાં તો સહુ સગાઓની આસપાસ રહેવાનું એટલે લાજ કાઢવાની ને બધાની આમન્યા રાખવાની થતી. જ્યારે અહીં શહેરમાં તો બધું ઠીક હતું.

વરવાજી બીડીની ધૂમ્રસેર છોડતો અને કહેતો: “દેખ મેરી ઝુમરુ, યહાં શહેરમાં મહેનત તો કરની પડે.”– અને ઝુમરુ પતિને તાક્યા કરતી. એકવડા બાંધાની ઝુમરુ ભીને વાન હતી. ત્રણ સંતાનોની મા હતી પણ

ઉંમરનો તકાજો નહોતો. વરવાજી દિવસની મજૂરીની રકમ લઈને મોડેથી ઘરે પાછો ફરે એ રકમમાંથી જ બીજે દિવસે ઘરમાં ચૂલો સળગે એવી પરિસ્થિતિ હતી.
છેલ્લા થોડા સમયથી ઝુમરુને વરવાજી કંઈક બદલાયેલો લાગતો હતો. ઘરે આવે ત્યારે કદીક મોંમાંથી અજીબ બદબૂ આવતી હોય. કદીક બે પગ ભોંય પર સરખા મૂકીને ચાલી ન શકતો હોય. ઝુમરુ કંઈક કહે તો તેના ઉપર સીધો હાથ જ ઉપાડતો.
ટૂંકી આવકમાં ઘરનું ગુજરાન જ્યાં માંડ ચાલતું હોય ત્યાં ઝુમરુ બિચારી બાળકોને નિશાળે ભણવા તો ક્યાંથી મોકલી શકે? જોકે પાસ-પડોશના છોકરાઓ જોડે નાનો બંસી તેની બે નાની બહેન રાની અને ટીનીને લઈને મ્યુનિસિપાલિટીની નિશાળે જતો. દફતર કે નોટો-ચોપડીઓ લાવી આપવા ત્રણેય બાળકો મા સાથે ઝઘડો પણ કરતા.
મા ત્રણેયને માથે વહાલથી હાથ ફેરવીને કહેતી કે “જુઓ, હજુ તમે નાનાં છો. રમવાની ઉંમર છે. અત્યારથી નિશાળે ન જવાય.”
નાનકડી ટીની બોલી ઊઠતી: “પણ મા, આ બાજુવાળા ચંપામાસીની છોરી તો મારા જેવડી જ છે ને તોય ભણવા જાય છે, તો અમે કેમ નહીં?”
હવે મા ઊકળી ઊઠે છે: “બહુ ચપ-ચપ ના કર, નહિ તો જીભડી કાપી નાખીશ.”– અને ઝુમરુની આંખો ભીની થઈ જાય છે.
એ આગળ કહે છે: “તમારા બાપુ કમાય છે શું કે તમને ભણવા મોકલું? ઘરમાં ખાવાનાં તો ઠેકાણાં નથી.”
દારૂની લતે ચઢી ગયેલા વરવાજીએ હવે કામ ઉપર જવાનુંય

બંધ કરી દીધું હતું. શરીર સાથ આપતું નહોતું. ઘરમાં ચોવીસે કલાક માંદલો ને ખાંસતો પડ્યો રહેતો હતો. ડૉક્ટરે નિદાન કર્યું હતું કે એને ટી.બી. થયો છે. ઘર ચલાવવાના પૈસા આવતા બંધ થયા ત્યારથી ઝુમરુએ ઘર બહાર પગ મૂકવો પડ્યો હતો.
વરવાજીના બદલે ઝુમરુ ઈંટોના નીંભાડે મજૂરીએ જતી હતી. ઝુમરુ મજૂરીએ ન જાય તો આખું ઘર ભૂખે મરે એવી સ્થિતિ હતી. મ્યુનિસિપાલિટીની નિશાળમાં બે-ચાર ધોરણ ભણેલો બંસી રાતના સન્નાટામાં આંસુ સારતી માનો ઓછાયો જોઈને વિહ્વળ બની જતો. એને થતું કે મારે પણ કોઈક કામ-ધંધો કરીને ઘર ચલાવવામાં માને મદદરૂપ થવું જોઈએ.
બંસી પોતાના વિસ્તારમાં આવેલી મોટા ભાગની દુકાને-દુકાને ફરી વળ્યો હતો: “શેઠ, મને કોઈ કામ આપો ને?”
સામે પ્રશ્ન પણ પુછાતા: “ક્યાં રહે છે? તારાં મા-બાપ શું કરે છે?”– પણ વાત આગળ વધતી નહિ.
છેવટે બંસીને એક સાઇકલ રિપૅરિંગની દુકાનમાં કામ મળી ગયું. મ્યુનિ. શાળાની બિલકુલ સામે જ આ દુકાન. તે જ્યારે શાળાએ જતો-આવતો ત્યારે અહીંથી જ પસાર થતો હતો. દુકાનમાલિકની અને બંસીની નજર ક્યારેક મળતી, બસ આટલી જ તેની ઓળખાણ. રોજના પચ્ચીસ રૂપિયાથી કામ શરૂ થયેલું પણ હવે એને રોજના પચાસ રૂપિયા મળવા લાગ્યા હતા. માને મદદરૂપ બનવાનો સંતોષ એના ચહેરા ઉપર સદાય ઝગમગતો. બાર વર્ષના બંસીના શિરે બીમાર બાપ, લાચાર મા અને બે નાની બહેનનો ભાર.

સવારે છ વાગે ઊઠીને નાહી-ધોઈને બંસી તૈયાર થઈ જાય ત્યારથી એના દિવસની શરૂઆત થાય. સવારે સાત વાગે તો એ દુકાને પહોંચી જાય. આખી દુકાન વાળી-ઝુડીને સાફ કરે. સ્પેર-પાર્ટ્સ, સાધનો ગોઠવે. સવારે નવેક વાગ્યે શેઠ આવી જાય ત્યારથી રાતના આઠ અને ક્યારેક નવ વાગ્યા સુધી બંસી કામમાં રચ્યોપચ્યો જોવા મળે. રાતે આઠ-નવ વાગ્યે ઘરે જાય અને જમીને સીધો પથારી ભેગો થાય તે વહેલી પડે સવાર.
દુકાને હોય ત્યારે બપોરે એકાદ-બે વાર શેઠ ચા પીવા આપે. ક્યારેક બંસી ઘરેથી રોટલો બાંધીને લાવ્યો હોય ત્યારે ચા ભેગો ખાઈ લે. તેણે શેઠ પાસે કરજ લઈને બેઉ બહેનો રાની અને ટીનીને નોટો-ચોપડીઓ અપાવી હતી. બેઉ બહેનોને તે સ્કૂલે જતી જોઈ જ રહેતો. એના વિષાદભર્યા ચહેરા ઉપર સંતોષની રેખાઓ અંકાઈ જતી.
એક દિવસ વરવાજીનું ખાંસવાનું વધી ગયું હતું. પતિની લથડેલી તબિયત જોઈને એ દિવસે ઝુમરુએ મજૂરીએ જવાનું માંડી વાળ્યું હતું. એ જો દાડીયે જાય તો વરવાજીનું ધ્યાન કોણ રાખે? બંસી તો રાબેતા મુજબ સવારે સાત વાગે દુકાને જવા નીકળી ગયો હતો. પીડાથી કણસતા પતિની આવી હાલત ઝુમરુથી જોઈ શકાતી નહોતી.
આખું ઘર ખાલીખમ છે એ જાણવા છતાં તેણે ઘર ફંફોસી જોયું. બપોર સુધી ઘરગથ્થુ ઉપચાર કરી જોયા. પાસ-પડોશના લોકોની સલાહ હતી કે વરવાજીને ઝટ નજીકની હૉસ્પિટલે લઈ જાઓ.
બપોરે એક વાગ્યે બાપની તબિયત જોવા ઘરે આંટો મારવા આવેલા બંસીને માએ કહ્યું: “જો દીકરા, ઝટ જઈને થોડા પૈસાની વ્યવસ્થા

કરતો આવ. હવે તો તારા બાપુને જલદીથી હૉસ્પિટલ લઈ જવા જ પડશે.”– આટલું બોલતાં તો ઝુમરુની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

બંસીએ તો દુકાન ભણી દોટ મૂકી. એ ગયો તે ગયો. છેક બપોરના ત્રણ-ચાર વાગ્યે એના શેઠે એને થોડા પૈસા આપ્યા હતા. દોડતો-દોડતો બંસી પૈસા લઈને ઘરે પહોંચ્યો. ઘરે આવીને જોયું તો એના પગ ઢીલા પડી ગયા હતા. સંજોગોએ તેને વધારે સમજદાર બનાવી દીધો હતો. તે દવાજોગ પૈસા લઈને ઘરે પહોંચ્યો ત્યારે ઘરમાં ડાઘુઓની ચહલપહલ હતી. સૌ બંસીના આવવાની જ રાહ જોઈ રહ્યા હતા.

(“પરબ”)

બૂટ
મારો લઘુશોધનિબંધનો વિષય હતો, “નવગુજરાતની ચળવળમાં નેતાઓનું પ્રદાન.” વિષય ધારીએ એટલો સહેલો તો નહોતો જ. જોકે વિષય મેં જ પસંદ કર્યો હોવાથી એમાં મને કશું અઘરું પણ લાગતું નહોતું. નિબંધલેખનની પૂરક સામગ્રી અને કેટલાક ફોટોગ્રાફ્સ માટે મારે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, મહેસાણા સહિત ઘણાં બધાં શહેરની મુલાકાત લેવી પડી હતી. કેટકેટલા અનુભવો. માણસે-માણસે જુદી વાત અને જુદો અનુભવ. હકૂમતરાયના પ્રદાનની વિગતો મેળવવા માટે એમના ઘર સુધી તો પહોંચ્યો, પણ એ પછીની સફર આસાન નહોતી.

“ના, ભાઈ, ના. અમારે અમારા નાનાજી વિશે કોઈ વિગતો છપાવવી નથી. મહેરબાની કરીને તમે અહીંથી સિધાવો.” હકૂમતરાયના દોહિત્ર તો એવી રીતે વાત કરતા હતા કે જાણે એમના દ્વાર ઉપર કોઈ ભિક્ષા લેવા આવ્યા ન હોઈએ!

રેશમકાન્ત દ્વિવેટિયા નામના નેતાનું પણ અલગ ગુજરાતની ચળવળમાં નોંધનીય પ્રદાન હોવાનું જાણીને એમની વિગતો મેળવવા પણ પ્રયાસ કર્યો. તેઓ તો જોકે દેવ થઈ ગયા હતા પણ એમના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. એમના બૅન્કર દીકરાએ તો તરેહતરેહના સવાલો કરીને મને ગૂંચવી જ દીધો હતો.

“તમે આ નિબંધ અને પુસ્તક તૈયાર કરીને શું સિદ્ધ કરવા માગો છો? તમે મારા પિતાજીની વિગતો અને ફોટાઓ છાપીને એમના નામને વટાવી ખાવા માગો છો? રૂપિયા કમાવાના જાતજાતના નુસખાઓ

તમે યુવાનો શોધી કાઢો છો. મારા પિતાને મર્યા પછી તો જંપવા દો. શું જોઈને તમે લોકો નીકળી પડો છો?"

આવા સવાલો કોઈ પણ અભ્યાસનિષ્ઠ વ્યક્તિને એનો અભ્યાસ પડતો મૂકી દેવા મજબૂર કરવા માટે પૂરતા હતા પણ મારા મિત્ર નંદભાઈ મને સધિયારો આપતા. મારા ગાઇડ ડૉ. નૌતમલાલને હું કહેતો પણ ખરો કે "સાહેબ, આ નેતાઓએ ગુજરાતની સ્થાપના માટે જેમ જાત ઘસી નાખી હતી એમ મેં એમના વિશે લખવા માટે મારા બૂટ ઘસી નાખ્યા છે."

બૂટ... પગરખા માટે મને હંમેશાં એક પ્રકારનું ઑબ્સેસન રહ્યું છે. કૉફી-બ્રાઉન રંગના વાધરી (દોરી)વાળા મેટ્રૉ શૂઝ મેં હમણાં જ ચાર હજાર રૂપિયામાં ખરીધા. પ્રવાસમાં જવાનું હોય ત્યારે આ શૂઝ ખપ લાગે. અગાઉ પાંચ હજાર રૂપિયામાં ખરીદેલા બ્લેક પાર્ટી શૂઝ તો હતા જ. જે મોટા ભાગે હું પાર્ટી-વૅર તરીકે વાપરતો. મૉર્નિંગ વૉક માટે ઍડિદાસના વ્હાઇટ સ્પૉર્ટ્સ શૂઝ પણ ખરા. હા, હૉલ શૂઝનો શોખ તો એવો કે ચેઈનવાળા – હૉલ શૂઝ હું દર દિવાળીએ બનાવડાવું. જૂતાકામના એક કારીગરની માપ લેવાની અને ફિટિંગ, ફિનિશિંગની કુશળતા મને અનુકૂળ આવી ગઈ હતી. ચારેક હજારમાં એ કારીગર અસલ ચામડાના હૉલ શૂઝ મને બનાવી આપે. કારના બદલે મૉટર-બાઇક ચલાવવાની થાય ત્યારે હું હૉલ શૂઝ પહેરવાનું પસંદ કરું. આ સિવાય ડેઝર્ટ સફારી યા ફૉરેસ્ટ સફારીમાં જવાની વેળા આવે ત્યારે મને હૉલ શૂઝ પહેરવાનું ગમે. યુનિવર્સિટી, નોકરીના સ્થળે હું હંમેશાં સાદા અને લૅશવાળા શૂઝ પહેરવાનો જ આગ્રહ રાખું. કારણ કે ત્યાં દોરી છોડીને પ્રવેશ કરવાની કોઈ કડાકૂટ ન હોય. સવારે દોરી બાંધી તે

બાંધી. પછી છેક સાંજે ઘરે પાછા ફરીએ ત્યારે જ દોરી છોડવાની આવે.
મારે બૂટ કોઈ પણ પહેરવાના હોય, છતાં હું દરેક બૂટની રોજ બરાબર કાળજી લઉં. દરેક પૅર સાફસૂથરી અને ચકચકિત રાખવાની. લેધર શૂઝની પૉલિશ પણ હું જાતે જ કરું. ઘર બહાર નીકળ્યા પછી સમય મળે કે મોકો મળે તો બહાર પણ પૉલિશ કરાવી લઉં. અઠવાડિયામાં બે-ત્રણ વાર સ્પૉર્ટ્સ શૂઝ હું જાતે જ ધોઈને સજાવી રાખું. ઘરના નોકર-ચાકર પાસે હું આ કામ કરાવવાનો વિરોધી છું. હું માનું છું કે જૂતાં આપણાં છે અને આપણે જ પહેરીએ છીએ તો આપણે જ સાફ-સફાઈ કરવી જોઈએ. મારે જ્યારે કોઈ કારણસર સામાજિક કામે કોઈના ઘરે જવાનો પ્રસંગ બને ત્યારે હું ખાસ લૅશ વગરના શૂઝ પહેરવાનું પસંદ કરું. ખાસ કરીને પાર્ટી શૂઝ અથવા કદીક હૉલ શૂઝ. લૅશ વિનાના બૂટ પહેરવાનું કારણ એટલું જ કે કોઈના ઘરે જઈએ ત્યારે શિષ્ટાચાર પ્રમાણે ઘરના આંગણે યા તો ઉંબરે શૂઝ કાઢવા જ પડે. આવા ટાણે જો આપણે દોરી વિનાનાં શૂઝ પહેર્યા હોય તો એને કાઢવામાં અને ફરી વાર પહેરવામાં સાનુકૂળતા રહે. મારા વૉર્ડરોબ પાસેના શૂઝ એરિયામાં નહિ-નહિ તોય એક ડઝનથી વધુ શૂઝનો ખજાનો ખરો.
મારી લેખન-સંશોધન પ્રક્રિયામાં લોકો તરફથી અસહકાર મળે ત્યારે હું નાસીપાસ થઈને કહું પણ ખરો કે “આ કામમાં માત્ર પૈસાનું પાણી જ થાય છે એવું નથી, મારા તો બૂટ ઘસાઈ ગયા.”
આ સાંભળીને મારા વડીલમિત્ર પ્રદીપભાઈ મને કહે કે “કેમ વળી, તારે ક્યાં બૂટની કમી છે? તારી પાસે તો બૂટનો ખજાનો છે ને.”

આ શોધનિબંધ તૈયાર કરવા પાછળ મેં કેટલા દંડ-બેઠક કર્યાં છે, એ તો મારું મન જાણે છે. પત્રવ્યવહાર, ટપાલ અને કુરિઅરનો ખર્ચ, ફોન કરવાના અને લોકસંપર્ક તથા પ્રવાસ પણ કરવાનો. પેટ્રોલનો ધુમાડો અને બહારગામ, પ્રવાસ વખતે રહેવા-જમવાના ખર્ચા પણ ખરા. આ સંશોધનયાત્રા દરમિયાન અલગ ગુજરાતની ચળવળના એક િદવંગત નેતાના પુત્રએ તો મને મોં ઉપર ચોપડાવી પણ દીધી હતી કે “તમે તો આ પુસ્તક લખીને રૂપિયા કમાઈ લેશો, પણ અમને તો કોઈ જ ફાયદો નહીં થાય ને.” હવે એને કોણ સમજાવે કે આ સંશોધન જ્યારે પણ પુસ્તક તરીકે છપાશે ત્યારે મને કંઈ કરોડો રૂપિયા મળી જવાના નથી. એને કોણ સમજાવે કે હું મારા વાચન-લેખનના શોખને કારણે જ આ કાર્ય કરી રહ્યો છું, કમાઈ લેવા માટે નહિ. જે રીતે મને બૂટનું ઑબ્સેશન છે, એ જ રીતે મને વાચન-લેખનનું પણ વળગણ છે. આ વાત હું કોઈને કેમ કરીને સમજાવું કે વાચન-લેખન મારો શોખ છે, બ્રેડ-બટર નથી. ધીસ ઇઝ નોટ માય કપ ઑફ ટી.
મારા લઘુશોધનિબંધ માટે મારે હવે માત્ર રામપ્રતાપ પટેલની જ વિગતો અને તેમના ફૉટોગ્રાફ્સ લેવાના બાકી હતા. મારા ગાઈડ ડૉ.નૌતમલાલના કહેવા પ્રમાણે મહેસાણાના આ સપૂતનું પ્રદાન આમ તો ઓછું, પણ ધ્યાનાર્હ હોવાથી એમની વિગતો લીધા વિના મારું સંશોધન અધૂરું જ ગણાય. મારા ગાઈડે કહ્યું એ પ્રમાણે એમના અને મારા વચ્ચે બૂટની સામ્યતા હતી. તેઓ પણ શૂઝ – પગરખાંના શોખીન હતા. એમને પણ મારી જેમ જ “બૂટનું વળગણ”. કહે છે કે અમદાવાદની માંડવીની

પોળમાં તેઓ રહેતા ત્યારે નવગુજરાતની ચળવળ વખતે પોલીસ ઉપર પથ્થરમારો કરવામાં જ્યારે પથ્થરો ખૂટી ગયા ત્યારે આંદોલનકારી યુવાનો માટે તેઓએ પોતાનાં જૂતાંનો ભંડાર ખુલ્લો મૂકી દીધો હતો. બસ, એમનો સંપર્ક યા સરનામું શોધવામાં મને નવ નેજાં પાણી ઊતરી ગયાં. કોઈ કહે કે રામપ્રતાપ મહેસાણા રહે છે, તો કોઈ કહે કે તેઓ અમદાવાદમાં જ રહે છે. કોઈએ વળી એવી માહિતી આપી કે તેઓ તો પોતાની દીકરી સાથે રહેવા અમેરિકા જતા રહ્યા છે.. કોઈ વળી એમ પણ કહેતું કે તેઓ તો ક્યારનાય સ્વર્ગે સિધાવી ગયા છે. મને કશું સૂઝતું નહોતું. કોઈ દિશા મળતી નહોતી. એમના એકને ખાતર મારું કામ અધૂરું રહી જાય એવું હતું. એવામાં પ્રદીપભાઈ મારા માટે આશાના કિરણ જેવા સમાચાર લઈને આવ્યા. મને કહે કે "આ લ્યો, રામપ્રતાપ પટેલનું સરનામું અને તેમના ઘરનો ટેલિફોન નંબર. અમદાવાદમાં પાલડી, વાસણા રોડ ઉપર સાબરમતી રિવરફ્રન્ટ તરફની સોસાયટીના બંગલામાં તેઓ રહે છે. મોટી ઉંમરના કારણે તેઓ ઘરની બહાર કશે નીકળતા નથી. બસ આટલી જ વિગતો ક્યાંકથી મળી છે."

મેં તો બીજા જ દિવસે સાંજે કચેરી સમય પૂરો થયા પછી રામપ્રતાપભાઈને મળવા એમના ઘરે જવાનું મનોમન નક્કી કરી નાખ્યું. મને એમ કે એમને ફોન કરવાની જરૂર નથી. તેઓ તો ઘરે જ હોય છે ને. જોકે ધાર્યું તો ધણીનું જ થાય. બીજા દિવસે મોડી સાંજે ઘરેથી નીકળતા જ મોડું થયું. રાતના છેક નવ વાગે નીકળ્યો પણ નસીબ એકાદ-બે ડગલાં આગળ પાછળ હોય ત્યારે શું થાય? પાલડી પહોંચતા જ કારમાં પંચર. રસ્તે

જતા કોઈ માણસની મદદથી વ્હીલ બદલાવ્યું. એમાં તો રામપ્રતાપભાઈની સોસાયટી સુધી પહોંચતા રાતના દસ વાગી ગયા. આટલા મોડા કોઈના ઘરે પૂર્વસૂચના આપ્યા સિવાય ન જ જવાય; પરંતુ મારો સ્વભાવ એવો ખરો કે ડગલું ભર્યું કે ન હઠવું.
ચોતરફ શિયાળાની રાતનો સન્નાટો. બોર્ડ લાગેલાં હોય એટલે સોસાયટી શોધવામાં વાંધો ન આવ્યો. આંતરિક રસ્તા ઉપર મારી કાર સિવાય કોઈ વાહનની અવરજવર જોવા ન મળે. રામપ્રતાપભાઈના ઘર વિશે પૂછવું તો કોને પૂછવું? એમના ઘરનો નંબર અત્યારે હાથવગો નહોતો કે જેથી એમને ફોન કરીને ઘર શોધવા વિશે પૂછી શકાય. મળેલી માહિતી પ્રમાણે તો તેઓ એકલા જ રહે છે. રામપ્રતાપભાઈની સોસાયટીનું નામ લખ્યું હતું એ બોર્ડ પાસે ધોબીની કૅબિન હતી. બારણું બંધ હતું પણ અંદર લાઇટ ચાલુ હતી. આથી મેં કાર પાર્ક કરી દીધી અને બારણું ખટખટાવ્યું. કોઈ આધેડ માણસે માત્ર ડોકું જ બહાર કાઢ્યું.
મેં પૂછ્યું કે “બંગલા નંબર નવ, રામપ્રતાપભાઈ...?”
પેલાએ ઘડીભર મારી સામે જોયું ન જોયું અને હાથથી ઇશારો કરીને સામેના ભાગે એક બંગલો બતાવ્યો. એ કશુંક બોલતો હતો કે “પણ, એ તો...”
પરંતુ હું એની કોઈ વાત સાંભળ્યા વિના પેલા બંગલાની દિશામાં ઝડપભેર ચાલી નીકળ્યો. છેક છેવાડાનો બંગલો હતો. આસપાસના બંગલાઓમાં કોઈ ચહલપહલ નહોતી. જાણે સૌ જંપી ગયા હતા. બીજા બંગલાઓમાં તો ડીમલાઇટનો ઝાંખો પ્રકાશ પણ ખરો. જ્યારે બંગલા નંબર નવમાં તો

જાણે ઘોર અંધારું. એક ઘડી તો મને થઈ આવ્યું કે આ રામપ્રતાપભાઈ આટલી બધી કંજૂસાઈથી કેમ જીવતા હશે. સર્વત્ર અંધકાર હતો એમ તેમના બંગલા ઉપર પણ અંધકારનો કબજો હતો. બંગલાના પ્રાંગણમાં જામી ગયેલા ઘટાદાર વૃક્ષોમાં થઈને વહી આવતા પવનની સરસરાહટ અને પાંદડાઓની સૂરાવલિ શાંત માહોલમાં જાણે કાંકરીચાળો કરી લેતી હતી.
મેં બંગલાનો ઝાંપો ખોલવા પ્રયાસ કર્યો. ઝાંપો જાણે વણવપરાયેલો પડ્યો હોય એમ કાટ ખાધેલા અને હવડ ઝાંપાનો અવાજ આવ્યોઃ “ક... ડ... ડ... ડ...” ઝાંપાના કિચૂડાટથી સન્નાટામાં વિક્ષેપ પણ પડ્યો. ઝાંપો ખોલીને બંગલાના વિશાળ કંપાઉંડમાં મેં પ્રવેશ કર્યો ત્યાં તો બંગલામાં અચાનક ઝાંખો પ્રકાશ રેલાયો અને બંગલાની ભીતરથી એક સફેદ ઓળો મારી તરફ આગળ વધ્યો.
મને આવકાર આપતાં કહ્યું: “આવો, આવો... મનીષભાઈ. કેમ છો?”
રાતના લગભગ દસ-સાડા દસ તો વાગી ચૂક્યા હતા. રાતના સન્નાટાને ચીરતો અવાજ. એમાંય આગંતુકને નામજોગ સંબોધન. મારા શરીરમાંથી તો એક લખલખું પસાર થઈ ગયું. રોમરોમમાં કશુંક થઈ ગયું.
“આવો, આવો. અંદર આવો. મારું જ નામ રામપ્રતાપ પટેલ. અહીં હું એકલો જ રહું છું. તમે મને જ મળવા માટે આવ્યા છો ને?”– મારું આશ્ચર્ય શમ્યું નહોતું ત્યાં તો શ્વેત કેશ અને સફેદ લેંઘા-ઝભ્ભાવાળા આ તંદુરસ્ત વૃદ્ધે મારો હાથ પકડી લીધો ને હસ્તધૂનન કર્યું.
હું આંગણું વટાવીને ઉંબરા સુધી તો પહોંચી જ ગયો હતો. મેં

ઘરના ઉંબરા બહાર મારા બૂટ કાઢ્યા. એ વખતે હું ખાખી રંગના મિલિટરી ટાઇપ હૉલ શૂઝ પહેરીને ગયો હતો.
મારા હૉલ શૂઝ જોઈને વૃદ્ધની આંખોમાં અજબની ચમક આવી ગઈ. મને કહે કે “તમારા બૂટ સરસ છે. મને પણ બૂટનો ભારે શોખ હતો. પણ, હવે તો –”
હું એ વૃદ્ધની પાછળ-પાછળ દોરવાતો-દોરવાતો બંગલાના મુખ્ય બેઠકખંડમાં પ્રવેશ્યો. ઘરમાં રાચરચીલું ખરું પણ ઘર જાણે વર્ષોથી બંધ હોય એ રીતે આખું ઘર હવડ હોય એમ લાગતું હતું. બેઠકખંડમાંથી બીજા ત્રણ અલગ-અલગ ખંડમાં જવા માટેનાં બારણાં જોઈ શકાતાં હતાં.
“પણ, તમે તો મારા ઘરે સાંજે આવવાના હતા ને? જોકે રાતે આવ્યા એ ઠીક જ થયું. સાંજે હું તમને ન મળી શક્યો હોત.” – મારા આશ્ચર્યને બેવડાવતા એ વૃદ્ધ બોલ્યે જતા હતા.
મારા માટે નવાઈની વાત એ હતી કે આમને ક્યાંથી ખબર પડી ગઈ કે હું સાંજે આવવાનો હતો? જોકે જેમતેમ કરીને મેં મન મનાવ્યું.
અત્યાર સુધીમાં સંશોધન નિમિત્તે મને સૌથી વધુ સહકાર અથવા પ્રેમભર્યો આવકાર આ વૃદ્ધે જ આપ્યો હતો. તેઓ તો ઇતિહાસનાં પાનાં ફંફોસવા માંડ્યા હોય એમ સંસ્મરણો કહેતા ગયા. તેઓ બીજા રૂમમાં ગયા અને હું બેઠકખંડમાં એકલો પડ્યો ત્યારે ફરી એક વાર ભયનું લખલખું મારા શરીરમાંથી પસાર થઈ ગયું. બેઠકખંડમાં એક જ દૂધિયો બલ્બ હોવાથી ખૂબ ઓછો પ્રકાશ જણાતો હતો. મને થયું કે આ મહાશય ટ્યૂબલાઇટના બદલે નાનકડો બલ્બ શા માટે વાપરતા હશે?

થોડી મિનિટોમાં જ તેઓ બીજા રૂમમાંથી બેઠકખંડમાં પાછા ફર્યા. કેટલાક પેપર-કટિંગ્સ, થોડા ફોટોગ્રાફ્સ અને પોતાની વિગતોવાળા થોડા કાગળો તેમણે મારા હાથમાં મૂકતાં કહ્યું કે "જીવડાં-જીવાત બહુ થાય છે એટલા માટે હું ટ્યૂબલાઇટના બદલે આ નાનો બલ્બ જ પસંદ કરું છું."
મને નવાઈ લાગી કે મારા મનના વિચારો આ વડીલ કઈ રીતે વાંચી જતા હશે? મારી આગતાસ્વાગતા માટે ફક્ત એક ગ્લાસ પીવાનું પાણી તેમણે મને આપ્યું હતું.
પાણીનો ગ્લાસ આપતા તેઓ બોલ્યા હતા કે "માફ કરજો, મનીષભાઈ. હું તો અહીં એકલો જ રહેતો હોવાથી તમારો કોઈ આતિથ્યસત્કાર હું કરી શકતો નથી."
મેં સૌજન્ય દાખવીને વિવેક પણ કર્યો હતો કે "કશો વાંધો નહીં. તમે મને આટલી મદદ કરી, એ જ મારા માટે બહુ મોટી વાત છે. આમેય રાતના બાર, સાડા બાર વાગવા આવ્યા છે. હું નીકળું?"
આટલું કહીને હું ઊભો થયો અને તેઓએ હકારમાં ડોકું હલાવ્યું તથા મારી સાથે હાથ પણ મિલાવ્યો. હું બેઠકખંડની બહાર આવ્યો અને જોયું તો ઉંબરા પાસે મેં જે હૉલ શૂઝ કાઢ્યા હતા, તેમાંથી ડાબા પગ માટેનો બૂટ ગાયબ હતો. ઉંબરા પાસે જમણા પગમાં પહેરવાનો એક જ બૂટ પડ્યો હતો. મારી પાછળ-પાછળ મને વળાવવા માટે બહાર આવેલા વૃદ્ધ તરફ મેં પ્રશ્નસૂચક નજર કરી.
તેઓ બોલ્યા: "અરે? તમારો બીજો બૂટ ક્યાં જતો રહ્યો? લાગે છે કે કોઈ કૂતરું ખેંચી ગયું હશે..."

હું હજુ તો મનમાં એવું વિચારતો હતો કે આ વૃદ્ધને સુણાવી દઉં કે "તમને ખબર હતી કે અહીં કૂતરાઓનો આવો ત્રાસ છે, તો મારા બૂટ ઉંબરામાં કાઢવાના બદલે ઘરની અંદર કાઢ્યા હોત ને?"
જોકે એ વૃદ્ધને મારા મનની વાત કઈ રીતે સંભળાઈ ગઈ હશે, એની તો મને ખબર નથી પણ તેઓએ માફીના સ્વરમાં મને કહ્યું કે "માફ કરજો. પણ હું તમને કહેવાનું ભૂલી ગયો કે બૂટ બહાર ન કાઢશો. બૂટ પહેરી રાખ્યા હોત તોપણ ચાલી જાત."
એ જોઈ શક્યા કે હું થોડો ખિન્ન થઈ ગયો હતો. આંગણામાં ચોતરફ અંધકાર હતો. બેઠકખંડના પેલા નાનકડા બલ્બનો ઝાંખો પ્રકાશ પણ ક્યાં સુધી પહોંચી શકે? હું હજુ તો વિચારતો જ હતો કે મારો બીજો બૂટ શોધવો ક્યાં?
એવામાં વૃદ્ધ રામપ્રતાપભાઈએ મને કહ્યું કે "તમે અહીં જ ઊભા રહો. હું હમણાં જ ઘરમાં જઈને ફાનસ લઈ આવું. પછી આપણે તમારો બૂટ શોધી કાઢીએ."– આટલું કહીને તેઓ તો બંગલાની ભીતર ઝાંખા પ્રકાશમાં ચાલ્યા ગયા. તેઓ તો અંદર ગયા તે ગયા. પાછા બહાર આવ્યા જ નહીં. આમ ને આમ તો દસ-પંદર મિનિટ વીતી ગઈ. બંગલાનો મુખ્ય દરવાજો પવનની એક જ થપાટે 'ધડામ્...' અવાજ સાથે બંધ થઈ ગયો. જોકે અવાજ એટલો જોરદાર હતો કે સોસાયટીમાં પથરાયેલા અંધકાર વચ્ચે અવાજની દિશા પારખીને દંડો પછાડતો એક ચોકીદાર આવી પહોંચ્યો. મોઢે અને માથે મફલર અને ટોપી પહેરેલી હોવાથી તેનો ચહેરો જોઈ શકાય એવો નહોતો, પણ યુનિફૉર્મના કારણે ચોકીદાર જ લાગતો હતો.

બંગલાની બહારના ભાગે ખખડેલા ઝાંપા પાસે ઊભા રહીને ચોકીદારે રીતસર બૂમ જ પાડી: "કૌન હૈ, કૌન હૈ વહાં?"– ઝાંખા પ્રકાશમાં પણ એ જાણે મને તાકી રહ્યો હતો.

મારા જમણા પગનો એક બૂટ હાથમાં લઈને હું બંગલાની બહારના ભાગેથી ચાલીને ઝાંપા સુધી ગયો. એની નજીક જઈને કહ્યું કે "મૈં તો રામપ્રતાપભાઈ કા ગેસ્ટ હું... વો ભીતર ફાનુસ લેને કે લિયે ગયે હૈ. ઈસ લિયે મૈં ઉનકી રાહ દેખ રહા થા."

ચોકીદાર ચમકીને બોલ્યો કે "કિસકી બાત કર રહે હો, બાબુજી? રામપ્રતાપજી કો ગુજરે હુએ તીન સાલ હો ગયે. તબસે યહાં કોઈ નહીં રહેતા. પતા નહીં, ઉનસે મિલને કે લિયે લોગ કહાં-કહાં સે ચલે આતે હૈ? ઔર તો ઔર, રામપ્રતાપજી આપ જૈસે લોગોં કો મિલતે ભી હૈ...? મેરી તો કુછ સમજમેં નહીં આતા. બાબુજી, આપકા એક જૂતા ભી ગુમ હો ગયા હોગા. ઠીક હૈ ના..?"

("કુમાર" જુલાઈ, 2014)

બેવફા – બેકાબૂ

“હજુ પણ કહું છું, વૈશાલી. તું માની જા. સમજે તો સારું છે. કેમ કે તેં જે રસ્તો લીધો છે, એનો અંત અણધાર્યો અને ખરાબ જ છે. સમાજમાં કેટલી બદનામી થઈ રહી છે?” પાંત્રીસ વર્ષનો કેતન વિષ્ણુભાઈ પટેલ તેની સામે ખાધાખોરાકીનો કેસ માંડનારી પત્ની વૈશાલીને સમજાવવાની કોશિશ કરતો હતો.

આ તરફ ચોત્રીસ વર્ષની વૈશાલીએ બધાં બંધનો ફગાવી દીધાં હતાં. તે બોલી હતી કે “બેસ, બેસ હવે. તારી ભાભીની સોડમાં ભરાતો હતો ત્યારે સમાજમાં તારી કોઈ બદનામી નહોતી થઈ? અને હવે મને કહે છે કે રસ્તો ખરાબ છે? તારા ભાઈ સાથે મને મોકલવાનો રસ્તો શું સારો હતો? હવે શા માટે તું મને શિખામણ આપી રહ્યો છે?”

શહેરની ફૅમિલી કોર્ટમાં મુદતે હાજર રહેતા વિવાદગ્રસ્ત પતિ-પત્ની અને બીજા પક્ષકારો વચ્ચે આ પ્રકારની બોલાચાલી અને ઝઘડા જોઈને ઊભા રહી જવાય પણ સ્ટાફના કર્મચારીઓ વગેરે કહેતા હોય છે કે “અમારે તો આ રોજનું થયું. બોલનાર બદલાય પણ આ પ્રકારના ડાયલૉગમાં કોઈ ફરક ન આવે. બધાના પ્રૉબ્લેમ સાવ સરખા. ઘેર-ઘેર માટીના ચૂલા.”

કેતન ચૂપચાપ સીડીનાં પગથિયાં ઊતરી જાય છે. વૈશાલીના શ્વાસની ગતિ હજુ તેજ હતી. આંગળીએ પકડી રાખેલો બાર-તેર વર્ષનો પુત્ર સુયશ હજુ સ્તબ્ધ હતો. તેની સમજમાં કંઈક-કંઈક આવતું હશે અને કંઈક નહિ પણ સમજાયું હોય.

વૈશાલી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પહેલાં તો તે ભડકી ઊઠી હતી. થોડી વાર પછી બોલી હતી કે "તમે મારા વિશે શું છાપશો? અને છાપામાં છાપીનેય શું કરશો? ખુલ્લી કિતાબ જેવી મારી જિંદગી છે. હંમેશાં મારો ફૂલ ચૂંટવાનો સ્વભાવ રહ્યો છે. સુવાસ ફેલાવવાનું મને ગમે પણ નસીબમાં મને કાંટા જ મળ્યા છે. એટલે તો બીજા પતિ સામે પણ કેસ કરવાની નોબત આવી."

ભડકેલી વૈશાલી પોતાની ગઈ ગુજરીનો ચિતાર આપતી વેળા હવે ભાવુક બનીને વાત કરી રહી છેઃ "ભટ્ટ મેવાડા બ્રાહ્મણ પરિવારમાંથી હું આવું છું. હું વીસ વર્ષની હતી ત્યારે મારાં લગ્ન બાજખેડાવાળ બ્રાહ્મણ પરિવારના ગૌરવ જોશી સાથે શાસ્ત્રોક્ત વિધિવિધાન અનુસાર કરાવવામાં આવ્યાં હતાં. પરણીને હું મારા સાસરે ઉમરેઠ રહેવા આવી હતી. મા-બાપનું યાને પિયરનું ઘર શહેરમાં હોવાથી ગામડામાં સેટ થતાં વાર તો લાગે જ. છતાં મેં પડ્યું પાનું નભાવી લીધું હતું. લગ્ન મા-બાપની મરજી પ્રમાણે કર્યાં હતાં અને લગ્ન પહેલાં જ મને ખબર હતી કે જિંદગી ગામડામાં જ કાઢવાની છે. લગ્નને એક વર્ષ થયું અને દીકરાને મેં જન્મ આપ્યો. તેનું નામ સુયશ રાખ્યું. જોકે લગ્ન પછી મારા પતિએ પોત પ્રકાશ્યું હતું. પથારીમાં સૂતા હોય ત્યારે મોંમાંથી કંઈક અજબની વાસ આવતી. એ વાસ પછી તો રોજિંદી બની ગઈ. હવે ખબર પડી હતી કે તે દારૂ પીવાની ટેવવાળો હતો. રાતે તો ઠીક, હવે તે દિવસે પણ પીવા લાગ્યો હતો. સંયુક્ત કુટુંબની આવકનું સાધન એકમાત્ર કરિયાણાની દુકાન હતી. ગૌરવે હવે મારઝૂડ પણ કરવા માંડી હતી."

વૈશાલીની આંખોની શૂન્યતા પણ બોલકી હતી. તે કહેતી ગઈ: "શરૂઆતનાં બે વર્ષ તો બધો ત્રાસ ચૂપચાપ સહી લીધો હતો. સાસરિયે કોઈને ફરિયાદ કરી નહોતી કે મા-બાપને પણ કશી વાત કરી નહોતી. જ્યારે સહનશીલતાની હદ આવી ગઈ ત્યારે હું દીકરા સુયશને લઈને પિયર આવી ગઈ. મેં છૂટાછેડા લઈ લીધા હતા. દીકરાની જવાબદારી મેં જ સામેથી સ્વીકારી હતી. બીજાં લગ્ન કરવાની મારી સંમતિ પછી જ મા-બાપ પાત્ર શોધવા લાગ્યા હતા અને મૅરેજ બ્યુરોમાં પણ નામ લખાવ્યું હતું. એમાંથી જ આ કેતન ભટકાયો હતો."

સુંદર ચહેરા પાછળ તેની વેદના પણ વાંચી શકાતી હતી. છૂટાછેડા અને કેતન સાથેનાં બીજાં લગ્ન વચ્ચે ચાર વર્ષનો ગાળો પસાર થઈ ગયો હતો. કેતન પણ ડાયવૉર્સી હતો. તેનાં મા-બાપ ગામડે રહેતાં હતાં. કેતન મોટાભાઈ કમલ અને ભાભી પ્રતિમા સાથે રહેતો હતો. બેઉ ભાઈ ડેરી પ્રૉડક્ટની દુકાનનો કારોબાર સંભાળતા હતા. ભાભી ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતાં હતાં. કેતનને પહેલા લગ્નથી કોઈ સંતાન નહોતું અને સુયશની જવાબદારી હવે વૈશાલીનાં મા-બાપે સંભાળી હતી. કેતનનાં પહેલાં લગ્ન તેની જ્ઞાતિની જ કન્યા પારુશ્રી સાથે થયાં હતાં. છૂટાછેડાનું કારણ કેતનના કહેવા પ્રમાણે પારુશ્રીનું અન્ય યુવાન સાથે અફેર હતું.

વૈશાલીએ પતિ તથા જેઠ-જેઠાણીના સંયુક્ત પરિવારમાં રહેવાનું શરૂ કર્યું હતું. બધું બરાબર ચાલી રહ્યું હતું. એક દિવસ વૈશાલી મોડી રાતે ઊંઘ ઊડી જતાં જાગી ગઈ અને તેની ખરેખર ઊંઘ ઊડી ગઈ હતી. પથારીમાં પડખું ફરીને જોયું તો કેતન પથારીમાં નહોતો. જેઠ કમલભાઈ

તો ગામડે ગયા હતા. આથી વૈશાલીએ ભાભીને કેતન ગુમ હોવાની જાણ કરવાનું વિચાર્યું હતું. જેવી વૈશાલી પ્રતિમાભાભીના બેડરૂમ પાસે ગઈ કે તેને કંઈક ગુસપુસ સંભળાતી હતી. વૈશાલીને નવાઈ લાગી. બેડરૂમનો દરવાજો અધખુલ્લો હતો. તેણે દિયર-ભાભીને અજુકતી હાલતમાં જોઈ લીધાં હતાં. કેતન અને પ્રતિમા ઘરમાં આમ તો અવારનવાર મસ્તી-મજાક અને હાથતાળી આપવા-લેવા જેવી ચેષ્ટા અને અડપલાં પણ કરી લેતાં. એ વખતે વૈશાલી દિયર-ભાભી વચ્ચેના સહજ અને નિર્દોષ સંબંધ સમજીને બધું સ્વાભાવિક હોવાનું સમજતી હતી પણ અત્યારે તો?

વૈશાલીના મોંમાંથી રાડ નીકળી ગઈઃ "આ શું માંડ્યું છે દિયર-ભોજાઈએ? આવવા દો, મોટાભાઈને. હું બધું જ કહી દઈશ."

એટલામાં તો દિયર-ભાભી એકઅવાજે બોલ્યાં કે "જા, જા હવે. તું શું કહેવાની હતી? એ બધું જ જાણે છે."

વૈશાલી તો આ સાંભળીને અવાક્ રહી ગઈ હતી. તેને તો કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ બની ગઈ હતી. એક દિવસ તો જેઠ-જેઠાણી કમલ અને પ્રતિમા વૈશાલીને ખેંચીને કિચનમાં લઈ ગયાં હતાં અને બેઉએ પકડી રાખી હતી ત્યારે પતિ કેતને પત્ની ઉપર કેરોસીન ભરેલો કેરબો જ ઠાલવી દીધો હતો. દીવાસળી ચાંપવાની જ વાર હતી અને ખેલ ખલ્લાસ થઈ જવાનો હતો. મોત આંખના પલકારા જેટલું દૂર હતું અને શ્વાસના ધબકારા અચાનક બંધ થઈ જવાની તૈયારીમાં હતા. કોણ જાણે કેમ અચાનક જ ત્રણેયનું મન કદાચ બદલાઈ ગયું હતું કે જીવતે જીવ

સળગાવીને નાહકનું જોખમ શા માટે લેવું?
વૈશાલી હવે બંડ પોકારવા માટે મન મક્કમ બનાવી ચૂકી હતી. કેરોસીનથી પલળેલી હાલતમાં જ તે કિચનમાંથી દોડીને ઘરની બહાર જતી રહી હતી અને ઑટોરિક્ષા કરીને સીધી જ પોલીસ સ્ટેશન પહોંચી ગઈ હતી. પતિ અને જેઠ-જેઠાણીને તો શું બની રહ્યું છે, એની સમજ પડે એ પહેલાં તો પોલીસની મોબાઇલવાન ઘરે આવી પહોંચી હતી અને ત્રણેયની ધરપકડ કરી લેવામાં આવી હતી. વૈશાલીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે પતિ તથા જેઠ-જેઠાણી સામે (1) ઈપીકોની કલમ-498 (ક) (પતિ અને સાસરિયાં દ્વારા શારીરિક-માનસિક ત્રાસ), (2) કલમ-323 (સ્વેચ્છાપૂર્વક હત્યા કરવા માટે, મારી નાખવા માટેની ધમકી), (3) કલમ-114 (ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ 3 અને 7 મુજબની એમ બે એફ.આઈ.આર. નોંધી હતી. 24 કલાક કસ્ટડીમાં રહેવાના કારણે અને ફોજદારી કેસ હોવાના કારણે પ્રતિમાને તો સરકારી નોકરીમાંથી સસ્પેન્ડ પણ કરવામાં આવી હતી.
વૈશાલી પોતાની વીતકકથા આગળ કહે છે: “હું માથું મારીને એ ઘરમાં રહું છું. રૂમ અને રસોડું મળીને મકાનનો એટલો ભાગ હું વાપરું છું. મને એ માટે કોર્ટે મંજૂરી આપી છે. ફૅમિલી કોર્ટે મને દર મહિને ભરણપોષણની રકમ પણ બાંધી આપી છે. જોકે મારા દીકરાને ભરણપોષણ મળે એવી દાદ અદાલતે રદ કરેલી છે. કેમ કે કેતને કોર્ટમાં કરેલી દલીલ અનુસાર સુયશનો પિતા તે નથી યાને સુયશ કેતનનો બાયોલૉજિકલ સન નથી. ઘરે મારા કોઈ ફ્રેન્ડ આવે તો કેતન એવું કહે કે સમાજમાં બદનામી

થાય છે. હું ઘરમાં બ્યુટીપાર્લર ચલાવું છું અને એક બ્યૂટીપાર્લરમાં પાર્ટ ટાઇમ જૉબ પણ કરું છું, તો એ લોકો આબરૂની વાત કરે છે પણ મને વશ કરવા જેઠના નિષ્ફળ પ્રયાસો અને દિયર-ભાભીના સંબંધોથી સમાજમાં આબરૂ જતી નહોતી?"

બીજી તરફ કેતનનું કહેવું હતું કે "વૈશાલી બેવફા જ નહિ, બેકાબૂ પણ બની ગઈ છે. અમારા મકાનનો અડધો ભાગ પચાવી પાડ્યો છે અને ઘરમાં અજાણ્યા પુરુષોની આવનજાવન પણ ખરી. ભાભી સાથેના સંબંધમાં પણ તેણે જ રજનું ગજ કર્યું હતું. કિચનમાં જઈને પોતાની જાતે જ શરીર ઉપર કેરોસીન રેડીને પોલીસસ્ટેશન પહોંચીને અમને લોકોને ફસાવી દેવાનો આખો પ્લાન તેનો જ હતો. તે પોતાના મનસૂબામાં કામયાબ રહી અને અમને ત્રણેયને ફિટ કરાવીને જ રહી. કાયદો કાયદાનું કામ કરે છે. ભાભીની નોકરી ચાલી ગઈ છે. કોર્ટ કેસોથી મારા અને ભાઈના ધંધા ઉપર પણ અસર પડી જ છે. વૈશાલી પ્રૉફેશનલ કૉલગર્લ બની ગઈ છે. એક ફ્લૅટ, કાર, એક્ટિવા સ્કૂટર અને બે-બે મોબાઇલ છે. આમ છતાં મારા ભાગે ભરણપોષણ કરવાનું આવ્યું છે. વૈશાલી પગભર છે છતાં તેની આવક, સૉર્સ ઑફ ઇન્કમ હું ફૅમિલી કોર્ટમાં સાબિત કઈ રીતે કરી શકું? વૈશાલીનાં મા-બાપને પણ રૂપિયામાં રસ છે, સમાધાન કે ઉકેલમાં નહિ."

કેતનનો પસ્તાવો સાચો કે વૈશાલીની વ્યથા-વેદના? હકીકત તો એ હતી કે કેતન હવે છૂટાછેડા માગવાની સ્થિતિમાં પણ નહોતો. કેમ કે વૈશાલી દહેજ પ્રતિબંધક ધારા અને ભરણપોષણ કેસ કરી ચૂકી હતી. બેઉ કદાચ જુદા પ્રકારની આગમાં શેકાઈ રહ્યાં હતાં. કેતને કોર્ટની મુદતના

ચક્કર અને ટૅન્શનમાં જીવવાનું આવ્યું છે તો વૈશાલીએ રોજેરોજ શમા જલાવીને પરવાનાનો ઇન્તજાર કરવાનું નસીબે લખાઈ ગયું છે.
(“સંદેશ” 1996)

મા-બાપની આંગળી કોણ પકડે?

“ચલતે હૈ વો ભી હમસે તેવર બદલ બદલ કે, જિનકો શીખાયા હમને ચલના સંભલ સંભલકે...” બરાબર આ ગઝલપંક્તિ જેવા હાલ 75 વર્ષના અમૃતલાલના છે. ઉંમરનું અમૃતવર્ષ, પણ જીવતર ઝેર જેવું. આંગળી પકડીને ચાલતા શિખવાડ્યું એ દીકરાઓ આજે બાપનો હાથ ઝાલવાય તૈયાર નથી. પડ્યો બોલ ઝીલી લઈને જેમને પ્યાર-દુલાર આપ્યો એ દીકરાઓ હવે બાપની સામે જોવા પણ માગતા નથી. આ ઉંમરે અમૃતલાલને રોટલો અને ઓટલો જાતે જ શોધી લેવાનો વારો આવ્યો છે. શરીર કૃશકાય છતાં સ્વસ્થ. મનોબળ મજબૂત. કમરની ઉપરના ભાગેથી સહેજ વળેલા. મોંમાં દાંત ઓછા એટલે બોલે ત્યારે ક્યારેક જીભ લોચા વાળે.

સાચું નામ આપવાની ના પાડતા અમૃતલાલ કહે છે કે “મારું સાચું નામ જાહેર થાય ત્યારે મારી તો ઠીક મારા દીકરાઓની આબરૂ જાય, એવું મારે કરવું નથી. મારી વ્યથા-કથાની વાત એટલા માટે કરું છું કે મારી કથા જાણ્યા પછી જુવાન દીકરાઓ ઉપર આંધળો વિશ્વાસ મૂકનારા મા-બાપ, એમાંય બાપ તો ખાસ ચેતી જાય. કારણ કે દરેક માને દીકરા તો વહાલા જ લાગવાના. કોઈ બાપ માટે દીકરા અળખામણા ન હોઈ શકે. લાડકોડમાં મા-બાપ જ્યારે પોતાનું સર્વસ્વ, મિલકત, રૂપિયા વગેરે દીકરાઓને આપી દે છે એ પછી માવતરને મોં સંતાડીને રડવાનો વારો આવતો હોય છે. બધા દીકરા કંઈ શ્રવણ હોતા નથી.”

જુવાનીમાં કપરો સંઘર્ષ કરીને અમૃતલાલ બે પાંદડે થયા હતા. લેથ મશીનના કારીગર તરીકે કામ શરૂ કર્યું હતું. કોઠાસૂઝ અને આવડતના

બળ ઉપર થોડાં વર્ષોમાં તો પોતાની માલિકીનું કારખાનું પણ નાખ્યું હતું. લગ્ન પછી ઝટ પારણું બંધાયું નહોતું. કંઈ કેટલીય બાધા-આખડીઓ રાખી ત્યારે દીકરાનો જન્મ થયો હતો. પહેલા દીકરાનું નામ મોહન પાડ્યું હતું. શાંતાબહેનને પછી તો બીજી અને ત્રીજી પ્રસૂતિએ પણ દીકરા જ જન્મ્યા હતા. બીજા અને ત્રીજાનું નામ કિસન અને રણછોડ રાખ્યું હતું.
ત્રણેય દીકરાને ભણાવ્યા-ગણાવ્યા અને પરણાવીને ઠેકાણે પાડ્યા હતા. એક કારખાનું હતું તેમ છતાં પોતાની બધી બચત, જમા પૂંજી દાવ ઉપર લગાવીને અમૃતલાલે બીજાં બે કારખાનાં પણ ખોલ્યાં હતાં. આમ તેમણે દરેક દીકરાને કારખાનાનો સ્વતંત્ર કારોબાર સોંપ્યો હતો અને પગભર બનાવ્યા હતા. જોકે ઢળતી ઉંમરે તેમના માટે સુખ નામનો પ્રદેશ હજુ જોજનો દૂર જ હતો.
અમૃતલાલે સપનાનાં વાવેતર કરીને ત્રણ માળનો બંગલો બનાવ્યો હતો. ત્રણ દીકરા અલગ-અલગ માળે જુદા છતાં એક જ બંગલામાં રહેતા હતા. ત્રણ માળ, ત્રણ ભાગ અને ત્રણ કારખાનાં. આમ છતાં ત્રણેય દીકરા-વહુ મા-બાપને હડસેલા મારતાં ને મહેણાં મારતાં કે “કામધંધો કંઈ કરવો નથી ને મફતના રોટલા તોડો છો. ખાટલેથી પાટલે ક્યાં સુધી? કંઈક લાજ-શરમ છે કે નહિ?” મોટી વહુ તો એક વાર બોલી હતી કે “મૂઆં, તમને બેઉને મોતેય આવતું નથી?”
– અને અમૃતલાલ તથા શાંતાબહેન સમસમીને બેસી ગયાં હતાં. બેઉને એકસાથે મરી જવાના જ વિચારો આવી ગયા હતા. સમી સાંજે તો ઘરમાં કોઈને જાણ કર્યા વિના તેઓ નજીકનાં સગાંને ત્યાં રહેવા જતા રહ્યા

હતા. શાંતાબહેન માટે આવો આઘાત વસમો હતો. ત્રીજા દિવસે તો તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને ચોથા દિવસે તો તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અમૃતલાલ એકલા પડી ગયા હતા. તેમના માટે ખરાબ દિવસો તો હવે જ શરૂ થયા હતા.
પારકા ઘરે કેટલા દિવસો રહેવું? જ્યાં આશરો લીધો હતો ત્યાં ત્રણેય દીકરા બાપને પોતાના ઘરે લઈ જવા આવ્યા હતા. વાસ્તવમાં તો આ દેખાવ જ હતો. ઘરે પહોંચતાં જ હાથમાં ફાઈલ અને કાગળો સાથે ત્રણેય દીકરા અમૃતલાલના માથે ઊભા રહી ગયા હતા કે સહી કરી આપો. અમૃતલાલ દુઃખના ઓછાયામાંથી હજુ બહાર આવ્યા નહોતા. છતાં એક ડૂસકું મૂક્યું અને ઢીલા હાથે આંખો મીંચીને સહીઓ કરી આપી હતી. તેઓ એ વાતથી બેખબર નહોતા કે પોતે ક્યાં સહીઓ કરી રહ્યા છે અને શેના કાગળો છે.
ત્રણ કારખાનાં, ફૅક્ટરીના ત્રણ દસ્તાવેજો ત્રણ દીકરાના નામે થઈ ગયા. બંગલો પણ ત્રણ દીકરાના સંયુક્ત નામે ટ્રાન્સફર થઈ ગયો. હવે બાપનું કોઈ કામ નહોતું, કોઈ ગરજ નહોતી. એક અંધારી રાતે દીકરાઓએ ઝઘડો કર્યો અને બાપને ઘરમાંથી કાઢી મૂક્યા. અમૃતલાલ માટે આ ઘડી અમૃતની નહિ, ઝેર જેવી હતી. સગાં-વહાલાંને ઘરે આશ્રય લઈને દીકરાઓની આબરૂને ડાઘ લગાડવાના બદલે તેમણે એક મંદિરનો ઓટલો પસંદ કર્યો. શિવમંદિરની જગ્યાનો મહંત જુવાન અને પરગજુ હતો. તેણે પાંચ ફૂટની પથારીનો પ્રબંધ કરી આપ્યો હતો. દીકરાઓના રસોડે પકવાન પીરસાતા હોય અને અહીં બાપ સદાવ્રતની પંગતમાં બેસીને

પેટનો ખાડો ભરે છે.

અમૃતલાલ કહે છે કે “જમવાની પંગતમાં મારું મોં એટલા માટે કપડાથી ઢાંકેલું રાખું છું, કેમ કે આવતા-જતા લોકોમાંથી જો કોઈ મને ઓળખી કાઢે તો મારી તો ઠીક, મારા દીકરાઓની આબરૂનું શું?”

“– તો પછી તમે ભરણપોષણની રકમ મેળવવા માટે ત્રણેય દીકરા સામે આ ફૅમિલી કોર્ટમાં દાવો કેમ કર્યો?”

આ સવાલના જવાબમાં મૂંઝાયેલા અમૃતલાલ કહે છે કે “હાથખર્ચીની રકમ પેલો બિચારો મહંત ક્યાં સુધી આપે? એટલે જ મેં મારી સૂઝબૂઝથી અહીં દાવો કર્યો. મંદિરે આવતા એક વકીલે મને આ માટે મદદ કરી. કોર્ટે દર મહિને એક દીકરાને પાંચસો પ્રમાણે કુલ રૂપિયા પંદર સો ચૂકવી આપવા હુકમ તો કર્યો છે પણ એ વાતનેય છ મહિના થયા. દીકરાઓ ફૂટી કોડી ચૂકવતા નથી. મેં કોર્ટને કીધું કે આમ કેમ ચાલે? આથી વકીલના કહેવા પ્રમાણે કોર્ટ હવે દીકરાઓ સામે પકડવૉરન્ટ કાઢવાની છે. ભલે ધરપકડ દીકરાઓની થાય; પરંતુ બદનામી તો અમારી જ થવાની ને? આથી મેં કેસ પાછો ખેંચી લેવા કોર્ટમાં અરજી આપી છે. મારે દીકરાઓ પાસે કશું જોઈતું નથી. બસ, એક વાર મોત મળી જાય તો સારું.”

અમૃતલાલની સૂકી આંખો આકાશ તરફ મીટ માંડી રહે છે.

(“મુંબઈ સમાચાર” 2013)

'મારું નામ, સ્મિતા!'

"સાહેબ, મારું નામ સ્મિતા. મને રમેશભાઈએ આપની પાસે મોકલી છે." આગંતુક યુવતી વકીલ યુવાનના ચહેરા સામે તાકી રહી.

"શું કહ્યું?" વકીલે યુવતી ઉપર નજર ઠેરવતાં પૂછ્યું.

"તમે જ ઍડ્વોકેટ કિશોર પાટડિયા ને? મારું નામ સ્મિતા કિનખાબવાલા. તમારા જૂના પડોશી રમેશભાઈ આહલપરાએ મને તમારા નામની ભલામણ કરી હતી. તેઓ મારા પપ્પાના મિત્ર છે." યુવતીએ કહ્યું.

"હા, હા. આવો. અહીં બેસો. બોલો, કેમ આવવું પડ્યું?" વકીલે પ્રતિભાવ આપતાં કહ્યું.

"મારે પતિ સાથે ડિવૉર્સ લેવાના છે..." સ્મિતાએ ગભરાતા – શરમાતા કહ્યું.

"એટલે કે તમે કેસ મૂકેલો છે કે પછી નવેસરથી કેસ મૂકવાનો છે?"

"ના, કેસ મૂકવાનો છે એટલે જ તો હું તમારી પાસે આવી છું."

"ઓકે. તમારી ફૅમિલી હિસ્ટ્રી, બેકગ્રાઉન્ડ... તમારા પતિ સાથેના પ્રૉબ્લેમની વાત કરો."

"પણ, અહીં આમ જાહેરમાં?"

"ઓકે. નૉ પ્રૉબ્લેમ. તમે એક કામ કરો. આજે સાંજે સાત વાગ્યા પછી મારી ઑફિસે આવી જાઓ, ત્યાં તમને પ્રાઇવસી પણ મળશે અને તમે નિરાંતે વાત પણ કરી શકશો. જો કોઈ વાત કહી શકો એમ ન હોય તો લખીને લેતાં આવશો તોપણ ચાલશે. આ મારું વિઝિટિંગ કાર્ડ

છે. એમાં એડ્રેસ અને ફોન નંબરો લખેલા છે.”
“પણ, સાહેબ... ફીનું શું?”
“જુઓ મેડમ, ફીની રકમ નક્કી થાય એ તમારે એકસાથે કે પછી બે-ચાર ટુકડે આપવાની રહેશે. અથવા દર મુદતે થોડી-થોડી રકમ આપવી પડશે. પણ તમે ફીની ચિંતા કેમ કરો છો? સાંજે ઑફિસે આવો, પછી નિરાંતે વાત કરીશું.” વકીલે સ્મિતાને મદદરૂપ થવાના આશયે કહ્યું. બાવીસ વર્ષની સ્મિતાની પોતાનાથી ઉંમરમાં ચારેક વર્ષ મોટા વકીલ કિશોર સાથેની આ પહેલી મુલાકાત. એ જ દિવસે સાંજે જ્યારે કિશોરની ઑફિસે સ્મિતા ગઈ ત્યારે પોતાની કરમ કહાણી કહેતાં-કહેતાં તો તે રડી પડી હતી. તેને દિલાસો આપવા કિશોર તેની નજીક આવ્યો હતો અને દિવસે-દિવસે વધુ નજીક આવતો ગયો હતો.
કિશોરે કોર્ટમાં સ્મિતા વતી તેના પતિ સામે જુદા-જુદા કેસ મૂકી આપ્યા હતા. ફૅમિલી કોર્ટમાં ભરણપોષણ અને ડિવૉર્સ માટેનો કેસ તથા ક્રિમિનલ કોર્ટમાં શારીરિક–માનસિક અત્યાચારનો કેસ પણ ખરો. જુદા- જુદા કેસના કારણે સ્મિતા ને કિશોરની મુલાકાતો વધતી ગઈ. કિશોર તો રવિવારે પણ કેસની ચર્ચા કરવાની છે, એમ કહીને સ્મિતાને પોતાની ઑફિસ બોલાવતો.
સ્મિતા કહે છે કે “વાત આગળ વધતી ગઈ. અમે એકબીજા પ્રત્યે વિશેષ લાગણી અનુભવતાં હોય એમ લાગતું. કદાચ એ સમય મારા માટે નાજુક હતો અને કિશોર મને સાચવી લેતો હતો. અમારી વચ્ચે એકરાર વિનાનો પ્રેમ અને નામ વિનાનો સંબંધ બંધાઈ ગયો હતો. એક

તરફ મુદતોના અંતે મને ડિવૉર્સ મળી ગયા હતા, તો બીજી તરફ કિશોર સાથેના સંબંધથી હું પ્રેગનન્ટ બની ગઈ હતી.”
સ્મિતાની આંખોમાં લાલાશ તગતગી આવે છે. એ બોલતી જાય છે: “કોર્ટ કૅમ્પસમાં ઍડ્વોકેટ કિશોર પાટડિયાની બેઠક પરની ઊઠકબેઠકે મને ચર્ચામાં તો લાવી જ દીધી હતી. હું બ્યુટિફુલ છું એમ કહેવાનો મારો આશય બિલકુલ નથી, પરંતુ કોર્ટ-કૅમ્પસમાં વકીલના ટેબલ પર નિયમિત આવીને લાંબો સમય બેસી રહેતી કોઈ પણ યુવતી ચર્ચાનો વિષય ન બને તો જ નવાઈ. થેન્ક ગૉડ કે કિશોરે મને અપનાવી લીધી અને મારી સાથે પ્રેમલગ્ન પણ કરી લીધાં હતાં. એ વખતે મારી પ્રેગનન્સીનો બીજો મહિનો હતો.”
સમય જતા સ્મિતાનો બીજો પતિ કિશોર પોતાના રોજબરોજના કામકાજમાં તેને સહયોગી બનાવીને બધું કામકાજ પણ શીખવતો ગયો. આમેય કોર્ટ-કેસોના ચક્કર અને કોર્ટની નિયમિત મુલાકાત લેવાથી તેનું માનસ ઘડાતું ગયું હતું. આથી તેને એલએલ.બી. કરવું પણ કોઈ ભારરૂપ લાગ્યું નહોતું. કિશોરના પ્રોત્સાહનથી હવે સ્મિતા પણ કોર્ટમાં વકીલના ટેબલ પર બેસવા માંડી હતી.
કિશોરની વકીલાત તો ઠીક-ઠીક ચાલતી જ હતી પણ સ્મિતાના રોજ આવવાથી પ્રેક્ટિસમાં ફરક જરૂર પડ્યો હતો. હવે કિશોરને કેસો વધારે મળવા લાગ્યા હતા. સ્મિતા પણ હવે તો અદાલતખંડમાં જજ સમક્ષ પેશ થઈને પોતાના અસીલો વતી દાવા-દલીલ, રજૂઆતો કરવા માંડી હતી. દીવાની મુકદ્દમા, સમરી દાવાઓ, પરચૂરણ અરજીઓ એમ ક્રમશઃ સ્મિતાને

કોર્ટ કેસોમાં પકડ આવતી જતી હતી.
ક્યારેક કોઈ-કોઈ જજ સ્મિતાને કેસની ચર્ચા માટે ચેમ્બરમાં પણ બોલાવતા. સ્મિતાને એવી મુલાકાતોનો ગર્વ પણ થતો કે પોતાને જજીસ આ રીતે આદર આપી રહ્યા છે. જોકે કિશોરને આ વાતની સ્વાભાવિકપણે જ ઈર્ષા થતી અને તે ક્યારેક જેમ-તેમ બોલી પણ નાખતો. રિસેસ વખતે ટી-ટાઇમમાં સ્મિતાને કોઈ જજની ચેમ્બરમાં ચા પીવાનું આમંત્રણ પણ મળતું.
કિશોરે સ્મિતાની આ વાતનો રસ્તો પણ કાઢ્યો હતો. તેણે એક વાર કહ્યું હતું કે "સ્મિતા, તારે આ શેખ સાહેબ અને પ્રજાપતિ સાહેબ સાથે સારું બને છે તો એમની કોર્ટમાં આપણા ક્લાયન્ટની જે બે મેટર પેન્ડિંગ છે તેનો નિકાલ કરાવવા દબાણ કર ને? જો કેસનું જજમેન્ટ ફેવરેબલ હોય તો આપણને અને આપણા ક્લાયન્ટને પણ ફાયદો થાય ને."
સ્મિતાએ વિચાર્યું કે કિશોર સાથે ભાડાના મકાનમાં રહીએ છીએ ત્યારે જો પોતાનો ફ્લૅટ બનાવવો હોય તો આ રસ્તો કંઈ ખોટો તો નથી જ. દીકરીને જન્મ આપ્યો હતો એ પણ હવે તો ચાર વર્ષની થવા આવી હતી. ઘર-પરિવારની જવાબદારી અને ખર્ચા વધતા જતા હતા. મોંઘવારીનો માર પણ વધતો જતો હતો. આમ સમય અને સંજોગોને આધીન સ્મિતાએ સમાધાન સ્વીકારી લીધું હતું.
તેણે કાનૂની સેવા સત્તામંડળની મફત કાનૂની સેવાઓ અને સલાહ તથા સહાય આપવાની કામગીરી પણ જજીસના કહેવાથી અપનાવી હતી. લોકઅદાલતો અને કાનૂની શિબિરોનાં આયોજનોમાં તે જજીસ અને અન્ય સ્ટાફ સાથે સેવાઓ આપવા લાગી હતી. મફત કાનૂની સેવાઓ અને શિબિર

વગેરેનું આયોજન શનિવાર, રવિવારની રજાઓમાં જ કરવામાં આવતું. આ માટે તેને જજ સાહેબ સાથે બહારગામ પણ જવાનું થતું. ઘરે ચાર વર્ષની સલોની એકલી પડી જાય તો કિશોર દીકરીને સાચવી લેવાની મદદ કરીને પણ સ્મિતાને પ્રોત્સાહન આપતો.

સમય જતાં કોર્ટ પ્રેક્ટિસનું કામકાજ વધી જતાં સ્મિતાએ હવે કામકાજમાં મદદરૂપ થાય એ માટે લેડી ઍડ્વોકેટ મોહિની શાહને માસિક પગારથી રાખી લીધી હતી. મોહિનીને કોર્ટના કામકાજનો અનુભવ પણ હતો આથી કિશોર અને સ્મિતાના કેસોની બ્રિફ તે આસાનીથી સંભાળી શકતી હતી. કિશોર અને સ્મિતાએ હવે પોતાની માલિકીનો ફ્લૅટ પણ ખરીદી લીધો હતો અને ફ્લૅટના એક ભાગમાં જ ઑફિસ પણ બનાવી હતી.

મોહિની દરરોજ સાંજે ઑફિસકામ હેતુ કિશોર અને સ્મિતાના ઘરે પણ આવતી હતી. સ્મિતા હવે તો વકીલ મંડળના ઈલેક્શનમાં લેડિઝ રિપ્રેઝન્ટેટિવ તરીકે પણ ચૂંટાઈ આવી હતી.

સ્મિતાને હવે નૉટરી બનવું હતું. તેણે પ્રજાપતિ સાહેબને વાત કરી. તેમણે કહ્યું કે “એ માટે માત્ર જ્યુડિશિયરી બેકિંગ જ નહિ, પૉલિટિકલ બેકિંગ પણ જોઈએ. દિલ્હીમાં મારા કૉન્ટેક્ટમાં એક સાહેબ છે. એમને મળવા તારે દિલ્હી જવું પડે. એક દિવસમાં કામ થઈ જશે એવું નહિ. કદાચ થોડા દિવસ રહેવું પડે અને તેમનો વિશ્વાસ જીતવો પડે.”

સ્મિતા નૉટરી તો બની ગઈ પણ તેનું કામકાજ કિશોર કરતાં પણ વધી ગયું. ઘર સાચવવા કે સલોનીની સંભાળ માટે તે પૂરતો સમય આપી શકતી નહોતી. મોહિની શાહની ઘરે આવનજાવન વધવાથી તે સલોની

સાથે વધારે હળીમળી ગઈ હતી. સ્મિતા કરિઅરની ચિંતામાં દોડધામ કરતી રહેતી અને બીજી તરફ કિશોર અને મોહિની એકબીજાની નજીક આવી ગયાં હતાં.
પોતાના સ્થાનિક વિસ્તારમાં શાંતિ સમિતિમાં પણ સ્મિતાને હવે તો સ્થાન મળ્યું હતું. આથી વિસ્તારમાં પણ તે લોકોના સમાજસેવાનાં કામો કરવા લાગી હતી. સાથે-સાથે પ્રજાના કામે પોલીસસ્ટેશનની મુલાકાતો પણ વધતી હતી. સ્મિતાની કરિઅરની પ્રગતિ પતિ કિશોર સાથે ગૃહકલેશ અને અણબનાવનું નિમિત્ત બનતી હતી. ઝઘડા વધતા જતા હતા. એક દિવસે કિશોરે સ્મિતાને ઘરમાંથી કાઢી મૂકી.
જિંદગીની રમતના પાસાં પળે-પળે બદલાતાં જતાં હતાં. કિશોરે હવે મોહિની સાથે લિવ-ઈન રિલેશનશીપમાં રહેવાનું શરૂ કર્યું હતું. નસીબનું ચક્કર ફરીને સ્મિતા માટે એ જ પરિસ્થિતિના વળાંક ઉપર લાવીને ઊભી રાખી દે છે, જે સંજોગોમાં ઍડ્વોકેટ કિશોર સાથે પ્રથમ વાર પરિચય થયો હતો. હવે તો સ્મિતા ખુદ ઍડ્વોકેટ બની ગઈ હોવાથી બીજા પતિ કિશોર સામે એક પછી એક કોર્ટકેસ કર્યા. પોતાની માલિકીના ફ્લૅટનો કબજો મેળવવાનો કેસ, પોતાની દીકરી સલોનીનો કબજો મેળવવાનો કેસ, પતિ સામે ભરણપોષણનો કેસ, પતિના શારીરિક–માનસિક અત્યાચારનો કેસ. કેસ ઉપર કેસ અને મુદતો ઉપર મુદતો. ‘પ્યાર મેં ટ્વિસ્ટ’ કદાચ આનું જ નામ.
(“લોકસત્તા-જનસત્તા” 2003)

“મિસ યુ, પ્રેમલ...”

હેતા શૉપિંગ કરીને ઘરે આવી કે તરત પોતાની ખુશી દીદી સાથે શૅર કરતાં કહ્યું: “જો, કાવ્યા... હું મારા માટે આ નવો ડ્રેસ લાવી.”

કાવ્યાએ પૅકિંગ ખોલ્યું અને જોતાં જ બોલી ઊઠી: “અરે! વાહ... મસ્ત છે. ક્યાંથી લીધો?”

હેતાએ દીદીના ચહેરા ઉપરની ખુશી વાંચતા જવાબ આપ્યો: “સી.જી. રોડના ‘સંસ્કૃતિ’ સ્ટોરમાંથી...”

કાવ્યાએ હક્કથી કહ્યું કે “વાઉ... આ ડ્રેસ તો હું જ રાખી લઉં છું. તું બીજો લઈ આવજે! તને યાદ છે? તું નાની હતી ત્યારે પણ તારો ડ્રેસ હું રાખી લેતી. જોકે સાઇઝ પ્રૉબ્લેમ થતો પણ આજે તો આપણી બે’યની સાઇઝ સરખી હોવાથી એકબીજાના ડ્રેસ થઈ રહે છે.”

પિન્કી બોલવા માગતી હતી કે “મમ્મી, તું જાતે પણ શૉપિંગ કરતી હોય છે અને પપ્પા પણ તને અપાવતા હોય છે. જ્યારે હેતા માસીને કોણ લાવી આપે? એમને આપણે લાવી ના આપીએ તો કમ સે કમ લઈ તો ના લઈએ...”

જોકે હેતાએ સ્માઇલી ફેસ સાથે કહેલું; “ઓકે! નૉ પ્રૉબ્લેમ...”

– અને તેની મૅમરી રિવાઇન્ડ થઈ ગઈ. દિવાળીના દિવસો હતા.મહેશચંદ્ર પંચાસરા ત્રણે’ય દીકરી અને દીકરા માટે નવાં કપડાં લઈને ઘેર આવેલા.

નવાં કપડાં જોતાંની સાથે જ પાંચ વર્ષની કાવ્યાએ જીદ કરેલી કે “પપ્પા, મારો ડ્રેસ તો સરસ જ છે પણ હેતા માટેનો ડ્રેસ પણ મને

ગમી ગયો છે, એનો ડ્રેસ પણ મને આપી દો."
પપ્પાએ સાત વર્ષની હેતાને સમજાવેલી અને હેતાએ નાની બહેનની જીદ આગળ નમતું મૂકેલું અને સ્માઇલી ફેસ સાથે બોલેલી: "ભલે..."
છેલ્લી ઘડીએ નવો ડ્રેસ લાવવો શક્ય નહોતો. કેમ કે દિવાળીની રજાઓને લઈને બજારો બંધ થઈ ગયાં હતાં અને બેસતા વર્ષે હેતાએ જૂના ડ્રેસથી જ ચલાવી લેવું પડેલું.
આજે આંબા અને કેરીઓ જોઈને હેતાને પરમેશ્વર દાદા યાદ આવી ગયા. તેમણે બંગલાની લૉનમાં ડઝન જેટલી આંબાની કલમ વાવેલી.એ વાતને આજે પચાસ વર્ષ થઈ ગયાં. આંબે મૉર બેસે અને વસંતનો અણસાર આવી જાય. થોડા જ વખતમાં આંબે કેરીઓ લૂમે-ઝૂમે ને ગ્રીષ્મનો પ્રભાવ પામી શકાય. ઉનાળાના દિવસોમાં પપ્પા બજારમાંથી કેસર કેરીના ટોપલા લાવીને બંગલાનો એક રૂમ ભરી દેતા. કેરીને પકવવા માટે આખા રૂમમાં પાથરી દેવામાં આવતી. દર રવિવારે પપ્પા જાતે કેરીઓ ઘોળી-ઘોળીને રસ કાઢતા. હેતાને રસ બહુ ભાવે પણ...
હેતાને અત્યારે બંગલાની લૉનમાં આંબાઓની ડાળે-ડાળે ઝૂલી રહેલી કેરીઓ જોઈને યાદ આવી ગયું કે ચાર વર્ષની કેતકી રીતસર જીદ કરતી કે "પપ્પા, હેતાને કહી દો, એની રસની વાટકી મને આપી દે...!"
એ વખતે પણ પપ્પા સાત વર્ષની હેતાને સમજાવી, મનાવી લેતા: "બેટા, તું તો સમજદાર છે અને મોટી પણ છે. કેતકીને તારી વાટકીમાં જ મજા પડે છે તો આપી દે તારી વાટકી. તું નવી વાટકી લઈ લે..."
આઠ વર્ષનો પ્રેમલ હેતાને કહેતો પણ ખરો કે "દીદી, મને તો

તું નાની-નાની વાતોમાં વઢતી હોય છે પણ કાવ્યા અને કેતકી તારી બધી જ વસ્તુમાં ભાગ પડાવે અને ઝૂંટવી લે તોપણ તું કેમ ચૂપ થઈ જાય છે?”
આટલું કહીને પ્રેમલ બંગલાના ગાર્ડન તરફ દોડી જતો અને હેતા ભાઈને પકડી પાડવા તેની પાછળ દોડી જતી.
* * *
હેતા અને નિશા બાળવયથી બહેનપણી. એક જ સ્કૂલમાં ભણતાં અને બેઉનાં ઘર પણ નજીક-નજીક. આથી એકબીજાના ઘરે આવવા જવાનું બનતું. એક દિવસ નિશા હેતાના બંગલે પહોંચી અને જોયું તો કાવ્યા અને કેતકી હેતાની પાછળ દોડી રહી હતી. હેતાને ઠોકર વાગતાં બંગલાના ગાર્ડનમાં ફસડાઈ પડી. તે જેવી ઊભી થઈ કે તરત કાવ્યાએ તેને પકડી રાખી અને કેતકી તેના માથાના વાળ ખેંચીને મારવા લાગી. જોકે પ્રેમલે વચ્ચે પડીને હેતાને બચાવી હતી.
નિશા તો આ દૃશ્ય જોઈને હેબતાઈ ગયેલી. કોઈ સગી બહેનો પોતાની મોટી બહેનને નિર્દયી રીતે મારતી હશે? મોટો ભાઈ વચ્ચે પડ્યો એ સારું થયું. જો તે વચ્ચે ના પડ્યો હોત તો? નિશાએ પોતાના ઘરે જવા પાછાં પગલાં ભરેલાં.
એ તો હેતાએ તેને જોઈ લીધેલી એટલે પાછી બોલાવેલી: “અરે! નિશા, આમ આટલે સુધી આવીને પાછી કેમ જતી રહે છે? તને કદાચ એમ થતું હશે કે ખોટા સમયે આવી ગઈ પણ અમારે તો બહેનો વચ્ચે આવું ચાલતું જ રહેતું હોય છે. આવ, ઘરમાં આવ.”
હેતાએ તમાચા પડવા છતાં ગાલ ઉપર હાથ ફેરવીને ડૂસકું

ગળામાં જ દબાવી રાખેલું. તેણે ભલે મોં ઉપર સ્મિત લાવવાનો પ્રયાસ કરેલો પણ નિશા બધું સમજી ગઈ હતી. એના મનમાં સવાલ પણ થયેલો કે “હેતાની મમ્મી હીંચકા ઉપર બેસીને તમાશો જોયા કરે છે પણ બે દીકરીને કેમ ઠપકો નહિ આપતાં હોય? હેતા સાવકી દીકરી ઓછી છે?”

* * *

નિશાએ એક વાર કહેલું કે “હેતા, મારા હબી ઑફિસ-ટૂર ઉપર ગયા છે અને દીકરો પણ સ્ટડી-ટૂર ઉપર છે. ઘરે હું થોડા દિવસ એકલી જ છું, તું આવે તો સાથે રહીશું. તું પણ એકલી જ છું ને? આઈ મીન તું અનમૅરિડ છું, એટલે મારી જેમ તારે હસબન્ડ કે સંતાનોની ચિંતા નહિ ને...”

હેતાએ દિલ ખોલીને વાત કરી હતી કે “ના, નિશા, ના. મને નહિ ફાવે. તને ખબર તો છે કે કાવ્યાની દીકરી અને દીકરાને મારા સંતાનની જેમ જન્મ્યા ત્યારથી ઉછેરું છું. એમની બધી જવાબદારી મારી છે. પિન્કી માસ્ટર્સ કરે છે. તેને રોજ સવારે છ વાગે ઊઠીને લંચ-બૉક્સ બનાવી આપવાનું. એ પછી તેને પિક-અપ સ્ટૅન્ડ સુધી મૂકવા અને લેવા જવાનું. પિન્ટુને પણ તૈયાર કરીને સ્કૂલે મૂકવા અને સાંજે લેવા જવાનું. ઘરનું કામકાજ પણ હોય અને ઘરની રોજિંદી ચીજવસ્તુઓની ખરીદીનું કામ હોય, બૅન્કનું કામકાજ હોય, લાઇટ બિલ અને ટેલિફોન બિલ ભરવાનું વગેરે કામ ચાલ્યા જ કરે. હમણાંથી કામવાળી લખીબહેન પણ નથી આવતાં, એટલે બધું ઘરકામ પણ મારા માથે જ હોય. હું જો આવી જઉં તો ઘરનું શું થાય?”

નિશાને નવાઈ લાગતી: “પણ કાવ્યા તો તારા ઘરે સવારથી

આવી જાય છે ને આખો દિવસ રહે છે, તો એ તને કામકાજમાં કોઈ હેલ્પ ના કરે? અને પિન્કી પણ હવે તો બાવીસ-ત્રેવીસની થઈ. એને પણ કામમાં મદદ કરવા તારે કહેવું જોઈએ.”
હેતા કહેતી: “ના, દીદી તો બિચારી પોતાના ઘરના કામથી જ થાકીને આવી હોય, એને બિચારીને કામ કરવાનું કેવી રીતે કહેવાય? અને પિન્કી પાસે અમે કશું કામ નથી કરાવતાં. કેમ કે એને બિચારીને મૅરેજ પછી તો આ બધું કરવું જ પડશે ને. અત્યારે ભલે એ પોતાની બૅચલર લાઇફ ઍન્જૉય કરે. લખીબહેન હોય તો ઝાડુ-પોતું, વાસણ અને કપડાં ધોવાનું કામ તેઓ કરે પણ રસોઈ તો મારે કે મમ્મીએ જ કરવાની હોય. ઘરનું બીજું પરચૂરણ કામ હોય તો એ’ય હું અને મમ્મી જ કરીએ. જો હું તારા ઘરે આવું તો મમ્મીના માથે બધું કામ આવી પડે.”
નિશાને જીભ ઉપર શબ્દો આવી ગયા હતા કે “તો પછી તારી દીદી અને એની દીકરીને પાટલે બેસાડીને ચોવીસ કલાક પૂજા કર...!”
નિશા બોલી હતી: “હેતા, તારી પર્સનલ લાઇફમાં મારે દખલ કરવાની ના હોય પણ મને તારી લાગણી થાય છે એટલે પૂછ્યા વિના રહી શકતી નથી કે કાવ્યા સવારના નવ-દસ વાગ્યાથી રાતના નવ-દસ વાગ્યા સુધી તારા ઘરે જ રહેતી હોય તો કામમાં મદદ શા માટે ના કરાવે? એ આખો દિવસ કરે છે શું? એ આરામ કરવા માટે જ પિયરમાં આવે છે?”
હેતા કહેતી: “નિશા, તારી લાગણી હું સમજું છું પણ કાવ્યા બિચારી સવારે થાકીને આવી હોય. એ આવીને સૌપ્રથમ ન્યૂઝપેપર વાંચે, ટી.વી. જુએ, એમાં સવારના અગિયાર વાગી જાય એટલે જમવાનો ટાઇમ

થાય. મેં જમવાનું બનાવી દીધું હોય એટલે મમ્મી અને મારી સાથે તે ગરમાગરમ જમી લે. જમ્યા પછી ફ્રેશ થવા માટે એ બિચારી મોબાઇલમાં ગૅમ્સ રમે. બપોરે એકથી ત્રણ સુધી તે પોતાની બહેનપણીઓ સાથે ઑનલાઇન લેડીઝ હાઉસી રમે. ત્રણ વાગ્યે એનો લેડીઝ જિમ્નેશિયમમાં જવાનો ટાઇમ થાય. તે છેક સાંજે છ વાગે આવે. બિચારી વર્ક-આઉટથી થાકીને આવી હોય એટલે હીંચકે બેસે, મોબાઇલ ગૅમ્સ રમે યા ટી.વી. જુએ. સાતેક વાગ્યા સુધી તો મેં જમવાનું તૈયાર કરી દીધું હોય એટલે બિચારી અમારી સાથે ડિનર કરે. રાકેશકુમાર તો છેક રાતે ધંધા પરથી નવ-દસ વાગ્યે એને લેવા માટે આવે. એમની વાટ જોતી બિચારી ફરી પાછી ટી.વી. જુએ યા તો મોબાઇલ! એને કેવી રીતે ડિસ્ટર્બ કરાય?"

નિશાનું આશ્ચર્ય હજુ શમ્યું નહોતું: "અરે! પણ એવી કેવી 'મા' કે જે પોતાનાં સંતાનોને લેવા – મૂકવાનો ટાઇમ પણ મેનૅજ ના કરે? જો તે વર્કિંગ વૂમન હોય તો વાત જુદી છે."

હેતા વળી કાવ્યાનો જ પક્ષ લેતી: "બિચારી કાવ્યા પોતાના ઘરેથી થાકેલી-પાકેલી આવી હોય. એની પરિસ્થિતિ હું ના સમજું તો કોણ સમજે?"

નિશા ઘણી વાર વિચારમાં પડી જતી. રાકેશકુમાર તો સવારે નવ વાગે દૂધ અને ખાખરો ખાઈને ઘરેથી નીકળ્યા હોય. કાવ્યાને પિયર મૂકીને પોતાના પરિવારના સંયુક્ત ધંધા ઉપર જાય તે છેક રાતે કાવ્યાને પિયરથી લઈને ફ્લૅટ ઉપર પાછા ફરે. રાતે પણ તેઓ દૂધ અને ખાખરો જમી લે. જ્યારે પત્ની તો પિયર જમીને જ આવી હોય. આમ કાવ્યાને રસોઈ બનાવવાની કડાકૂટ પણ નહિ. પતિ-પત્નીને સૂવા પૂરતો જ ફ્લૅટનો

વપરાશ. આ સંજોગોમાં કાવ્યા એવી તે કેવી થાકી જાય કે પિયરમાં કોઈ કામમાં મદદરૂપ ના બને?
નિશાએ પૂછેલું કે “અત્યારે ના અવાય તો કોઈ વાંધો નહિ પણ જ્યારે તારી દીદી ફૅમિલી સાથે બહારગામ જાય અને કામની જવાબદારી પણ ના હોય ત્યારે આવજે.”
હેતા બોલી હતી: “અવાય તો ખરું પણ એ દિવસોમાં’ય જો લખીબહેને રજા પાડી દીધી હોય તો મારે ઘરે જ રહેવું પડે. મમ્મી બિચારી એકલી પડી જાય અને તે’ય કેટલી જવાબદારી ઉપાડે? અગર દીદી મને પણ એમની સાથે પ્રવાસમાં લઈ જાય તો હું શું કરું?”
નિશાએ બહેનપણીને મજાકમાં કહેલું પણ ખરું કે “લખીબહેન રજા પાડે એ દિવસોમાં તું જ ‘લખીબહેન!’ ઘરમાં તારું સ્થાન કામવાળીનું જ છે. ઘરનાં કામ અને બહારનાં કામ આખી જિંદગી કરતાં રહેવાનું. વળી દીદી તને પ્રવાસમાં કેમ લઈ જાય છે, એની સમજ પડી? પ્રવાસમાં વગર પગારે સેવા કરે, બાળકોને સાચવે એવી કામ કરનારી બાઈ તારા સિવાય કોણ મળે? જોકે મને તું એમ કહેતી હોય છે કે મમ્મી એકલી પડી જાય પણ તું દીદી સાથે પ્રવાસમાં જાય ત્યારે મમ્મી એકલી ના પડી જાય?”
હેતા એટલું જ કહેતી કે “ફૅમિલી માટેની મારી ફિલિંગ્સ્ તને નહિ સમજાય!”
આખરે નિશા વાત આટોપી લેતી કે “યસ, યુ આર રાઈટ. તારી વાત મને ક્યારેય નહિ સમજાય!”
* * *

એક દિવસની વાત છે. હેતા અને કાવ્યા સાથે નિશા પણ શૉપિંગમાં સાથે હતી. રસ્તામાં કાવ્યાનાં કાકી સાસુ અને એમની દીકરી મળ્યાં.
તેઓએ કહેલું કે “અરે! કાવ્યા, બહુ વખતે મળ્યાં... શું કરે છે આજકાલ? તારી સાસુએ કહેલું કે તું અને રાકેશ નવો ફ્લૅટ લઈને જુદા રહેવા ગયાં છો. એડ્રેસ તો આપ. ક્યારેક આવી શકાય.”
કાવ્યાએ પિયરનું સરનામું આપતાં કહેલું કે “યૅસ, ઍની ટાઇમ. મૉસ્ટ વૅલકમ, આન્ટી. આ છે મારું એડ્રેસ. હું અહીં જ હોઉં, આખો દિવસ. ગમે ત્યારે આવો!”
નિશા બધું સાંભળી રહી હતી. તેને નવાઈ લાગતી હતી કે પિયરના ઘરે પરોણાગત! કાકી સાસુને પોતાના ઘરનું, ફ્લૅટનું સરનામું આપવાના બદલે બારોબાર પોતાના પિયરના ઘરે ઇન્વાઈટ કરવાનાં? નિશાને યાદ આવ્યું કે તે જ્યારે-જ્યારે હેતાના ઘરે ગઈ હોય ત્યારે મોટા ભાગે કાવ્યાનાં મહેમાન ડ્રૉઇંગરૂમમાં હાજર જ હોય. હેતા એ સૌને ચા-નાસ્તો આપવાની સરભરા કરતી હોય. સગાં-વહાલાં, બહેનપણીઓ વગેરે મહેનાનોને પોતાના ફ્લૅટ ઉપર બોલાવવાના બદલે કાવ્યા પિયરના ઘરે જ બોલાવતી. આ બધું જોઈને નિશાને નવાઈ પણ લાગતી.
* * *
“અરે! વાહ હેતા, નવું ઍક્ટિવા લીધું અને કીધું પણ નહિ?”
“હજુ હમણાં જ લીધું, દસેક દિવસ થયા. ઍક્ચ્યુઅલી, મારા જીજાજીને પણ લેવાનું હતું. આથી મેં એમને કહી રાખ્યું હતું કે તમારે

લેવાનું થાય ત્યારે મને પણ કહેજો.”
“વાઉ...કેટલામાં પડ્યું?”
“2020નું 5-જી મૉડલ છે, બધું મળીને પંચોતેર હજારમાં પડ્યું. જોકે લૉનથી લીધું છે.”
“ઓહ... પણ, તારે વળી લૉન કેમ લેવી પડે? લૉનમાં વ્યાજના વધારાના રૂપિયા ભરવાના?”
“હા, પણ શું કરું? મારી પાસે આટલી કૅશ હોવી જોઈએ ને? તને તો ખબર છે કે હું કોઈ જૉબ કરતી નથી કે જેથી મારું કોઈ સૅવિંગ્સ્ હોય! મમ્મી સાથે રહું છું તો એમની એફ.ડી.ના વ્યાજ અને રૅન્ટની આવકમાં બધું મૅનેજ કરવાનું હોય. મારાં ભાણા-ભાણીનો ખર્ચો’ય મારે ઉઠાવવાનો હોય. રહી વાત મન્થલી ઇન્સ્ટૉલમેન્ટની, તો મમ્મી મને જે હજાર – બે હજાર પૉકેટ મની આપે એમાંથી હું હપતો ભરી શકું.”
“તારી વાત સાચી, પણ મમ્મી પાસે તું કૅશ માગી ના શકે? મા-બાપની સેવા માટે જ તો તેં મૅરેજ નથી કર્યા.”
હેતા ચૂપચાપ નિશાની વાત સાંભળી રહી હતી. તેની નજર સામે બધું તરવરી રહ્યું. સૌથી મોટી દીકરી હોવાના કારણે પોતે મા-બાપની સેવા સ્વીકારી. પંચાસરા પરિવારની બીજા નંબરની દીકરી કાવ્યાએ લવ મૅરેજ કરી લીધા અને સૅટ થઈ ગઈ. પરિવારની ત્રીજી દીકરી કેતકીએ મારવાડ હૉસ્પિટલની એમ.એલ.ટી. જૉબ છોડીને કૅનેડા વસી જવાનું પસંદ કર્યું. ભાઈ પ્રેમલે તો 19 વર્ષની યુવા વયે જ આત્મહત્યા કરી લીધી હતી.
એક વાર નિશાએ પૂછ્યું હતું કે “હેતા, ઘણી વાર તું એમ

કહેતી હોય છે કે કેતકીએ પણ તારી જેમ મૅરેજ નહિ કરીને ફૅમિલી માટે પોતાની લાઇફનું બલિદાન આપ્યું છે! તો પછી તેણે તારી જેમ મા-બાપની સાથે રહેવાનું હોય કે કૅનેડા?"
"મારી દીદી બિચારી બહુ ડાહી અને સમજદાર છે. તેણે ફૅમિલીને ઈકોનૉમિકલી સપૉર્ટ કરવા માટે જ તો કૅનેડા રહીને જૉબ કરવાનું પસંદ કર્યું છે."
"જો હેતા, કેતકી સાથે જૉબ કરનારી રેશમા મારી ખાસ બહેનપણી છે. તેણે જ મને એક વાર જૉબ માટે એક પૉસ્ટ ખાલી હોવાની માહિતી આપીને કહેલું કે 'અમારી હૉસ્પિટલમાં મેડિકલ લૅબ ટેકનિશિયનની એક જગ્યા ખાલી પડી છે. અમારે ત્યાં જૉબ કરતી કેતકી પંચાસરા નામની ટેકનિશિયનને બ્રૅસ્ટ કેન્સર ડિટેક્ટ થયું છે અને તે ટ્રિટમેન્ટ માટે હમણાં જ કૅનેડા ગઈ છે અને હવે ત્યાં જ સૅટલ થવાની છે,' પણ એને ખબર નહોતી કે હું કેતકીને ઓળખું છું!"
આ સાંભળીને હેતા અવાક્ થઈ ગઈ હતી.
નિશાએ પૂછેલું કે "ઍની વે, કેતકી ફૅમિલીને હેલ્પ કરવા જ જો કૅનેડા સૅટલ થઈ હોય તો દર મહિને કોઈ રકમ મોકલે છે ખરી?"
"ના, દર મહિને તો એ બિચારી કેવી રીતે મોકલી શકે? એને પોતાને સર્વાઈવ થવા માટે પણ પૈસાની જરૂર ના પડે?"
"તો પછી કેતકી ફૅમિલીને હેલ્પફૂલ થવા માટે કૅનેડા સૅટલ્ડ થઈ છે એમ કેવી રીતે કહી શકાય?"
"અરે! એવું નહિ. અમે જ્યારે કહીએ ત્યારે એનાથી થઈ શકે

એટલી રકમ મોકલાવે પણ ખરી અને એ જ્યારે તકલીફમાં હોય ત્યારે અમે પણ એને કૅનેડા પૈસા મોકલાવીએ...”
“અરે! તમારે જરૂર પડે ત્યારે માગવા પડે, એવું થોડું હોય?”
“એની વે, કઈ ફાઇનાન્સ કંપનીમાંથી ઍક્ટિવાની લૉન લીધી?”
“મિજાજ ફાઇનાન્સ કંપની લિમિટેડ...”
“અરે! આ કંપનીનું તો નામ જ બદનામ છે. એના લૉનના ચક્કરમાંથી નીકળી જવું જ બહેતર રહેશે. હમણાં જ ન્યૂઝ આવેલા કે આ કંપનીએ વસૂલી માટે લૉન લેનાર પતિની સાથે-સાથે તેની પત્નીને પણ ગેરકાયદે ગોંધી રાખેલી. આ કંપનીના માણસોએ તો લૉન લેનાર એક યુવાન સાથે મારામારી પણ કરી હતી. આ કંપની લૉનના હપતા માટે ક્લાયન્ટને કૉલ કરી-કરીને પરેશાન કરતી હોવાના પણ સમાચાર છે.”
“કેતકી ઇન્ડિયા આવી ત્યારે જ મને કહેલું કે આ જૂનું ઍક્ટિવા ઍક્સચૅન્જ કરાવીને તું નવું ઍક્ટિવા લઈ લે, જરૂર હોય તો હું હૅલ્પ કરીશ.”
નિશાએ પૂછેલુ: “તો પછી? શું થયું?”
હેતાએ વાતનો વીંટો વાળતા કહેલું: “ચાલ, જવા દે એ વાત...”
* * *
નિશાને યાદ આવ્યું કે છેલ્લે કેતકી ઇન્ડિયા આવી ત્યારે હેતાએ કૉલ કરેલો: “કેતકી કૅનેડાથી આવી છે અને માતાજીનાં દર્શને અંબાજી જવાનું વિચાર્યું છે. તું આવીશ ને?”
“કોણ કોણ જવાનું છે?”

"હું, કાવ્યા, કેતકી, તું અને ડ્રાઇવર..."
વહેલી સવારે સફર શરૂ કરેલી. રસ્તામાં ચા-નાસ્તા માટે કાર ઊભી રાખવા ડ્રાઇવરને સૂચના આપીને હેતાએ કહેલું: "અહીંનાં ભજિયાં બહુ ફેમસ છે."
નિશા ખુશ થઈ ગયેલી: "અરે, વાહ... મજા આવશે."
કાવ્યા અને કેતકી એકઅવાજે બોલી ઊઠેલાં કે "મજા તો આવશે પણ તારી બૅસ્ટી હેતાને તો આજે ગુરુવારનો ફાસ્ટ છે, એ આપણને કંપની નહિ આપી શકે."– અને બેઉ બહેન હસી પડેલી.
નિશાએ કીધેલું કે "એવું ના ચાલે? બહાર નીકળ્યાં છીએ તો મજા કરવાની હોય ને."
હેતા હજુ કંઈ બોલે એ પહેલાં તો કાવ્યા અને કેતકી નિશા ઉપર જાણે ગુસ્સે થઈ ગયેલી: "નિશા, તને એક વાર કહીએ તો ખબર નથી પડતી કે હેતા ઉપવાસ નહિ તોડે?"
નિશાએ ડિશમાંથી ભજિયાં લેવાં હેતાને આગ્રહ કરતાં કહેલું કે "તું વર્ષોથી ગુરુવાર કરે છે, એ મને ખબર છે પણ કોઈ માનતા કે વ્રત નથી. જો કોઈ માનતા હોત તો ઉપવાસ તોડવા મેં ના કહ્યું હોત. આજે તોડી નાખ ઉપવાસ, તને મારા સોગંદ."
હેતાએ નિશાના પ્રેમને વશ થઈને જેવો ડિશ તરફ હાથ લંબાવ્યો કે તરત કાવ્યા અને કેતકીએ જોરથી હેતાનો હાથ પકડીને ડિશમાંથી હડસેલી દીધો ને ટેબલ ઉપર પછાડ્યો. ડિશમાં રહેલાં ભજિયાં હવામાં ફંગોળાયાં અને ડિશ પણ. કેતકીએ તો હેતાના ચહેરા ઉપર પોતાની હથેળી

મૂકી દીધી હતી. જાણે ગાલ ઉપર લાફો મારવાનો જ બાકી હતો. હેતા જમીન ઉપર ફસડાઈ પડવાની હતી અને નિશાએ તેને પકડી લીધેલી.
કાવ્યાએ શબ્દપ્રહાર કરેલો: "સાવ ડોબા જેવી છું. તને એક વાર કીધું તો ખબર નથી પડતી કે તારે ઉપવાસ નથી તોડવાનો?"
કેતકીએ પણ હેતાને ખખડાવી નાખેલી: "ગમાર સાલી...? એક વાર કહીએ તો સમજ નથી પડતી? તારે નથી ખાવાનું, એટલે નથી ખાવાનું. હવે જો ડહાપણ કરીશ તો લાફો મારી દઈશ..."
નિશા તો વિચારમાં પડી ગયેલી: "આ તો વળી બહેનો છે કે દુશ્મનો?"
લોકો આ તમાશો જોઈ રહેલાં. નિશા ગભરાઈ ગયેલી અને હેતા આડું ફરી ગયેલી.
થોડી વાર રહીને હેતાએ સ્માઇલી ફેસ સાથે કહેલું કે "રિલેક્સ, નિશા રિલેક્સ. તને તો ખબર છે કે આ ઝઘડો તો કંઈ નથી. નાનપણમાં અમે ત્રણ બહેનો કેવી ઝઘડતી હતી? એક બહેન મને પકડી રાખતી તો બીજી બહેન મારા માથાના વાળ પકડી-પકડીને મારતી અને પછી જમીન ઉપર પછાડતી!"
નિશાને બધું જ યાદ આવી ગયું. હેતા આજે વનપ્રવેશના ઉંબરે આવી, કાવ્યા ઓગણપચાસે પહોંચી અને કેતકી'ય સુડતાળીસ વર્ષની થઈ, તેમ છતાં બેઉ બહેનો એવીને એવી જ રહી.
નિશાએ હેતાને કાનમાં કીધેલું કે "તને હેરાન કરવાનો તારી બહેનોનો સ્વભાવ ના સુધર્યો તે ના જ સુધર્યો!"

નિશાના મોં ઉપર પોતાની હથેળી મૂકીને એને વચ્ચે જ અટકાવીને હેતા બોલેલી કે “ના, નિશા. એવું ના બોલ. મારી બહેનો ઝઘડતી નથી, આ તો એમનો મારા ઉપરનો પ્રેમ છે!”
નિશા બબડી હતી: “આવો તે કેવો પ્રેમ?” નિશાને હજુ એ વાતની સમજ નહોતી પડતી કે સૌથી મોટી બહેન હેતા શું બે નાની બહેનની ગુલામ છે? શું એની કોઈ પસંદ-નાપસંદ અને પર્સનલ લાઇફ ના હોઈ શકે? હેતાને ઉપવાસ કરવો હોય તો કરે અને ઉપવાસ તોડવો હોય તો તોડે. હેતા પણ આવી જોહુકમી શા માટે ચલાવી લેતી હશે? જોકે નિશા પાસે એનો કોઈ જવાબ નહોતો.
* * *
હેતાને લાગતું હતું કે નિશાની વાત સાચી છે. પ્રેમલ પછી પોતાની ચિંતા કરનાર કોઈ હોય તો એ નિશા જ છે. પરમેશ્વર દાદાએ હેતાને લાડકોડથી ઉછેરેલી. પંચાસરા પરિવારનું પહેલું સંતાન હોવાથી ઘરમાં તે સૌની લાડકી. બીજાં સંતાનોના જન્મ પછી પણ પપ્પા અને દાદાનો પ્રેમ તેમનાં મૃત્યુ સુધી અકબંધ રહ્યો. મોટાભાઈ પ્રેમલને પણ ત્રણ બહેન હોવા છતાં હેતા સાથે જ વધુ ફાવે.
બેઉ બહેનો ભેગી મળીને હેતાને મારતી હોય ત્યારે પ્રેમલ જ વચ્ચે પડીને એને બચાવે. ભાઈ પોતાની દરેક નાની-મોટી વાત હેતા સાથે શૅર કરે. એક છોકરીને ચાહવા લાગેલો એ’ય તેણે હેતાથી છુપાવ્યું નહોતું. ઓગણીસ વર્ષની નાદાન ઉંમરે તે આત્મહત્યા કરી લેશે, એવી તો કોઈને કલ્પના’ય નહોતી. આજે જો ભાઈ હોત તો…? – હેતા મૅરેજ કરીને સૅટ

થઈ હોત, મા-બાપને ભાઈનો સહારો હોત અને બે બહેનો હેરાન કરે ત્યારે ભાઈ ઢાલ તરીકે ઊભો પણ હોત.
હેતા પોતાના મનનો વલોપાત કદાચ કોઈને કહી શકતી નથી, કદીય નહિ, ક્યારેય નહિ. ચહેરા ઉપર સદાય સ્મિત! પણ એના સ્માઇલી ફેસ પાછળની વેદના કોણ વાંચે? એની ખામોશી બોલી શકે તો એટલું જ બોલી શકે: “મિસ યુ, પ્રેમલ.”
(“મુંબઈ સમાચાર” 2020)

મૅરેજ ફિયૅસ્તા

ખુશીનું મન આજે ખુશીથી ઉછાળા મારી રહ્યું હતું. એને લાગતું હતું કે પોતે આજે બહુ મોટો હાથ માર્યો છે. ભાઈ મૅરેજ કરીને અમેરિકા સેટ થઈ ગયો હતો ત્યારથી મા-બાપને બસ એક ખુશીના મૅરેજની જ ફિકર સતાવી રહી હતી.

મા-બાપ હંમેશાં કહેતાં રહેતાં કે ખુશી જલદી પરણીને ઠેકાણે પડે તો સારું. ક્યાં સુધી છોકરીને ખીલે બાંધી રાખવી? મા-બાપ તો જે સગાં ને વહાલાં મળે તેમને કહેતા રહેતા હતા કે "ભાઈસા'બ, અમારી ખુશી માટે કોઈ સારું ઠેકાણું હોય તો બતાવજો ને."

જૈસે કો તૈસા. આ તરફ મોહિત પણ એવું જ માની રહ્યો હતો કે એણે પણ મોટો હાથ માર્યો છે અને બિગ ફિશ પોતાની જાળમાં ફસાવી છે. કેમ કે ખુશી એકની એક દીકરી અને મા-બાપની બધી મિલકતમાં તેનો હિસ્સો.

ખુશીના પરિવારને કોઈકે વળી મોહિતનું ઘર બતાવ્યું હતું અને રૅફરન્સ પણ આપ્યો હતો. ખુશીનાં મા-બાપે દીકરી માટે વાત ચલાવી હતી અને મોહિત, મા-બાપ સાથે છોકરી જોવા આવ્યો હતો. તેમના કહેવા પ્રમાણે મોહિત તેમના મા-બાપનો એકનો એક દીકરો છે અને શહેરના પૉશ એરિયામાં તેમની માલિકીનો સરસ મજાનો ફ્લૅટ પણ છે. ઘરમાં નોકર-ચાકર છે. ગાડી છે અને ડ્રાઇવર પણ છે. મોહિત તેના પપ્પાનો બિઝનેસ સંભાળે છે. બસ, આથી વધુ શું જોઈએ?

ખુશીનું ઘર અને કન્યા જોયા પછી મોહિતનાં મા-બાપે પણ વરનું

ઘર જોવા આવવા આમંત્રણ આપ્યું હતું. ખુશીના પરિવારજનો આમંત્રણને માન આપીને વર અને ઘર જોવા નિમિત્તે તેમના ઘરે આંટો મારી આવ્યા હતા. મુરતિયાને કન્યા ગમી ગઈ હતી અને કન્યાને મુરતિયો પણ. બસ, બેઉ પરિવાર થોડા રુઢિચુસ્ત ખરા. આથી હૉરોસ્કૉપ મેચ કરાવવા ઉપર વાત અટકી હતી.
ખુશીએ તો ઠાકોરજીને પ્રાર્થના પણ કરી હતી કે બસ, જન્માક્ષર મળી જાય તો સારું.
એટલામાં તો વળી મોહિતનો વૉટ્સ-એપ મેસેજ આવ્યો હતો "તારી સાથે મૅરેજ કરવા માટે મારી 'હા' છે. બસ, મૉમ-ડેડી પણ માની જાય એટલી જ વાર છે અને હૉરોસ્કૉપ મેચ થઇ ગયા એવો રિપોર્ટ પણ આવી ગયો છે."
મોબાઇલ સ્ક્રિન ઉપર આટલો મૅસેજ વાંચીને ખુશીએ સ્માર્ટ ફોન પર્સમાં મૂક્યો. મૅસેજ વાંચીને ખુશીની ખુશી તેના ચહેરા ઉપર ઝલકતી જોવા મળતી હતી.
મોહિતનાં મા-બાપે વૈષ્ણવ પરિવારના રીત-રિવાજ અનુસાર લગ્ન નિમિત્તે સામાજિક વ્યવહાર કરવો પડશે એમ કહ્યું હતું. બીજી તરફ ખુશીનાં મા-બાપ એમ કહી રહ્યા હતા કે "અમે તો અમારી શક્તિ અનુસાર કન્યાદાન વગેરે કરીશું. બાકી તો અમે કંકુ ને કન્યા જ આપવામાં માનીએ છીએ. અમારા પરિવારમાં પણ દહેજને કોઈ સ્થાન નથી."
ખુશીને અને સામે પક્ષે મોહિતને પણ દહેશત હતી તો એક જ કે મોહિતનાં મા-બાપ કોઈ જીદ ન કરે અને માની જાય તો સારું. મોહિતે તેનાં મા-બાપને સમજાવ્યું હતું કે "તમે કન્યાદાન અને વ્યવહાર કે દાયજો

વગેરે જેવી લેવડદેવડનો ફોર્સ કેમ કરો છો? ખુશીનો ભાઈ તો અમેરિકા રહે છે. એ કદી પાછો ઇન્ડિયા સેટલ થવા આવવાનો નથી. ખુશીના મા-બાપનું જે કંઈ પણ છે, માલ-મિલકત કે દાગીના-જ્વેલરી વગેરે બધું જ ખુશીનું જ તો છે.”

બીજી તરફ મોહિતનાં મા-બાપના અક્કડ વલણને કારણે ખુશીનાં મા-બાપ પણ થોડા કન્ફ્યુસ હતા. તેમને તો એમ હતું કે મુરતિયો મા-બાપનું એકનું એક સંતાન હોવાથી ઊલટાનો એ લોકો કન્યા પક્ષ માટે મોટો અને સારો વ્યવહાર કરશે; પરંતુ એ લોકો તો સાવ કડકા જેવા લાગે છે. ફ્લૅટ, બિઝનેસ, નોકર-ચાકર એવું બધું તો ઠીક, પરંતુ બધો ચળકાટ સોનાનો હશે કે નકલી હશે એવી શંકા પણ ખુશીના મા-બાપને ઘડીભર થઈ આવી હતી. આથી ખુશીએ પણ પોતાનાં મા-બાપને સમજાવવા પડ્યા હતા કે “મૉમ-ડેડ, તમે પણ થોડું લૅટ-ગો કરો ને... તમારા કહેવા પ્રમાણે તો મેં હજુ મારી ચૉઇસના છોકરા જોડે મૅરેજ કરવાના બદલે તમારી મરજી પ્રમાણે સૉશિયલ રહેવા ઍરેન્જ મૅરેજની ચૉઇસ રાખી છે. તોપણ તમે સમજતાં નથી.”

જ્યારે પહેલી વાર મોહિત તેના પરિવાર સાથે ખુશીના ઘરે કન્યાની પસંદગી માટે આવ્યો હતો ત્યારે વડીલોએ જ મુરતિયો અને કન્યાને કોઈ અંગત વાતચીત કરવી હોય તો એકાંતમાં થોડી મિનિટ બેસવા કહ્યું હતું.

મોહિતને તેનાં મા-બાપ વારંવાર કહેતા કે “જો બેટા, થોડું તો લૅટ-ગૉ કરવું જ પડશે. તને તારી ચોઇસ પ્રમાણે પરફૅક્ટ વાઇફ મળશે

એવા ફાલતું સપનામાં રહેતો હોય તો આંખો ખોલી કાઢજે."
ખુશીના ઘરે પહેલી વાર મળ્યાં ત્યારે થોડી મિનિટોની વાતચીતમાં મોહિતે પૂછ્યું હતું, "તમને હું ગમું તો છું ને? કોઈ ફૉર્સ જેવું નથી ને?"
ખુશીએ કહ્યું હતું કે "યા, આઈ લાઇક યુ. નથિંગ ટુ બી ફૉર્સ બોથ સાઇડ. એની વે, તમારે શાનો બિઝનેસ છે?"
મોહિતે કહ્યું હતું કે "અમારે કૉટન મરચન્ટ તરીકે કારોબાર છે."
"તમારે કોઈ બૉયફ્રૅન્ડ ખરા કે અફૅર હતું...? એવું કંઈક..?" મોહિતે ખુશીને પૂછ્યું હતું.
ખુશીએ તો બિન્દાસ્ત થઈને કહ્યું હતું કે "યસ, બટ શૉ વૉટ? એમાં શું? એ તો ચાલ્યા કરે. અનમૅરિડ બ્યુટિફુલ ગર્લને અફૅર ન હોય તો જ સરપ્રાઇઝ કહેવાય. ખરેખર તો તમારે એવું પૂછવું જોઇએ કે મારે બ્રૅક-અપ કેટલી વાર થયા?" આટલું બોલીને ખુશી હસી પડી હતી.
મોહિત બિચારો આ સાંભળીને એવો તો હક્કો-બક્કો રહી ગયો હતો કે બેભાન થવાની જ વાર હતી.
ખુશી ખીલી ઊઠી હતી. તે બોલી કે "અરે, ઓ ખ્વાબોં કે શહેજાદે... બેભાન થઈ ગયો કે શું? પાણી-બાણી છાંટવું પડશે કે શું? એની વે... મારે તો એક જ વાર બ્રૅક-અપ થયું છે અને હું તો રહી બૉલ્ડ એન્ડ બ્યુટિફુલ, એટલે પછી લવ-બવના ચક્કરમાં પડવાનું છોડી દીધું. હા, મારે બૉયફ્રૅન્ડ્ઝ તો ખરા. જુઓ ને, ઑફિસમાં સાથે જૉબ કરીએ એટલે વર્ક-પ્લેસ ઉપર મારા બે ખાસ દોસ્ત છે. મારો એક ક્લૉઝ ફ્રૅન્ડ મારી સ્કૂલ લાઇફનો છે અને એક બૉયફ્રૅન્ડ કૉલેજ ટાઇમનો છે. આમ જુઓ

તો ચાર બૉયફ્રૅન્ડ. બીજા પણ ફ્રૅન્ડ્ઝ ખરા. બસ, વીક-એન્ડમાં કોઈ-કોઈને મળું પણ ખરી. હૅન્ગ આઉટ ઍન્ડ લૉન્ગ ડ્રાઇવ એન્ડ મૉર એન્ડ મૉર ફન. બટ, હાઉ એબાઉટ યુ...? તને કોઈ પ્રૉબ્લેમ તો નથી ને? હોય તો પહેલાં જ કહી દેવાનું. પાછળથી મને કોઈ ખિચ-ખિચ ના ગમે.”
મોહિતને માંડ હોશ આવ્યા હોય અથવા તે હોશ સંભાળતો હોય એમ બોલ્યો કે “નૉ, નૉ. આઈ હેવ નૉ પ્રૉબ્લેમ. પણ આફ્ટર મૅરેજ તો તું આવું બધું વાઇન્ડ-અપ કરી લઈશ ને? મારે પણ એક વાર બ્રૅક-અપ થયું હતું. યંગ-એજમાં તો એવું બધું ચાલ્યા કરે. બટ ઇટ્સ ઑલ ફૅર ઈન સચ લિમિટ્સ...”
ખુશીએ મોહિતનો પાવલો પતંગ લપેટાયેલો જોઈને ઝોલ નાખ્યો ખરો પણ પેચ લડાવવા માટે ઢીલ મૂકવાના બદલે ખેંચવા ટ્રાય કર્યો. તે બોલી કે “જુઓ, આપણા મૅરેજ થાય તોપણ એ ઍરેન્જ મૅરેજ થવાનાં છે. હું એવું માનું છું કે મૅરેજ થાય એટલે આપણે હસબન્ડ-વાઇફ બનીશું; પરંતુ એકબીજાના માલિક બનવાની વાત આમાં ક્યાંય આવતી નથી. મૅરેજ ઇઝ નોટ સચ એઝ ઑનરશીપ બિઝનેસ. ઍન્ડ યસ, આફ્ટર મૅરેજ હું કોઈ લવ-અફૅર કરવાની નથી, ઇટ્સ માય પ્રૉમિસ, બટ હું મારા ફ્રૅન્ડ્ઝ સાથે તો કૉન્ટેક્ટ રાખીશ જ. જો તને મારા ફ્રૅન્ડ્ઝ સામે પ્રૉબ્લેમ હોય તો પ્લીઝ, અત્યારે જ ક્લીયર કરી દેવું સારું. મને પાછળથી કોઈ ઝિક-ઝિક કરે એવું બધું નથી ગમતું. આઈ મીન, હું મૅરેજ પછી પણ મારા ફ્રૅન્ડ્ઝ તારા કહેવા પ્રમાણે વાઇન્ડ-અપ કરી લેવાની નથી.”
થોડી વાર સુધી બેઉ વચ્ચે સન્નાટો છવાઈ ગયો. ખુશીએ પૂછ્યું

કે “ઈફ યુ ડોન્ટ માઇન્ડ, પણ મને એક સવાલ થાય છે કે તારે કેમ બ્રૅક-અપ થયું હતું...?”
મોહિતે કહ્યું કે “પ્રૉબ્લેમ મારા તરફથી નહોતો. બટ, મારી ફિયાન્સૅના મૉમ-ડેડને વાંધો હતો અને તેમની પસંદગીના છોકરા સાથે તેનાં મૅરેજ કરાવવાનો ફૉર્સ હતો. મારી ફિયાન્સે એટલા માટે કૉમ્પ્રૉમાઇઝ કરી લેવું પડ્યું કે તેની મૉમ સ્યુસાઇડની ધમકી આપતી હતી. ઍની વૅ, તારા બ્રૅક-અપની સ્ટોરી શું હતી?”
ખુશી બિન્દાસ્ત થઈને બોલી કે “મારે કંઈ તારા જેવું નહોતું. હું કંઈ એની સાથે મૅરેજ કરવા માગતી નહોતી. ઇટ્સ જસ્ટ ટાઇમપાસ લવ-અફૅર. મારી બર્થડે પર એણે મને કાર ગિફ્ટ કરવા પ્રૉમિસ આપ્યું હતું અને તેણે પ્રૉમિસ બ્રેક કર્યું તો મેં અફૅર જ બ્રેક કરી દીધું. બસ, કિસ્સા ખતમ.”
જેમતેમ કરીને મોહિતનાં મા-બાપ દીકરાના મૅરેજ ખુશી સાથે કરાવવા માટે તૈયાર થયા હતા અને ખુશીનાં મા-બાપની બધી શરતો પણ માની ગયા હતા કે શક્તિ પ્રમાણે વ્યવહાર કરશે અને કંકુ ને કન્યા આપશે. કન્યાદાનમાં કોઈ મોટો દાયજો યા દહેજ નહિ જ આપે. મોહિતે મા-બાપને સમજાવટથી કામ લેવા કહ્યું હતું એની આ અસર હતી. જોકે ખુશીનાં મા-બાપે દીકરી માટે પાંચ તોલા સોનાનાં ઘરેણાં તો અવશ્ય કરાવ્યાં હતાં. થોડીક ભેટ-સોગાદો અને કપડાં-લત્તાં વગેરે પણ ખરું.
મૅરેજને એકાદ વીક થયું હશે અને એક દિવસ વહેલી સવારે ખુશી મૉર્નિંગ-વૉક પર ગઈ હતી. તેને ઘરે પાછી ફરવામાં ખાસ્સી વાર

લાગી એટલે મોહિત પણ વૉક-વે તરફ ગયો. ગાર્ડનના બાંકડે જે સીન જોયો તેથી તો એના મોતિયા જ મરી ગયા. ખુશી કોઈ યુવાન સાથે બિલકુલ ક્લૉઝ થઈને બેઠી હતી અને વાતો કરીને ખિલખિલાટ હસી રહી હતી.

મોહિતે ખુશી અને તેના ફ્રૅન્ડની નજીક જઈને કહ્યું કે "ખુશી, શું છે આ બધું?"

ખુશીએ મોહિત સામે જોઈને કહ્યું કે "કુલ ડાઉન, મોહિત... જસ્ટ રિલૅક્સ, બડી... ધિસ ઇઝ માય ક્લૉઝ ફ્રૅન્ડ રૉમી. એન્ડ રૉમી, મીટ માય હબી મોહિત...ઍન્ડ લૂક, મોહિત. આવું બધું તો ચાલ્યા કરે. મેં તો તને બિફૉર મૅરેજ મારા ફ્રૅન્ડ્ઝની વાત કરી જ હતી ને."

મોહિતનું મોં પડી ગયું. એને તો બિચારાને કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ થઈ ગઈ હતી.

લગ્નને એકાદ મહિનો થવા આવ્યો હતો. ખુશીએ મોહિતને મા-બાપના ઘરે થોડા દિવસ રહેવા જવાની વાત કરી હતી. મોહિતને એમાં કોઈ પ્રૉબ્લેમ નહોતો. તેણે હા પાડી અને પિયરમાં મૂકવા આવવાની પણ તૈયારી બતાવી. જોકે ખુશીએ કહ્યું કે પોતે એકલી જ ચાલી જશે.

આ તરફ ખુશીનાં મા-બાપ પણ દીકરી અંગે ચિંતામાં તો હતાં જ. તેમને ખુશી થોડા દિવસ સાથે રહેવા આવી તેથી સારું લાગ્યું.

મા-બાપે પૂછી પણ લીધું કે "બેટા, સાસરામાં કોઈ તકલીફ તો નથી ને... તું ખુશ તો છું ને..."

ખુશીએ શ્વસુરપક્ષનો આખો રિપોર્ટ જ મા-બાપને આપી દીધો કે "મોહિત કહેતો હતો એવો કોઈ કૉટન મરચન્ટનો કારોબાર નથી. બાપ

કે બેટો કશો કામધંધો કરતા નથી. ઑફિસ અવર્સમાં એ લોકો ટાઇમસર ઘરેથી નીકળી જાય છે ખરા પરંતુ તપાસ કરતાં ખબર પડી છે કે મોહિતના કોઈક સગા કોટનના વેપારી છે અને તેમની પેઢી ઉપર મોહિત અને તેના પપ્પા બેસે છે. એક રીતે તો નોકરી જ કહેવાય. પેઢી કંઈ મોહિતના બાપની માલિકીની નથી. વળી ઘરે મૉર્ગેજની નોટિસ રજિસ્ટર્ડ પોસ્ટમાં આવી ત્યારે હું ઘરે હતી એટલે ખબર પડી કે ફ્લૅટ બૅન્કમાં ગિરવે છે અને મૂળ રકમ ઉપરાંત વ્યાજ પણ એટલું ચઢી ગયું છે કે ફ્લૅટની ગમે ત્યારે હરાજી થાય તોપણ બૅન્કનું કરજ ચુકવાયા વિનાનું બાકી જ રહેવાનું. કાર અને ડ્રાઇવર બેઉ ભાડૂતી હતા અને મૅરેજ થાય એટલા પૂરતું શૉ-ઑફ્ફ કરવા માટે જ રાખવામાં આવ્યા હતા. ઘરમાં નોકર ખરો. જોકે તેને પણ ટાઇમસર પગાર ચૂકવવામાં આવતો નથી. આથી દર મહિને નવા નોકર યા ઘરઘાટીની તલાશ કરવી પડે છે. મિલકતમાં કશું નથી, જો છે તો ફક્ત એટલું જ કે હાથ, પગ ને હૈયું.”
આ તરફ મોહિતને એમ હતું કે ખુશી સાથે મૅરેજ થયા પછી સાસરી પક્ષવાળા કોઈ ને કોઈ રીતે હૅલ્પફુલ થશે અને પોતાના ફૅમિલીને કરજમાંથી થોડી ઘણી પણ મુક્તિ અપાવી શકાશે; પરંતુ મોહિતના પાસા ઊલટા પડ્યા અને મૅરેજમાં કોઈ જૅકપૉટ લાગ્યો નહીં. મોહિતે ખુશીનાં મા-બાપ રહે છે એ ફ્લૅટ અંગે તપાસ કરાવી તો તેને ખબર પડી કે ખુશીનાં મા-બાપે પોતાના છોકરાના હાયર એજ્યુકેશન માટે અને તેને અમેરિકા મોકલવા માટે તેમનો ફ્લૅટ મૉર્ગેજ કરેલો છે. જેના મન્થલી ઇન્સ્ટૉલમેન્ટ ચઢી ગયા છે અને હવે અમેરિકા સેટલ થયા પછી ખુશીનો ભાઈ ના તો

કોઈ રૂપિયા મોકલે છે કે ના તો સંબંધ રાખે છે.
મોહિતને આંચકો તો ત્યારે લાગ્યો કે મૅરેજ પછી ખુશીએ પોતાની જૉબ પણ છોડી દીધી હતી. મોહિતને એમ હતું કે આફ્ટર મૅરેજ ખુશી પોતાની જૉબ ચાલુ રાખશે તો તેની સૅલરીનો થોડો સપૉર્ટ રહેશે.
હવે આંચકો ખાવાનો ટર્ન ખુશીનો હતો. તેણે મોહિતને કોલ કર્યો કે “મૉમ-ડેડના ઘરે રહેવા આવ્યાને કમ સે કમ એક મહિનો થઈ ગયો. તું ક્યારે લેવા આવે છે?”
આ વખતે મોહિતે એબાઉટ ટર્ન ખુશીને કહી દીધું કે “ખુશી, તું હવે તારા મૉમ-ડેડના ઘરે જ ખુશીથી રહે. હું તને લેવા આવી રહ્યો નથી.”
ખુશી આ પ્રકારનો રિપ્લાય સાંભળવા ક્યારેય ટેવાયેલી નહોતી. તેણે મોહિતને ખખડાવી નાખ્યો કે “હાઉ ડૅર યુ? ડુ યુ નૉ? વૉટ આર યુ ટેલિંગ? તને ખબર નથી કે તારે આ રીતે વાત ના કરવી જોઈએ. તારે સમજવું જોઈએ કે તારો ખુશી સાથે પનારો પડ્યો છે. આઇ વિલ સી યુ ઇન કોર્ટ એન્ડ આઇ ટીચ લૅશન ટુ યુ.”
મોહિતને એમ જ હતું કે ખુશી તો ખાલી ડંફાસ મારતી હોય. એ કંઈ આવી રીતે ફર્મલી સ્ટૅપ નહીં જ લે. ખુશીની ધમકીને મોહિતે અને તેનાં મા-બાપે લાઇટલી લીધી હતી; પરંતુ એ ત્રણેયના ચહેરા ઉપરથી ત્યારે નૂર જ ઊડી ગયું કે જ્યારે તેમના ઘરે રજિસ્ટર્ડ પોસ્ટમાં ત્રણેયના નામજોગ ફૅમિલી કોર્ટનું સમન્સ આવ્યું હતું. એમાં લખ્યા પ્રમાણે જો ફૅમિલી કોર્ટમાં મુદતે હાજર ના થાવ તો ઍરેસ્ટ વૉરન્ટ કાઢવામાં આવશે.
ઍરેસ્ટ વૉરન્ટ અને ઍરેસ્ટ થયા પછી તો સીધા જેલની

કોટડીમાં? આ વિચાર આવતાં જ મા-બાપ અને દીકરાના મોતિયા મરી ગયા હતા. ફૅમિલી કોર્ટના ચક્કર કાપતા-કાપતા તેઓ કંટાળી ગયા હતા. ખુશીએ ફિઝિકલી ઍન્ડ મૅન્ટલ ટૉર્ચર અને ડાઉરી ઍક્ટ સહિત જુદા-જુદા ઍલિગેશન સાથે કેસ કર્યો હતો. તેણે મન્થલી કૉમ્પૅન્શેસનની ડિમાન્ડ પણ કરી હતી. મોહિત માટે ડિવૉર્સની વાત તો બાજુ ઉપર રહી ગઈ હતી.
આખરે કોર્ટનો ઑર્ડર આવી ગયો હતો. ખુશીનું મન આજે ખુશીથી ઉછાળા મારી રહ્યું હતું. એને લાગતું હતું કે પોતે આજે બહુ મોટો હાથ માર્યો છે. ખુશીએ વારાફરતી તેના ફ્રેન્ડ રોમી અને કુનાલને કૉલ કરીને પોતાની ખુશીના ન્યૂઝ આપ્યા હતા કે “ફ્રેન્ડ, જસ્ટ ચિલ… આઈ ગૉટ એ મૅરેજ ફિયેસ્તા. મને ફૅમિલી કોર્ટે રૂપિયા 25 લાખ કૉમ્પૅન્શેસન ઍન્ડ ઍવરી મન્થ રૂપિયા 35,000 લાઇફ સપૉર્ટ વૅજીસ ફિક્સ કરી આપતો ઑર્ડર કર્યો છે. જે મારા બૅન્ક ઍકાઉન્ટમાં રેગ્યુલર ડિપૉઝિટ થશે. જો મોહિત આમ નહીં કરે તે દિવસે તેને જેલમાં જવાનો વારો આવશે.”
જોકે આ વાત સાંભળીને સરપ્રાઇઝ કુનાલે તો પૂછી પણ લીધું: “વાઉ…ખુશી, બટ લૅટ મી ટૅલ યુ, હાઉ ઇટ્સ હેપન? તેં કોર્ટમાં કેવી રીતે પ્રુવ કર્યું કે તારો હબી રિચ એન્ડ ઈકોનૉમિકલી કૅપેબલ છે?”
ખુશીએ ફોડ પાડતાં કહ્યું કે “યા, કુનાલ. ઇટ્સ ઇમ્પૉર્ટન્ટ પૉઇન્ટ. બટ, યુ નૉ. મોહિતને બીજાની કાર, બાઇક્સ, જ્વૅલરી, સનગ્લાસીસ વગેરે સાથે સૅલ્ફી લેવાનો અને એફ.બી. પર અપલૉડ કરવાનો બહુ ક્રૅઝ છે. મેં કોર્ટમાં તેના એ ડિફરન્ટ મૉડલની કાર સાથેના, બાઇક સાથેના અને જ્વૅલરી સાથેના પિક્સ પ્રૉડ્યુસ કરીને આર્ગ્યુમૅન્ટ કરી હતી કે મારો હબી

ખૂબ ધનિક છે, ઍન્ડ આઈ પ્રુવ્ડ ઇટ..!”
(“અભિયાન” 2009 અને “માતૃભારતી” 2016-17)

મેરા પ્યાર, હુક્કાબાર

સાંજના સાત વાગ્યાના ન્યૂઝની હેડલાઇનથી મિતેશના કાન ઊંચા થઈ ગયા. “શહેરના પૉશ એરિયામાં હુક્કાબાર ઉપર પોલીસના દરોડા, ચાર કપલની અટકાયત.” વિઝ્યુઅલ્સ્ જોયા. બધાનાં મોં ઢંકાયેલાં હતાં.

મિતેશ સ્વગત બોલી ઊઠ્યો: “આજકાલનાં છોકરા-છોકરીઓ છાકટા થઈ ગયા છે. સમાજ, ઇમેજ, આબરૂની કંઇ જ પડી નથી.”

તેણે પત્નીને બૂમ પાડીને કહ્યું કે “અરે, આ ક્રિષા ક્યાં ગઈ દેખાતી નથી? ઘરમાં ટકતી જ નથી. જ્યારે જુઓ ત્યારે બહાર જ હોય છે. બિલકુલ તારા ઉપર ગઈ છે.”

સોનાલી કિચનમાંથી લિવિંગરૂમમાં આવી અને બોલી: “બેબી હવે મોટી થઈ અને કૉલેજમાં ભણે છે. મને કહીને એની ફ્રેન્ડ સાથે બહાર ગઈ છે. હમણાં આવતી જ હશે. અને હા, મને કે મારી બેબુને ટૉન્ટ મારવાના બંધ કરી દો. તમારે કાપડના ધંધામાં મંદી આવી એટલે વહેલા ઘર ભેગા થઈને આમ અમારા બેઉ પર ઊભરા ના ઠાલવો. તમે બાજુવાળી અમિષા સાથે નૈન-મટક્કા કરતા ફરો છો, એવું અમે મા-દીકરી તો નથી કરતાં ને?”

મિતેશ અને સોનાલીએ રાતના નવ સુધીમાં તો ક્રિષાએ આપેલા બધા જ કૉન્ટેક્ટ્સ પર મોબાઇલ કૉલ કરી-કરીને પૂછી લીધું હતું. ક્રિષાનો મોબાઇલ તો ક્યારનો સ્વિચ ઑફ્ફ આવતો હતો. તે જેની સાથે ગઈ હતી તેનો મોબાઇલ પણ બંધ જ આવતો હતો. હવે કોને પૂછવું? રાતના લગભગ દસ વાગી ગયા હતા. ડૉરબેલ વાગ્યો. મિતેશે

ફ્લૅટનો દરવાજો ખોલ્યો અને જોયું તો સામે પોલીસના યુનિફૉર્મમાં ત્રણ જણા ઊભા હતા. પોલીસે જ માહિતી આપતાં કહ્યું કે "ક્રિષા પટેલ તમારી ડૉટર છે? હુક્કાબારમાં કોઈ છોકરા જોડે અજુગતી હરકતો કરતી પકડાઈ છે. દારૂ પણ પીધો હતો અને ટૉબેકો વિથ હુક્કા પણ. અમારે ઘરની તલાશી લેવી પડશે."
સોનાલીની આંખો સામે સને 2016માં આવેલી મૂવી "લા લા લૅન્ડ" ફ્લેશ બૅક બનીને આવી ગઈ, જ્યારે તે પાર્થ સાથે આ મૂવી જોવા ગઈ હતી. ઘરે કોઈને જાણ ન થાય એની તેણે ખાસ કાળજી લીધી હતી. જો ક્રિષાના ઉછેરમાં પણ એવી કેર લીધી હોત તો?
એ વખતે મિતેશનો ઠપકો સાંભળવો પડેલો કે "બેબીને બારમાની બોર્ડની એક્ઝામ છે ને તું આમ બે–ચાર કલાક ઘરની બહાર ફરતી રહે એ ઠીક નથી."
સોનાલીએ પતિને કાઉન્ટર કરતાં ચોપડાવી દીધું હતું કે "ક્રિષાને એની ફ્રેન્ડના ઘરે થિયૅારમની પ્રેક્ટિસ માટે જવાનું હતું અને હું તારા ફ્રેન્ડ પાર્થની વાઇફને ઍડ્ મિટ કરી હોવાથી ખબર જોવા ગઈ હતી."
મૉમ-ડેડના ઝઘડાના કારણે ક્રિષા તો ગભરાઈ જ ગઈ હતી. આખરે તેણે મૉમને થેન્કસ્ પણ કહ્યું હતું કે "સારું થયું મૉમ, તેં મને આજે બચાવી લીધી."
સોનાલીએ "સેમ ટુ યુ, માય બચ્ચા..." કહીને ક્રિષાને ચૂમી લીધી હતી.
જેમ "લા લા લૅન્ડ" મૂવીમાં હીરો રેયાન ગોસલિંગ ઝાઝ પિયાનિસ્ટ

છે અને હીરોઈન એમા સ્ટૉન તેને દિલ દઈ બેસે છે, એમ મિતેશનો ફ્રેન્ડ પાર્થ ક્લાસિકલ મ્યુઝિશિયન છે અને સોનાલી એને દિલ દઈ બેઠી છે. બેઉ જાણે છે કે પોતે પરણેલાં છે અને પોતાની લાઇફ કોઈ મૂવી નથી. બેઉના ઘરે રહેલી સચ્ચાઈ ગમે ત્યારે પરેશાન કરી મૂકશે. પાર્થ મિતેશનો ફૅમિલી ફ્રેન્ડ હોવાથી એકમેકના ઘરે આવવા જવાનું બનતું. સોનાલી જો પાર્થ સાથે હળીમળીને વાત કરતી હોય તો મિતેશ માટે શંકા કરવા જેવું કશું નહોતું. મિતેશને ક્લાસિકલ મ્યુઝિક સાંભળવાનો શોખ ખરો. શહેરમાં દર વર્ષે યોજાતા વિન્ટર ક્લાસિકલ મ્યુઝિક વીકની ઑર્ગેનાઇઝિંગ કમિટીમાં પોતે હોવાથી પાર્થ દર વખતે મિતેશને પણ વૉલન્ટિયર તરીકે જૉઇન કરતો. આથી સાતે-સાત દિવસ મિતેશ પત્ની સોનાલીને લઈને પ્રૉગ્રામમાં હાજરી આપવા જાય.
રાતના આઠેક વાગ્યાથી મહેફિલ જામે તે છેક વહેલી સવારના ત્રણ કે ચાર વાગી જાય. મિતેશને ઑવર ક્રાઉડમાં સ્વયંસેવકનો બેઝ લટકાવીને ફરવાની મોજ પડતી. બીજી તરફ સોનાલી પ્રાઇવસી મળતાં જ પાર્થ સાથે અંધકારમાં ઓગળી જાય. દર વર્ષનો આ એક ક્રમ બની ગયો હતો. મિતેશ હૉલમાં સોનાલીને જ્યાં બેસાડે ત્યાં આવીને સોનાલી સાથે ગોઠવાઈ જાય. આથી મિતેશને જરા સરખો પણ અણસાર આવતો નહિ. એક વાર પાર્થને લઈને તે પોતાના ફ્લૅટ પર પહોંચી ગઈ હતી. ઘરમાં એકલી ક્રિષાને પોતે જ ફ્રેન્ડ સાથે જવાની છૂટ આપી દીધી હતી.
એક દિવસ મિતેશ અને પાર્થ જોડે હતા ત્યારે જ તેમના ખાસ દોસ્ત જિગરે કહ્યું હતું કે “અલ્યા મિતેશ, ભાભીને મેં આઈનૉક્સ

મલ્ટિપ્લેક્સમાં કોઈની સાથે જોયાં હતાં." આ સાંભળીને મિતેશને લાગ્યો એથી મોટો ઝટકો પાર્થને લાગ્યો હતો.
પાર્થે સોનાલીને કૉલ કરીને પૂછી લીધું હતું કે "ગઈ કાલે કોની સાથે મૂવી જોવા ગઈ હતી?" સોનાલીએ મિતેશના આવા સવાલનો સામનો ઘરે પણ કરવો પડ્યો હતો. તેનો એક જ જવાબ હતો કે "મારી ઑફિસના સાહેબ સાથે અમે સ્ટાફ મેમ્બર્સ મૂવી જોવા ગયાં હતાં. એની ઑબ્જેક્શન?"
ક્રિષા સાતમા – આઠમા ધોરણમાં આવી ત્યારથી મૉમને જોતી આવી હતી. ક્યારેક પાર્થ અંકલ સાથે હંસી-મજાક કરી લેતી મૉમ. ક્યારેક અપ્પુ અંકલ સાથે મોબાઇલ ઉપર લાંબી વાતો કરતી મૉમ. ક્યારેક ઑફિસવાળા અંકલ સાથે પોતાને પણ આઇસક્રીમ ખાવા લઈ જતી મૉમ. તો કદીક મોઈન અંકલ સાથે પોતાને મૂવી જોવા લઈ જતી મૉમ. બે વર્ષથી કૉલેજની હવામાં આવી ગયેલી ક્રિષાને હવે બધું સમજાવા માંડ્યું હતું કે પપ્પાના ફ્રેન્ડ રાજન અંકલ મૉમ પાસે રાખડી પણ બંધાવે છે અને આખું વરસ મૉમને મોંઘી ગિફ્ટ્સ પણ કેમ આપે છે.
પોલીસે મિતેશ અને સોનાલીને માહિતી આપતાં કહ્યું કે "કોઈ સ્મિત સુથાર નામના છોકરા સાથે પકડાઈ છે, તમારી ડૉટર?"
સોનાલી વિચારવા લાગી ગઈ કે બેબીએ તો પોતાના બૉયફ્રેન્ડ વિવાનની વાત કરી હતી. આ સ્મિત વળી બેબીની લાઇફમાં ક્યાંથી આવી ચઢ્યો? સોનાલી મનોમન ગણવા લાગી કે જો આ પોલીસની વાત સાચી હોય તો સ્મિત બેબીનો આઠમો બૉયફ્રેન્ડ થયો. ઘડીભર સોનાલીને લાગ્યું

કે ક્રિષા જાણે “મોરનાં ઈંડાં?”

(“સ્ટૉરી મિરર” 2018)

મોહિની

મોહિની અકોલકર. નામ જેવા જ મોહક કરી દે એવા ગુણ. આ સ્ત્રીની મોહિની ભલભલાને ભાન ન ભુલાવે તો જ નવાઈ. એના કંઠની મીઠાશ એવી કે બોલે તો ફૂલો ખીલી જાય. ત્રીસ વર્ષની હોવા છતાં એના રૂપને સમયનો કાટ લાગ્યો નથી. એના ષોડશી ચહેરા ઉપર એ જ ચંચળતા અને ભાવુકતા. અમીયલ આંખોની ચમક અને હોઠ પર રમતિયાળ સ્મિત એવું કે પારકાંને પોતાનાં બનાવી જાણે.

જોકે આજે મોહિની બરાબરની ફસાઈ ગઈ છે. એના રૂપની પૂનમનો પાગલ બીજો પતિ લાલારામ પણ હવે ચાહે તોય પોતાની જીવનસંગિનીને બચાવી શકે એમ નથી. પોલીસે લાલારામને તો વચ્ચે બોલવાની ના જ પાડી દીધી છે. જો વચ્ચે બોલશે તો પોલીસ કાર્યવાહીમાં ખલેલના કેસમાં એને પણ ફિટ કરી દેવામાં આવશે, એમ કહેવામાં આવ્યું ત્યારથી એ ઠંડો પડી ગયો છે. છતાં વારંવાર એના અને મોહિનીના નજરબાણ ટકરાય છે ખરા. આમને આમ મોહિનીને આંખે અંધારાં આવી ગયાં છે.

નાગપુર નજીકના એક કસબામાં રહેતા મોહનરાવ અરગડેનું ત્રીજું સંતાન એટલે મોહિની. મોહનરાવ અહીં અનાજ-કરિયાણાની દુકાન ચલાવે. જોડે શાકભાજીનું કાઉન્ટર પણ રાખેલું. સાધારણ વસતીમાં ધંધો અને એવી જ સાધારણ નફાની આવક. મોહિની નાનપણથી જ સહુ કોઈને ગમી જાય એવી દેખાવડી ને આકર્ષક. પરિવાર અને પાસ-પડોશના લાડ-પ્યાર-દુલાર વચ્ચે ઊછરેલી મોહિની માંડ દસમા ધોરણ સુધી ભણી. એને નાટક, સિનેમા, મ્યુઝિકલ પાર્ટી, ગણેશોત્સવ અને ટી.વી. પ્રોગ્રામનું

ભારે ઘેલું. મેળા લાગે ત્યારે મેળામાં મ્હાલવાનું અને ઊભા બજારે ઘૂમતા રહેવાનું એને ખૂબ ગમે.

મોહિનીને ઘરમાં તો ગોઠે જ નહિ. જાણે ચાર દીવાલો ચટકા ભરે. સંબંધીઓ અને પાડોશીઓ કહેતા પણ ખરા કે “રાવજી, છોકરીની જાતને આટલી આઝાદી આપવી ઠીક નહિ.”

એ વખતે બાપ બેફિકરો જવાબ આપતા કે “ભલે અમારી દીકરી મોજશોખ કરે. કાલ સવારે પરણીને સાસરે જતી રહેશે. પછી આખી જિંદગી એને જેલ જ છે ને?”

અઢારેક વર્ષની મોહિનીને આણું કરીને સાસરે વળાવવામાં આવી. અકોલા નગરમાં રહેતા સંતોષરાવ અકોલકર નામના યુવાન સાથે મોહિનીએ લગ્નજીવનની શરૂઆત કરી. સંતોષરાવ શાકભાજીનો વેપાર કરતો. વાડીમાંથી માલ આવતો, તેની કમિશન-દલાલીની આવક પણ સારી હતી; પરંતુ આખરે ધંધો એટલે ધંધો. એમાં તો આજે તેજી તો કાલે મંદી પણ આવે. જોકે સંતોષરાવ સંયુક્ત પરિવારમાં રહેતો એટલે બધું નભી જતું.

આ તરફ મોહિનીને તો સાસરિયામાં જીવવું જેલ જેવું જ લાગતું. કેમ કે આખો દિવસ પતિ ધંધામાં પરોવાયેલો રહે. વહેલી સવારના ઘરેથી નીકળે તો છેક રાતના ઘરે પાછો ફરે. સંતોષરાવથી એને સંતોષ તો હતો; પરંતુ પતિ વિના ઘરની બહાર જવા મળતું નહિ. મેળા, બજાર, નાટક, સિનેમા, એવું બધું જ બંધ થઈ ગયું હતું. એકલા ફિલ્મ જોવા જવાની તો વાત જ કેવી?

આમ તો સાસરીમાં ગોઠી ગયેલું અથવા ગમાડવું પડેલું પણ

સારા દિવસો આવતાં જ મોહિનીનો ખોળો ભરવામાં આવ્યો, એ સાથે જ એને પિયરમાં રહેવા મળ્યું. જાણે પિંજરમાંથી પંખી આઝાદ થયું. હવે પંખીને મુક્ત રીતે ઊડવા માટે પાંખો પણ મળી અને આકાશ પણ. ત્રણ-ચાર મહિનાનો ગર્ભ હોય ત્યારે પિયર આવી જવાય અને બાળકના જન્મ પછીય પાંચ-છ મહિના બાપના ઘરે રહેવા મળે. આમ સળંગ એકાદ વર્ષ પિયરમાં રહેવા મળે એટલે મોહિનીને તો લોટરી લાગી જતી. એને તો મજા પડી ગઈ. આમ ને આમ લગ્નનાં સાતેક વર્ષમાં તો એ ચાર સંતાનોની મા બની ગઈ. એની પાછળનું ખરું કારણ મોજ-મસ્તી જ હતું. ભાવતું હતું ને વૈદ્યે કહ્યું, એવો ઘાટ હતો.
મોહિનીને ત્રણ દીકરી અને એક દીકરો. જોકે હવે એના માટે એક નવી મુસીબત ઊભી થઈ હતી. નવી મુસીબત એટલે બાળકોના ઉછેર અને સારસંભાળની જવાબદારી. હવે તો એના માટે ઘરેથી બહાર નીકળવાનું પણ જાણે કે બંધ થઈ ગયું. આખો દિવસ ચારેય સંતાનોની સારસંભાળ. લગ્નની શરૂઆતના સમયગાળામાં તો સંતોષરાવ એકાદ –બે અઠવાડિયે મોહિનીને ક્યાંક બહાર ફરવા માટે પણ લઈ જતો હતો. હવે તો એવુંય બંધ થઈ ગયું. મોહિની મનોમન ગૂંગળામણ અનુભવતી પણ એ પોતાના મનની વાત કહે તો કોને કહે?
હવે મોહિનીને જિંદગી બંધિયાર લાગવા માંડી હતી. પાંખો ફફડાવીને ક્યાંક ઊડી જવાનું એને મન થયા કરતું હતું. ઘર, પરિવાર, બાળકો, પતિ, સાસરિયાંને સાચવવાનાં અને વળી મર્યાદામાં પણ રહેવાનું એને હવે બોજારૂપ લાગતું હતું.

– અને એક દિવસ પતિ, સંતાનો ને સાસરું છોડીને મોહિની પાંખો ફફડાવીને ક્યાંક ઊડી ગઈ. એ અમદાવાદ જતી ટ્રેનમાં બેસી ગઈ હતી. સાસરેથી તો સાડી પહેરીને જ નીકળી હતી. પાસે બીજો કોઈ જ સામાન નહિ. હા, થોડા રૂપિયા લઈ લીધા હતા. બજારમાંથી ઑરેન્જ કલરનો સરસ મજાનો પંજાબી ડ્રેસ ખરીધો અને શૉ-રૂમના ચેન્જરૂમમાં જઈને સાડી ઉતારીને ડ્રેસ પહેરી પણ લીધો. સાથે જ થોડો મેક-અપ પણ કરી લીધો અને હેરસ્ટાઈલ પણ ચેન્જ કરી. જાણે હીરોઈન જ જોઈ લો.

અમદાવાદ રેલવે સ્ટેશન ઊતરીને મોહિની સીધી જ નવરંગપુરા વિસ્તારમાં આવેલી એક રેસ્ટૉરન્ટમાં પહોંચી. ભૂખ તો લાગી જ હતી. પિઝા અને કૉલ્ડ ડ્રિંક મંગાવ્યા. નાનકડી રેસ્ટોરન્ટના કૅશ કાઉન્ટર પર બેઠેલો લાલારામ પોતે જ રેસ્ટોરન્ટનો માલિક છે એમ વેઇટર પાસે જાણી લીધા બાદ લાલારામને પોતાની આંખોથી મોહિત કરવા માંડ્યો. પચ્ચીસેક વર્ષનો સોહામણો યુવાન લાલારામ મોહિનીના કામણથી ના પીગળે તો જ નવાઈ.

આંખોની ઇશારતથી મોહિનીએ જાળ તો પાથરી હતી. હવે હાથના ઇશારાથી તેણે લાલારામને પાસે બોલાવ્યો અને કહ્યું: “ઍક્સક્યુઝ મી, આપનું નામ?”

મોહિનીની મોહક અદાઓ પર ફિદા-ફિદા થઈ ગયેલો લાલારામ તેની નજીક આવ્યો અને બોલ્યો કે “જી, મારું નામ લાલારામ. આપ મને લાલાજી પણ કહી શકો છો. બોલો શું કામ હતું?”

મોહિનીને લાગ્યું કે આપણું કામ હવે થઈ ગયું જ સમજો. પાસા પોબાર પડ્યા છે. તે ગંભીર સાદે બોલી કે “લાલાજી, મારું નામ મોહિની

છે. હું મુંબઈના એક સુખી અને ખાનદાન મરાઠી પરિવારની છોકરી છું. મારાં મા-બાપ મારું લગ્ન મારી મરજી વિરુદ્ધ અમારી બિરાદરીના ગામઠી છોકરા સાથે કરાવવા માગતા હતા અને એ છોકરો મને પસંદ નહોતો. આથી હું કાયમ માટે ઘર છોડીને આવી છું. ડુ યુ એનીબડી હેલ્પ મી?"

લાલારામ તો મોહિનીના મોહમાં બરાબર લપેટાઈ ગયો હતો. તેણે કહ્યું કે "પ્લીઝ, મોહિનીજી. તમે મને લાલા કહી શકો છો. તમારે જે હેલ્પ જોઈએ એ કરવા હું તૈયાર છું. મને મળ્યા પછી તમારે કોઈ જાતની ચિંતા કરવાની જરૂર નથી. તમને વિશ્વાસ પડે તો તમે મારી સાથે રહી શકો છો. આપણે લગ્ન કરી લઈશું. ઇફ યુ ડૉન્ટ માઇન્ડ...?"

હવે મોહિનીનું કામ તો આસાન થઈ ગયું હતું. નવા અને અજાણ્યા શહેરમાં એને ઘર પણ મળી ગયું હતું અને વર પણ. તે બોલી ઊઠી: "થેન્ક યુ સૉ મચ. આમ તો મારું નામ મોહિની છે, પણ તમે મને મુન્ની કહીને બોલાવી શકો છો."

આમ મોહિની અને લાલારામ એક નવા જીવનની શરૂઆત કરી ચૂક્યા હતા. મોહિની માટે તો આ બધું કંઈ પહેલી વારનું નહોતું પણ લાલારામનો ઉત્સાહ સમાતો નહોતો. સુંદર સ્ત્રી પત્ની તરીકે મળી એ બદલ એ મનોમન ભગવાનનો પાડ માનતો. એ અવારનવાર પત્નીને મોંઘા ડ્રેસીસ, પર્સ, પરફ્યુમ્સ, બ્યુટી ઍન્ડ કૉસ્મેટિક ઍસેસરિઝ વગેરે ભેટમાં આપતો રહેતો. મોહિનીને જે સુખસાહ્યબીની તલાશ હતી, એ કદાચ હવે અહીં પૂરી થઈ હતી. એનું સપનું સાકાર થઈ ગયું હતું.

જોતજોતામાં ચાર-પાંચ મહિના વીતી ગયા. એક દિવસ લાલારામે

કહ્યું કે “મુન્ની, મને હવે એક સરસ મજાના સંતાનની ગિફ્ટ ક્યારે આપીશ? આપણા પ્રેમની નિશાનીનો મને ઇન્તજાર છે.”
– આ સાંભળીને મોહિની તો સ્તબ્ધ થઈ ગઈ. જાણે કાપો તો લોહી ના નીકળે એવી સ્થિર અને જાણે જડ બનીને એ તો સીધી ભોંય ઉપર બેસી પડી.
લાલારામ તો આભો જ બની ગયો. એ ગભરાઈ ગયો કે પોતે એવું તો શું બોલી ગયો કે પોતાની પત્ની આમ સ્ટેચ્યુ બનીને જમીન પર ખોડાઈ ગઈ?
લાલારામ પત્નીને મનાવતા અને સમજાવતા કહેવા લાગ્યો કે “શા વિચારમાં પડી ગઈ, મુન્ની? મેં કંઈ ખોટું તો નથી કહ્યું ને? મારી કોઈ ભૂલ તો નથી થઈ ગઈ ને?”
બિચારી મોહિની બોલે તો શું બોલે? કેમ કે તે તો ચાર સંતાનોને જન્મ આપ્યા બાદ સંતાનોની પળોજણમાંથી છૂટવા માટે પરિવાર નિયોજનનું ઑપરેશન કરાવી ચૂકી હતી. હવે તો તે કદાપિ મા બની શકે એમ જ નહોતી અને આ વાત તેણે પતિ લાલારામથી છુપાવી પણ રાખી હતી. હવે ફુગ્ગો ફૂટી જવાની અણી ઉપર હતો. એ બીજા પતિને કોઈ બાળક પેદા કરીને આપી શકે એમ નહોતી. જો તે આ વાત જાહેર કરી દે તો પતિ લાલારામને અને આ સુખ-સાહ્યબી એમ બેઉને છોડવાનો વારો આવે એમ હતું, જે એને મંજૂર નહોતું.
જાણે-અજાણે પણ મોહિનીના જાદુઈ દિમાગમાં ફિલ્મો અને ટી.વી. સિરિઅલોના ઍપિસોડ ઝગારા મારવા લાગ્યા, ફ્લેશ થવા લાગ્યા. એક

ખતરનાક આઈડિયા એના દિમાગમાં આવી ગયો. મોહિની અને લાલારામ બેડરૂમ શેર કરતા, એમાં કોઈ નવી વાત નહોતી. થોડા જ સમયમાં મોહિનીએ નવા પતિને "સારા સમાચાર છે... પ્રેગનન્ટ છું..." કહીને પિયર નાગપુરની વાટ પકડી. પત્ની પિયર જાય તો એમાં લાલારામ માટે કશું અજુગતું નહોતું લાગ્યું.

પહેલો પતિ, ચાર સંતાનો અને સાસરું છોડ્યું એ સાથે જ મોહિનીએ પિતૃગૃહનો પણ ત્યાગ જ કર્યો હતો. કેમ કે દીકરીને ખબર જ હતી કે જો પોતે મા-બાપ પાસે જશે તો તેઓ પોતાને પાછા પતિ અને સાસરિયાની જેલમાં મૂકી આવશે. જોકે વર્ષો પછી દીકરી ઘરે પાછી આવે તો કયાં મા-બાપને ન ગમે? મોહિનીનાં મા-બાપ તો રાજીનાં રેડ થઈ ગયાં. દીકરીને હરખભેર વધાવી લીધી. મોહિનીએ ઘરમાં માંડીને વાત કરી દીધી. પોતાના પહેલા પતિના ઘરે કોઈ જાણ ન થાય એ વિશે પૂરેપૂરી સાવધાની રાખવામાં આવી હતી.

નાગપુરમાં જે ડૉ. કોલ્હાટકર નર્સિંગ હૉમમાં પોતાની ચાર-ચાર ડિલિવરી કરાવી હતી, ત્યાં બધા સાથે મોહિનીને ઘરોબો હતો. અમદાવાદથી લાલારામ પત્નીની ખબર-અંતર પૂછવા ફોન કરતો અને મોહિની પોતાની સારી તબિયતના સમાચાર, અપ-ડેટ્સ આપતી રહેતી. નવ મહિના પ્રમાણે સમયની ગણતરી કરીને મોહિની ડૉ. કોલ્હાટકર નર્સિંગ હૉમના સ્ટાફ સાથે ગોઠવણ કરીને કોઈ પણ રીતે નવજાત શિશુની ડિલિવરી મેળવીને અમદાવાદ લાલારામ પાસે હેમખેમ પહોંચી ગઈ હતી.

સંતાનમાં દીકરો જોઈને લાલારામ તો ખુશીના માર્યા પાગલ થઈ

ગયો હતો. બીજી તરફ નાગપુર પોલીસે હાથ ધરેલી તપાસ કારગત નીવડી હતી. કોઈ દંપતીએ નાગપુર પોલીસમાં પોતાના નવજાત શિશુની ઉઠાંતરીની ફરિયાદ નોંધાવી હતી અને પોલીસને નર્સિંગ હૉમ તથા આસપાસમાં લગાવેલા સી.સી.ટી.વી. કૅમેરાના ફુટેજ કામ લાગ્યા હતા. આંટાફેરા મારતી શકમંદ મહિલા તરીકે મોહિની વીડિયો કૅમેરામાં સાફ દેખાતી હતી. જૂની પેશન્ટ તરીકે ડૉ. કોલ્હાટકરે પણ મોહિનીને ઓળખી કાઢી હતી.

મોહિનીનાં માતા-પિતાના ઘરે તપાસ કરતાં પોલીસને પાડોશીઓએ નિવેદનમાં પણ કહી દીધું હતું કે મોહિની પ્રેગનન્ટ હતી અને ડિલિવરી કરાવી હોવાનું જાણમાં છે. પોલીસે મોહિનીની કૉલ ડિટેઈલ પણ કઢાવીને બધું મૅચ કરી જોયું. આમ નાગપુર પોલીસ મોહિનીનું પગેરું દબાવતી અમદાવાદ પહોંચી હતી. પોલીસે બાળકનો કબજો લઈને મૂળ માતા-પિતાને સોંપ્યો હતો.

મોહિની હજુ સૂનમૂન હતી. શું બની ગયું એ હજુ સમજી શકતી નહોતી. લાલારામ ખિન્ન થઈને મોહિનીને જોઈ રહ્યો હતો. કદાચ એનો મોહ અને મોહિનીના રૂપનો ઢોળ ઊતરી રહ્યો હતો, ઊતરી ચૂક્યો હતો.

("લોકસત્તા-જનસત્તા" 2004)

રમૂજીલાલ

પચાસ વર્ષનાં સ્મિતાબહેનના ચહેરા ઉપર એકાદ-બે વિષાદરેખા હતી, એ સિવાય એમના સૌંદર્યને ક્યાંય કાટ લાગ્યો નહોતો. શરીરનો બાંધો સપ્રમાણ. કલર્ડ, સ્ટેટનિંગ હેરસ્ટાઈલ પણ નિરાળી. કપાળે ગોળ મોટો કાળો ચાંદલો. ચિલી રેડ લિપસ્ટિકની શાઇનિંગ અને સધર્ન સ્ટાઈલની સાડી. કાનની બૂટમાં ઝગારા મારતા ડાયમન્ડ ઈયરિંગ્સ્. ગળામાં ગોલ્ડન નૅકલેસ અને બેઉ કાંડે સોનાની ચાર-ચાર બંગડીઓ. સ્મિતાબહેનના વ્યક્તિત્વનો અલગ જ ઠસ્સો અને નોખો રુઆબ.

પચાસ વર્ષનાં સ્મિતાબહેન એંસી વર્ષના પતિ રમૂજીલાલ સામે ભરણપોષણ અને માલ-મિલકતમાં અડધા ભાગ માટે અદાલતી જંગ ખેલી રહ્યાં છે. ફૅમિલી કોર્ટની વૅઇટિંગ લાઉન્જમાં બેઠેલાં સ્મિતાબહેનના ચહેરા ઉપરનો જુસ્સો યોદ્ધા બાઈથી જરાય કમ નથી. નામ ભલે સ્મિતાબહેન રહ્યું, તેમના ચહેરા ઉપરથી સ્મિત વિલાઈ ગયું છે. ન ભૂલી શકાય એવા જીવનના બે દસકાનો ભૂતકાળ જાણે તેમને પજવી રહ્યો છે.

સ્મિતાબહેન કહે છે: “એ વખતે મારી ઉંમર 30 વર્ષની હતી. મારો પહેલો પતિ હિતેશ દેવજીભાઈ ઠક્કર. તેની સાથે મારાં લગ્ન થયાં ત્યારે હું વીસ વર્ષની હતી. દસ વર્ષની મૅરેજલાઇફ બાદ કંટાળીને મેં તેની પાસેથી ડિવૉર્સ લીધા. મારા પપ્પા લક્ષ્મીનારાયણ શ્રોફ (ઠક્કર)એ તો મને સારું ઘર અને સારો વર જોઈને જ પરણાવી હતી. મારે કોઈ ભાઈ-બહેન નહોતાં અને મા તો મને નાનપણમાં જ મૂકીને દેવ થઈ ગઈ હતી. એક તો મારે પહેલા પતિથી દસ વર્ષની મૅરેજલાઇફ પછી પણ સંતાન થયું નહિ

અને બીજું કારણ તો એ કે મારા લાલચુ પતિની નજર મારા પપ્પાની બધી મિલકત ઉપર જ હતી.”
વાતને આગળ વધારતાં તેઓ કહે છે કે “પહેલો પતિ જાતજાતની માગણીઓ કરી-કરીને મને પોતાના ઘરમાંથી કાઢી મૂકતો. કંટાળીને મેં ડિવૉર્સ લઈ લીધાં અને પપ્પાની સાથે રહેવા લાગી. નસીબનું ચક્કર એવું ફર્યું કે પપ્પાની ધંધાની ઉઘરાણી તો ન આવી પણ અમારે કરજનો ભાર ઉતારવા માટે આલીશાન બંગલો અને કાર વગેરે વેચીને ભાડાના મકાનમાં ટ્રાન્સફર થવું પડ્યું. મારા પપ્પા મારી ડિસ્ટર્બ લાઇફ અને ઈકૉનોમિકલ ક્રાઇસિસના આઘાતમાં જીવ્યે જતા હતા. મેં હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ વેચવાનો બિઝનેસ સ્ટાર્ટ કર્યો હતો. આમ ઘરની ગાડી ચાલતી હતી.”
સ્મિતાબહેન કહે છે: “મારી લાઇફની સેકન્ડ ઈનિંગ અને ટર્નિંગ પૉઇન્ટની પણ વાત કરું. મારા પપ્પાના હમઉમ્ર ફ્રેન્ડ રમૂજીલાલ પપ્પાને મળવા અવારનવાર અમારા ઘરે આવતા. આથી મારા પપ્પાને પણ સારું લાગતું. મારા અને પપ્પાના ના પાડવા છતાં તેઓ મદદ કરતા રહેતા. સમય જતાં મારા પપ્પા પાંસઠ વર્ષની ઉંમરે ગુજરી ગયા. મારાથી ત્રીસ વર્ષ મોટા રમૂજીલાલ અને હું નજીક આવતાં ગયાં. જીવનમાં આવેલો ખાલીપો કદાચ સમય જ ભરી શકે. ભલે તેઓ મારા પપ્પાની ઉંમરના હતા, તેમ છતાં ભાડાના મકાનમાં તેમની આવનજાવન લોકોની ચર્ચાનો વિષય પણ બની હતી.”
તેઓ બોલતાં જાય છે: “પહેલા લગ્નવિચ્છેદ પછી પાંચેક વર્ષ પપ્પા જીવ્યા અને એમની સાથે હું રહી. પાંસઠ વર્ષના રમૂજીલાલનો પરિવાર મોટો છતાં તેઓ એકલા. અમે બેઉ એકલા એટલે અમારી વચ્ચે લાગણીના

તાર રણઝણ્યા. તેમની એક દીકરી અને ત્રણ દીકરા મળીને ચારેય સંતાનો અમેરિકા સેટ થયાં હોવાથી તેમનાં પત્ની કાન્તાબહેન પણ સંતાનો સાથે અમેરિકા જ રહેતાં હતાં. આમ ડિવૉર્સ વિના પણ રમૂજીલાલ ડિવૉર્સી જેવા જ હતા. તેઓ મને ઇકૉનોમિકલ હેલ્પ કરતા અને મારી બધી જરૂરિયાતો પૂરી કરતા, તો હું પણ તેમને શક્ય એટલી લાગણી અને હૂંફ આપતી. પપ્પાના નિધન પછી તેમણે મને પોતાના ફ્લૅટમાં સાથે રહેવા જ બોલાવી લીધી હતી. કાગડા તો બધે કાળા જ હોય. જેમ મારા ભાડાના મકાનમાં પાડોશીઓની ચર્ચા થતી હતી, એમ જ રમૂજીલાલના પાડોશીઓમાં પણ અમારા સંબંધને લઈને ચર્ચાઓ થવા લાગી હતી. આમ જુઓ તો અમારો કજોડાનો વેશ જ હતો. તેઓ મારા બાપની ઉંમરના અને હું એમનાથી ત્રીસ વર્ષ નાની. તેઓનો દેખાવ પણ કંઈ સારો નહોતો. દેખાવે શ્યામ, ભારે શરીર, માથે ટાલ અને ફાંદવાળું પેટ. એક દિવસ તેમણે મને સામેથી કહ્યું કે ચાલ, સ્મિતા, આપણે પરણી જઈએ અને તો જ પાડોશીઓની કૂથલી બંધ થશે. મેં મૅરેજ કરીને નવી જગ્યાએ રહેવા જવા સૂચન કર્યું હતું."

સ્મિતાબહેન કહે છે: "અમે કોર્ટમાં રજિસ્ટર્ડ મૅરેજ કર્યાં એ પહેલાં તેમણે લીગલી ડિવૉર્સ લઇ લીધા હતા. એ વખતે હું ચાળીસ વર્ષની અને તેઓ સિત્તેર વર્ષના. તેમણે નવા એરિયામાં નવો ફ્લૅટ લીધો હતો ત્યાં અમે લાઇફની નવી ઇનિંગ સ્ટાર્ટ કરી. નવી જગ્યાએ પાડોશીઓએ અમારી વચ્ચેના એજ-ડિફરન્સની નોંધ લીધી ના લીધી અને લાઇફ સેટ થતી ગઈ. દીકરીની ઉંમરની સ્ત્રી કોઈની વાઇફ હોઈ શકે છે, શું ફરક પડે છે?"

તેમની આંખોના ખૂણા ભીનાશ સાચવી બેઠા: "અમારા જીવનમાં

એક આંધી આવી અને બધું વેરવિખેર થઈ ગયું. અમેરિકામાં એમના ફૅમિલી સુધી અમારી વાતો પહોંચી હતી. એક દિવસ તેમનો દીકરો ઇન્ડિયા આવ્યો અને તેના પપ્પાને લઈને જતો રહ્યો. અમેરિકા જતા પહેલાં રમૂજીલાલે પોતાના ફ્લૅટમાંથી જ નહિ, એમની લાઇફમાંથી પણ મને બેદખલ કરી હતી. મને મારઝૂડ કરીને હડધૂત પણ કરી હતી.”

“પણ તેણે તો લીગલ ડિવૉર્સ લઈને તમારી સાથે લીગલી કોર્ટ મૅરેજ કર્યાં હતાં ને?” એવા એક સવાલના જવાબમાં સ્મિતાબહેન છેડાઈ પડે છે: “ના, એ તો તેમણે કપટ કરીને બધા જ ડૉક્યુમેન્ટ્સ ફેક બનાવ્યા હતા. મારી સાથે બનાવટ થઈ હતી. તેમણે સાવ છેતરપિંડી જ કરી હતી. મેં તેની વિરુદ્ધ બધા જ ફેક ડૉક્યુમેન્ટ ફૅમિલી કોર્ટમાં એવિડન્સ સ્વરૂપે સબમિટ પણ કર્યા જ છે. તેમની આર્ગ્યુમેન્ટ એવી છે કે મેં ખુદ આ ફેક ડૉક્યુમેન્ટસ તેમની મિલકત પડાવી લેવા બનાવડાવ્યા છે. ભગવાન જાણે, શું થશે?”

ફરી એક વાર ભાડાના મકાનમાં પાછલી જિંદગી શરૂ કરનાર સ્મિતાબહેનના ચહેરા ઉપર વિષાદ છેઃ “હવે આ ઉંમરે હું ક્યાં જાઉં? બીજા પતિની સેવાચાકરીમાં પૂરી જવાની ખર્ચી નાખી, તેનો તેમણે આવો બદલો આપ્યો છે. હું હાર માનવાની નથી, હું છેવટ સુધી લડી લઈશ.”

(“અખંડઆનંદ” 2016)

રસ્તો

“બ્રિજલ, સ્કૂલેથી આજકાલ તું ઘરે મોડી આવવા લાગી છે. શું ચક્કર છે?” દેવલે વાઇફની ઇન્ક્વાયરી શરૂ કરી.
- અને બ્રિજલે મગજ પરનો કાબૂ ગુમાવ્યો: “તારી આ રોજ-રોજની કચકચથી હું હવે કંટાળી ગઈ છું. મને ખબર છે કે મારી પીઠ પાછળ તું મારી સી.આઈ.ડી. કરતો ફરે છે.”
દેવલે દલીલ કરતાં કહ્યું કે “વાત સી.આઈ.ડી.ની નથી પણ તું ઘરે લેટ આવવા માંડી છું. સ્કૂલેથી છૂટીને ક્યાં જાય છે? મેં સ્કૂલમાં પણ તપાસ કરાવી હતી. સ્કૂલમાંથી તો તું સમયસર નીકળી જતી હોય છે.”
“તો મારે કોઈ કામ હોય તો બહાર જવું પણ પડે. શૉપિંગ કરવાનું હોય, બ્યુટીપાર્લરમાં જવાનું હોય, કોઈ ફ્રેન્ડની ઘરે જવાનું હોય, કોઈ કલીંગના ઘરે કામથી જવાનું હોય. બધું તને પૂછીને કરવાનું?”
બ્રિજલ ગુસ્સામાં બોલતી ગઈ.
દેવલ સમસમી ગયો: “શૉપિંગ કરવું હોય એટલે તારા બૉસ હિતેશ જોડે જવું જ પડે? બ્યુટીપાર્લરનું કહીને તું પેલા પ્રશાંત પટેલ સાથે મૂવી જોવા જાય છે અને કૉફી શૉપમાં જાય છે એ પણ મને ખબર છે. ફ્રેન્ડનું નામ દઈને તું તારા કૉલેજ ટાઇમના બૉયફ્રેન્ડ ઇલિયાસ અને નેલ્સન સાથે ટાઇમ પાસ કરતી હોય છે, એ પણ હું જાણું છું. બીજું શું-શું કરે છે અને ક્યાં-ક્યાં જાય છે, એ નથી કહેવું મારે.”
હવે બ્રિજલ ખિજાઈ ગઈ: “જો દેવલ, પ્રશાંત પટેલે તો તને અને દીકરાને પ્રેસ રિપૉર્ટરનું આઇ-કાર્ડ બનાવી આપ્યું છે. તને અને દીકરાને

કારની આગળ-પાછળ પ્રેસ લખાવવાનો અને રુઆબ કરવાનો ચસકો છે, તો એની સાથે સંબંધ તો મૅન્ટેઈન કરવો જ પડે ને! રહી વાત બીજા ફ્રેન્ડ્ઝની, તો એ બધા પણ તને બિઝનેસમાં જ્યારે ફંડની જરૂર પડી ત્યારે હેલ્પ કરી ચૂક્યા છે, એટલે વધારે કંઈ ના બોલતો."
તે હજુ બોલ્યે જતી હતી: "ધીસ ઇઝ ટુ મચ, દેવલ. ખોટી રીતે મારા પર એલિગેશન લગાવવાનું બંધ કર. મારા વિશે તું આટલું બધું જાણે છે તો પછી મને છોડી કેમ દેતો નથી? મને ડિવૉર્સ આપી દે ને. મને ખબર છે કે તું મને ડિવૉર્સ આપી નહિ શકે. કેમ કે આલીશાન ફ્લૅટ મારા મા-બાપે લઈ આપ્યો છે એટલે આ ઘરમાંથી બહાર તો તારે જ નીકળવું પડશે અને તું જ રસ્તા ઉપર આવી જઈશ."
બ્રિજલે હબીની દુખતી નસ દબાવી દીધી હતી. દેવલની દુખતી નસ ઉપર હાથ મુકાઈ ગયો હતો. બિઝનેસમૅનના નામે બેકારની જિંદગી બસર કરી રહેલા દેવલ માટે તો બ્રિજલ સોનાનાં ઈંડાં આપતી મરઘી હતી. મહિને પોણા લાખનો સેલરી આપનાર વાઇફને કોઈ છોડે ભલા?
દેવલે હવે દબાતા અવાજે કહેલું કે "ડૉન્ટ ગેટ મી રૉન્ગ. યુ હેવ ટુ નૉ ઑલ ધિસ થિંગ્સ્."
બ્રિજલ દેવલ રાવળ. એક ઠસ્સાદાર વ્યક્તિત્વ. ઉંમર ફિફ્ટી પ્લસ પણ પચ્ચીસ વર્ષની દેખાવાનો પ્રયાસ. મોટી અને માંજરી આંખો. ગોળ, ગૌર ચહેરો. સપ્રમાણ ફિગર અને વૅસ્ટર્ન આઉટફિટ્સની શોખીન. ખુલ્લા આકાશમાં ઊડનારી બ્રિજલને દેવલ સાથે લગ્ન થયાં ત્યારથી પીંજરામાં કેદ થઈ હોવાનો અહેસાસ થતો રહેતો. એ તો સારું છે કે લગ્ન પહેલાથી

જ સ્કૂલની જૉબ હતી. જૉબના બહાને તેને ઘરની બહાર નીકળવા મળતું. ખરું પૂછો તો કેમિકલના બિઝનેસની ઓળખ આપીને લગ્ન કરનાર દેવલે લગ્ન માટે બ્રિજલ સાથે "હા" પાડવાનું કારણ સ્કૂલની સરકારી જૉબ જ હતું. દેવલનો જાસૂસી સ્વભાવ બ્રિજલને કદીય ગમતો નહિ.

એક જ ટેબલ ઉપર બ્રિજલ સાથે નોકરી કરતી ગીતાંજલિ પટેલ પણ પોતાની કલીંગની સૅડ-સ્ટૉરી સાંભળીને અવારનવાર કહેતી હતી કે "ડીયર, તારો હબી આટલો શંકાશીલ અને ઑર્થોડૉક્સ મેન્ટાલિટીનો છે, તો તું એને છોડી કેમ દેતી નથી?"

એ વખતે બ્રિજલે તેને સમજાવી હતી કે "ગીતુ, ઍક્સ્ટ્રા મેરિટલ અફૅર કોઈ દિવસ પરમેનન્ટ હોતા નથી અને મૅરેજ લાઇફ બ્રેક કરવાનો કોઈ મતલબ નથી. જસ્ટ ફન ઍન્ડ ઍન્જૉય લાઇફ. જ્યારે બ્યુટીનો સન-સેટ થાય ને ત્યારે બધા જ લવ-બડ્ઝ ઊડી જતા હોય છે. લાઇફના ઍન્ડમાં આપણો પોતાનો માળો હોય તો ઠીક રહે. મહત્ત્વની વાત એ છે કે એકલી રહેતી લેડી સેફ ન રહી શકે. દરવાજા ઉપર પુરુષના નામવાળી નેમપ્લૅટ હોય તો એ પ્લૅટ પ્રૉટેક્શનનું કામ કરતી હોય છે."

એક દિવસ ગીતાંજલિએ બ્રિજલને કહ્યું હતું કે "ડીયર, મને એક વાત સમજાતી નથી કે તારો અને દેવલનો મેળ કેવી રીતે પડી ગયો? આઈ મીન તમારા મૅરેજ કેવી રીતે થયાં? ક્યાં એ ઘરડો ખચ્ચર અને ક્યાં તું બ્યુટી ક્વીન – મિસ. ઇન્ડિયા... ઑફ કૉર્સ, મારી વાત તો તું જાણે છે ને કે મારો હબી મારાથી દસ વર્ષ મોટો છે પણ એની ગવર્નમેન્ટ જૉબ હતી એટલે મારા ફૅમિલીએ બીજું કશું મેઝરમેન્ટ જોયું જ નહોતું."

બ્રિજલ કશું બોલી નહોતી પણ એની નજર સામે પાસ્ટ લાઇફ ફ્લેશ-બૅકની જેમ ઝબકી ઊઠી હતી. વિધવા થતાં જ કબિલા માને ભોળવી-ભોળવીને પિતાના મિત્ર અને ગામના સરપંચ હરિભાઈ પટેલે બધી મિલકત પડાવી લેવા માંડી હતી. પિતાના મૃત્યુ પછી ઘરનો કારભાર પણ તેઓએ જ હાથમાં લઈ લીધો હતો. સરપંચના મા સાથેના સંબંધ ન સમજી શકે એટલી નાની ઉંમર પણ એ વખતે નહોતી.

વતનના ગામમાં વિપ્ર કન્યા બ્રિજલ જોશી રમજાન સાથે ટીન-એજમાં ભાગી ગઈ હોવાથી નામ બદનામ થયું હતું. પોતાના ઇન્ટરકાસ્ટ આંચકાએ આખા ગામમાં ચકચાર મચાવી હતી. એક મહિના સુધી જુદાં-જુદાં સ્થળોએ ફેરવ્યા બાદ રમજાને તો તેને તરછોડી દીધી હતી. 'ન ઘરની કે ન ઘાટની' જેવા હાલ થયા હતા. ચાર દીકરી અને એક દીકરાને પરણાવીને ઠરી ઠામ જીવતી વિધવા મા કબિલા માટે બ્રિજલ ખુદ એક પઝલ બની ગઈ હતી. ગામમાં તો શું આખી બ્રાહ્મણ જ્ઞાતિમાં ને જુદા-જુદા ગોળમાં પણ વાત વાયુ વેગે પહોંચી ગઈ હોવાથી લગ્ન માટે બ્રિજલનો ક્યાંય પણ મેળ પડતો નહોતો.

જોશી જ્ઞાતિના ગોરે આખરે ગિરજાપ્રસાદ રાવળના દીકરા દેવલ સાથે લગ્ન કરવા ભલામણ કરી હતી. બ્રિજલની માએ ચોખવટ કરાવી લીધી હતી કે ટીન-એજમાં દીકરી વિધર્મી યુવક સાથે ભાગી ગઈ હતી અને એની સાથે મહિનો રહીને આવેલી છે. દીકરીમાં બીજી કોઈ ખરાબી નથી અને હવે સ્કૂલમાં સારા પગારની સરકારી જૉબ પણ કરે છે.

દેવલ તો બ્રિજલ કરતાં બાર વર્ષ મોટો. આમ છતાં બ્રિજલે

લગ્ન કરવા એટલા માટે જ તો “હા” પાડી હતી કે લગ્ન થઈ ગયા પછી પોતાની પાસ્ટ-લાઇફને લઈને સાસરિયાં કે પતિ કોઈ મગજમારી ન કરે. આથી તો બ્રિજલે પોતાનાથી મોટી ઉંમરના પુરુષને લગ્ન માટે પસંદ કરવો પડ્યો હતો.
લગ્નનાં ઘણાં વર્ષો પછી બ્રિજલને ખબર પડી હતી કે તેના લગ્ન રાવળ-યોગી સમાજમાં થયાં છે. બ્રિજલે મનોમન નક્કી કરી રાખેલું કે પડ્યું પાનું નિભાવી લેવાનું.
વરપક્ષે બિઝનેસમૅનની ઓળખ આપી તો હતી પરંતુ લગ્ન પછી દેવલે સાસરી પક્ષનાં નાણાં લઈને જ પોતાનો બિઝનેસ શરૂ કર્યો હતો. એમાંય વળી ચાર-ચાર વખત ધંધામાં નુકસાન થયેલું અને ચારેય વખત વિધવા સાસુ કબિલા પાસેથી જ લાખો રૂપિયાની મદદ લઈને દેવું સરભર કર્યું હતું.
એક વાર તો સાસુએ કહ્યું પણ હતું કે “જમાઈરાજ, તમે હવે આરામ કરો તો સારું. હવે બિઝનેસ કરવાની શું જરૂર છે? દીકરી કમાય છે અને જરૂર પડે તો હું મદદ કરું જ છું ને.” દેવલ મનોમન બબડ્યો હતો કે ‘આરામ જ તો કરું છું.’
બ્રિજલની નજર કશુંક શોધી રહી હતી. ઘડીક મોબાઇલમાં નજર ખોસી દેતી હતી તો ઘડીક આસપાસની દુનિયામાં નજર ફેરવતી રહેતી હતી. તેનું ધ્યાન કશે નહોતું. ફ્લૅટનો દરવાજો ખુલ્લો હતો અને લોકોની અવરજવરમાં તે પોતાને એકલી અનુભવી રહી હતી.
એવામાં બાજુના ફ્લૅટમાં રહેતી મિતવા આવી પહોંચીઃ “આન્ટી,

મારી મૉમ તમને યાદ કરતી હતી, આજે સાંજે મારા ઘરે આવશો?"
"આન્ટી" એવું સંબોધન સાંભળતા જ વનપ્રવેશ કરી ચૂકેલી બ્રિજલની આંખો પહોળી થઈ ગઈ. બીજી તરફ દેવલ તો બ્રિજલને "આન્ટી" કહેવાથી મલકાઈ રહ્યો હતો. ઘણી વાર સુધી બ્રિજલે ગુસ્સો દબાવી રાખ્યો હતો પણ આજે?
આજે તો તે બોલી જ ઊઠી: "મિતુ ડાર્લિંગ, તને હું આન્ટી લાગું છું? ડીયર, તું તો મારી ફ્રેન્ડ જેવી છું. અરે, ફ્રેન્ડ જેવી નહિ, પણ ફ્રેન્ડ જ છું. પ્લીઝ, મને દીદી કહીશ તો ચાલશે. બહુ માન આપવાની જરૂર નથી."
ત્રેવીસ વર્ષની મિતવા તો બ્રિજલને ફાટી આંખે જોઈ જ રહી અને જોતજોતામાં તો બ્રિજલે કબાટમાંથી એક ગિફ્ટ-પૅક કાઢીને મિતવાના હાથમાં મૂકી દીધું.
મિતવાએ સરપ્રાઇઝ જોઈને બહુ નરમાશથી પૂછ્યું: "ઓ.કે. દીદી, પણ આ છે શું?"
બ્રિજલ આંખો મટકાવતાં બોલી: "પર્સ છે ડીયર, મેડ ઇન યુ.એસ.એ. તારા માટે. ઍન્જૉય કર. તેં મને દીદી કીધું એ મને ગમ્યું."
મિતવા ખુશ થઈ ગઈ હતી. મનોમન વિચારી રહી હતી કે પાડોશી આન્ટીને જો "દીદી" કહેવાથી ગિફ્ટ મળી રહેતી હોય તો આ બુઢ્ઢી ઢીંગલીને "દીદી" કહેવામાં વાંધો શો છે?
દેવલ સાંભળે એમ જ બ્રિજલ બોલી હતી: "મિતવા, તારે મારી સાથે એઝ એ ફ્રેન્ડ જ રહેવાનું. આપણે ક્યાંય જવું હોય તો સાથે

જ જઈશું. મૂવીઝ, શૉપિંગ, આઉટિંગ, રેસ્ટૉરન્ટ્સ ઍન્ડ સૉ ઑન. ફન અનલિમિટેડ. તારી મમ્મીને પણ હું વાત કરું છું."

મિતવા તો ખુશ થઈને બ્રિજલને ભેટી પડી હતી: "યા, સ્યૉર... દીદી. લેટ્સ ફન અનલિમિટેડ."

બ્રિજલને હવે સ્કૂલ સિવાય ઘરની બહાર જવા માટે મિતવા નામનો 'રસ્તો' મળી ગયો હતો. દેવલ ફાટી આંખે ઘડીક બ્રિજલને તો ઘડીક મિતવાને જોતો જ રહી ગયો.

("મુંબઈ સમાચાર" 2018)

રેશ્મા

રૉબર્ટ ફ્રૉસ્ટનું એક વિધાન છે કે "સ્ત્રી એ આગ છે, હૂંફ પણ આપે અને દઝાડી પણ શકે." અમદાવાદના કેતન પરીખની જિંદગીમાં આવેલી એક સ્ત્રીએ તેને હૂંફ તો આપી, પણ એ હૂંફ જ તેને દઝાડી ગઈ હતી. કેતન રસિકલાલ પરીખ. સરકારી અમલદાર. તેના હાથ નીચે પચ્ચીસ-પચ્ચીસ માણસોનો સ્ટાફ. કચેરીમાં હંગામી ધોરણે શ્રેયાન કારકુન – પ્રતિવેદક તરીકેની જગ્યા તાત્કાલિક ભરવાની હતી.

ગાંધીનગરથી કર્મચારી ઍસોસિયેશન ચલાવતા નિરંજના બારોટ કેતનને મળવા આવી પહોંચ્યાં અને કહ્યું કે "સાહેબ, આપની કચેરીમાં એક જગ્યા ભરવાની છે એવું જાણવા મળ્યું છે. આ ભરતીની આખરી સત્તા આપની પાસે છે. મારી નાની બહેન રેશ્મા બારોટ જરૂરિયાતમંદ છે. લગ્નના એક જ વર્ષમાં ડિવૉર્સ થઈ ગયા, ત્યારથી એકલી રહે છે. આમ તો નોકરી કરે જ છે; પરંતુ સરકારી નોકરીમાં ગોઠવાય તો હંગામીમાંથી કાયમી થવાનો ચાન્સ તો ખરો."

કેતને કહ્યું હતું કે "ઠીક છે. એક વાર ઇન્ટરવ્યૂ જાય પછી જોઈ લઈશું. અનુકૂળતાએ મુલાકાત કરાવી દેજો."

ગોપનીયતા જળવાઈ રહે એ માટે એક હોટલમાં મળવાનું ગોઠવાયું હતું. નિયત દિવસે અને સમયે નિરંજનાબહેન રેશ્માને લઈને કેતનને મળવા ગયાં હતાં. રેશ્માનું રૂપ એનાં નામ પ્રમાણે રેશમ જેવું, તામ્રવર્ણ અને નિરાળી અદા. 34 વર્ષના કેતનને 28 વર્ષની રેશ્મા પહેલી નજરમાં જ મનમાં વસી ગઈ હતી. રેશ્મા મોગરાની જેમ મહેકી રહી

હતી. 40 વર્ષનાં નિરંજનાબહેન જમાનાનાં ખાધેલ હતાં. તેઓ વાતનો તાગ પામી ગયાં હતાં. એમને થયું કે હવે કામ થઈ જશે, એથી બેઉને એકાંત આપીને તેઓ નીકળી ગયાં.
કેતને કહ્યું હતું કે “તમે જરાય ચિંતા ન કરશો. હું મારાથી બનતા તમામ પ્રયત્ન તમારી બેન રેશ્માની ફેવર માટે કરીશ.”
પહેલી જ મુલાકાતમાં કેતન કારમાં રેશ્માને શૉપિંગ માટે લઈ ગયો. ચાર પેર ડ્રેસિસ, પર્સ, સેન્ડલ અને પરફ્યુમ અપાવ્યાં. મુલાકાતોનો દોર ચાલતો રહ્યો. રેશ્માને કેતન ગમવા માંડ્યો હતો. કેતનનું તો એના ઉપર દિલ આવી જ ગયું હતું. તે મનોમન વિચારતી હતી કે કેતન જેવો હમસફર હોય તો જીવનનૈયા પાર કરવામાં કોઈ તકલીફ ન રહે. છેલ્લા કેટલાક વખતથી બ્યૂટીપાર્લરની નોકરી કરતી રેશ્માને એ નોકરી કેતને છોડાવી દીધી હતી.
કેતને પૂરી સહાનુભૂતિ સાથે કહ્યું હતુઃ “હું તને જરૂર પૂરતા રૂપિયા આપું તો છું, પછી તારે આવી બધી નોકરી કરવાની શી જરૂર?”
આમ હંગામી સરકારી શ્રેયાન કારકુનની નોકરીનો પ્રયાસ પણ પડતો મૂકવામાં આવ્યો હતો.
કેતન પરણેલો હતો. પત્ની હર્ષા પણ સરકારી નોકરી કરતી હતી. સંતાનમાં બાર અને દસ વર્ષના બે દીકરા હતા. તેમનો સંસારરથ સુખેથી ચાલતો હતો. કેતનને પણ રૂપાળી, પ્રેમાળ અને વળી પતિવ્રતા પત્નીથી કોઈ ફરિયાદ નહોતી. જોકે રેશ્માના કામણની વાત જુદી હતી.
કેતન રેશ્મા સાથે લગ્નબાહ્ય સંબંધની નાજુક રેશમડોરથી બંધાઈ

ગયો હતો. એક એવો સંબંધ જેને કોઈ સમાજમાન્ય નામ આપી શકાય એમ નહોતું. રેશ્માથી કેતને એ વાત જરાય છુપાવી નહોતી કે પોતે પત્ની-સંતાનોવાળો યાને ઘર અને જવાબદારીવાળો પણ છે.
એક દિવસ અચાનક રેશ્મા કેતનની ઑફિસે પહોંચી ગઈ હતી અને કહ્યું હતું કે “હું તમારા બાળકની મા બનવાની છું. હવે શું કરીશું? ચાલ, આપણે પરણી જઈએ.”
કેતને સહેજ આનાકાની કરતા રેશ્માએ મિજાજ ગુમાવ્યો હતો: “તારે મને અપનાવવાની છે કે હર્ષા સાથે જ રહેવાનું છે? મારે કાલ સુધીમાં જવાબ જોઈએ. તારો જવાબ મારી ફેવરમાં જ હોવો જોઈએ, નહિ તો પછી…”
આખરે કેતને ઝૂકવું પડ્યું હતું. તેણે પત્ની હર્ષા સાથેના ડિવૉર્સ પેપર રેશ્માના હાથમાં મૂક્યા હતા. અત્યાર સુધી તો રેશ્મા તેની મોટી બહેન નિરંજનાના ઘરે તેની સાથે જ રહેતી હતી. કેમ કે નિરંજના પણ ત્યક્તા હતી અને એકલી રહેતી હતી. કેતને હવે શહેરના પરા વિસ્તારમાં એક નાનકડો ફ્લૅટ ખરીધો હતો. રેશ્માના આગ્રહને વશ થઈને ફ્લૅટ રેશ્માના નામે જ લીધો હતો. કેતને હવે રેશ્માને સમજાવી હતી કે “આપણે લગ્ન કરીએ અને તરતને તરત જો ડિલિવરી થાય તો લોકો જાતજાતની વાતો કરશે. તું હાલ પૂરતું ઍબૉર્શન કરાવી લે.”
– અને રેશ્મા માની ગઈ હતી. તેણે ગર્ભ પડાવી દીધો હતો. આર્ય સમાજ મંદિરમાં સાદગીથી લગ્નવિધિ કરી હતી. એ પછી અંબાજી

ગયા હતા. જ્યાં મંદિરમાં પણ માતાજીની સાખે એકબીજાને ફૂલહાર પહેરાવ્યા હતા. અંબાજીથી આબુ પણ ફરી આવ્યાં હતાં. અમદાવાદ પરત આવીને કેતને હવે રેશ્માને એક સ્કૂટર પણ અપાવ્યું હતું.
પહેલી વારના ઍબૉર્શન પછી પણ વધુ બે વખત રેશ્માએ કેતનના કહેવાથી ઍબૉર્શન કરાવવું પડ્યું હતું. આથી તે ખિજાઈ ગઈ હતી: "કેતન, હવે હું ઍબૉર્શન નહિ કરાવું. મારે બાળક જોઈએ છે. એક બાળક આપીને પછી તું ચાહે તો ઑપરેશન કરાવી લેજે."
હવે કેતન પણ વિફર્યો હતોઃ "હું શા માટે કરાવું? તું જ ઑપરેશન કરાવી લે ને. બાળકનો આગ્રહ કેમ રાખે છે?"
કેતનની મનોસ્થિતિ ડામાડોળ હતી. પહેલી વાર જ્યારે રેશ્માએ પોતે પ્રેગનન્ટ હોવાની દુહાઈ આપીને ડિવૉર્સ લેવડાવ્યા અને પોતાની સાથે મૅરેજ કરવા મજબૂર કર્યો હતો ત્યારથી કેતનને પાઠ ભણવા મળ્યો હતો. તેણે હર્ષા સાથે ડિવૉર્સ લઈને રેશ્મા સાથે મૅરેજ તો કર્યા હતા; પરંતુ રેશ્માની જાણ બહાર પોતે જ નસબંધીનું ઑપરેશન કરાવી લીધું હતું. હવે તે રેશ્માને પ્રેગનન્સીનો ચાન્સ આપીને કોઈ જ રિસ્ક લેવા માગતો નહોતો.
બેઉ વચ્ચે તણખા ઝર્યા હતા. આગ લાગી હતી કે લાગવાની હતી? જોકે બધું ઠંડું પડી ગયું હતું. જાણે કૉલ્ડ-વૉર. કેતન હવે રેશ્મા સાથે અઠવાડિયામાં ત્રણ-ચાર દિવસ જ રહેતો હતો. બાકીના દિવસો ઑફિસકામે બહારગામ જવાનું છે, એમ કહીને તે પોતાના મૂળ ઘરે યાને હર્ષા સાથે રહેવા લાગ્યો હતો.
સ્ત્રી-પુરુષને એકમેકના વર્તાવમાં આવેલા સામાન્ય ચેન્જની પણ

જો ખબર ન પડે તો જ નવાઈ. હર્ષા અને રેશ્મા તો એકથી વધુ વખત આમનેસામને થઈ ગયાં હતાં. ઘર્ષણ બાદ કેતન બૅલેન્સ જાળવી લેતો. રેશ્મા તો પોતાની નિજી જિંદગીમાં વ્યસ્ત રહેતી હતી. હવે તેણે કેતન પાસે જીદ કરીને પોતાના માટે કાર પણ લેવડાવી હતી. કેતન તો રેશ્મા પાસે અઠવાડિયામાં ત્રણ-ચાર દિવસ માટે જ આવતો હતો. એ સિવાય આ ફ્લૅટ પર કેટલાક અજાણ્યા ચહેરાઓની આવનજાવન પાડોશીઓમાં ચર્ચાનો વિષય બની ગઈ હતી. પાનના ગલ્લે મળી ગયેલા પાડોશી યુવાને એક વાર કેતનના કાને વાત પણ નાખી હતી.

રેશ્માએ આખરે ધડાકો કર્યો હતોઃ “કેતન, પ્લીઝ, હવે તું મને ના નહિ પાડતો. હું તારા બાળકની મા બનવાની છું. હવે તું મને ઍબૉર્શન કરાવી લેવાનો ફૉર્સ ન કરતો.”

કેતન તો સાંભળીને ચક્કર ખાઈ ગયો. તેની સ્થિતિ કાપો તો લોહી ના નીકળે, એવી થઈ ગઈ. પોતે તો નસબંધી કરાવી લીધી છે, તો પછી રેશ્માના પેટમાં કોનું બાળક હશે? સામસામે તલવાર તણાઈ ચૂકી હતી. રેશ્માએ પતિ કેતન સામે ફૅમિલી કોર્ટમાં સી.પી.સી.ની કલમ-125 મુજબ ભરણપોષણ મેળવવાનો દાવો કર્યો હતો. તે આટલેથી અટકી નહોતી. તેણે કેતન સામે દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ઈ.પી.કો.ની કલમ-498 (ક) મુજબ ફોજદારી કેસ પણ કર્યો હતો. સમય જતાં રેશ્માએ બાળકને જન્મ આપ્યો હતો. તેનું નામ મોહિત રાખવામાં આવ્યું હતું. રેશ્માએ હવે મોહિતના ભરણપોષણ માટે પણ દાવો માંડ્યો હતો.

દોસ્તોએ કેતનને કહ્યું હતું કે ભગવાનનો પાડ માન કે રેશ્માએ

તારી સામે રેપ ઍન્ડ કિડનેપિંગનો કેસ કર્યો નથી, નહિ તો ભારે પડી જાત. અદાલત સમક્ષ કેસ પુરાવાના તબક્કે આવ્યો ત્યારે પહેલાં રેશ્માએ કહ્યું કે “અમે મંદિરમાં લગ્ન કર્યા હતાં.” લગ્નની તસવીરો, લગ્નનોંધણી પ્રમાણપત્ર કે બહેન નિરંજના સિવાયના સ્વતંત્ર સાહેદો તે રજૂ કરી શકી નહિ.

કેતનના ડિવૉર્સનો ડૉક્યુમેન્ટ રેશ્માએ કોર્ટમાં પ્રૉડ્યુસ કર્યો હતો પણ એ આખેઆખો ડૉક્યુમેન્ટ જ ખોટો હતો. કેતન તરફથી એવી આર્ગ્યૂમેન્ટ કરવામાં આવી હતી કે “પોતે ક્યાં ડિવૉર્સ લીધા છે? પછી આ ડૉક્યુમેન્ટ આવ્યો ક્યાંથી?” આમ રેશ્માએ પોતે ખોટા પુરાવા ઊભા કરવા આ ડૉક્યુમેન્ટ બનાવડાવ્યો હોવાનું માનવામાં આવ્યું.

રેશ્મા પાસે પોતાના મેરિટલ સ્ટૅટસને સાબિત કરવા માટેના પૂરતા પુરાવા જ નહોતા. તેણે કોર્ટ સમક્ષ કહ્યું કે “કેતન મારો પ્રેમી અને પછી પતિ બન્યો. હવે તેણે મને તરછોડી દીધી છે. એટલું જ નહિ, મને બાળકનો જન્મ આપવા પણ મજબૂર બનાવી હતી. મારા દીકરા મોહિતનો પિતા કેતન જ છે.”

કેતને રેશ્માને કોઈ લવલેટર્સ્ પણ નહોતા લખ્યા કે “આઈ લવ યુ” લખીને કોઈ પુરાવા પણ નહોતા આપ્યા. જો પ્રેમ હોય તોપણ ન્યાય અને કાયદો પ્રેમી-પ્રેમિકાના કિસ્સામાં મેન્ટેનન્સ (ભરણપોષણ)ની હિમાયત કરતો નથી. રેશ્મા ના તો પોતાને ‘પત્ની’ સાબિત કરી શકી કે ના તો ‘પ્રેમિકા’. કેતને કોર્ટ સમક્ષ પોતાનું નસબંધી ઑપરેશન કરાવ્યું તેનું સર્ટિફિકેટ રજૂ કર્યું. એની સાથે-સાથે સરકારનું ગ્રીન કાર્ડ પણ પ્રસ્તુત કરીને દલીલ

કરવામાં આવી કે ફરિયાદી રેશ્મા જે મોહિતને પોતાનો પુત્ર ગણાવે છે તે પોતાનો પુત્ર જ નથી, કેમ કે તેના જન્મ પહેલાં જ પોતે તો નસબંધીનું ઑપરેશન કરાવી લીધું હતું. પોતાની દલીલના સમર્થનમાં પોતે ડી.એન.એ. ટેસ્ટ કરાવવા માટે પણ તૈયાર છે.

અદાલતે રેશ્માની માલ-મિલકતના પુરાવા ધ્યાનમાં લઈને નોંધ્યું કે “ફરિયાદી મહિલાની રજૂઆત પ્રમાણે તે કોઈ નોકરી કે રોજગારી માટે કાર્ય કરતી નથી. આમ છતાં ફ્લૅટ, કાર, સ્કૂટર અને મોબાઇલ ફોન તેના નામ ઉપર નોંધાયેલ છે. આ બધી માલ-મિલકતના મેન્ટેનન્સ માટે પણ મહિને બેથી અઢી હજાર રૂપિયા જોઈએ. આ સંજોગોમાં ફરિયાદી મહિલા ભરણપોષણ માગી રહી છે તે વાત સમજાય તેવી નથી.”

અદાલતમાંથી મેન્ટેનન્સ ક્લેઈમ અને ડાઉરી કેસ તો નીકળી ગયા. રેશ્મા કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહી અને હારી ગઈ; પરંતુ મોહિતનો પિતા કોણ?

(“લોકસત્તા-જનસત્તા” 2003)

લોહીનો વેપાર

દીકરાને મરતો કોઈ મા જોઈ શકે નહિ અને કાળજાના કટકાને બચાવી લેવા મા બધું જ કરી છૂટવા તત્પર જ હોય. નસરીન એવી મા છે કે જેનો વહાલસોયો થેલેસેમિયાથી પીડાઈ રહ્યો છે. એના માટે સમય સમય પર નિયમિતરૂપે રક્તની જરૂર પડતી હોય છે. લોહી માટે લોહીનો વેપાર? ઐસા ભી હોતા હૈ.

અઠ્ઠાવીસ વર્ષની નસરીનનું મૂળ નામ દસ વર્ષ પહેલાં તો નિમિષા રમાકાન્ત જાધવ હતું. દસ વર્ષ પછી પણ તેની નજાકત અને કશિશમાં કોઈ ફરક પડ્યો નથી. એ જ રૂપ અને એ જ ઠસ્સો. સમયની થપાટોએ તેના યૌવનમાં ક્યાંય તિરાડ પાડી નથી. હા, આ દસ વર્ષોમાં તેની જીવનકથાનાં પાનાં અવશ્ય અસ્તવ્યસ્ત થઈ ગયાં છે.

મે-જૂન મહિનાનો બળબળતો ઉનાળો હતો. અઢાર વર્ષની નિમિષાએ એસ.વાય. બી.એ.ની પરીક્ષા આપી હતી. શહેરના એક પરા વિસ્તારની આર્ટ્સ કૉલેજમાં તે ભણતી હતી. તેના હિલ્લોળા લેતા રૂપના દરિયાની ભરતીની છાલકથી કૉલેજિયન યુવાનો ભીના-ભીના અને પાણી-પાણી થઈ જતા હતા. હસતી, રમતી, વાચાળ અને હસમુખી નિમિષા સહુમાં પ્રિય હતી. એન.એસ.એસ.નો સેવા શિબિર હોય કે વક્તૃત્વસ્પર્ધા હોય કે પછી ટેલેન્ટ ઈવનિંગ યા ફૅશન શૉ. નિમિષા દરેક કાર્યક્રમમાં ભાગ લેતી અને ટૉપ રેન્ક મેળવીને જીતી જતી.

કૉલેજના બીજા વર્ષની પરીક્ષા પછી મે વૅકેશનમાં નિમિષાએ પોતાના પ્રેમી બાવીસ વર્ષના મકબુલ સૈયદ સાથે નિકાહરસ્મ અદા કરી

હતી. એ વેળાએ જ તેણે મુસ્લિમ ધર્મ અંગિકાર કરીને નવું નામ નસરીન ધારણ કર્યું હતું. મૅરેજ રજિસ્ટ્રાર કચેરીમાં મૅરેજ પણ રજિસ્ટર્ડ કરાવ્યાં હતાં. ચૅન્જ ઑફ નેમ નોંધણી પણ ગવર્નમેન્ટ ગેઝેટમાં કરાવીને નિમિષા રમાકાન્ત જાધવમાંથી નસરીન મકબુલ સૈયદ બની હતી. બેઉના પરિવારમાં હાહાકાર મચી ગયો હતો.

અજબ પ્રેમની ગજબ કહાની હતી. વાર્ષિક પરીક્ષા પહેલાં ડિસેમ્બર મહિનામાં કૉલેજનો ટેલેન્ટ ઈવનિંગ પ્રૉગ્રામ યોજાયો હતો. એક ડ્યુએટ સૉન્ગમાં બે-ચાર પંક્તિ માટે નિમિષાને મેલ વૉઇસની યાને મેલ સિંગરની જરૂર પડી હતી. પ્રૉગ્રામ માટે બોલાવવામાં આવેલી મ્યુઝિકલ પાર્ટીના ઇન્ચાર્જને કહેવામાં આવ્યું હતું અને તેણે પોતાના ગ્રૂપના ગાયક મકબુલ સૈયદને નિમિષાનો સાથ આપવા નિર્દેશ કર્યો હતો. બેઉની આ પહેલવહેલી મુલાકાત. પછી તો એ સૉન્ગ હિટ રહ્યું હતું અને બેઉની મુલાકાતો પણ વધતી ગઈ હતી. બેઉએ હવે જીવનનું ગીત પણ સાથે જ ગાવાનું નક્કી કરી લીધું હતું.

નિમિષા હવે નસરીન બની ગઈ હતી. એના માટે બાપના ઘરના દરવાજા સદાયને માટે બંધ થઈ ગયા હતા. આ તરફ મકબુલ એક દીની-નમાઝી ખાનદાનમાંથી આવતો હોઈને અન્ય કોમની છોકરી સાથેના નિકાહ એના પરિવારે પણ કબૂલ રાખ્યા નહોતા. માનો કે એને પણ ઘરમાંથી કાઢી જ મૂકવામાં આવ્યો હતો. નીચે જમીં અને ઉપર આસમાં. મિયાં-બીવીની જિંદગીમાં હવે ઝઝૂમવા સિવાય કશું જ નહોતું. સામા પ્રવાહે ટકી રહેવાનો સંઘર્ષ હતો. રોજી-રોટીનો સવાલ મોટો હતો. શહેરના પરા વિસ્તારમાં ભાડા

ઉપર એક ખોલી લીધી હતી. એનું ભાડું પણ ચૂકવી શકાતું નહોતું.
ધાર્મિક અને રૂઢિવાદી પરદાનશીન મુસ્લિમ બાનુને છાજે એવી રીતે નસરીન પણ હવે બુરખાનશીન રહેતી હતી. પાડોશીઓ સાથે વાતચીત થતી નહોતી અને સમાજના લોકો સાથે પણ હવે તો કોઈ જ વ્યવહાર રહ્યો નહોતો. આ બધું જ પ્રેમ કાજે નસરીનને મંજૂર હતું. શાદીને વરસ થયું ત્યાં તો નસરીન એક છોકરાની મા પણ બની ગઈ. દીકરાનું નામ સાહિલ રાખવામાં આવ્યું. મકબુલ મ્યુઝિકલ પાર્ટીમાં ગાવાનું કામ કરતો હતો. જોકે રોજ તો મ્યુઝિકલ પ્રૉગ્રામ હોય નહિ અને રોજ ગાવાનું કામ મળે નહિ. આથી તે ઇલેક્ટ્રિશ્યન તરીકે છૂટક મજૂરીકામ કરી લેતો હતો. એમાં વળતર તો નામનું જ મળી રહે. ક્યારેક રાતે પ્રૉગ્રામમાં ગાવા મળી જાય તો થોડા રૂપિયા મળી જતા.
મ્યુઝિકલ પાર્ટી ચલાવતો મહેમૂદ રંગરેજ બેઉના પ્યાર અને નિકાહનો ચશ્મદીહ ગવાહ હતો. બેઉ મિયાં-બીવી સાથે ઘરોબો પણ ખરો. ભાડાની ખોલી તેણે જ અપાવી હતી. ઘરનું રૉશન, કેરોસીન પણ નસરીનના કહેવાથી તે જ ભરી આપતો. નસરીનના કહેવાથી જ મહેમૂદે નાનકડી ખોલીમાં એલ.પી.જી. સિલિન્ડર, ગૅસ સ્ટવ અને નાનકડા કલર ટી.વી.ની વ્યવસ્થા પણ કરી આપી હતી. મકબુલને મહેમૂદનું આવું બધું અહેસાન ગમતું નહિ પણ નસરીનની ખુશી માટે તે આંખ આડા કાન કરી લેતો. કદાચ જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ?
પાંચ વર્ષના સાહિલને મિશનરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં મૂક્યો હતો. મહેમૂદે એક વાર ઘરે આવીને મકબુલ-નસરીનને કહ્યું હતું કે “આપણી

મ્યુઝિકલ પાર્ટી માટે ફિમેલ સિંગરની તાત્કાલિક જરૂર છે. પ્રૉગ્રામદીઠ હજાર રૂપિયા તો મળશે જ. મકબુલ, તું ના નહિ પાડતો."
મકબુલના સાફ ઇનકાર છતાં નસરીનની મજબૂરી ઘરખર્ચ હતો. તે ઘરનો બોજ ઉઠાવી લેવા હવે મક્કમ બની હતી. તેણે મહેમૂદની ઑફર સ્વીકારી લીધી હતી. નસરીન પ્રૉગ્રામમાં સ્ટેજ ઉપર ગાયિકા તરીકે ગાવા જશે એવું નક્કી થયું એ દિવસે મકબુલ અને નસરીન વચ્ચે ઝઘડો પણ થયો હતો. મહેમૂદના કહેવાથી જ નસરીને હવે પરદા-બુરખા ફગાવી દીધા હતા અને જિન્સ્ – ટી-શર્ટ પહેરવા લાગી હતી. બીજા પણ વેસ્ટર્ન અને મૉડર્ન આઉટફિટ્સ તે પહેરતી થઈ હતી. ક્યારેક બહારગામ પ્રૉગ્રામ હોય તોપણ તેણે જવું પડતું હતું. નસરીને મહેમૂદ રંગરેજ સાથે જે રીતે સંબંધ વધાર્યો હતો એમાંનું મકબુલની નજર બહાર કશું જ નહોતું.
રેતઘડીમાં સમય સરતો રહ્યો. દિવસો, મહિનાઓ અને વરસો. એક દિવસ આઠેક વર્ષના સાહિલને તાવ આવ્યો. શરીર ફિક્કું પડવા લાગ્યું. મેડિકલ ટેસ્ટમાં કમળો હોવાનું નિદાન થયું. બીમારી લાંબી ચાલી. નસરીન હવે આખો વખત સાહિલની સારસંભાળ અને દેખરેખમાં જ પરોવાયેલી રહેવા લાગી હતી. સાહિલ તો થોડા-થોડા દિવસોના અંતરે માંદગીમાં પટકાવા લાગ્યો.
આખરે એક દિવસ ડૉક્ટરે કહી દીધું કે "સાહિલની બૉડીમાં રક્તકણો ઓછા થઈ ગયા છે. એને થેલેસેમિયા છે."
આ સાંભળીને તો નસરીનના માથે જાણે વીજળી તૂટી પડી હતી. મકબુલ પણ દુઃખી-દુઃખી થઈ ગયો હતો. મા-બાપ જાણતા હતા

કે આ એક ખર્ચાળ બીમારી છે. જેનો ઇલાજ માત્ર અને માત્ર પૈસા જ છે. મકબુલ ઘરનો ગુજારો થઈ જાય એટલું કમાઈ લેતો હતો. ઘણી વાર ઘરખર્ચ કરતાંય ઓછી આવક રહેતી, એટલે તો નસરીનને ઘર બહાર જવાની ફરજ પડી હતી. એમાં વળી દવાઓ-સારવારનો ખર્ચ વધ્યો હતો અને હવે તો થેલેસેમિયા. બે-ત્રણ મહિને સાહિલના શરીરનું લોહી બદલવાની પ્રક્રિયા કરવાની આવી હતી.
સાહિલની જિંદગી બચાવવા માટે બ્લડ ટ્રાન્સફ્યુઝન એકમાત્ર ખર્ચાળ વિકલ્પ. આમ ને આમ એક વર્ષ તો ચાલ્યું પણ એક વર્ષ પછી એક દિવસ મકબુલે નસરીન અને સાહિલને પોતાની ભાડાની ખોલીમાંથી કાઢી મૂક્યાં. મા-દીકરો રીતસર રસ્તા ઉપર જ આવી ગયાં. કેમ કે નસરીન માટે પિયરના ઘરનાં દ્વાર તો ક્યારનાંય બંધ થઈ ગયાં હતાં. મદદનો એકમાત્ર આધાર હવે મહેમૂદ રંગરેજ હતો. આત્મહત્યા કરીને જીવનની સચ્ચાઈથી મોં છુપાવવું તેને મંજૂર નહોતું. પરા વિસ્તારમાં આવેલો પોતાનો એક બેડરૂમનો ફ્લૅટ મહેમૂદે મા-દીકરાને રહેવા આપ્યો હતો. નસરીને આ અહેસાનની કિંમત ચૂકવવાની તૈયારી રાખવાની હતી.
મહેમૂદ રંગરેજની મ્યુઝિકલ પાર્ટીમાં ફિમેલ સિંગર તરીકે કામ કરતી રોશની પટેલ એક વાર નસરીનને મળી ગઈ હતી. રોશની અને નસરીને સ્ટેજ ઉપર સાથે કામ કર્યું હોવાથી નસરીને પોતાની જિંદગીની મુસીબતો તેને કહી સંભળાવી. રોશનીએ મદદ કરવાના આશયથી નસરીનને કહ્યું કે એક બૉડી મસાજ પાર્લરમાં તેને નોકરી મળી શકે એમ છે. સારા રૂપિયા મળશે. નસરીને એક નજર સાહિલ તરફ કરી. તે પથારીમાં સૂતા-

સૂતા લેશનની વર્કબુક વાંચી રહ્યો હતો. તેની જીવવાની અને ભણવાની ધગશ જોઈને નસરીને રોશનીએ કરેલી ઑફર સ્વીકારી લીધી. તેણે મનોમન નક્કી કરી લીધું કે પોતે દીકરાને ખૂબ ભણાવશે અને તેનું બૉનમેરૉ ટ્રાન્સપ્લાન્ટ ઑપરેશન પણ કરાવશે.

("મુંબઈ સમાચાર" 2014)

વારસો

ચાર-પાંચ વર્ષની પારુ આજે સાવ અચાનક રિયાની આંખો સામે તાદૃશ્ય થઈ ગઈ. આજે તો પારુ પચાસ વર્ષની ઉંમરે પહોંચવા આવી, છતાં એવી ને એવી જ છે. જરાય નથી બદલાઈ. રિયા એનાથી ચાર વર્ષ નાની. રિયાને થયું કે મોટી બહેન સહેજ પણ બદલાઈ નથી. એ વખતે તેણે મારા હાથમાંથી ઢીંગલી છીનવી લીધી હતી અને આજે..?
જિંદગી ચાલ્યા કરે છે અને રિયાને પોતાના જ બે તકિયાકલામ “ચાલશે” અને “કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ.” મનોમન પડઘાવા લાગ્યા. કદાચ આ તકિયાકલામનો વારસો રિયાને પોતાની મા મંદાબા પાસેથી જ તો મળ્યો હતો. એનું જ પરિણામ તો એ વેઠી રહી હતી. બસ, રિયાની નજર સામે બધું સિનેમાનાં દૃશ્યોની જેમ ફરવા લાગ્યું.
નામ મુદ્રિકા, પણ ઘરમાં સૌ માને મંદાબા કહીને માનથી બોલાવતા. મંદાબાએ જ કહેલું કે પોતે પરણીને સાસરે આવ્યાં ત્યારે તો અમદાવાદની પોળના મેડીબંધ મકાનમાં આણું કરેલું. ઘર મોટું એમ ઝવેરી પરિવાર પણ મોટો. આખા ઘરના કામમાંથી કશું વિચારવાની તો ફુરસદ જ ન મળે. જોકે મૂકેશ ઝવેરી બધું સમજતા. એટલે જ એક દિવસ તેમણે વડીલો સહિત પરિવારમાં જાણ કરી કે મારી કંપની તરફથી લોન-સહાય ઉપર નારણપુરામાં નાનકડો બંગલો મળી રહ્યો છે.
મુદ્રિકા અને મૂકેશે આ રીતે નવા બંગલામાં ગૃહસ્થજીવનનો આરંભ કર્યો હતો. મા-બાપ આ બંગલાને શુકનિયાળ માનતા. અહીં રહેવા

આવ્યાના પહેલા જ વર્ષે પારુલનો જન્મ. જોકે એ જમાનામાં પણ દીકરીના જન્મના સમાચાર મળતા જ કેટલાક સોગિયા લોકો મોઢું મચકોડતા; પરંતુ મૂકેશ અને મુદ્રિકાને મન તો દીકરો હોય કે દીકરી, સંતાન સૌ એકસમાન. પહેલી દીકરીના ઉછેરમાં ધ્યાન આપી શકાય એ વાસ્તે જ કદાચ બીજા સંતાન વચ્ચે ચાર વર્ષનો ગાળો રાખ્યો હશે, એવું રિયા માનતી. રિયાના જન્મ વખતે પારુલ ચાર વર્ષની. ઘરમાં બધા એને પારુ કહીને જ બોલાવે.
મા-બાપ માટે તો બેઉ સંતાન જાણે એમની બે-બે આંખો. આમ છતાં રિયા જેમ-જેમ મોટી થતી ગઈ તેમ-તેમ સમજતી પણ ગઈ કે મા-બાપનું ત્રાજવું પારુ તરફ થોડું વધારે નમતું રહે છે. પારુ મોટા ભાગે છોકરાઓ જેવાં જ કપડાં પહેરવાનું પસંદ કરે અને મા-બાપ એને એમ કરવા પણ દેતા. કદાચ એમ કરીને મા-બાપ પોતાને દીકરો નહીં હોવાનો રંજ થોડો વખત માટે દૂર કરી શકતા હોય.
માંડ એક વર્ષની હતી ત્યારે પણ રિયાને બધું બરાબર યાદ છે કે ચાર વર્ષ મોટી બહેન પોતાને રમાડવા કે સાચવવાના બદલે પોતાના હાથમાંથી રમકડું ઝૂંટવી લઈને ક્યાંય ભાગી જતી, પોતાને રડતી મૂકીને. પારુ આજે પણ આવી જ છે. રિયાના હાથમાંથી કશું પણ ઝૂંટવી લે અને તેને રડતી મૂકી દે. કદાચ સાડા ચાર દસકામાં કશું જ બદલાયું નથી.
રિયાને પોતે સાત વર્ષની હતી ત્યારની એ દિવાળી યાદ આવી ગઈ. જ્યારે મંદાબાએ રિયાને સમજાવીને પટાવી હતી કે “બેટા, તું તો નાની છું, પણ સમજદાર છે અને પારુ મોટી છે તોપણ તોફાની છે. આ વખતે પપ્પાને બોનસ મળવાનું નથી અને ઘરમાં ખેંચ છે તો એકલા પારુનાં

જ નવાં કપડાં લઈશું અને પારુના નવાનક્કોર ડ્રેસ એમ જ પડી રહ્યા છે, એમાંથી તું કોઈ પણ પસંદ કરી લેજે. પછી વખત આવ્યે તને નવો ડ્રેસ અપાવી દઈશું. ચલાવી લઈશ ને...રિયા? મારી વહાલી દીકરી મારું કહ્યું તો માનશે જ ને."

અને, રિયાનો જવાબ હોય કે "ચાલશે" અને "કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ."

રિયાને થયું કે જો હું આવી વસ્તુઓની યાદી બનાવું તો પાર ન આવે. પારુનાં ઊતરેલાં કપડાં, પારુનું પર્સ, પારુનું સ્કૂલ-દફતર, પારુની ડાયરી, પારુની હેર-પિન, પારુના શૂઝ અને સેન્ડલ, પારુનાં શોક્સ, પારુની મેક-અપ કિટ અને વળી પારુની સાઇકલ...

રિયા મનોમન બોલી ઊઠી, "ઓહ માય ગોડ, પારુની સાઇકલ... શિટ્ટ... એની ભંગાર સાઇકલે તો મને ચાર વાર અકસ્માત કરાવ્યો."

રિયાએ મા-બાપ સમક્ષ નવી જ સાઇકલ લેવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રિયાએ કહ્યું પણ ખરું અને જીદ પણ કરી કે "હવે તો તે નવમા ધોરણમાં આવી ગઈ છે. સાઇકલ લઈને જ સ્કૂલે જવું છે. પારુની જૂની અને ઠાઠિયું થઈ ગયેલી સાઇકલ નથી વાપરવી." પરંતુ ફરી એક વાર મંદાબાએ લાગણીના વહેણમાં રિયાને વહાવી જ લીધી

મંદાબાએ રિયાને કહ્યું હતું કે "બેટા, તું તો સમજદાર છે. તું કંઈ પારુ જેવી તોફાની ઓછી છું. તને મા-બાપની લાગણી થાય છે ને. તો પછી ખોટી જીદ નહીં કરવાની. પારુ તારી મોટી બહેન છે, એની દેખાદેખી કે અદેખાઈ તારે નહીં કરવાની. મોટાનું માન રાખવાનું અને અત્યારે તારા

પપ્પા પાસે એવા પૈસા બચ્યા નથી કે તને નવી સાઇકલ અપાવી શકીએ.”
આ વખતે પણ રિયાનો જવાબ હોય કે “ચાલશે” અને “કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ.”
રિયાને હરહંમેશ સવાલ થયો કે મા-બાપને મારે માટે કોઈ ચીજ કે વસ્તુ ખરીદવાની આવે ત્યારે જ પ્રોબ્લેમ કેમ થાય છે. પારુને કંઈ પણ ખરીદીને આપવાનું હોય ત્યારે પપ્પાને કે મમ્મીને નાણાભીડ કેમ નથી થતી?
દુનિયાની નજરમાં અને સમાજમાં કે પાસ-પડોશમાં પણ મુદ્રિકા અને મૂકેશ એક આદર્શ કપલ ગણાતા. એમની બેઉ દીકરીઓ પારુલ અને રિયાને પણ એ જ માન મળતું. જોકે ઘરના કોઈક ખૂણે રિયા અંધકારની આડશમાં આંસુ સારી લેતી, એ કોઈની નજરે ચઢતું નહીં.
રિયાને ઘણી વાર સવાલ થાય કે શું હું મારાં મા-બાપની વહાલી દીકરી નથી? શું મારાં મા-બાપ મારાં પોતાનાં નથી? શું હું સાવકી દીકરી છું? શા માટે મારા પ્રત્યે આવું ઓરમાયું વર્તન રાખવામાં આવે છે? શા માટે દર વખતે મારે જ ચલાવી લેવાનું? શા માટે દર વખતે મારે જ કહેવાનું કે “ચાલશે” અને “કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ.”
હદ તો ત્યારે થઈ કે પારુને બારમા ધોરણમાં સાવ ઓછા ટકા આવ્યા હતા અને તેણે એન્જિનિયરિંગ લાઇનમાં ઍડ્ મિશનની જીદ પકડી હતી. પોઇન્ટ ઉપર માર્ક્સ હોવાથી પારુને કોઈ કાળે પ્રવેશ મળે એમ નહોતો. આમ છતાં પપ્પાએ રૂપિયા દોઢ લાખ ખર્ચીને પારુને એન્જિનિયરિંગમાં ઍડ્ મિશન અપાવ્યું હતું.
રિયાને પોતાની સાથે કેમ ભેદભાવ કરવામાં આવે છે એની

ખબર પડતી નહોતી પરંતુ ભેદભાવ થઈ રહ્યો છે એવી તો ખબર પડતી જ હતી. હવે વારો રિયાનો આવ્યો હતો. તેણે તો પોતે નવમા ધોરણમાં હતી ત્યારથી જ મમ્મી-પપ્પાને કહી દીધું હતું કે "હું તો મેડિકલ લાઇનમાં જ જવાની છું અને હું તો ડૉક્ટર જ બનવાની છું."
રિયા જ્યારે બારમા ધોરણમાં આવી ત્યારથી તેણે તનતોડ મહેનત કરી હતી. જ્યારે રિઝલ્ટ આવ્યું ત્યારે તે ગુજરાત બોર્ડના ટોપ ટેન સ્ટુડન્ટ્સમાં હતી. તેની ડૉક્ટરી લાઇનમાં જવાની રાહ તો આસાન જ હતી; પરંતુ પપ્પાને છૂપો ભય એ હતો કે મેડિકલ લાઇનમાં દીકરીને ભણાવવામાં ભારે ખર્ચ થશે અને હજુ તો બે દીકરીઓને પરણાવવાનો ખર્ચ પણ માથે જ છે ને.
મા-બાપે ભેગા મળીને રિયાને ચોખ્ખા શબ્દોમાં સંભળાવી દીધું કે "ના, રિયા. તારે મેડિકલ લાઇનમાં જવાનું નથી. બહુ-બહુ તો ફાર્મસી કે બી.એસસી.માં તારે ગ્રેજ્યુએટ થવું હોય તો અમારી તૈયારી છે. બાકી તો..."
એ દિવસે રિયા આખો દિવસ રડી હતી. રડી-રડીને આંખો સૂજી ગઈ હતી. રાતે ઊંઘ પણ આવી નહોતી. પડખાં ફેરવી-ફેરવીને રાત પસાર કરી હતી. બીજા દિવસે રિયાએ પોતાનો એ જ જૂનો તકિયાકલામ કહેવો પડેલો કે "ચાલશે" અને "કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ."
રિયા કોલેજના પહેલા વર્ષમાં હતી ત્યારે પારુનું ભણવાનું તો ક્યારનું ય પૂરું થઈ ગયું હતું. તેને કૉલેજમાં કૅમ્પસ ઇન્ટરવ્યૂમાં ઓછા ટકાના કારણોસર નોકરી ઓફર થઈ નહોતી. આથી તે ઘરે જ રહેતી. પપ્પા રિટાયર્ડ થયા હતા અને થોડી ઘણી મૂડીના વ્યાજમાં ઘરનું ગાડું

ગભડતું હતું. પારુના લગ્નની વાતો ચાલતી હતી. જુદા-જુદા છોકરાપક્ષના પરિવારો પારુને જોવા માટે આવતા.
લગ્નોત્સુક યુવાન ઘરમાં આવે અને રિયા હાજર હોય તો તેને જ કન્યા તરીકે પસંદ કરી લે. પછી જોકે તેમને ભૂલ સમજાય કે રિયા તો નાની દીકરી છે. અહીં પારુનો સહેજ શ્યામ વર્ણ પણ કારણભૂત રહેતો. કેમ કે પારુ તેની નાની બહેન રિયા કરતા થોડી ભીને વાન ખરી. જ્યારે રિયા તો જાણે રૂપસુંદરી.
વાત પામી ગયેલા પપ્પાએ મમ્મી સાથે મસલત કરીને એક વાર તો રિયાને હસતા-હસતા કહ્યું પણ ખરું કે "બેટા, રિયા. તું જ્યારે ઘરમાં હોય છે ત્યારે પારુને જોવા આવનારા યુવકો તને જ પસંદ કરી બેસે છે અને બિચારી પારુનું કશું ગોઠવાતું નથી. આથી એક કામ કરજે, હવે કોઈ વર પક્ષવાળા પારુને જોવા આવવાના હોય ત્યારે તું બંગલાના ઉપરના માળે જ રહેજે અથવા થોડી વાર માટે ક્યાંક બહાર આંટો મારી આવજે..."
રિયા તો પપ્પાની આ વાત સાંભળીને રીતસરની ડઘાઈ જ ગઈ હતી. તેને પોતાની જિંદગીનું આ સૌથી મોટું અપમાન જ લાગેલું. તેને પોતાના રૂપ અને દેખાવ ઉપર જ ભારોભાર નફરત ઊપજી આવી હતી. તેને પોતાની જાત ઉપર કદાચ જિંદગીમાં પહેલી વાર ગુસ્સો આવ્યો હતો. રિયા રડવા માગતી હતી અને રડી શકી નહોતી. જીવનની આથી મોટી વળી બીજી કઈ વિડંબના હોઈ શકે?
એક વાર મસ્તીખોર જીજાજીએ તો પારુની હાજરીમાં જ કહ્યું પણ હતું કે "હું પારુને જોવા માટે પહેલી વાર તમારા ઘરે આવ્યો ત્યારે

તું ઘરે જ નહોતી. નહીં તો કદાચ મેં તને જ પસંદ કરી લીધી હોત…”
આ સાંભળીને પારુને ગુસ્સો પણ આવ્યો હતો અને તેણે પોતાના પતિને મીઠો ઠપકો પણ આપ્યો હતો કે “શું પરિમલ, તમેય તે… જરાય શરમાતા નથી. બહુ સારા નથી લાગતા હોં. હવે તો છોકરો બાવીસ વર્ષનો થવા આવ્યો ને છોકરાની પરણવાની ઉંમરે આવું બોલતા શરમ નથી આવતી…”
રિયાને ડૉક્ટર થવું હતું પણ ન થઈ શકી, એનો રંજ તો એને આજે છેંતાળીસ વર્ષની ઉંમરે પણ છે જ. અલબત્ત રિયાએ ફાર્મસીમાં ગ્રેજ્યુએશન કરતાની સાથે જ કૅમ્પસ ઇન્ટરવ્યૂમાં સરકારી નોકરી મળી ગઈ હતી, એથી તે આજે પણ પગભર તો હતી જ. ઘરમાં જ્યારે રિયાની લગ્નની વાતો ચાલતી ત્યારે એક વાર મમ્મી-પપ્પા સમક્ષ પોતાના ભાવિ પતિની પસંદગી વિશે પણ રિયાએ વાત કરી હતી કે “ભલે હું તો ડૉક્ટર ન બની શકી, પરંતુ હું પરણીશ તો કોઈક ડૉક્ટરને જ. હા, હું પતિ તરીકે કોઈ ડૉક્ટર યુવાનને પસંદ કરવા માગું છું…”
પરંતુ હાય રે કિસ્મત. અહીં પણ રિયાએ એ જ તકિયાકલામ ઉચ્ચારવો પડેલો કે “ચાલશે” અને “કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ.”કેમ કે રિયાને રિયાલિટીનો ખ્યાલ આવતા વાર ન લાગી કે ડૉક્ટર યુવાન હંમેશાં ડૉક્ટર થયેલી યુવતીને જ જીવનસાથી તરીકે પસંદ કરતા હોય છે. સમાજમાં પણ ડૉક્ટર યુવાન મળે એવી ખોજ મમ્મી-પપ્પા કરે તોપણ કઈ રીતે કરે? રિયા માટે મુરતિયો જોવામાં ને જોવામાં સમય વીતતો ચાલ્યો

હતો અને રિયા હવે પચ્ચીસ વર્ષની થવા આવી હતી. હવે તો સમાજમાંથી પણ સ્યુટેબલ બૉય મળવો સહેજ મુશ્કેલ હતો. રિયાનો ઝવેરી પરિવાર ચુસ્ત અને મરજાદી વૈષ્ણવ પરિવાર. જોકે તેમની અટક પરથી કોઈકને તેઓ જૈન હોય એવી પણ વિચારણા થાય. એ તો જોકે આડ વાત; પરંતુ હકીકત એ બની કે વૈષ્ણવ સિવાય હવે પરનાતના મુરતિયા પણ ઝવેરી પરિવારે રિયા માટે જોવાના શરૂ કર્યા. બસ, એમાં જ રિયાનાં વેપારી પરિવારના યુવાન પરેશ પટેલ સાથે લગ્ન ગોઠવાયાં.
મમ્મી-પપ્પાએ તો પટેલ પરિવારને લગ્ન પહેલાં જ ચોખ્ખું પરખાવી દીધેલું કે “જુઓ, વેવાઈ. અમે પટેલ પરિવારના રીત-રિવાજો પ્રમાણે કોઈ કરિયાવર કે દહેજ નહીં આપી શકીએ. અમે તો બસ, વૈષ્ણવ પરિવારના અમારા સમાજના નીતિ-નિયમો અનુસાર શક્તિ પ્રમાણે વ્યવહાર કરીશું. બાકી તો કંકુ ને કન્યા. પછી તમારી જેવી મરજી.”
રિયાને હજુ પણ નવાઈ લાગે છે કે પરેશ પટેલ અને તેનાં મમ્મી-પપ્પા મારી સાથે લગ્ન કરાવવા રાજી કેમનાં થઈ ગયાં હતાં? કેમ કે પટેલ પરિવારમાં તો લાખો રૂપિયાનો દાયજો અને વળી સો-સો તોલા તો સોનું અને ચાંદી અને વળી બીજો કારભાર તો ખરો જ. જોકે રહેતા- રહેતા રિયાને એ પણ સમજાઈ ગયું હતું કે પટેલ પરિવાર માટે સરકારી નોકરી કરતી પુત્રવધૂ અને તેનો સરકારી આંકડાનો પગાર કોઈ દહેજથી કમ નહોતાં.
લગ્ન પહેલાં તો રિયાને અને તેના પરિવારને એમ કહેવાયું હતું કે જમાઈરાજા બિઝનેસમૅન છે; પરંતુ વેપારી પતિ પરેશના વેપાર-ધંધા અને

આવકની પોલ પણ લગ્ન પછી ખૂલી જ ગઈ હતી. પતિ કોઈ વેપાર-ધંધો કરતો નહોતો. આખો દિવસ ફરી ખાવું અને સાંજ પડ્યે દોસ્તારો જોડે ગામ-ગપાટા. સિગારેટો ફૂંકવી અને આંતરે દહાડે દારૂ પીને લવારી કરવી અને રિયા જો ઝપટે ચઢી જાય તો મારઝૂડ પણ ખરી. રિયાનાં સાસુ-સસરા હંમેશાં મૂકપ્રેક્ષક બનીને પોતાના બેકાર અને કામધંધા વિનાના નબીરાના કારનામા ચલાવી લેતા. બીજી તરફ રિયા માટે હવે પડ્યું પાનું નિભાવી લેવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. કેમ કે દીકરી હવે જવાનીના ઉંબરે આવી પહોંચી હતી. એના હાથ પીળા કરવાની ઘડીએ જો સંસારમાં આગ લાગે તો દીકરીનો હાથ કોણ ઝાલે, રિયાની આ મજબૂરી તેના પતિ અને સાસરિયાં પણ જાણતાં જ હતાં, કે પુત્રવધૂ ક્યાં જવાની છે?
મૂકેશ ઝવેરીના અચાનક મૃત્યુથી મંદાબા હવે એકલાં પડી ગયાં હતાં. મસમોટા બંગલામાં તેમને એકલું-એકલું લાગતું. જોકે મંદાબાને તો બેઉ દીકરી શહેરમાં જ પરણી હોવાથી ટેકો રહેતો. જ્યારે મન થાય ત્યારે વારાફરતી બેઉ દીકરીને મળવા બોલાવી લેતાં. પછી તો બેઉ બહેનો પારુ અને રિયાએ જાણે કે એક ટાઇમ ટેબલ જ બનાવી દીધું કે એક દિવસ મોટી બહેન માને મળવા આવી જાય અને બીજા દિવસે નાની બહેન મા પાસે આવી જાય. આમ વારાફરતી બેઉ દીકરી મંદાબાનું ધ્યાન રાખવા જાય.
રિયાને સંતાનમાં એક જ દીકરી અને તે પણ બારમા ધોરણના કેરિઅર-પોઇન્ટ ઉપર. આથી રિયાનું છેલ્લા ત્રણેક વર્ષ મંદાબા પાસે જવાનું અનિયમિત રહ્યું. પારુએ કહેલું કે કશો વાંધો નહીં. હવે પારુ અને તેનો દીકરો પલ્લવ વારાફરતી મંદાબા પાસે જાય જ છે. પારુને પણ એક જ

દીકરો. પલ્લવ પણ પચ્ચીસ-છવ્વીસ વર્ષનો થવા આવ્યો હતો.
અચાનક એક દિવસ રિયાને સમાચાર મળ્યા કે મંદાબા સિરિયસ છે અને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યાં છે. તાત્કાલિક પહોંચો. રિયા ઑફિસમાં અર્ધી રજા મૂકીને હૉસ્પિટલ દોડી ગઈ ત્યારે તો મંદાબાએ દેહ મૂકી દીધો હતો. રિયાએ દબાવી રાખેલું ડૂસકું નીકળી જ ગયું.
મંદાબાની મરણોત્તર ક્રિયાઓ પાર પાડવામાં આવી. બરાબર પંદર દિવસ વીતી ગયા અને એક દિવસ અચાનક પલ્લવ રિયાના ઘરે આવ્યો અને કેટલાક ઝેરોક્સ કાગળિયા આપી ગયો.
“રિયા માસી, આ મંદાબાની વસિયતની કૉપી છે. બા બંગલો મારા નામે કરીને ગયાં છે.”
રિયાને તો કાપો તોય લોહી ન નીકળે એવી ડઘાઈ ગઈ. તેને થયું કે આ બધું શું થઈ રહ્યું છે? માએ તો કોઈ દિવસ વસિયતની વાત જ કરી નથી. માએ તો શું, પપ્પાએ પણ વસિયત બનાવી નહોતી. સીધી લીટીના વારસદાર તરીકે પપ્પાના અવસાન બાદ બંગલો અને તમામ મિલકત મંદા-બાની ગણાય અને મંદાબાના અવસાન પછી સીધા વારસદાર તરીકે આ મિલકત ઉપર બે દીકરીનો સરખો લાગ-ભાગ ગણાય. તો પછી આ છે શું?
પરેશ પટેલે એક વાર જે કહેલું એ પણ રિયાને યાદ આવી ગયું, “તારી માએ કોઈ વસિયત કે કાગળિયા કર્યા છે કે નહીં? આમ તો બંગલાનો ભાગ તમને બે બહેનોને જ હોય; પરંતુ... આ તો ન કરે નારાયણ ને. કારણ કે આજની બજાર કિંમત જોતાં નારણપુરામાં આ સાતસો વારના પ્લૉટમાં આવેલા પાંચસો વાર બાંધકામવાળા બંગલાની

કિંમત પાંચ કરોડ તો ખરી જ.”

ભલે મા-બાપના બંગલાનો વારસો કે વારસાઈ હક્ક તો ન મળ્યો, પણ માએ આપેલો “ચાલશે” અને “કશો વાંધો નહીં, હું ચલાવી લઈશ.” તકિયાકલામનો વારસો હજુ રિયા પાસે જ હતો.

આ વખતે રિયાના ગળે ડૂમો ભરાઈ આવ્યો. એના ગળામાં ડૂસકું જાણે ફસાઈ ગયું હતું. એ રડવા ને ચિત્કારવા માગતી હતી; પરંતુ તે એમ ન કરી શકી. જિંદગીના સાડા ચાર દસકા વીતી ગયા. રિયાને થયું કે મોટી બહેન સહેજ પણ બદલાઈ નથી અને કદાચ પોતે પણ સહેજેય નથી બદલાઈ સહન કરવાની બાબતમાં.

(“અખંડઆનંદ” જુલાઈ, 2018)

વિદ્રોહી જેનિફર

જેનિફર ડેવિડ આ સરકારી હૉસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે જોડાઈ ત્યારે તો માંડ વીસ વર્ષની હતી. દરેક પેશન્ટ સાથે સૌજન્યપૂર્ણ અને લાગણીભર્યા વ્યવહારના કારણે તે આવી તેવી જ સૌમાં પ્રિય થઈ પડી હતી. પેશન્ટની સેવા સ્વજનની જેમ કરતી. કોઈ પેશન્ટ તોછડાઈ કરે તોપણ પોતાના શાલીન વ્યવહારમાં કોઈ ફરક ન પડે. એના હોઠ ઉપર સદા સ્મિત રમતું હોય. બોલે ત્યારે ફૂલ ખીલે ને સ્મિત કરે તો સુવાસ ફેલાય. તેની કાળી-કાળી આંખોમાં જાણે કરુણાનો સાગર છલકતો. તેની વાત કરવાની અજબ ઢબમાં અદૃશ્ય ખેંચાણ હતું.
જેનિફરની ડ્યૂટી ચિલ્ડ્રન વૉર્ડમાં હોય કે જનરલ વૉર્ડમાં, તેને ઓ.પી.ડી.ની ફરજ સોંપી હોય કે ટ્રૉમા વૉર્ડની જવાબદારી હોય, તે પોતાની ફરજમાં સદાય ઉત્સાહથી જોડાઈ જાય. સરકારી કાયમી નોકરીનું રક્ષણ હોય ત્યારે કોઈ-કોઈ કર્મચારીઓ ફરજપાલનમાં બેદરકાર અથવા ઉદાસીન હોય એવું બનતું હોય છે. જેનિફર જેવા કર્મચારીઓ જનમાનસમાં ઘર કરી ગયેલી આવી જૂની ઇમેજ બદલી કાઢે.
પિતા ડેવિડે જેનિફરને મા અને બાપ, એમ બેઉનો પ્રેમ આપ્યો હતો. મા તો બાળપણમાં જ જેનિફરે ગુમાવી હતી. પિતા માટે દીકરી ગણો કે દીકરો, જેનિફર એક જ સંતાન. આમ તેનો ઉછેર ભારે લાડકોડથી થયો હતો. નર્સરીથી દસમા ધોરણ સુધી સાથે ભણતા અને પોતાની જ સોસાયટીમાં રહેતા નેલ્સન સાથેની મૈત્રી યુવાનીના ઉંબરે પ્રેમસંબંધમાં ફેરવાઈ ગઈ.
એસ.એસ.સી. પછી જેનિફરે નર્સિંગ ડિપ્લૉમા કૉર્સમાં ઍડ્ મિશન લીધું

હતું. નેલ્સનની હરકતો અને શરારતી સ્વભાવને લઈને જેનિફરને તેનો સ્કૂલ ફ્રેન્ડ રાજેશ કહ્યા કરતો કે “જેનિફર, તું આ બદમાશ નેલ્સનની હરકતો ભલે નજરઅંદાજ કરતી, પણ યાદ રાખજે; એક દિવસ તારે એના કારણે પસ્તાવાનો વારો આવશે.”
રાજેશની વાત સાંભળ્યા કરતી જેનિફર મૌન જ રહેતી. દર રવિવારે ચર્ચમાં મૉર્નિંગ પ્રેયર માટે જેનિફર અને તેના ડેડી સાથે નેલ્સન પણ જોડાઈ જતો. નેલ્સન ધાર્મિક હતો, એવું નહોતું. તે તો માત્ર જેનિફરના કારણે જ ખેંચાઈને આવતો હતો. જેનિફરનો અવાજ મધુર હતો અને તેથી જ ચર્ચના પ્રેયર ગ્રૂપ અને ગાયન ટોળીમાં તેનું ખાસ સ્થાન હતું. જેનિફરના દોરવાયા નેલ્સને પણ કૉરસમાં સાથ આપવાનું શરૂ કર્યું હતું. જેનિફરના આકર્ષણને લઈને જ નેલ્સને થુંબા અને ગિટાર પણ શીખી લીધાં હતાં.
ફાધર રેવરન્ડ શાંતિજય ખ્રિસ્તમુક્તિ ખૂબ જ પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના હતા. તેઓ જેનિફર અને નેલ્સન વચ્ચેનાં સ્પંદનો સમજી શકતા હતા. ચાર ભાઈ અને બે બહેન મળીને છ સંતાનનાં મા-બાપ બધા સંતાનો તરફ એકસરખું ધ્યાન આપી શકતાં નહોતાં. નેલ્સન પ્રત્યે પણ મા-બાપનું વર્તન અલિપ્ત જેવું જ રહેતું હતું.
ફાધરે એક વાર નેલ્સનને કહ્યું હતું: “જો દીકરા, હવે તું મોટો થઈ ગયો છું. તું સમજદાર છે. પાનના ગલ્લે ઊભા રહેવું અને સ્મૉકિંગ કરવું એ જીવનનો સાર નથી. તું જેનિફરને ચાહે છે એ હું જાણું છું. તું કોઈ જૉબ શોધી લે અને પગભર થઈ જા. જેનિફરને કાબેલ થવાનો અને તેની સમકક્ષ બનવાનો પ્રયત્ન કર. કાલે ઊઠીને તેની ટ્રેનિંગ પૂરી થશે. તેને

સારી જૉબ અને સારી સેલરી મળશે ત્યારે તું શું કરીશ?"
ફાધરની ઍડ્વાઇઝ નેલ્સનને ગમી નહોતી. તેણે ચર્ચમાં જવાનું બંધ કરી દીધું હતું. એક વાર તો જેનિફર અને તેના ડેડીએ ખુદ તેને સમજાવ્યો હતો: "નેલ્સન, ફાધરે અમને બધી વાત કરી. તેમણે તારા ભલા માટે જ તને કહ્યું હતું ને? તું કોઈ ઢંગની જૉબ કે બિઝનેસ નહિ કરે તો મૅરેજ કેવી રીતે કરી શકીશ? અને મૅરેજ પછી જેનિફરને ક્યાં રાખીશ?"
બેકાર અને બેફિકર નેલ્સનને ચૉટ વાગી હતી. જેનિફરને શહેરની સરકારી હૉસ્પિટલમાં સ્ટાફ નર્સની જૉબ મળી ગઈ હતી. ડેવિડ ક્રિસ્ટી સરકારી જૉબમાંથી રિટાયર્ડ થયા હતા અને પૅન્શન શરૂ થયું હતું. બારમા ધોરણ સુધી ભણેલા નેલ્સને પબ્લિક ટ્રાન્સપૉર્ટ બસ સર્વિસમાં કૉન્ટ્રાક્ટ-બેઝ ડ્રાઇવરની હંગામી જૉબ શરૂ કરી હતી. હવે જેનિફરે નેલ્સન સાથે લવ-મૅરેજ કરી લીધાં હતાં. નેલ્સને એક ક્રિશ્ચિયન સોસાયટીમાં મકાન ભાડે રાખ્યું હતું. મૅરેજલાઇફ શરૂ થઈ હતી. મકાન ભાડે લેતા પહેલાં તો નેલ્સનની જીદ સસરાના ઘરમાં ઘરજમાઈ તરીકે રહેવાની જ હતી. જેનિફર આ વાતની વિરોધી હતી.
જેનિફર મક્કમ હતી. તેણે કહ્યું હતું કે "જો, નેલ્સન. હું આ બાબતમાં ફર્મ છું અને સ્ટૉંગ પણ છું. તારે સ્વમાનભેર જીવતાં શીખવું પડશે અને મફતિયા ઍટિટ્યૂડ છોડવો પડશે."
બસ, અહીંથી જ પતિ-પત્ની વચ્ચે અહમ્ ટકરાવાની શરૂઆત થઈ હતી. જેનિફરની કદાચ અહીં જ ભૂલ થઈ હતી. તેણે કોઈ વાલી-વડીલને વચ્ચે રાખ્યા નહોતા. હવે એકલા રહેવાનું બન્યું હતું. નેલ્સનને

કહેવાવાળું કે ટોકવાવાળું કોઈ નહોતું. રોક-ટોક વિનાની લાઇફ તેને તો ફાવી ગઈ હતી. હંગામી કૉન્ટ્રાક્ટ જૉબમાં તે અવારનવાર રજાઓ પાડતો અને ઘરે જ આરામ ફરમાવતો. જેટલા દિવસ રજા હોય તેટલા દિવસની સેલરી તેને મળતી નહિ.
જેનિફરનો ડ્યૂટી-ટાઇમ સર્ક્યુલેટેડ હતો. શિફ્ટ ડ્યૂટી હોવાથી રૉટેશનમાં મૉર્નિંગ શિફ્ટ, ડે શિફ્ટ અથવા નાઈટ શિફ્ટ પણ આવતી. વાઇફની ગેરહાજરીમાં નેલ્સનને લહેર પડી જતી. તે મિત્રો સાથે દારૂની મહેફિલ જમાવતો. પાનાં-પત્તાંનો જુગાર પણ રમવા લાગ્યો હતો. શરાબની બદબૂ ઘરમાં ઘૂસી ગઈ હતી. એ ગંદકી ઘરમાંથી કાઢવી જેનિફરના હાથની વાત નહોતી. તે પ્રેગનન્ટ હતી અને છેલ્લા દિવસો જતા હતા ત્યારે પતિએ તેને પટ્ટાથી ઝૂડી નાખી હતી. ગુલાબની પાંખડીઓ છૂટી પડી ગઈ હતી.
હતા તો લવ-મૅરેજ પણ મૅરેજ પછી લવ ક્યાંય હવામાં ઓગળી ગયો હતો. જેનિફરના નસીબમાં તો મૅરેજ પહેલાં પણ નેલ્સનની તોફાની હરકતો લખાયેલી જ હતી. તેને મનમાં એમ હતું કે સમય જતા તે સુધરી જશે. હકીકતમાં સમય જતાં નેલ્સન વધુ ને વધુ બગડી ગયો હતો. પતિ જેનિફરને રૂપિયા કમાવાનું સાધન માનવા લાગ્યો હતો. પત્નીને તે ગુલામડીની જેમ રાખતો હતો. જેનિફર પણ પોતાના પ્રેમનાં ઉચ્ચ મૂલ્યો અને સંસ્કારને લઈને પતિનો બધો ત્રાસ ચૂપચાપ સહી લેતી હતી.
એક વાર તો નેલ્સને હદ વટાવી દીધી હતી. પત્નીને માર મારીને દેશી દારૂના અડ્ડા ઉપરથી પોતાના માટે દારૂની કોથળી લઈ આવવા માટે મોકલી હતી. એક વાર તાબે થયેલી જેનિફર માટે હવે તો આ કામ રોજનું

થઈ ગયું. તેણે જ દરરોજ પતિને પીવા માટે દેશી દારૂની કોથળી લાવી આપવી પડતી. તેણે દીકરાને જન્મ આપ્યો હતો. દીકરાનું નામ જેનિફરે યૉહાન પાડ્યું હતું. જોકે દીકરાના જન્મ પછી પણ પતિમાં કોઈ સુધાર જોવા મળ્યો નહોતો. તે એવોને એવો જ બેફિકર હતો.
દીકરાનો ઉછેર, ઘરનું કામકાજ, નોકરીની જવાબદારી અને ઉપરથી દારૂડિયા પતિનો ત્રાસ. જેનિફર હવે કંટાળીને નાનકડા યૉહાનને લઈને ડેડી પાસે રહેવા આવી ગઈ હતી. નેલ્સન તો સસરાની સોસાયટીમાં પણ પહોંચીને અવારનવાર હંગામો મચાવતો હતો. પત્ની અને સસરાની આબરૂ કાઢવામાં તેણે કંઈ બાકી રાખ્યું નહોતું. એક દસકાની જૉબ પછી હવે જેનિફર નામનું ફૂલ કરમાઈ ગયું હતું. નોકરીના પહેલા દિવસે જે જેનિફર હતી, એવી હવે તે દેખાતી નહોતી. આંખો નીચે કાળાં કૂંડાળાં પડી ગયાં હતાં. રૂપને પણ ઉઝરડા પડ્યા હતા. મેન્ટલ સ્ટ્રેસના કારણે હેર-ફૉલિંગની અસર પણ તેની કેશ-રાશિ ઉપર જોઈ શકાતી હતી. શરીર પણ નંખાઈ ગયું હતું.
અન્યત્રથી ટ્રાન્સફર સાથે નવા પોસ્ટિંગ પામેલા ડૉ. રાજેશની નજર અચાનક સ્ટાફ નર્સ જેનિફર ઉપર પડી. તે મનોમન વિચારી રહ્યો: “આ એ જ જેનિફર છે?” રાજેશે ખરાઈ કરી તો ખબર પડી કે તે ખરેખર જેનિફર જ હતી, જે પોતાની સાથે સ્કૂલમાં ભણતી હતી. તેણે વૉર્ડ-બૉયને કહીને જેનિફરને બોલાવી. જેનિફર તો રાજેશના બદલાયેલાં રૂપ-રંગ જોઈને અવાચક થઈ ગઈ.
“અરે, રાજેશ તું? સૉરી, આઈ મીન... ડૉ. રાજેશ... તમે અહીં?

હું માની શકતી નથી કે મારો ક્લાસમેટ આજે મને આ રૂપમાં પાછો મળી આવશે.” જેનિફરના ચહેરા ઉપર જાણે અચાનક રોનક આવી ગઈ હતી.
ડૉ. રાજેશે કહ્યું: “હું તને જોઈને બધી વાત પામી ગયો છું. મેં તને સ્કૂલ લાઇફમાં જ કહેલું, જો તને કદાચ યાદ હોય તો... બદમાશ નેલ્સનના કારણે એક વાર તારે પસ્તાવાનો વારો આવશે. દુઃખ એ વાતનું છે કે હું સાચો પડ્યો છું.”
ડૉ. રાજેશના સંપર્ક અને સંસર્ગથી જેનિફરમાં જાણે કે નવી ચેતનાનો સંચાર થયો હતો. જેમ કોઈ કરમાયેલા, વિલાયેલા ફૂલ-છોડને ખાતર-પાણી મળે અને તે ફરીથી મ્હોરી ઊઠે, એમ. ડૉ. રાજેશે હવે જેનિફરને પ્રોત્સાહનનું ઈંધણ આપવા માંડ્યું હતું. ડૉ. રાજેશની વર્ષો પછીની મુલાકાત બાદ હવે જેનિફરમાં ફેરફાર આવવા લાગ્યા હતા.
જેનિફર હવે વિદ્રોહી બની હતી. તેણે મનોમન નક્કી કર્યું હતું કે “હવે હું એને નહિ છોડું. મારી સાથે તેણે કરેલા સિતમનો હું અવશ્ય બદલો લઈશ.”
એક દિવસ જેનિફરે શહેરની ફૅમિલી કોર્ટમાં પતિ નેલ્સન વિરુદ્ધ માનસિક અને શારીરિક અત્યાચારનો અને ભરણપોષણનો એમ બે કેસ કર્યા હતા. ત્રાસ ભોગવવાનો અને પસ્તાવાનો વારો હવે નેલ્સનનો હતો. કોર્ટમાં મુદતે હાજર રહેવાનું અને વકીલોની ઑફિસના ચક્કર ખાઈ-ખાઈને તે અધમૂઓ થઈ ગયો હતો. વાત હદથી આગળ વધી ગઈ હતી.
કોર્ટે નોકરી ન હોવાનું નેલ્સનનું બહાનું ચલાવી લીધું નહોતું. કોર્ટના આદેશ અનુસાર હવે તેણે પત્ની જેનિફર અને દીકરા યૉહાનને

દર મહિને મૅન્ટેનન્સની રકમ ડાયરેક્ટ બૅન્ક એકાઉન્ટમાં ડિપૉઝિટ કરાવવી પડતી હતી. જો તે મેન્ટેનન્સ ન ચૂકવે તો જેલમાં જવાની તૈયારી રાખવાની હતી. જેનિફરના ચહેરા ઉપર તેજ અને તાજગી પાછાં આવ્યાં હતાં.
("મુંબઈ સમાચાર" 2012)

વૈદેહીની વ્યથા

"વૈદેહી, તારા રોજરોજના ખર્ચા અને માગણીઓથી તો હું કંટાળી ગયો છું. આ શું માંડ્યું છે તેં?" મયંક આજે બરાબરનો અકળાયો હતો.

"તો પછી મને પ્રેમ જ નહોતો કરવો ને?" વૈદેહી પણ આજે જાણે કે વીફરી હતી: "– ત્યારે તો કેવી ડાહી-ડાહી વાતો કરતો હતો? તારા માટે હું આકાશના તારા તોડી લાવીશ, પણ ગુલાબનું ફૂલ અને એય મફતમાં બારોબાર કોઈકના ગાર્ડનના છોડમાંથી...! કોઈ દિવસ તેં મને પ્લેનમાં બેસાડી છે? બારોબાર કોઈ ને કોઈ રીતે મને ફ્લાઈટમાં બેસવા મળ્યું હોય એ જુદી વાત છે."– અને વૈદેહી મયંકને તાકી રહી હતી. જાણે મયંક ઓગળવા માંડ્યો હતો.

ચેનલો પર જોવા મળતી હાઈ-ફાઈ લાઇફ સ્ટાઇલ અને ગ્લેમરથી ભરપૂર ફૅશન જોઈને શહેરી સમાજના ટ્રેન્ડ ઍન્ડ માઇન્ડસેટમાં ધરમૂળથી ચેન્જ જોવા મળી રહ્યો છે. એમાં જાતીય સ્વચ્છંદતા અને જિંદગી જીવવાની આઝાદી જેવાં ફેક્ટર પણ ઉમેરાયાં છે. એવામાં લાગણી અને માગણી વચ્ચે ઘર્ષણ સર્જાય તો?

વૈદેહી અને મયંકની પહેલી મુલાકાત નવરાત્રિના દિવસોમાં એક ગરબા ઇવેન્ટમાં જ થઈ હતી. ચંચળ અને નખરાળી વૈદેહી જે ત્વરા અને ચપળતાથી ગરબે ઘૂમતી હતી એ જોઈને જાણે મયંક ફિદા-ફિદા થઈ ગયો હતો.

"એક્સક્યુઝ મી, પ્લીઝ...?" એમ કહી-કહીને એને બોલાવવા માટે બે-ત્રણ વાર ટ્રાય માર્યો હતો; પરંતુ વિશાળ ક્લબ લૉનમાં સ્ટીરિયોફૉનિક

સાઉન્ડ સિસ્ટમમાં મયંકનો અવાજ એ છોકરીને કઈ રીતે સંભળાય?
ખેલંદા ફ્રેન્ડ્ઝ સાથે ઘૂમી રહેલા મયંકને દોસ્તોએ જ જાણે કે ઉશ્કેર્યો હતો કે “અલ્યા, આમ કરીશ તો એ ક્યાંથી સાંભળવાની હતી? પાસે જઈને એનો હાથ જ પકડી લે ને...”
– અને મયંકે બરાબર એમ જ કર્યું હતું. તેણે પેલી અજાણી યુવતીનો હાથ જ પકડી લીધો હતો અને ઇશારાથી બતાવ્યું હતું કે – આ તમારી ઓઢણીનો છેડો ધૂળમાં રગદોળાઈ રહ્યો છે. અચાનક કોઈ અજાણ્યા યુવાને કરેલી આ પ્રકારની હરકતથી છેડાઈ પડેલી એ યુવતીએ નીચે જોયું હતું, ઓઢણીનો છેડો સરખો કર્યો હતો અને તોફાની વીજળી જેમ ઝબૂકી જાય એમ અજાણ્યા યુવાનના હાથને પોતાના એક હાથેથી પકડી લઈને તેની હથેળી ચૂમી લીધી હતી અને ફરીથી ગરબે ઘૂમવા લાગી ગઈ હતી.
મયંક તો કંઈક સમજે ના સમજે એ પહેલાં આ બધું જાણે કે આંખના પલકારામાં જ બની ગયું હતું. ગરબે રમતી યુવતીઓમાં પેલી યુવતી ક્યાંય અલોપ થઈ ગઈ હતી. મયંક ગરબાના વર્તુળમાંથી બહાર નીકળી ગયો હતો. એને તો હજુ કળ વળી નહોતી. એના દોસ્તો પણ ગરબે ઘૂમતા આગળ નીકળી ગયા હતા. ગરબામાં ક્લબ ગ્રાઉન્ડ ઉપર પાંચેક હજારની જનમેદની હતી. મયંકની આંખો પેલી અજાણી યુવતીને શોધી જ રહી. લગભગ દોઢેક કલાક એ આમથી તેમ બહાવરો બનીને ઘૂમતો જ રહ્યો, ત્યારે માંડ ફૂડ સ્ટૉલ્સ્ પાસેની ભીડમાં પેલી યુવતી તેને જોવા મળી ગઈ.
“માય નેમ ઇઝ મયંક શાહ, તમે તો મને રીતસરનો ગભરાવી

જ મૂક્યો હતો. પછી તો તમે દેખાયાં જ નહિ?" મયંક એ યુવતી પાસે પહોંચી ગયો હતો અને વાતચીત શરૂ કરી હતી.
"યાહ, મારું નામ વૈદેહી છે, વૈદેહી મહેતા. ઇટ્સ માય સ્ટાઈલ... માય સ્ટાઈલ ઑલવેઝ ફેસિનેટિંગ યુ... ઇટ્સ મસ્તી કા ફંડા.... યુ નૉ?" એ અજાણી યુવતી રમતિયાળ આંખો નચાવતી બોલી હતી.
આ હતી વૈદેહી અને મયંકની પહેલી મુલાકાત અને એ પણ મધરાત બાદ. ઇન્ટ્રૉ થયા પછી બેઉ તરત જ ગરબા ગ્રાઉન્ડ છોડીને હાઈવે ઉપર લૉંગ-ડ્રાઇવ માટે નીકળી ગયાં હતાં.
મયંકની ઇમ્પ્રેસિવ લાઇફ સ્ટાઈલથી અંજાઈ જઈને તો વૈદેહીએ સામેથી મયંકને પ્રપૉઝ પણ કર્યું હતું અને સંબંધ આગળ વધતાં લવમૅરેજ કરવાની પ્રપૉઝલ પણ આપી હતી. લવ એટ ફર્સ્ટ સાઈટ પછીના છ મહિનાની અંદર તો બેઉ પરણી પણ ગયાં હતાં. લાઇફની રિયાલિટી હવે સામે આવી હતી.
મયંકના લવમૅરેજનું બહાનું આગળ ધરીને તેની સાવકી માએ ચઢવણી કરતા મયંકના પિતાએ તેને ઘરમાંથી જ કાઢી મૂક્યો હતો. બીજી તરફ વૈદેહીએ લવમૅરેજનું ડિસિસન લીધું હોવાથી તેનાં મા-બાપે પણ તેની સાથેનો સંબંધ કાપી કાઢ્યો હતો. મયંકે બાપના દમ ઉપર લગ્ન પહેલાં વૈદેહીને પોતે બિઝનેસમૅન છે, એમ કહ્યું હતું. પરંતુ લગ્ન પછી વૈદેહીને ખબર પડી હતી કે બિઝનેસ તો બાપનો હતો અને મયંક તો સામાન્ય જૉબ જ કરી રહ્યો છે. હવે તો ભાડાનું મકાન અને લૉ સેલરીમાં ઘર ચલાવવાનું હોવાથી હાઈ-ફાઈ લાઇફ કે ફૅશન તો ભૂલી જ જવાની.

ચાર વર્ષની મૅરિજ લાઇફમાં વૈદેહી એક દીકરાની મા પણ બની હતી. જે આજે હવે ત્રણ વર્ષનો થયો હતો. વૈદેહીએ એક દિવસ સામેથી મયંકને કહ્યું હતું કે પોતે હવે કોઈ જૉબ કરવા માગે છે. દીકરાને સાચવવાની ચિંતા નથી, કેમ કે હવે તે ત્રણ વર્ષનો થયો હોવાથી નર્સરી કે કે.જી.માં મૂકી શકાશે.
“એમાં મને તો શો વાંધો હોઈ શકે?” એમ કહીને મયંકે જાણે મંજૂરી આપી દીધી. કદાચ મયંક પણ મનોમન આમ જ ઇચ્છતો હતો.
થોડાક દિવસોની જહેમત બાદ વૈદેહીને એક ઈવેન્ટ મૅનેજમેન્ટ કંપનીમાં કૅન્વાસર તરીકે જૉબ મળી ગઈ. તેની વર્ક ઍફિસિયન્સી અને બિઝનેસ રિસ્પૉન્સ જોતાં તેને ઍન્ટરટેઈન્મેન્ટ કન્સલ્ટન્ટ તરીકે પ્રમૉશન પણ મળી ગયું. હવે એનો સેલરી અને કમિશન પણ વધ્યાં હતાં. હવે મયંક પોતાની ખુદની જૉબ તરફ બેધ્યાન રહેવા માંડ્યો હતો. કપાત પગારે રજાઓ લેતો અને ઘરે જ રહેતો.
મયંકે એક સવારે પત્નીને પૂછ્યું હતું: “અરે, વૈદેહી... આ વિનીત કોણ છે? તું બાથરૂમમાં હતી ત્યારે તારા મોબાઇલ પર એના બે-ત્રણ વાર કૉલ આવી ગયા.”
“મારો બૉસ છે, વિનીત નાયર. ગઈ કાલે હું જૉબ છોડી રહી છું, એમ કહીને આવી હતી, એટલે મને મનાવવા માટે કદાચ એણે ઉપરાછાપરી કૉલ કર્યા હશે.” વૈદેહીએ ખૂબ જ સાહજિકતાથી જવાબ આપ્યો.
મયંક તો ધ્રૂજી ગયો હતો. તેણે દબાતા અવાજે કહ્યું હતું કે “આ તું શું બોલી રહી છે, એનું તને ભાન છે? નોકરી છોડી દઈશ તો

ઘર કેવી રીતે ચાલશે?"
"અરે, પણ પેલો વિનીત મારી સાથે...!" આટલું બોલીને તો વૈદેહી અટકી ગઈ હતી.
મયંક હજુ ગભરાયેલો જ હતો. તેણે પૂછ્યું કે "તારી સાથે શું? એ શું કરે છે તારી સાથે...?" મયંક સહેજ ગંભીર બની ગયો હતો.
"એ તો જાણે હું એની પત્ની હોઉં એમ મારી સાથે..." વૈદેહી હજુ અસ્વસ્થ જ હતી.
થોડીક ક્ષણો એમ જ નિઃશબ્દ વીતી ગઈ. બેઉ પતિ-પત્ની એકમેકના ચહેરા સામે જ તાકી રહ્યા. વૈદેહીને નર્સરીમાં મોકલેલો વરુણ યાદ આવી ગયો. ડ્રૉઇંગ-રૂમમાં ટેબલ પર મૂકેલી ફોટો-ફ્રેમમાં વરુણનો હસતો ચહેરો તે ક્યાંય સુધી જોતી જ રહી અને તેણે મનોમન કોઈક નિર્ણય કરી લીધો. કેમ કે મયંકને તો હવે માત્ર પત્ની પાસે જ બધી આશા હતી અને વૈદેહી પતિની ઇચ્છાની આગળ વિવશ પણ હતી.
વૈદેહી જે કંપનીમાં કામ કરતી હતી, તે કંપનીમાં બ્રાન્ચ મૅનેજર બનીને નવો નવો આવેલો વિનીત નાયર અમદાવાદની બ્રાન્ચ ઑફિસ માટે સાવ નવો-નવો જ હતો. આ તરફ વૈદેહીએ નોકરી ટકાવવી પડે એમ હતી. વિનીત હવે અવારનવાર વૈદેહીના ઘરે મહેમાન બનીને પણ આવવા લાગ્યો હતો. જુનિયર કે.જી.માં ભણવા જતો નાનકડો વરુણ તો વિનીત નાયરને "અંકલ... અંકલ..." કહેવા લાગ્યો હતો.
વિનીત વરુણ માટે ચૉકલેટ્સ, ગિફ્ટ્સ, બિસ્કિટ્સ વગેરે લાવતો, એથી વરુણ પણ ખુશ રહેતો. તેને અંકલ સાથે ગોઠી ગયું હતું. તેને તો

હવે અંકલ સાથે રમવાની પણ મજા પડતી હતી. મયંકે જાત સાથે સમાધાન કરી લેવું પડ્યું હતું. ઘરમાં જ્યારે રૂપિયાની જરૂર પડતી ત્યારે-ત્યારે વિનીત જ હેલ્પ કરતો હોવાથી હવે કોઈને કશી ફરિયાદ નહોતી.
એક દિવસ વૈદેહીએ મયંકને જાણ કરી હતી કે “મયંક, મારી ઑફિસ તરફથી મારો પાસપોર્ટ બનાવવા આપ્યો છે. કદાચ થોડા દિવસ માટે મારે દુબઈની ટૂર કરવાની આવશે.”
મયંકે હા પાડતા જવાબમાં કહ્યું હતું કે “વૈદેહી, તું તો જાણે છે કે તને રોકવાનો કોઈ સવાલ નથી. મારા ના પાડવાનો કોઈ મતલબ પણ નથી. તું જઈ જ શકે છે.”
– પણ એક દિવસ જે થવાનું હતું એ થઈને જ રહ્યું. વૈદેહીને તો પોતાના રૂપ ઉપર પૂરો ભરોસો હતો, પણ વિનીતે હવે એક્સ્ટ્રા મની આપવાના બંધ કર્યા હતા અને તેની એકસ્ટ્રા ફેવર કરવાની પણ બંધ કરી દીધી હતી. વિનીતે જાણે કે વૈદેહીથી મોં ફેરવી લીધું હતું. નવા ઘટનાક્રમ તરીકે વિનીતે મુંબઈ ઑફિસમાં ટ્રાન્સફર પણ લઈ લીધી હતી.
રૂપિયાની તંગી અને ચારે બાજુથી ભીંસમાં મુકાયેલી વૈદેહીએ પતિના કહેવાથી એક દિવસ વિનીત સામે રેપ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી દીધી હતી. મીડિયામાં ન્યૂઝ ચમક્યા હતા કે “એ.બી.સી. ઈવેન્ટ મૅનેજમેન્ટ કંપની અને એક્સ ઝૉન એન્ટરટેઈનમેન્ટ કંપનીના નામે જે કારોબાર ચાલતો હતો તેમાં ઈવેન્ટના બહાને યુવતીઓને કામ અપાવવાની લાલચ આપીને કૉલગર્લ બનાવી દેવામાં આવતી હતી. તેમની પાસે પ્રૉસ્ટિટ્યુશન કરાવવામાં આવતું હોવાના આરોપ થયા હતા. દેશના મેટ્રો શહેરોમાં તથા વિદેશોમાં

દુબઈ, સિંગાપોર વગેરે શહેરોમાં ટ્રીપ ગોઠવવામાં આવતી હતી.”
વૈદેહીએ પોલીસ ફરિયાદમાં લખાવ્યું હતું કે “બ્રાન્ચ મૅનેજર વિનીત નાયરે છેલ્લા એક વીકમાં પોતાના જ ઘરમાં પતિ અને પુત્રની ગેરહાજરીમાં પોતાને ગેરકાયદે ગોંધી રાખીને વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. એટલું જ નહિ, દુબઈની ટ્રીપમાં પણ આરોપી બ્રાન્ચ મૅનેજરે બળાત્કાર ગુજાર્યો હતો. દુબઈની હોટલમાં ધાકધમકી આપીને એક વીક સુધી નાઈટ પાર્ટીઝમાં મને વલ્ગર ડાન્સ કરવાની પણ ફરજ પાડવામાં આવી હતી. જો હું તેને તાબે ન થાઉં તો પાસપોર્ટ નહિ આપવાની ધમકી આપી હતી.”
મીડિયામાં આ ન્યૂઝ આગની જેમ ફેલાઈ ગયા હતા. કંપનીની પણ ખાસ્સી બદનામી થઈ હતી. લૉકલ ન્યૂઝ ચેનલોને તો જોરદાર મસાલો મળી ગયો હતો. પોલીસ ઉપર કસૂરવારો સામે પગલાં લેવાનું પ્રેશર વધતું જ રહ્યું હતું. કોઈ હિસાબે કેસ રફેદફે થાય એમ નહોતું. પોલીસ આરોપી વિનીતને ગમે તેમ કરીને પકડીને મુંબઈથી અમદાવાદ લઈ આવી હતી.
પોલીસસ્ટેશનમાં વિનીતને લવાયો ત્યારે વૈદેહી હાજર હતી; પરંતુ બેઉ નજર મેળવી શક્યાં નહોતાં. મયંકે ગરબે ઘૂમતી ગોરીને લાઇફ પાર્ટનર પણ બનાવી હતી અને વખત આવ્યો ત્યારે ડાન્સ પણ કરાવ્યો હતો. સાડા ત્રણ વર્ષનો વરુણ તો આરોપી વિનીતને જોઈને તરત જ બોલી ઊઠ્યો હતોઃ “વિનીત અંકલ… વિનીત અંકલ…”
(“મુંબઈ સમાચાર” 2017)

શાદી યા બરબાદી?

વીસ વર્ષની ફરઝાનાબાનુને સરસે પાંવ તક સુંદર કહી શકાય. રૂપરૂપનો અંબાર કહો તો'ય વખાણ ઓછાં પડે. જેવો રૂપનિખાર એવું જ તેજતર્રાર વ્યક્તિત્વ. બુરખાનશીન પરિવારમાંથી આવતી હોવાથી પરદામાં જ રહે. કોઈની નજર ન લાગી જાય એ માટે તેને કપાળે કાળું ટપકું કરવું પડે એમ નથી. કેમ કે ગાલ ઉપર ખંજન નીચે કાળો તલ છે. ફરઝાના હસે ત્યારે એના ખંજન ફૂલ જેમ ખીલી ઊઠે છે પણ ચાર-પાંચ મહિનાથી એના મોં પરથી સ્મિત છીનવાઈ ગયું છે. શાદી કરીને માંડ એકાદ મહિનો સાસરે રહી હશે.
સાસરે એવી તે કઈ કમી હતી કે તેને માયકે આવી જવું પડ્યું? ફરઝાના જ્યારે-જ્યારે શૌહર મોહંમદ કાદીરની સાથે સમય ગાળવા ઝંખે એ દરેક પ્રયત્ને શૌહર તેનાથી દૂર ને દૂર થવાનો જ પ્રયાસ કરતો. સાસરિયાંને પણ વાત કરી જોઈ. આખરે શૌહર અને સાસરિયાંથી કંટાળીને ફરઝાના માયકે પાછી આવી ગઈ.
અબ્બાજાન મોહંમદ વાજીદ ઘર નજીક જ કટલરીની સામાન્ય દુકાન ચલાવે છે. ધંધો સારો ચાલતો હોવાથી ખાધે-પીધે સુખી અને પાક-નમાઝી પરિવાર. ચાર દીકરીમાં ફરઝાના સૌથી મોટી. અમ્મીજાન શાહીદાબીવીએ બેટીઓની પરવરિશમાં કોઈ કચાશ રાખી નથી. ફરઝાના એસ.એસ.સી. સુધી ભણી અને આગળ ભણવાનું મન ન હોવાથી શાદી કરાવવામાં આવી હતી.
ફરઝાના હવે આગળ ભણવું ન હોવાથી માયકે આવીને હુન્નર

શીખી રહી છે. બીજા નંબરની રુખસાનાબાનુએ બીજા વર્ષની બી.એ.ની પરીક્ષા આપી છે. ત્રીજા નંબરની શબાનાબાનુએ ધોરણ બારની પરીક્ષા આપી છે. સૌથી નાની ગઝાલાબાનુએ ધોરણ નવની પરીક્ષા આપી છે. ઉમ્રના પચાસમા વર્ષના મુકામે પહોંચેલા મોહંમદ વાજીદની આંખોમાં હતાશા, નિરાશા વાંચી શકાય છે. શાહીદાબીવીનો ચહેરો પણ ચિંતામાં ડૂબેલો રહે છે. શાદીના એક મહિનામાં જ માયકે પાછી આવી ગઈ હોય એવી કઈ બેટીનાં મા-બાપ ખુશ રહી શકે? એમાંય મોહંમદ વાજીદ અને શાહીદાબીવીએ તો પોતાની ત્રણ બેટીઓની હજુ શાદી કરાવવાની બાકી છે. લોગ ક્યા કહેંગે? એ સવાલ રાત-દિવસ તેમનો પીછો છોડતો નથી.
“હમારી ફરઝાના જબ સોલહ સાલકી હુઈ, તબસે હમારે રિશ્તેદારોંકી ઔરસે ઉસકે લિયે નિકાહકી બાતેં આને લગી થી. હમને તો સોચકે હી રખ્ખા થા, ફિર જલદી ક્યા હૈ? જબ વો ઉન્નીસ-બીસ સાલકી હો જાયેગી તબ શાદી-બ્યાહકી બાત સોચેંગે.” શાહીદાબીવી બોલ્યે જાય છે.
અચાનક એક નિઃસાસો મૂકીને કહે છે કે “મગર હમેં ક્યા માલૂમ થા કિ જિનસે હમ રિશ્તા જોડ રહે હૈ, વો લોગ ઈતને ગિરે હુએ નીકલેંગે?”
ફરઝાનાબાનુની શાદી કંઈ અજાણ્યા પરિવારમાં કરાવી નહોતી. મોહંમદ વાજીદની બહેનના જેઠનો દીકરો યાને ફરઝાનાની ફુફાનો ભત્રીજો થાય મોહંમદ કાદીર. સારું ઘર અને સારો દામાદ જોઈને શાદી કરાવી હતી.
ફરઝાના કહે છે: “સુહાગરાત ક્યા હોતી હૈ, યે તો કૈસે પતા હોગા? લેકિન શાદીકી પહલી રાત સુહાગરાત હોતી હૈ, યે તો મૈને સુના

થા. મામલા તબ શુરુ હુઆ જબ કિ શાદીકી પહલી રાત વે (મોહંમદ કાદીર) ચાર પાઈપે સો ગયે ઔર મુઝે જમીંપે બિછૌના ફૈલાકર સોનેકો કહા ગયા. નિકાહકે દુસરે હી દિન મૈં અપને રીત-રિવાજકો લેકર માયકે આઈ તબ સહેલિયોંસે કુછ જાના-સમજા કી સુહાગરાત ક્યા હોતી હૈ ઔર ક્યા-ક્યા હોતા હૈ?”

ફરઝાના શાદીના થોડા જ દિવસોમાં મોહંમદ કાદીરને ઓળખવા માંડી ગઈ હતી. તેનો અવાજ સહેજ પાતળો હતો. શરૂઆતમાં તો શૌહરનો પાતળો અવાજ સ્વાભાવિક લાગતો હતો પણ કાદીરની ચાલ અને તેનાં લટકાં-મટકાં તથા તેની વળ ખાઈને વાત કરવાની આદત તે સ્ત્રૈણ પ્રકૃતિનો હોવાની ગવાહી પૂરતાં હતાં. કાદીર માવડિયો પણ ખરો. જ્યારે જુઓ ત્યારે ફરઝાનાની સાસુ સાથે જ જોવા મળે. તે ખુદ કોઈ કામધંધો કરતો નહોતો. ફરઝાનાના અબ્બાજાનનો કબાડી માર્કેટમાં લોખંડ-ભંગારનો કારોબાર હતો.

ફરઝાનાને સમજ પડી ગઈ હતી કે તેનો શૌહર “પુરુષ”માં નથી. તેણે બંધ બારણે પતિને ખખડાવી નાખ્યો હતો.“નામર્દ” અને “બાયલો” પણ કહી દીધો હતો. પોતાને અંધારામાં રાખવા સબબ સાસુ-સસરા, જેઠ-જેઠાણી અને નણંદ સાથે પણ તેણે ઝઘડો કર્યો હતો. બસ, અહીંથી જ તેના માટે મુસીબત શરૂ થઈ ગઈ હતી. “ઊલટા ચોર, કોટવાલકો દાંટે” કહેવતની જેમ વીસ વર્ષની ફરઝાનાને વળી મોહંમદ કાદીર સામેથી એવાં મહેણાં મારી રહ્યો હતો કે “તું મુઝે ક્યા ખુશ કરેગી? તું મુઝે કૌન સા સુખ દેગી? તેરે પાસ તો સ્ત્રીકા અંગ હી નહીં હૈ!” કાદીરના આ અપપ્રચારમાં હવે સાસુ-સસરા, જેઠ-જેઠાણી અને

નણંદ પણ જોડાઈ ગયા હતા. ફરઝાનાને મારઝૂડ કરવાની અને દાબમાં રાખવાની કોશિશ કરવાની. પતિ અને સાસરિયાંએ તેને બદનામ કરવામાં કે ત્રાસ આપવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. આવો રોજેરોજનો ત્રાસ તો કોણ સહન કરે? શાદીના એક જ મહિનામાં ફરઝાનાનું માયકે આવી જવાનું કારણ આ જ હતું.

બીજી તરફ શૌહર અને સાસરિયાંએ એવી તરકીબ કરી હતી કે એક મેડિકલ પ્રેક્ટિશનરને સાધી લીધો હતો. તેની પાસે ફરઝાનાની તપાસ યા ચકાસણી કરાવ્યા વિના જ ફરઝાનાને સ્ત્રીનું અંગ ન હોવાનું બૉગસ સર્ટિફિકેટ પણ કઢાવી લીધું હતું. જોકે આવા સર્ટિફિકેટને ન તો કોઈ મેડિકલ આધાર હતો કે કાનૂની રાહે પણ આ સત્ય નહોતું. છતાં શૌહર અને સાસરિયાં આ સર્ટિફિકેટના જોર ઉપર કૂદી રહ્યાં હતાં અને હવે રૂપિયાની માગ પણ કરી રહ્યાં હતાં અને સમાજમાં ક્યાંયની નહિ રાખીએ, એવી ધમકીની ભાષામાં વાત કરી રહ્યાં હતાં. તલાક મુદ્દે પણ માનસિક દબાણ વધારતા હતા.

ચાર દીકરીની મા અને બાપની સ્થિતિ કેવી થઈ જાય? તેમની નજર સામે ફરઝાનાની જિંદગી બેહાલ પડી છે તો બીજી ત્રણ દીકરીઓના ખુશહાલ ભવિષ્ય સામે પણ ગ્રહણ લાગી ગયું છે. જોકે રુખસાના, શબાના અને ગઝાલા તો મા-બાપને કહેતાં પણ ખરાં કે “અમ્મીજાન, અબ્બાજાન, આપ હમારી તો ફિકર ના હી કરો. જો ભી હોગા, દેખા જાયેગા.”

મોહંમદ વાજીદની બહેન કે જેણે આ નિકાહ કરાવી આપ્યા હતા તેની સ્થિતિ કફોડી થઈ હતી. સમાધાનનો કોઈ રાહ દેખાતો નહોતો.

મોહંમદ વાજીદે યાર-દોસ્તો અને સગાંઓની સલાહ પ્રમાણે હવે પોલીસ ફરિયાદ નોંધાવી દીધી હતી. પોલીસે પતિ, સસરા, સાસુ, જેઠ, જેઠાણી અને નણંદ તથા પેલા તબીબ સામે કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસ અને વકીલની સલાહ અનુસાર મોહંમદ વાજીદે ફરઝાનાનો સરકારી હૉસ્પિટલમાં જેનેટિકલ ટેસ્ટ પણ કરાવ્યો હતો. ટેસ્ટ રિપોર્ટ પૉઝિટિવ આવ્યો હતો. જે મુજબ ફરઝાના "એક સંપૂર્ણ સ્ત્રી" હતી. તેનામાં કોઈ ખરાબી નહોતી.

પોલીસે ખોટો રિપોર્ટ ઊભો કરવા બદલ તબીબ સામે ફોજદારી કાર્યવાહીની સાથે-સાથે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયામાં તેનું તબીબી પ્રમાણપત્ર રદ કરાવવા પણ કાર્યવાહી કરી હતી. પોલીસ ફરિયાદ અને કોર્ટકેસ સાથે જ તબીબ ઉપરાંત પતિ અને સાસરિયાં સપડાયાં હતાં. અદાલતે કસૂરવારોને સજા અને દંડ પણ કર્યો હતો. ફરઝાનાને તલાક તો મળી ગયા હતા પણ તેની ઉપર જે "સ્ત્રીત્વ"નું કલંક લગાવવામાં આવ્યું હતું એ આખી જિંદગી સાથે જ રહ્યું. તેનો હાથ પકડવા હજુ સુધી કોઈ તૈયાર થયું નથી. મા-બાપ લાચાર છે અને ફરઝાના માયકાના ઘરનાં છાને ખૂણે આંસુ સારતી રહે છે, ચૂપકે-ચૂપકે.

("લોકસત્તા-જનસત્તા"2003 અને "નયા માર્ગ"2003)

શિકાર પર શિનાજોરી

“હેલો... કોણ? રૂપેન? હા, હું મોનાલી બોલું છું... મોનાલી મહેતા.” પચીસ વર્ષનો રૂપેન તો ચોંકી નહિ, ચમકી જ ગયો હતો. કૉલેજનો સ્ટડી પૂરો થયાના પાંચ વર્ષ પછી મોનાલીએ તેને યાદ કર્યો હતો. માનવામાં નહોતું આવતું, છતાં નહિ માનવાનું કોઈ કારણ નહોતું.
ચોંકી ગયેલા રૂપેને રિસ્પૉન્સ આપતાં કહ્યું: “અરે, મોના! મેં તો સાંભળ્યું હતું કે તું તો મુંબઈ સેટલ થઈ ગઈ છું. શું કરે છે આજકાલ?”
મોનાલી બોલી હતી: “તેં જે સાંભળ્યું એ બરાબર સાંભળ્યું છે. બીજી પંચાત છોડ, મળવું છે કે નહિ? એની વાત કર. હું આજે ઇવનિંગ ફ્લાઇટમાં અમદાવાદ પહોંચું છું. કોઈ થ્રી સ્ટાર હોટલમાં બુકિંગ કરાવી રાખજે અને સાંજે મને રિસીવ કરવા ઍરપૉર્ટ ઉપર આવી જજે. અરે હા, મારો બીજો મોબાઇલ નંબર પણ નૉટ કરી લે. કદાચ આ નંબર બિઝી આવે તો...”
રૂપેનની ખુશીનો પાર નહોતો. તેણે તો હા પાડી જ દીધી હતી. આખરે પાંચેક વર્ષના ગૅપ પછી કૉલેજફ્રેન્ડ – ગર્લફ્રેન્ડ મળવાની હતી, એ પણ આમ સરપ્રાઇઝથી કશું કામ નહોતું. ભરબપોરે એ તો સપનું જોવા લાગ્યો. ઑનલાઇન હોટલ બુકિંગ પણ કરાવી દીધું અને સાંજનું તથા રાતનું પ્લાનિંગ પણ કરવા લાગી ગયો. ના તો રૂપેને પોતાના ઘરે મોનાલીને ઇનવાઈટ કરી કે ના તો મોનાલીએ સામેથી તેના ઘરે ગેસ્ટ બનીને આવવાનું કહ્યું. કદાચ બેઉને પોતાની પરિસ્થિતિ અને જરૂરિયાતની ખબર હતી.
સાંજે મોનાલી મુંબઈથી અમદાવાદ આવી પહોંચી. ડૉમેસ્ટિક

ટર્મિનલ ઉપર રૂપેન રાહ જોતો તૈયાર જ હતો. મોનાલીને રિસીવ કરીને કારમાં હોટલ પર પહોંચ્યાં ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. મોનાલીનો કૉપર શૅડ બૉડી કલર અને બ્યુટી લૂક એવો ને એવો જ એટ્રેક્ટિવ હતો. રૂપેનનો કૉલેજ-ટાઇમ ક્રશ મોનાલી પાસે હોય પછી તો બંદાનું પૂછવું જ શું?
એવામાં મોનાલીએ હોટલની રૂમમાં પહોંચતાની સાથે જ છણકો કર્યો: “હું ક્યારનીય જોઉં છું કે તું મારા દુપટ્ટાની જેમ મારી સાથે ચોંટેલો ને ચોંટેલો જ રહે છે. જરા દૂર તો હટ. મૅરેજ થઈ ગયા કે નહિ? સાલા, કોઈ દિવસ છોકરી જોઈ છે કે નહિ?”
રૂપેને એ જ શરારતી અંદાજમાં જવાબ આપ્યો કે “બહુ ભાવ ના ખા. ચરબી શાની કરે છે? કેટલાં વર્ષે મળી છે તું? પછી દિલ કાબૂમાં ક્યાંથી રહે ભલા? મને ખબર છે, યુ નૉટી. તને મજાક કરવાની હેબિટ છે. મારા મૅરેજ તો થઈ ગયા પણ તારી વાત જ સાવ જુદી છે ને.”
બંનેએ હોટલની ડાઇનિંગ લૉન્જમાં ડિનર લીધું અને રૂમમાં પાછા ફર્યાં. હજુ તો માંડ બેઠા જ હતા ત્યાં તો રૂમ-બેલ વાગ્યો. મોનાલીએ આંખો નચાવીને ઇશારો કર્યો અને પપેટની જેમ રૂપેન ઊભો થયો. દરવાજો ખોલીને જોયું તો રોહિલ હતો. “અરે, રોહિલ તું? તું અહીં ક્યાંથી? બડો ચાલાક અને ચબરાક છે તું તો –”
જોકે રોહિલે પણ સામે રૂપેનને એ જ અંદાજમાં પૂછ્યું કે “અલ્યા, રૂપેન. તું મારી વાત છોડ ને. તું અહીં ક્યાંથી?”
એટલી વારમાં તો મોનાલી બોલી ઊઠી: “રૂપેન, ડૉન્ટ બી સિલી. મેં જ એને અહીં બોલાવ્યો છે. રોહિલ મને મોબાઇલ હેન્ડ સેટ ગિફ્ટ

કરવા માગતો હતો. કેમ, રોહિલ... ખરું ને?"
રૂમમાં આવી ગયેલા રોહિલને પોતાની પાસે બેસવા મોનાલીએ ઇશારો કર્યો. રોહિલે મોનાલી સાથે શેક-હેન્ડ કરીને પોતાની સાથે લાવેલ ગિફ્ટ પૅક મોનાલીને આપ્યું. પૅક ખોલીને મોનાલીએ જોઈ પણ લીધું. આઈ-ફૉન સિરીઝનો લેટેસ્ટ હેન્ડ સેટ હતો. મોંઘો જ હશે એ સમજી શકાય એમ હતું.
રોહિલને નવાઈ લાગી રહી હતી કે તેને તો કૉલ કરીને મોનાલીએ એમ કહ્યું હતું કે "આજની રાત આપણે બે જ હોટલના રૂમમાં હોઈશું. આવે ત્યારે સરસ મજાનો મોબાઇલ ગિફ્ટમાં લેતો આવજે."
હકીકત એ હતી કે મોનાલીએ રૂપેનને પણ એમ જ કહ્યું હતું કે "હું મુંબઈથી આવું છું. હોટલમાં સાથે રોકાઈશું." બેઉ ધનવાન નબીરા હતા અને મોનાલીએ બેઉને છેક કૉલેજ ટાઇમથી પોતાના લટ્ટુ બનાવી રાખ્યા હતા.
રૂપેનના ચહેરા ઉપર વિક્ષેપનો ભાવ સ્પષ્ટ વાંચી શકાતો હતો. રોહિલે તો ગિફ્ટ આપી દીધી હતી. ઍક્સપ્લૉઈટ થવાનો વારો હવે રૂપેનનો હતો.
મોનાલી બોલી ઊઠી: "રૂપેન, તારે મારું એક કામ કરવું પડશે. હું રોહિલની કંપની ઍન્જૉય કરું છું, ત્યાં સુધી તું થોડા રૂપિયા મૅનેજ કર. મારે પચાસેક હજારની જરૂર છે. મુંબઈ પહોંચીને તારા ઍકાઉન્ટમાં આર.ટી.જી.એસ. કરાવી દઈશ. એક પાર્ટી પેમેન્ટ લેવા આવવાની છે."
રૂપેન થોડો ચિડાયો હતો: "ઓહ, કમ ઑન ડાર્લિંગ. તું મને

છેક હવે છેલ્લી ઘડીએ દોડાવે છે ને? પહેલાંથી જ કહી રાખ્યું હોત તો સાથે લેતો આવ્યો હોત. આખરે એવું તો શું કામ કરે છે તું?"
મોનાલી વતી રોહિલે વકીલાત કરતાં કહ્યું કે "મોનાલીને ઇમ્પૉર્ટ-ઍક્સપૉર્ટ બિઝનેસ છે એટલે કેટલુંક પેમેન્ટ કૅશમાં પણ કરવાનું આવે. સમજ્યો? અને હા, તું ચિંતા નહિ કરતો. તું પાછો આવે ત્યાં સુધી જ હું મોનાલીને કંપની આપું છું. તું આવી જઈશ પછી હું તમારા બે વચ્ચે કબાબમાં હડ્ડી નહિ બનું."
બધાં હસી પડ્યાં. આ સિલસિલો તો હવે કાયમનો થઈ પડ્યો હતો. રૂપેન થોડા-થોડા સમયે આ રીતે કૅશ આપી-આપીને થાકી ગયો હતો. મોનાલી જ્યારે મુંબઈથી આવે ત્યારે એની મુંબઈની રિટર્ન ઍરટિકિટ, એની સરભરાનો ખર્ચ, અમદાવાદમાં સ્ટે ઍન્ડ શૉપિંગ ખર્ચ તેની જવાબદારી જ નહિ, "ગલે કી હડ્ડી" બની ગઈ હતી. મોનાલી જ્યારે અમદાવાદ આવતી ત્યારે રૂપેનની નજર સામે દર વખતે જુદા-જુદા પુરુષોના ચહેરા તેને જોવા મળતા. રૂપેન સાથે હોય ત્યાં સુધી બધું બરાબર; પરંતુ જ્યારે કોઈ માણસ હોટલરૂમમાં આવે ત્યારે પ્રાઇવેટ મિટિંગ કરવાનાં બહાને રૂપેનને રૂમની બહાર મોકલી દેતી મોનાલીની હરકતો રૂપેન જોઈ જ રહેતો. ક્યારેક મોનાલી પોતાની સાથે મુંબઈથી કોઈ અજાણી યુવતીને પણ સાથે લાવતી અને પોતાની રૂમની બાજુની રૂમમાં જ એને રાખતી. જોકે મોનાલી પોતાની આસિસ્ટન્ટ હોવાની ઓળખ આપતી, પણ દર વખતે એ યુવતી જુદી-જુદી જ હોય. રૂપેન કંઈ ભોટ નહોતો. એ બધું જ સમજતો હતો. મોનાલી સાથે સમય ગાળવાનો એનો પણ સ્વાર્થ હતો.

એક વાર તો રૂપેનના પગ નીચેથી જાણે જાજમ જ ખેંચાઈ ગઈ. મોનાલીએ બેડ ઉપર રૂપેનની બાંહોમાં સૂતાં-સૂતાં જ ખુદ તેને માસૂમ અંદાજમાં ધમકી આપી કે “રૂપેન, મારે દોઢ લાખ રૂપિયાની જરૂર છે, એવું તને મેં છ દિવસથી કહ્યું છે. રોજ યાદ કરાવવાનું? આજે તું મારું કામ નહિ કરે તો હું તારું કામ પૂરું કરી દઈશ. નાહકનો તું ફસાઈ જઈશ.”
ચોંકી ગયેલો રૂપેન “ઓ.કે. હું રૂપિયા લઈને હમણાં આવું છું.” એમ કહીને હોટલમાંથી નીકળ્યો હતો. હોટલમાંથી નીકળીને તેણે સીધો જ રોહિલનો કૉન્ટેક્ટ કર્યો: “અરે યાર, રોહિલ. પેલી મોનાલી તો બદમાશ નીકળી. ખાવાનું ખાય છે કે માત્ર રૂપિયા જ ખાધા કરે છે? અત્યાર સુધીમાં મારા દસ-બાર લાખ રૂપિયા તો ખાઈ ગઈ અને હજુ હવે દોઢ લાખ માગીને ધમકી આપી છે કે ફસાવી દઈશ. આખો મામલો શો છે યાર? પ્લીઝ, હેલ્પ મી...”
રોહિલે કહ્યું કે “જ્યારે તું એની સાથે મજા કરતો હતો ત્યારે તો તું મને તારો હરીફ માનતો હતો. જો તેં મને એકાદ વાર પણ પૂછી લીધું હોત ને તો મેં તને ક્યારનોય ચેતવી દીધો હોત કે મોનાલી કૉલગર્લ કરતાંય બદતર બની ગઈ છે. કૉલગર્લ તો સારી કે રૂપિયા લઈને ચાલી જાય પછી પાછું ફરીને જુએ પણ નહિ. મોનાલી તો ભૂત છે ભૂત. એક વાર વળગે તે વળગે. પીછો ન છોડે અને વ્યાજનુંય વ્યાજ વસૂલ કરી લે. રૂપિયા માટે તો બૉયફ્રેન્ડ અને બેડરૂમ પાર્ટનર બદલતી રહે છે. પેલા દિવસે શું હું ખુશીથી હેન્ડ સેટ લાવ્યો હતો? એ જ્યારે પણ કહે ત્યારે મારે એની ડિમાન્ડ પૂરી કરવી પડે છે. આપણો એક કૉમન ફ્રેન્ડ કેદાર

પણ મોનાલીનો શિકાર બની ગયો છે.”

રૂપેન અને રોહિલ સમક્ષ તો મોનાલી ખુલ્લી પડી જ ગઈ; પરંતુ મોનાલીને એથી કોઈ ફરક પડતો નથી. મુંબઈ-અમદાવાદ વચ્ચે ઊડતી મોનાલી બીજાં શહેરોમાં પણ ઉડાન ભરતી રહે છે અને નિત નવા શિકાર બનાવતી રહે છે. શહેર કોઈ પણ હોય, નામ કોઈ પણ હોય. મોનાલી હોય કે મનાલી, રૂપાલી હોય કે દીપાલી, પારુલ હોય કે ચારુલ, પૂજા હોય કે પ્રાર્થના, આરતી હોય કે નિષ્ઠા. નામ માત્ર બદલાય છે. આવી યુવતીઓની જિંદગી બદલાતી નથી.

(“મુંબઈ સમાચાર” 2011)

શ્યામલી

નામ એનું શ્યામલી પણ હતી રૂપનો અંબાર. સત્તર-અઢાર વર્ષની વયે હોવી જોઈએ એવી જ તોફાની અને ચંચળ. નાક-નકશો મા જેવો પણ સ્વભાવ પિતા જેવો. પિતા હરિરામ ચોરસિયા જન્મે વિપ્ર. ઘરની ખેતીવાડી. મોસમી પાક લેવાની સાથે-સાથે એ શાકભાજીનો જથ્થાબંધ કારોબાર પણ કરી લેતા. શ્યામલીની મા પુષ્પાવતી. છર્રા-છર્રા બદન ને અમલ પાયેલી આંખો. નજરમાં નીતરતો કેફ. એનું પિયરનું ગામ હરદોઈ. પરણીને સાસરે આવી ત્યારથી મુઝફ્ફરપુરમાં મુકામ.

ઉત્તર પ્રદેશ યા સમગ્ર ઉત્તર ભારતમાં સ્ત્રીઓ અને એમાંય પરણેલી બાનુઓ પાન ન ખાય તો જ નવાઈ. હરદોઈ હોય કે મુઝફ્ફરનગર, પુષ્પાવતી પણ પાનની શોખીન. બનારસી પાન કે કલકત્તી પાન, જેવી જેની પસંદ પણ પાનદાની, પાનપેટી તો સાથે ને સાથે જ હોય. પુષ્પાવતીને તો ચોથી સુવાવડે શ્યામલી જન્મેલી. આગળના ત્રણેય દીકરા, પણ દીકરીના જન્મથી માને વિશેષ ખુશી થઈ હતી. આ તરફ શ્યામલીને જવાનીનાં ફૂલ ખીલ્યાં કે માનો વ્યવહાર બદલાવા લાગ્યો, જાણે કે સાવકી મા ન હોય!

હરિરામનો નિવાસ તો સંયુક્ત પરિવારમાં જ હતો. એક મોટી મેડીબંધ હવેલી અને ભર્યુંભાદર્યું ઘર. જોકે પુષ્પાવતીને સાસુ કે જેઠાણીઓ જોડે જરાય ન ફાવે. આમ તો જેઠાણી-દેરાણીઓ વચ્ચે ઘરનું કામકાજ વહેંચી લેવામાં આવ્યું હતું. આમ છતાં ભાગે પડતું કામ કરવામાંય પુષ્પાવતીની હંમેશાં આનાકાની જ રહેતી. ઘરમાં બધા લોકો એને ‘કામચોર વહુ’ જ કહેતા. હરિરામ તો શાકભાજીના જથ્થાબંધ વેપાર માટે વહેલી સવારનો

ઘરેથી નીકળે અને છેક રાતે ઘરે પાછો ફરે. ત્રણેય દીકરા પણ મોટા થઈ ગયા હોવાથી તેઓ પણ ખેતર-વાડીના કામથી સવારના ઘરેથી નીકળી જાય અને મોડી સાંજે પાછા આવે.
પુષ્પાવતી પોતાના ભાગે આવેલું ઘરકામ શ્યામલી પાસે કરાવે. દીકરી સાત-આઠ ચોપડી ભણી એટલે તો ભયો-ભયો. એને શાળાએથી ઉઠાડી લેવામાં આવી. શ્યામલીના નસીબમાં આખો દિવસ ઘરકામનો ઢસરડો અને મા હીંચકે ઝૂલતી પાન બનાવ્યા કરે અને આરોગ્યા કરે. પથારીમાં જાય ત્યારે શ્યામલી થાકીને લોથ થઈ ગઈ હોય, પછી તો વહેલી પડે સવાર.
હવેલીએથી ઘણી વાર 'ભાઈના ઘરે જાઉં છું...' કહીને પુષ્પાવતી નીકળે. ક્યારેક વળી શ્યામલીને પણ પોતાની સાથે લઈ જાય. શ્યામલી ક્યારેક આનાકાની પણ કરતી, ત્યારે મા ગુસ્સે થઈ જતી કે "ચલ રી, બ્હાવરી... તુઝે સિનેમા દીખાઉંગી."
ઘરની બહાર નીકળીને તરત જ ઑટોરિક્ષા ભાડે કરી લેવાની અને ઑટોમાં બેઠાં-બેઠાં જ મા કાળો બુરખો પહેરી લેતી એ વાત શ્યામલીને સમજાતી નહિ.
એક દિવસ તો જેઠજીએ ભાભીને અને ભત્રીજી શ્યામલીને અન્ય પુરુષ સાથે પકડી જ પાડ્યાં. મોટા ભાઈએ તો એ જ રાતે હરિરામને તતડાવી નાખ્યા પણ કોણ જાણે કેમ હરિરામે તો એના શાંત સ્વભાવ મુજબનો ઠંડો જવાબ આપી દીધો: "મુઝે સબ પતા હૈ ઔર અગર જાતી ભી હૈ તો મેરી જોરુ જાતી હૈ. આપ અપનીવાલી કો સંભાલકર બૈઠો ના..?"
પરિવારમાં ભાઈ-ભાઈ વચ્ચે નેડો તૂટ્યો હતો અને છેડો ફાટી ગયો

હતો. વાત હવે બટવારા સુધી આવીને ઊભી રહી ગઈ હતી. હરિરામનું મન ખાટું થઈ ગયું હતું. પૈતૃક હવેલીમાં હવે એને મૂંઝારો થવા લાગ્યો હતો. પુષ્પાવતી પણ હવે રોજ રાતે અલગ થઈ જવા દબાણ કરવા લાગી હતી. એણે દબાણ વધાર્યું હતું કે "બીજે ક્યાંક રહેવા જતાં રહીએ કે જ્યાં આપણને કોઈ ઓળખતું જ ના હોય."

આમ ને આમ હરિરામ, વહુ અને દીકરીને લઈને અમદાવાદ રહેવા આવી ગયો હતો. ત્રણ દીકરા મુઝફ્ફરનગર જ રોકાઈ પડ્યા હતા. અમદાવાદની હિન્દીભાષી વસતીવાળી એક ચાલીમાં એક ઓરડી ભાડે રાખી હતી. પાસ-પડોશમાં વતનનાં થોડાં લોકો હતાં. પુષ્પાવતીનાં પિયરપક્ષનાં સગાં વધુ હતાં. એ લોકોએ જ આ ઠેકાણું બતાવ્યું હતું. અહીં જ શ્યામલીની રાજપૂત યુવાન સાથે આંખો મળી ગઈ હતી. નામ એનું વિક્રમસિંહ ઠાકુર.

વતનમાં તો મિલકતના ભાગલા માટે કોર્ટ કેસ ચાલુ થઈ ગયો હતો. વતનનો અનુભવ કામે લાગ્યો હતો અને હરિરામે અમદાવાદમાં શાકભાજીની દલાલીનો કારોબાર શરૂ કર્યો હતો. જોકે ઘણી વાર તેનો હાથ ભીડમાં રહેતો. વતનથી ત્રણ દીકરા મા-બાપને થોડા રૂપિયા મોકલતા હતા, તોપણ હાથ ખેંચમાં જ રહેતો. પુષ્પાવતી પણ પાર પામી ગઈ હતી એટલે વધુ બિન્ધાસ્ત બનતી ગઈ હતી. કેમ કે અહીં હવે તેને રોકનાર કે ટોકનાર કોઈ નહોતું. વતનથી સંતોષ યાદવ તેને મળવા અહીં આવતો. પુષ્પાવતીએ તેને ધરમનો ભાઈ બનાવ્યો હતો.

હરિરામ અને પુષ્પાવતી, બેઉના સમાજ-પરિવારમાં લગ્ન હેતુ કન્યાની ભારે તંગી રહેતી. મૂળ કારણ કન્યાના જન્મ ઉપર જ પાબંદી.

સોનૉગ્રાફી કરાવીને જો ગર્ભમાં સ્ત્રી-ભ્રૂણ હોય તો ઍબોર્શન. ગર્ભમાં જ કન્યાની હત્યા થતી હોય પછી લગ્ન માટે કન્યા ક્યાંથી મળે? લગ્ન લાયક થયેલો યુવાન પાંત્રીસ –પાંત્રીસ વર્ષનો થાય તોપણ સરખી કન્યા જ ના મળે. આખરે વરપક્ષે સમાજ કે બિરાદરીનો આગ્રહ છોડીને અન્ય ન્યાત-જાતની કે બીજા પ્રદેશમાંથી કન્યા શોધી લાવવી પડતી. વરપક્ષે ખુદ કન્યાપક્ષને બે-પાંચ લાખથી પચાસ લાખ, એક કરોડ જેટલી રકમ પણ આપવી પડે. જેવી કન્યા અને જેવો પરિવાર એટલી રકમ. ઓછી રકમ આપો તો વિધવા કે ડિવૉર્સી કન્યા જ મળે અને એ પણ મોટી ઉંમરની અને બાળ-બચ્ચાંવાળી.
એક દિવસ પુષ્પાવતીએ હરિરામના કાને વાત નાંખી કે “દેખોજી, અપની શ્યામલીકે વાસ્તે વિધાચરણકે લડકેકી બાત આઈ હૈ. છત્તીસ સાલકા હૈ. ફિર ભી યે કોઈ બડી ઉમ્ર નહિ. આખિર રકમ ભી તો બડી દેનેકો તૈયાર હૈ. બીસ લાખકી બોલી લગાઈ હૈ. હા કહ દૂં ક્યા?”
હરિરામ માટે તો ના પાડવાનો કોઈ સવાલ જ નહોતો. છતાં એ બોલ્યો કે “એક બાર મેરી શ્યામલીસે પુછકર તો દેખ લે, ફિર આગે બાત કરેંગે.”
પુષ્પાવતી છેડાઈ પડી હતી: “અરે, ઈસમેં શ્યામલીસે ક્યા પુછના? ઔર હમ લડકીકે કોઈ દુશ્મન થોડે હી હૈ?” બહાર ઓસરીમાં ઊભી-ઊભી શ્યામલી આ બધું સાંભળી રહી હતી.
શ્યામલીને જ્યારે પોતાનાથી બમણી ઉંમરનો મુરતિયો બતાવવામાં આવ્યો ત્યારે તેણે સાફ શબ્દોમાં ઇનકાર કરી દીધો હતો. એ દિવસે

માએ તેને રીતસર ઝૂડી નાખી હતી. છાતી, બરડો અને હાથે-પગે નેતર જેવી લાકડીના સૉળ પડી ગયા હતા. રાત્રે ઘરે આવેલા હરિરામે હકીકત જાણી હતી અને દીકરીની હાલત જોઈને પુષ્પાવતીને પણ ઝૂડી નાખી હતી.
દીકરીને મારવાથી જાદુ એ થયો હતો કે બીજા દિવસની સવારે મા-બાપે જોયું કે દીકરી પથારીમાં નહોતી. પુષ્પાવતીનો શક સાચો પડ્યો હતો. તે પતિને લઈને સીધી જ વિક્રમસિંહ ઠાકુરના ઘરે પહોંચી હતી. જોકે વિક્રમસિંહ પણ ઘરે નહોતો. બેઉ પ્રેમીપંખીડાં ક્યાંક નાસી છૂટ્યાં હતાં. ગમે તેમ કરીને પણ છેક બીજે દિવસે શ્યામલીનો પત્તો મળી ગયો. વિક્રમસિંહ શ્યામલીને ભગાડી જઈને પોતાના કોઈ દોસ્તના ઘરે છુપાયો હતો.
બેઉ પક્ષે ઝઘડો જોરદાર ચાલ્યો. મારામારી જ બાકી રહી હતી. તલવાર બંને પક્ષે ખેંચાઈ ચૂકી હતી. રસ્તો કાઢવાની વાત પણ ચાલી પણ વિક્રમસિંહનો પરિવાર તો સમાધાન માટે કે સંબંધ બાંધવા માટે રાજી જ નહોતો. જાત-બિરાદરીની ઊંચ-નીચ આડે આવતી હતી.
માએ શ્યામલીને બાજુ ઉપર લઈ જઈને સમજાવી કે “જોયું ને? વિક્રમસિંહને તો તારી જોડે મોજ-મજા કરવી હતી અને કરી પણ લીધી. તેના પરિવારવાળા તો તને પુત્રવધૂ તરીકે સ્વીકારવા તૈયાર જ નથી. તું હવે કરીશ શું? ન્યાતમાં બદનામી થવાની વાર નથી. શા માટે જિંદગી ખરાબ કરે છે?”
આખરે માની સમજાવટથી દીકરી પોલીસમાં ફરિયાદ નોંધાવવા માટે તૈયાર થઈ ગઈ હતી. વિક્રમસિંહ ઠાકુર સામે લગ્નની લાલચ આપીને અપહરણ અને બળાત્કાર કરવાની પોલીસે ફરિયાદ નોંધી હતી. પોલીસે

શ્યામલીના પ્રિયતમને પકડીને રિમાન્ડ બાદ જેલમાં મોકલી આપ્યો. દીકરીને લઈને મા-બાપે ફરી પાછા વતનની વાટ પકડી હતી. જોકે અમદાવાદમાં કેસની મુદતે આવવું પડતું હતું. વિક્રમસિંહની માએ મુઝફ્ફરનગર પહોંચીને ફરિયાદી શ્યામલીનાં મા-બાપ આગળ ખોળો પાથર્યો હતો. આરોપી પક્ષનો પરિવાર સાવ ઢીલો પડી ગયો હતો. દર મુદતે મુઝફ્ફરનગરથી અમદાવાદ આવવા-જવા માટે આરોપી પક્ષનો પરિવાર હરિરામને મુદતદીઠ દસ -દસ હજાર રૂપિયા આપતો હતો. એવી પણ વાત થઈ હતી કે કેસમાં સમાધાન કરાવી લેવામાં આવે તો વિક્રમસિંહ જેલમાંથી બહાર આવે કે તરત શ્યામલી જોડે લગ્ન પણ કરાવી આપવામાં આવશે. હરિરામ અને પુષ્પાવતી માટે દીકરી માટે બીજો કોઈ વિકલ્પ પણ નહોતો. કેમ કે મુઝફ્ફરનગર અને આસપાસમાં જ્યાં પણ પતિ-પત્નીનાં સગાં-વહાલાં રહેતાં હતાં ત્યાં બધે જ વાત આગની જેમ ફેલાઈ ગઈ હતી. આથી હવે શ્યામલીનો હાથ કોણ ઝાલવાનું હતું? શ્યામલી માટે પણ હવે પોતાના પ્રિયતમ સિવાય બીજો કોઈ આધાર નહોતો. આખરે શ્યામલીએ અદાલતમાં બયાન બદલ્યું હતું. તેણે પલટી મારીને કહ્યું હતું કે “મૈં વિક્રમસિંહસે પ્યાર કરતી હૂં ઔર ઈસસે શાદી કરના ચાહતી હૂં.”
અદાલતના ચક્કરથી કંટાળીને શ્યામલીનાં મા-બાપ મુદતે અમદાવાદ હવે ઓછું આવતાં હતાં. બીજી તરફ કેસમાં આવેલા વળાંક પછી વિક્રમસિંહ હજુ તો જેલમાં જ હતો, પણ શ્યામલી અમદાવાદમાં તેના ઘરે જ રોકાઈ ગઈ હતી. તેને પોતાના પ્રિયતમની મુક્તિનો ઇન્તજાર હતો. અદાલતે જેલમાં

કાપેલા સમય જેટલી સજાનો હુકમ કરતાં જ તે હવે જેલમાંથી બહાર આવી ગયો હતો. ઘડિયાં લગ્ન લેવાયાં હતાં અને પ્રેમીપંખીડાં હવે પતિ-પત્ની બની ગયાં હતાં. થોડા સમય સુધી તો બધું બરાબર ચાલ્યું પણ પછી વિક્રમસિંહે પોતાનું પોત પ્રકાશ્યું. તેણે શ્યામલીનો હાથ પકડીને પોતાના ઘરની બહાર કાઢી મૂકી. પ્રિયતમ પતિનો એક જ સૂર હતો કે “લગ્ન કેવું ને વાત કેવી? આ તો મેં જેલની સજાથી બચવા બધું કર્યું હતું.”

આ શહેરમાં શ્યામલીનું કોઈ નહોતું. તે રીતસર રસ્તા ઉપર આવી ગઈ હતી. ઉપર આભ ને નીચે ધરતી. જેને પ્રેમ કર્યો અને પછી માફ કરીને પતિ પણ બનાવ્યો તે જ બેવફા નીકળ્યો હતો. તેણે હિંમત કરીને વતન મુઝફ્ફરનગરની ટ્રેન પકડી હતી.

(“ગુજરાત સમાચાર” 1993)

સન્નાટો

શિયાળાની રાતનો સન્નાટો, સાતમો પ્રહર અને સાડા ત્રણ વાગ્યાનો એક બેલ વૉલ-ક્લૉકમાં વાગ્યો. એવામાં પંદર વર્ષની આયુષી “બા, ઓ બા...” એવી બૂમ પાડતી પથારીમાંથી બેઠી થઈ જાય છે. અંધારામાં આગિયાની જેમ આંખો ઝબકે છે. એણે તરત પાસે સૂતેલાં સવિતાબાને ઢંઢોળ્યાં.

આંખો ચોળતાં-ચોળતાં સવિતાબા ઊંઘમાંથી સફાળાં પથારીમાં બેઠાં થયાં અને આયુષીને ગોદમાં લઈને ઢબુરી રહ્યાં.

બાએ એક હાથે સ્વિચ ઑન કરી. ડીમલાઇટ તો ચાલુ જ હતી અને બીજી લાઇટનો પ્રકાશ રૂમમાં ફેલાયો.

બા સ્વગત બોલી પડ્યાં કે “મૂઆ, સપનાંની ભૂતાવળ છોકરીનો જીવ છોડતી નથી.”

બાએ હળવેકથી પૂછ્યું કે “શું થયું બેટા...? ફરી પાછું કોઈ સપનું...?”

– અને આયુષી બાના ખોળામાં પાલવ ભરીને રોઈ પડી. એવામાં કાન્તિલાલ પણ જાગી ગયા. સ્થિતિ જોઈને એ પામી ગયા કે દીકરીને માની યાદ આવી ગઈ છે.

“દાદા, તમે ભલે મને કહો છો પણ મારે નથી જવું. હું અહીં જ રહેવા માગું છું.” બોલતી આયુષી દાદાને વળગી પડી.

થોડી ક્ષણો એમ જ પસાર થઈ ગયા બાદ કાન્તિલાલે કહ્યું કે “બેટા, ભલે દુઃખ પડે. સિટીઝનશીપ એ તો તારો હક્ક છે, તારો અધિકાર

છે અને હવે તારા પપ્પા સામે ચાલીને તને લેવા માટે આવ્યા છે. બધા કાગળિયા થઈ ગયા છે, પછી તારે આમ હિંમત હારવી જોઈએ નહિ. બાકી, એક દીકરી તો અમે ગુમાવી. હવે અમે તને ગુમાવવા માગતા નથી. તારી મા હોત તો રાજી-રાજી થઈ ગઈ હોત."

સવિતાબા અને કાન્તિલાલે પોતાની એકની એક દીકરી રાજુલને ગુમાવી હતી. આયુષી સાડા ત્રણ – ચાર વર્ષની હતી ત્યારે રાજુલનું મોત થયું હતું. એ વાતને એક દસકા ઉપરાંતનો સમય વીતી ગયો હતો. છતાં આયુષીને મા સારી રીતે યાદ હતી. માએ જે લાડકોડ કર્યા હતા એની સ્મૃતિના સથવારે ક્યારેક આંસુ સારી લેતી અને આમ ઊંઘમાંથી ઝબકીને જાગી જવાની આદત પડી ગઈ હતી. જોકે આજે જરા જુદી વાત હતી. એની સાવકી મા માની ગઈ હતી. આથી પપ્પા વિનુ મહેતાએ દીકરીને અમેરિકા બોલાવી લેવાની કાનૂની કાર્યવાહી પૂરી કરી લીધી હતી પણ આયુષીનું મન માનતું નહોતું.

આયુષીએ કહ્યું કે "દાદા, તમે મને કહો છો કે અમે તને ગુમાવવા માગતા નથી અને સાથે-સાથે અમેરિકા જવા આગ્રહ પણ કરી રહ્યા છો. આ વાત મને સમજાતી નથી. જો એ લોકોએ મને સારી રીતે રાખી હોત તો તમારે મને આમ ઉછેરવાનો વારો જ ન આવ્યો હોત ને. મેં સાંભળેલી વાતો પ્રમાણે મારી મા બીમાર નહોતી, એને બીમાર પાડી દેવામાં આવી હતી."

એની આંખો ભરાઈ આવી હતી. બીજી તરફ સવિતાબા અને દાદા પણ ઢીલાં પડી ગયાં હતાં.

કાન્તિલાલની આંખ સામે એક પછી એક દૃશ્યો તરવરી રહ્યાં. જાણે અજાણે તેઓ આયુષીમાં રાજુલને નિહાળી રહ્યા. પહેલી વાર જ્યારે મુરતિયો બનીને વિનુ રાજુલને જોવા માટે ઘરે આવ્યો હતો ત્યારે મહેમાનોની વિદાય પછી રાજુલે તો સાફ શબ્દોમાં એની સાથે પરણવાની ના પાડી દીધી હતી.
રાજુલ ત્યારે બોલી હતી કે “પપ્પા, તમે'ય શું જોઈને આવા મુફલિસ દેખાવના છોકરા જોડે મારા લગ્નની વાત ચલાવો છો? ક્યાં એ અને ક્યાં હું? એમાં'ય વળી ઉંમરમાં મારા કરતા છ-સાત વર્ષ મોટો. ઉપરથી પાછો રહે છે ગામડામાં. હું શહેર છોડીને ગામડે જવા માગતી નથી.”
કાન્તિલાલે ત્યારે દીકરીને સમજાવી હતી કે “જો બેટા, તારે કંઈ આખી જિંદગી એની સાથે ગામડામાં કાઢવાની નથી. વિનુના પરિવારના અડધા સભ્યો અમેરિકા છે અને લગ્ન પછી તારે પણ વિનુ સાથે અમેરિકા જવાનું નિશ્ચિત છે. તારી લાઇફ બની જશે. દેખાવ અને ઉંમર તો ઠીક છે. આપણે થોડુંક તો જતું કરવું પડે. આજે તો અમેરિકા જવાની લ્હાયમાં હીરોઈન જેવી કન્યાઓ ઘરડા ખચ્ચર જેવા મુરતિયા સાથે લગ્ન કરતી જ હોય છે ત્યારે વિનુ કંઈ સાવ નાખી દેવા જેવો નથી.”
રાજુલ સાથે લગ્ન થાય તો અમેરિકા જવાનું થાય એ પહેલાં શહેરમાં વસવાટ કરવાની વિનુએ ખાતરી આપી હતી. જોકે લગ્ન પછી વિનુ ફરી ગયો હતો અને ગામ છોડ્યું નહોતું. આથી લગ્ન પછી રાજુલને ગામડામાં રહેવાની ફરજ પડી હતી. પરણ્યા પછી રાજુલ પાસે બે જ ઑપ્શન હતા. એક તો ગામમાં રહેવું અથવા ડિવૉર્સ લઈ લેવા. કોઈ પણ

દીકરી ડિવૉર્સ લઈને મા-બાપની આબરૂ ધૂળધાણી કરવાનું પસંદ ન જ કરે, સિવાય કે બીજો કોઈ રસ્તો જ ન હોય.
લગ્ન પછી રાજુલને ગામડામાં રહેવું પડ્યું, એ તો ઠીક પણ સંયુક્ત પરિવારનું બધું જ કામકાજ તેણે ઢોરની માફક કરવાનું આવ્યું હતું. કેમ કે લગ્ન પછી સાસરિયાંએ ઘરકામ કરનાર નોકર અને રસોઈ કરનાર રસોઇયાને છૂટા કરી દીધા હતા. એ બેઉ જણા ઘરમાં ચોવીસ કલાક રહેતા અને ઘરનું બધું કામકાજ કરતા હતા.
રાજુલના રૂપને કાટ લાગતો ગયો હતો. એનું શરીર ધોવાતું ગયું હતું. એવામાં રાજુલે દીકરીને જન્મ આપ્યો હતો. જેનું નામ આયુષી રાખ્યું હતું. દીકરીના જન્મથી તો વિનુ અને સાસરિયાનો ત્રાસ વધી ગયો હતો. આમ પણ રાજુલના રૂપથી વિનુ લઘુતાગ્રંથિ અનુભવતો હતો. રાજુલ અવારનવાર મોબાઇલ કરીને મા-બાપને આપવીતી કહી દેતી અને દિલનો ભાર ઠાલવતી. મોબાઇલના સામે છેડેથી બીજાં મા-બાપની જેમ સવિતાબા અને કાન્તિલાલ એક જ સલાહ આપતા કે “બેટા, હવે પડ્યું પાનું નિભાવી લેવાનું.”
એક દિવસ રાજુલના સાસરેથી ફોન આવ્યો હતો કે “રાજુલ સિરિયસ છે, ઝટ ગામડે આવી પહોંચો.” સવિતાબા અને કાન્તિલાલ પોતાના સગાં-વહાલાં સાથે રાજુલના સાસરે પહોંચ્યાં ત્યારે તેમને તો રાજુલની લાશ જ જોવા મળી હતી. રસોઈ કરતાં દાઝી ગઈ, એવું કારણ આપવામાં આવ્યું હતું. જોકે ગામલોકો ગુસપુસ પણ કરતાં હતાં કે રસોઈ કરતાં દાઝી ગઈ

કે સળગાવી દેવામાં આવી? આ સવાલનો જવાબ કોઈની પાસે નહોતો.
કાન્તિલાલ માટે સમસમીને બેસી રહેવા સિવાય કોઈ આરો નહોતો. તેઓ લાંબું કરવા માગતા નહોતા. કેટલાકે કહ્યું પણ ખરું કે પોલીસકેસ કરો. કાન્તિલાલ કહેતા કે કોર્ટમાં કેસ કરવાથી દોષિતોને કદાચ સજા પણ થાય. એથી મારી દીકરી પાછી આવી જવાની છે? માની અંતિમવિધિ બાદ ગુમસૂમ બેઠેલી નાનકડી આયુષીને સવિતાબા અને કાન્તિલાલ પોતાની સાથે શહેરમાં લઈ આવ્યા હતા અને ઉછેરીને મોટી કરી હતી.
આયુષીને રાજુલનાં મા-બાપ પોતાની સાથે લઈ જઈ રહ્યા હતા ત્યારે તેમને એમ કરતા કોઈએ રોક્યાં પણ નહોતાં. કદાચ વિનુ અને તેનો પરિવાર આમ જ ઇચ્છતાં હતાં. રાજુલના મોત પછી વિનુએ પારુ સાથે બીજાં લગ્ન કર્યાં હતાં અને બીજી પત્નીને લઈને અમેરિકા ઊડી ગયો હતો. રાજુલના મોત સાથે જ વિનુ અને તેના પરિવારે રાજુલના પરિવાર સાથે જાણે સંબંધ જ કાપી નાખ્યો હતો.
રાજુલના મોતના છેક એક દસકા બાદ વિનુએ સવિતાબા અને કાન્તિલાલનો સંપર્ક કર્યો હતો. વિનુ અને પારુ જ્યારે ઘરે આવ્યાં ત્યારે આયુષી સાવકી મા પારુ અને નામ માત્રના બાપ વિનુને ખુલ્લી આંખે જોઈ રહી હતી. વિનુ અને પારુએ આયુષીને પોતાની સાથે અમેરિકા લઈ જવા અને અપનાવી લેવાની તૈયારી બતાવી હતી.
કાન્તિલાલને ખબર પડી ગઈ હતી કે દસકાભરના લગ્નજીવન પછી પણ નિઃસંતાન રહ્યા હોવાથી વિનુ અને પારુએ આયુષીને અપનાવી લેવાનો નિર્ણય કર્યો હતો. મા-બાપનાં લાડકોડ વિનાનું બાળપણ અને

કિશોરાવસ્થા હવે કોણ ભરપાઈ કરી આપશે? એ વિચારથી જ આયુષી ખિન્ન હતી. એક તરફ અમેરિકા જવાની તૈયારી સામે બીજી તરફ એને પોતાની જિંદગીનો પણ મા જેવો જ અંત તો નહીં આવે ને? એવો સવાલ મૂંઝવી રહ્યો હતો.

("નવચેતન" 1990)

સહાનુભૂતિ

“હું કંઈ ન જાણું. મને મારી હાથખર્ચીના રૂપિયા દસ હજાર દર મહિને રોકડા મળી જવા જોઈએ. સાનમાં સમજી જજે, મીનેશ. નહિ તો મારે આખી સોસાયટી ભેગી કરવી પડશે. મારે તો શું? આબરૂ તારી જશે. લોકો તો માનો જ પક્ષ લેશે.” હંસાબા જોરજોરથી બોલી રહ્યાં હતાં, બલકે ઘાંટા જ પાડી રહ્યાં હતાં.

સિત્તેર વર્ષનાં હંસાબા હવે જિદ્દે ચઢ્યાં હતાં અને પિસ્તાળીસ વર્ષનો દીકરો મીનેશ તેમને સમજાવી રહ્યો હતો. હંસાબા કોઈનું માને એવાં નહોતાં. કોઈનાં ગાંજ્યાં જાય એવાંય નહોતાં. મીનેશે કહ્યું કે “મા, મારી વાત તો સાંભળો. એક તો પગાર મોડો મળે છે ને મળે છે એટલો દવા-દારૂમાં જ ખર્ચાઈ જાય છે. રેખા પણ છેલ્લે એક મહિનો બીમાર રહી હતી, એટલે તેનોય પગાર આવ્યો નથી. આ મહિને થોડી તકલીફ…”

“જા, જા, સાલા જુઠડા. મોજશોખ કરવાના રૂપિયા મળે છે અને માને આપવાના રૂપિયા મળતા નથી.? માને રૂપિયા આપવાના આવે એટલે તને પેટમાં દુઃખે છે? તને નવ-નવ મહિના મેં પેટમાં રાખ્યો ત્યારે મને તકલીફ નહિ પડી હોય? મૂઆ, બાયડીનું કહેલું કરે છે?” હંસાબાનો ગુસ્સો ભભૂકી રહ્યો હતો.

દુપટ્ટાના છેડાથી આંખોના ખૂણા લૂછીને પંજાબી ડ્રેસ સરખો કરતાં બેંતાળીસ વર્ષની રેખાએ પતિની નજીક જઈને કહ્યું કે “મીનેશ, તમે જો હા કહો તો આપણે મહિનાનો ઘરખર્ચ કાઢવા માટે વેચવા ધારેલા તાંબા-

પિત્તળનાં વાસણો વેચીને જે રકમ આવે તેમાંથી હંસાબાને પાંચ હજાર આપી દઈએ? માને કહો કે તમારા ફ્લૅટ ઉપર આવીને રકમ પહોંચાડી દઈશું."

આંખોના હાવભાવથી મૂકસંમતિ આપીને ખાસ્સી વાર સુધી મીનેશ એમ જ શૂન્યમનસ્ક બેસી રહ્યો. બીજી તરફ રેખાની વાત સાંભળી, ન સાંભળી, કરીને હંસાબા ઘરના દરવાજેથી જ તાયફો કર્યા બાદ ચાલ્યાં ગયાં.

પાડોશમાં રહેતા મકાનમાલિક ભીખુભાઈ બધું જ સાંભળતા હતા, તે આવ્યા અને કહેવા લાગ્યા: "મીનેશભાઈ, તમને મેં આવા નહોતા ધાર્યા. સાવ આવું? સગી માને તમે ટટળાવો છો? આ બધું ઠીક નથી. જો રોજેરોજ આમ ઝઘડા અને બબાલો થવાની હોય તો નાછૂટકે મારે આ મકાન ખાલી કરાવવું પડશે."

મીનેશે ઝાઝો કોઈ પ્રતિભાવ ન આપતા ભીખુભાઈ આટલું બોલીને ચાલ્યા ગયા પણ રેખાથી ન રહેવાયું. તે મનોમન બબડી: "મા એ જ તો ઇચ્છે છે કે અમે ઠરીને ઠામ ન થઈએ."

મીનેશ, રેખા અને પંદર વર્ષનો રવિ એક રૂમ, રસોડાના આ મકાનમાં માંડ એકાદ મહિના પહેલાં રહેવા આવ્યા હતા. હંસાબાના વેળા-કવેળાના આવા તમાશાના કારણે તો અગાઉ ભાડે લીધેલો ફ્લૅટ છ મહિનામાં ખાલી કરવો પડ્યો હતો.

રવિ મા-બાપની નજીક આવીને બોલ્યો: "પપ્પા, વૅકેશન પૂરું થવા આવ્યું. આ વખતે દસમું ધોરણ છે ને મારી સાથેના દોસ્તોએ તો સ્ટડી ચાલુ પણ કરી દીધો છે અને મારી નોટો-ચોપડીઓ...?"

રેખાએ રવિના માથાના વાળમાં આંગળીઓ પસવારવા માંડી.

મીનેશ કંઈક વિચાર્યા બાદ બોલ્યો: “બસ, બેટા. આવતીકાલે તારું બધું જ મટીરિયલ લાવી દઈશું. ઑ.કે.?”
જોકે મીનેશને પણ ખબર હતી કે બોલી તો ગયો પણ જરા અઘરું છે. પોતાની પાસે સાચવી રાખેલા મૂલ્યવાન પુસ્તકોનો મોટો સંગ્રહ પસ્તીમાં વેચવા કાઢ્યો. એમાંથી જે રૂપિયા આવ્યા, તેમાંથી રવિ માટે નોટો-ચોપડીઓ લાવવાનો વેંત થયો હતો.
ઓગણત્રીસ વર્ષની ઉંમરે મીનેશના સત્તાવીસ વર્ષની રેખા સાથે લગ્ન થયાં હતાં અને એ પણ પરજ્ઞાતિમાં. મોડાં લગ્નનું કારણ પણ હંસાબા જ સ્તો. જ્ઞાતિમાં, સમાજમાં સહુ કોઈ હંસાબાને ઝઘડાળુ બાઈ તરીકે સારી પેઠે ઓળખે. જ્યાં-જ્યાં લગ્નની વાત ચાલે ત્યાં હંસાબા વિશે ખબર પડ્યા વિના ન રહે અને કન્યા પક્ષ બોલી ઊઠે: “ના, ના, ભ’ઈસાબ. ભલે અમારી દીકરી કુંવારી રહેતી. અમારે અમારી દીકરીને જીવતે જીવ કૂવામાં નથી ધકેલવી. અમે જાણીએ છીએ, હંસાબાનો સ્વભાવ. ઘરમાં પતિને અને સંતાનોને સુખેથી નથી જીવવા દેતાં તે વળી અમારી દીકરીને સુખેથી રહેવા દેવાનાં છે?”
મીનેશથી મોટો દીકરો કશ્યપ જરા વધુ સમજદાર નીકળ્યો હતો. તે પોતાની માને બરાબર ઓળખી ગયો હતો. એન્જિનિયરિંગની ડિગ્રી મેળવીને કૅમ્પસ ઇન્ટરવ્યૂમાં ગુજરાત બહારની કંપનીમાં નોકરી સ્વીકારી લીધી અને જાતે જ કન્યા શોધીને લગ્ન પણ કરી લીધાં હતાં. તેને ખબર હતી કે માની સાખ એવી છે કે લગ્ન કદાપિ નહિ થાય અને કુંવારા મરવાનો વારો આવશે. કશ્યપ તો બાપના અવસાન વખતે પણ આવ્યો

નહોતો. એના ઉપરથી અંદાજ લગાવી શકાય કે તે મા અને ઘરને કેટલી નફરત કરતો હશે. એક વાર તો કશ્યપે કહ્યું પણ હતું કે “બાપના મૃત્યુનું દુઃખ કોને ન થાય? મને મારા બાપુજી ખૂબ વહાલા હતા; પરંતુ તેમના ગયા પછી મારે કોને મોં બતાવવા ઘરે જવાનું? હું માનું મોં જોવા પણ માગતો નથી. બાપનું નામ શાંતિલાલ, પણ માએ બાપને શાંતિના શ્વાસ લેવા દીધા જ નહોતા.”
મીનેશથી મોટી અને કશ્યપથી નાની બહેનનું નામ મીતા. મીતાના હાલ પણ એવા જ સ્તો. એનું પણ ક્યાંય ઠેકાણું પડે એમ નહોતું. હંસાબાની સાખના કારણે જ સ્તો. એ તો સારું થયું કે મીતાએ પોતાનો જીવનસાથી પોતાની રીતે શોધી લીધો અને ઘરસંસાર માંડ્યો. નહિ તો આજે પણ એ કુંવારી જ હોત. આજની ઘડીને કાલનો દહાડો. મીતા લગ્ન પછી ફરી કદીય પિયર પાછી ફરી નથી. કદાચ તેણે ભાગીને લગ્ન કરી લીધાં, તેના આઘાતમાં જ શાંતિલાલને હાર્ટઍટેક આવ્યો હતો અને તેઓ અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા હતા.
પહેલાં તો મીનેશ અને રેખા મા-બાપની જોડે જ સંયુક્ત પરિવારમાં રહેતા અને મા-બાપની સેવાચાકરી પણ કરતાં. પતિ-પત્ની બેઉ કમાતા અને બેઉ પોતાનો આખો પગાર ઘરમાં આપી દેતાં. આમ છતાં હંસાબા મહેણાં-ટોણાં મારતાં કે “તમે બેઉ ચરબી શાની કરો છો? મકાન તો અમારી માલિકીનું છે. જો અમે તમને બેઉને ન રાખીએ તો તમે એક ઘડીમાં રસ્તા ઉપર આવી જાઓ.”

મીનેશ અને રેખા છતી કમાણીએ નિરાધાર અને લાચારની જિંદગી જીવી રહ્યાં હતાં. શાંતિલાલ પણ દયામણી નજરે હંસાબા તરફ જોઈ રહેતા; પરંતુ હંસાબા પતિના કહ્યામાં તો હતા જ નહિ. અરે, કોઈના કહ્યામાં નહોતાં.
એક દિવસ રેખાએ જ મીનેશને કહ્યું હતું કે “મીનેશ, આપણે આપણી પૂરી આવક ઘરમાં આપી દઈએ છીએ અને તેનો હિસાબ પણ માગતાં નથી. આમ છતાં મા એવું કહીને મહેણાં મારતી ફરે છે કે મકાન તો અમારી માલિકીનું છે. ખરેખર મકાન હંસાબાના નામે છે અને બાપુજી લાચાર છે કે જેથી કંઈ બોલી શકતા નથી. આપણે સુખે-દુઃખે કરીને પણ હાઉસિંગ લોન લઈને પોતાનું ઘર બનાવી લઈએ. નવું ઘર બને ત્યાં સુધી ભાડાના મકાનમાં રહેવા જતાં રહીએ પણ અહીં તો હવે નથી જ રહેવું. બસ, હવે બહુ થયું.”
વાત જાણી ત્યારે શાંતિલાલે કહેલું કે “બેટા, એક ફ્લૅટ તો આપણે ખુદ ભાડે આપેલો છે અને આ વિશાળ ફ્લૅટ તારો જ ગણાય ને? તું શા માટે નવો ફ્લૅટ લેવાનું કહી રહ્યો છે? તારા સિવાય અમારું છે કોણ?”
પિતા તરફ મીનેશ અને રેખાને, બેઉને લાગણી હતી. આમ છતાં હંસાબાના કારણે જ ઘરનું વાતાવરણ બગડ્યું હતું. રેખાએ કહ્યું હતું કે “બાપુજી, તમે આટલો પ્રેમ આપો છો, એ સારી વાત છે પણ હંસાબા તમારા જેવું વિચારતાં નથી ને? એ પણ તમારા જેવા પ્રેમાળ હોત તો તો અમારો ઉદ્ધાર થઈ ગયો હોત.”
શાંતિલાલે વચન આપ્યું હતું કે “ઠીક છે. તમે તમારા નામે

નવો ફ્લૅટ ભલે લૉનથી લેતા. થોડા મહિનાઓમાં જ હું મારી બચત અને એફ.ડી. વગેરેમાંથી તમને લૉનમુક્ત કરી દઈશ.”

મીનેશ નવો ફ્લૅટ લે કે બાપુજી મીનેશને લૉનમુક્ત બનાવે એ પહેલાં તો શાંતિલાલ મૃત્યુ પામ્યા. મીનેશ અને રેખા ભાડાના મકાનમાં જેમ-તેમ ગુજારો કરી રહ્યાં છે. બીજી તરફ મા-બાપની મિલકત પૈકી એક વિશાળ ફ્લૅટમાં હંસાબા એકલાં રહે છે અને બાકીના બે ફ્લૅટ વિધવા હંસાબાએ ભાડે આપ્યા છે, જેનું મહિને વીસ હજાર ભાડું આવે છે. શાંતિલાલ નિવૃત્ત સરકારી અધિકારી હતા, આથી તેમની વિધવા તરીકે હંસાબાને પણ દર મહિને દસ હજાર પેન્શન મળી રહ્યું છે. શાંતિલાલની બચત અને એફ.ડી.-નું માસિક વ્યાજ પણ કંઈ પંદર-વીસ હજારથી ઓછું તો નહિ જ હોય. આમ દર મહિને હંસાબાના હાથમાં અર્ધો લાખ રૂપિયા જેટલી માતબર રકમ તો આવે જ છે. એક વ્યક્તિને સુખ-શાંતિથી જીવવા માટે આટલા રૂપિયા ઓછા પડે?

આમ છતાં તેઓ સાધારણ સ્થિતિમાં જીવતા મીનેશ પાસે દર મહિને રૂપિયા દસ હજાર ઘરખર્ચ લેખે માગે છે, એટલું જ નહિ, કોઈ મહિને દીકરાની સગવડ ના હોય તો ઝઘડો કરીને તેને બેઆબરૂ પણ કરી નાખે છે. રોજબરોજના કંકાસથી ક્યારેક–ક્યારેક તો મીનેશ અને રેખાને ઘરના છાને ખૂણે યાને ભાડાના મકાનમાં જ આત્મહત્યા કરી લેવાના વિચારો પણ એકથી વધુ વાર આવી ચૂક્યા છે. છતાં બેઉ જણા દીકરા રવિના માસૂમ ચહેરા સામું જોઈને જીવ્યે જાય છે. બીજી તરફ ત્રણ ફ્લૅટ હંસાબાના નામ ઉપર, તમામ બૅન્ક ખાતાં

પણ હંસાબાના નામ ઉપર અને બૅન્ક-લૉકર પણ હંસાબાના નામ ઉપર જ. નૉમિની તરીકે અથવા સેકન્ડ નેમ તરીકે હંસાબાએ દીકરા મીનેશનું કે મીનેશના દીકરા રવિનું ક્યાંય નામ ઉમેરાવ્યું નથી. આટલું ઓછું હોય તેમ, તેઓ બધાંને એવું જ કહેતાં ફરે છે કે "સગો દીકરો મને રાખતો નથી. હું એકલી રહું છું. મારે તો ઉપર આભ ને નીચે ધરતી છે. દુઃખ વેઠીને જીવું છું. શું કરું? જેવાં મારાં નસીબ." આવું બધું બોલી–બોલીને હંસાબા જે મળે તેની સહાનુભૂતિ ઉઘરાવતાં ફરે છે. જોકે જેમને એક વાર હંસાબાની અસલિયતની ખબર પડી જાય પછી તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈને જ રહે છે. વખાનો માર્યો મીનેશ સંબંધનો ભાર ઊંચકી – ઊંચકીને ગાલ લાલ રાખવાનો પ્રયાસ કરતો રહે છે.

"અરે, યાર. ત્રણ-ત્રણ ફ્લૅટ હોવા છતાં તું ભાડાના મકાનમાં કેમ રહે છે?"

કોઈ અંતરંગ દોસ્ત આવું પૂછી બેસે છે ત્યારે મીનેશ વાત વાળી લેતાં કહેતો હોય છે કે "જો, દોસ્ત. બે ફ્લૅટની ભાડાની આવક મળી રહે એથી મારી માને કોઈ પાસે હાથ લંબાવવો ના પડે અને ત્રીજા ફ્લૅટમાં એ સ્વતંત્ર રીતે પોતાની મરજી મુજબ રહી શકે, દીકરા-વહુની કોઈ મગજમારી એમને ના રહે, એટલે જ અમે જુદા અને ભાડાના મકાનમાં રહીએ છીએ. અમારે મન તો મા સુખી તો અમે સુખી. અમારે બીજું જોઈએ શું?"

એક વાર કોઈ આધેડ મહિલા સરનામું પૂછતી આવેલી: "મીનેશભાઈનું ઘર આ જ? તમે રેખાબહેન?"

રેખા સાથે અડધો કલાક વાતચીત કર્યા પછી આગંતુક મહિલાએ

કહેલું કે “મારું નામ સુનંદાબહેન. હંસાબા જ્યારે–જ્યારે મંદિરે મળે ત્યારે તમારા લોકોની જ વાતો કરતાં હોય છે. મારી વહુ તો આવી અને મારી વહુ તો તેવી. આજે તમને જોવા માટે જ હું ખાસ આવી છું કે એવી તે કેવી પુત્રવધૂ હોઈ શકે કે જે સાસુને અસહ્ય ત્રાસ આપતી હશે? પણ તમને મળ્યા પછી મારો ભ્રમ ભાંગી ગયો. તમને મળ્યા પછી સમજી શકાય છે કે હંસાબા કેટલું જૂઠું બોલતાં હોય છે. હવે તો તેઓ જ્યારે મળશે ત્યારે હું સામેથી જ કહીશ કે આવી રેખા જેવી વહુ તો ભાગ્યશાળીને જ મળે.”
(`અખંડઆનંદ' 2020)

સ્કિઝોફ્રેનિયા

સ્માર્ટફૉનમાં મશગૂલ શીતલ આજે ખુશ જણાતી હતી. આ જોઈને અસીમને પણ આશ્ચર્ય થઈ રહ્યું હતું. જોકે કારણ પૂછવાની હિંમત નહોતી. ગમે ત્યારે એની પિન છટકે, એવી અસીમને ખબર હતી. આ તરફ શીતલને લાઇફમાં પહેલી વાર એમ થઈ રહ્યું હતું કે દેવાંગ સાથે વાતો કર્યા જ કરું, કર્યા જ કરું.

“સર જી, આપ કા એક લાઇક તો બનતા હૈ ના?”

“સૉરી...”

“કેમ, સર... સૉરી?”

“કેમ કે હું એફ.બી. પર કોઈ પોસ્ટને લાઇક, કૉમેન્ટ્સ, શેર કરી શકતો નથી. ઇટ્સ માય લિમિટેશન. હૉપ યુ ઍગ્રી વિથ મી...”

“અ◌ો.કે. સર જી... આપની પોસ્ટની ચૉઇસ ગજબ હોય છે. હું તો ફેન બની ગઈ છું આપની.”

“રિયલી?”

“રિયલી જ ને વળી! કેમ મારી વાત ઉપર વિશ્વાસ નથી?”

“ઓહ, નો. આઈ મીન, વિશ્વાસ તો છે જ...”

“ઓહ, કમ ઑન સર જી... આપણે પહેલી વાર મોબાઇલ પર વાત કરી રહ્યા છીએ અને હજુ મળ્યાં પણ નથી, તો મારા જેવી અજાણી વ્યક્તિ ઉપર તમે કેમ વિશ્વાસ કરો છો કે હું જે કહું એ બધું સાચું જ કહેતી હોઈશ?”

“તમે લૉયર છો?”

“ના, કેમ?”
“કેમ કે તમે જ મને વિશ્વાસ રાખવા કહ્યું અને મેં રાખ્યો હોવાનું કીધું કે તરત તમે મને ક્રૉસ કરવા લાગ્યાં!”
“ઓહ! સૉરી, સર જી...”
“અરે! દોસ્ત બન્યા પછી ‘સૉરી’ની જરૂર નથી અને મને ‘સર’ નહિ કહો, પ્લીઝ...નહિ તો મારે તમને ‘મૅડમ’ કહેવું પડશે.”
“ઓકે. તમે મને નામથી બોલાવી શકો છો! શીતલ કહેશો ને?”
“યસ, શીતલ. તમે પણ એમ કરશો ને?”
“શું?”
“અરે! નામથી બોલાવી શકશો, એમ...”
“યુ મૅસ્મરાઇઝ મી, દેવાંગ! મારે મળવું છે તમને. ક્યારે મળીશું?”
“આવતા શનિવારે સાંજે ફાવશે?”
“યસ, ઑફ કૉર્સ... પ્લેસ?”
“તમે નક્કી કરો, હું આવી જઈશ...”
“ઓકે. મોકા કાફૅ મળીશું, શનિવારે સાંજે પાંચ વાગે...”
* * *
ફરી એક વાર શીતલે પૂછ્યું હતું કે “મોકા કાફૅ મળીશું?”
“ક્યારે?”
“તમે કહો એ દિવસે અને સમયે...”
“ઓકે. ફાઇન.”
એક દિવસ દેવાંગ મળવા સમયસર પહોંચી શક્યો નહોતો

અને શીતલે મગજ પરનો કાબૂ ગુમાવ્યો હતો. તેણે રીતસર દેવાંગ સાથે ઝઘડો જ કર્યો હતો. બીજા દિવસે તેણે સામે ચાલીને પ્રેમ વરસાવ્યો હતો. દેવાંગની સમજમાં નહોતું આવતું કે આ કેવી સ્ત્રી છે? ઘડીમાં ઝઘડો કરે તો ઘડીમાં જાણે કંઈ બન્યું જ નથી!
તેણે કહ્યું પણ હતું કે "મને તારી એક વાત સમજાતી નથી."
શીતલે પૂછ્યું હતું કે "શું?"
દેવાંગે કહેલું કે "એ જ કે વારે-વારે તારો મારી તરફનો વર્તાવ કેમ બદલાતો રહે છે? ઘણી વાર સરસ રીતે વાત કરતી હોય છે તો ઘણી વાર કોઈ કારણ વિના મારી સાથે ઝઘડા ઉપર ઊતરી આવે છે."
શીતલે ફરી એક વાર મિજાજ ગુમાવ્યો હતો: "હા, તો ના ગમે તો મારી સાથે વાત નહિ કરવાની."
દેવાંગે દલીલ કરેલી: "અરે! પણ આ તો કંઈ રીત છે?"
શીતલે જવાબમાં કહેલું કે "હા, આ જ રીત છે મારી!"
દેવાંગ બોલ્યો હતો: "મેં ઘણી વાર કહ્યું કે ચાલ ને મૂવી જોવા જઈએ, સાથે ડિનર પર જઈએ, ક્યાંક આઉટિંગમાં જઈએ, લૉન્ગ ડ્રાઇવ જઈએ પણ તું?"
શીતલે કહેલું કે "ના, મને એવું બધું નહિ ફાવે. બસ, આપણે કૉફી પીવાની!"
દેવાંગે દબાતા અવાજમાં કહેલું કે "પહેલાં તો તું કેવી મીઠાશથી વાત કરતી હતી!"
શીતલ મનોમન બોલી હતી: "મારો હબી હજુ સુધી મને સમજી

શક્યો નથી તો તું...?"
* * *
અસીમ પત્નીના કાયમી ઝઘડા અને વારેવારે મૂડ-સ્વિંગના પ્રૉબ્લેમથી પરેશાન હતો. તેને પત્નીના સાઇકીક પ્રૉબ્લેમ વિશે સમજ પડવા માંડી હતી. આથી જ તેણે સાયકૉલૉજિસ્ટ ડૉ. શ્રીનંદ શાહને મળીને શીતલ વિશે વાત કરી હતી.
ડૉક્ટરે કહ્યું હતું કે "તમારી વાઇફને સ્કિઝોફ્રેનિયા હોઈ શકે છે. જોકે તેમને તપાસ્યા પછી, તેમની સાથે વાતચીત કર્યા પછી નિદાનના અંતે જ કંઈક કહી શકાય. સ્કિઝોફ્રેનિક પૅશન્ટ પોતાના પરિવાર અને સમગ્ર સમાજ માટે એક જીવતા બૉમ્બ જેવો હોય છે. જીવતો બૉમ્બ ગમે ત્યારે ફૂટે."
અસીમ તો ચમકી ગયો હતો: "શું વાત કરો છો, ડૉક્ટર!"
ડૉક્ટરે કહેલું કે "યસ... દેખાવે શાંત વ્યક્તિ લાગે એવો સ્કિઝોફ્રેનિક પૅશન્ટ ગમે ત્યારે ગમે તે વિષય લઈને પોતાની સાથેના લોકો સાથે ઝઘડવા લાગે છે. પતિ-પત્નીમાંથી કોઈ એક પાત્ર આવું હોય તો લગ્નજીવન જોખમી બની જાય છે."
અસીમ બોલી પડ્યો હતો: "ઓહ માય ગૉડ! આ સ્કિઝોફ્રેનિઆ એટલે શું?"
ડૉક્ટરે કહ્યું હતું કે "સ્કિઝોફ્રેનિયા એટલે વિચાર – આચાર અને ભાવનાને જોડી ન શકનારી માનસિક બીમારી. સરળ શબ્દોમાં કહીએ તો માણસ વિચારે કંઈક, અમલમાં મૂકે કંઈક અને વળી એક્ટ-રિઍક્ટ વળી

જુદું જ કરે. મેડિકલ સાયન્સ એને (1) ડ્યુઅલ પર્સનાલિટી, (2) સ્પ્લિટ પર્સનાલિટી અથવા (3) મૅન્ટલ ડિસઑર્ડર પણ કહે છે.

અસીમે આ વાતને સમર્થન આપતા કહેલું કે "બરાબર, તેનું વર્તન ગમે ત્યારે બદલાઈ જતું હોય છે. એના મૂડ અને ઍક્શન યા રિઍક્શન વિશે હું કોઈ જ પ્રિડિક્શન કરી શકતો નથી. તેના પોતાના વિચારો પણ સ્પષ્ટ કે સાફ હોતા નથી. કદાચ તેની સ્વતંત્ર વિચારશક્તિ પણ નથી હોતી."

ડૉક્ટરે કહેલું કે "યસ. એટલું જ નહિ, સ્કિઝોફ્રેનિક વ્યક્તિ પોતાને પૅશન્ટ માનતી જ નથી હોતી. તમે તમારી વાઇફને અહીં લાવવા માગતા હો પણ તે અહીં નહિ જ આવે. આવી વ્યક્તિ પોતાની દુનિયામાં જ મસ્ત રહે. તે ગમે ત્યારે ખુશ થઈ જાય, ગમે ત્યારે દુઃખી જોવા મળે. ગમે ત્યારે વાઇલ્ડ પણ બની જાય. તમે એને હેન્ડલ કરી શકો નહિ."

અસીમ બોલ્યો હતો: "ડૉક્ટર સાહેબ, સાચી વાત છે. ખરેખર હું પરેશાન થઈ ગયો છું."

ડૉક્ટરે રમૂજ સાથે કહેલું કે "આવા સારવાર ન કરાવનાર લોકો ખરેખર તો જીવતા બૉમ્બ ગણાય. દુનિયામાં સ્કિઝોફ્રેનિયાના 90 ટકા દર્દીઓ કોઈ પણ જાતની દવા કે સારવાર કરાવ્યા વિના જીવી રહ્યા છે. તેમને અથવા તેમના પરિવારજનોને કે તેમના ઑફિસ કર્મચારીઓને પણ ખબર નથી કે તેમની વચ્ચે આવો સ્કિઝોફ્રેનિક માણસ પણ જીવી રહ્યો છે."

અસીમને બધું ધીરે-ધીરે સમજાતું હતું. તે ડૉક્ટરની વાત સાથે શીતલને સરખાવી રહ્યો હતો. શીતલ પણ – અસીમે પત્નીના

મોબાઇલ-મેસેજીસ જોયા હતા ત્યારે તેણે પત્ની સાથે ઝઘડો કર્યો હતો પણ હવે તેને પત્ની ઉપર દયા ઊપજી રહી હતી. કદાચ તે પત્નીને મનોમન માફ કરી રહ્યો હતો. જોકે તેની માફીથી શીતલ ઠીક થઈ જવાની નહોતી.
ડૉક્ટરે અસીમને કહેલું કે "તમે તમારી વાઇફને પૂરતો ટાઇમ આપો છો કે નહિ, એ તો હું જાણતો નથી પણ એક સ્કિઝોફ્રેનિક પેશન્ટના કેસ-સ્ટડીની વાત કરું. પતિનો સારો દેખાવ અને સારી આવક પણ પત્ની એવું ફિલ કરે કે તેને ઍવૉઇડ કરવામાં આવે છે. પતિ પાસેથી પ્રેમની અપેક્ષા નિષ્ફળ રહેતાં તે અન્યત્ર પ્રેમ ઝંખતી અને આવી અપેક્ષા જ તેની બીમારીનું નિમિત્ત બની. કારણ કે અપેક્ષા રાખવાથી જ માણસ દુઃખી થાય છે."
અસીમ મનોમન શીતલ સાથે કેસ-સ્ટડીની સરખામણી કરતો રહ્યો: "પત્ની સતત લઘુતાગ્રંથિ અનુભવતી હોય છે, ગુસ્સા ઉપર એનો કાબૂ નથી, સાવ શૉર્ટ-ટૅમ્પર છે. ઝઘડા પણ કર્યા જ કરે છે. બાપ-દીકરાને કારણ વિના ઠપકો આપ્યા કરતી હોય છે. કાયમ રોક-ટોક કર્યા કરે છે અને મોબાઇલમાં કેટલા બધા લોકો સાથેના ચૅટ-મેસેજીસ છે!"
ડૉક્ટર બોલ્યા: "ક્યાં ખોવાઈ ગયા? આવી વ્યક્તિને કાઉન્સેલિંગ, ટ્રીટમેન્ટ, મેડિટેશન જેવા ઇલાજની વાત કરવામાં આવે તોપણ ઉશ્કેરાઈ જતી હોય છે. તે ઇમોશનલ બ્લેકમેઈલ કરીને પોતાનું ધાર્યું જ કરાવે. મનોતબીબ પાસે જવાનો પણ ઇનકાર કરે અને દવા પણ ન લે. ઘણી વાર દર્દી બનેલી વ્યક્તિ પોતાની આસપાસની વ્યક્તિઓ કે પરિવારનું ઍટેન્શન મેળવવા પણ એવું વિચિત્ર વર્તન કરે છે. વાસ્તવમાં તેને કોઈ

બીમારી ન પણ હોય."
અસીમે સહમત થતાં કહ્યું કે "સાચી વાત છે, ડૉક્ટર સાહેબ. હવે કરવું શું?"
ડૉક્ટરે કહેલું એમ જ શીતલમાં ચિહ્નો જોવા મળતાં. "દેખાવમાં સાવ સામાન્ય લાગે પણ તે વ્યક્તિ એવી નૉર્મલ હોય નહીં. વળી પોતાની ઍબ્નૉર્મલ અવસ્થા છુપાવવા માટે એ વ્યક્તિ ખૂબ જાગ્રત પણ હોય. આવી વ્યક્તિ જાણે-અજાણે પોતાના પરિવારજનો અથવા પોતાની આસપાસ રહેલી વ્યક્તિઓને પણ માનસિક રીતે પરેશાન કરી મૂકે."
અસીમને ઘણી બધી વાતો યાદ આવી ગઈ. એક દિવસ પત્નીએ ઘરમાં રસોઈ બનાવવાની ના પાડી દીધી હતી.
શીતલે સાસુને અને દેરાણીને કહી દીધું હતું કે "જેને જમવું હોય તે જાતે રસોઈ બનાવી લે."
અસીમે જ્યારે પૂછ્યું કે "કેમ આમ કરે છે?"
શીતલ બોલી હતી: "કેમ વળી? મારા મનની મરજી! મારે બનાવવું હોય ત્યારે બનાવીશ અને ન બનાવવું હોય તો નહિ. તમે મને કહેનાર કોણ?"
ટૂંકમાં ઝઘડાનું મૂળ. ગમે ત્યારે પિન છટકે.
ડૉક્ટરની વાત સાથે અસીમ પત્નીને સરખાવી જોતો અને વિચારોમાં ખોવાઈ જતો. આવી બીમારીવાળી વ્યક્તિ બીજા સાથે ઝઘડા કે તનાવ ઊભા કરીને પણ પોતે તો શાંત યા આરામની સ્થિતિમાં પણ હોય. સ્કિઝોફ્રેનિક વ્યક્તિને મૅન્ટલ ડિસઑર્ડરના હુમલા ગમે ત્યારે આવી

શકતા હોય છે. સ્કિઝોફ્રેનિક દર્દી પળવારમાં સંવેદનશીલ બની જાય, બીજી જ પળમાં આક્રમક બની જાય અને વળી તરત જ વિચિત્ર વર્તન કરવા લાગે છે.
ડૉક્ટરે ઉપાય બતાવ્યો હતો: “આવી વ્યક્તિ સામે ચાલીને મનોતબીબ પાસે આવવા તૈયાર ના જ થાય. એમને સમજાવીને લાવી શકાય પણ તમારા કહેવા પ્રમાણે તે આવશે જ નહિ. આથી એક કામ કરી શકો. હું તમારા ઘરે સૉશિયલ વિઝિટે ગેસ્ટ બનીને આવ્યો હોઉં તો પૅશન્ટ સાથે વાતચીત કરી શકાશે. અથવા તમે મારા ઘરે મહેમાન બનીને વાઇફ સાથે આવો. વેલકમ!”
અસીમે ડૉક્ટરને પોતાના ઘરે ઇન્વાઈટ કર્યા હતા. શીતલે ડૉક્ટર સાથે સારી રીતે વાત કરી હતી. ઘડીભર તો ડૉક્ટરને એમ જ લાગ્યું કે “અસીમ પોતે જ ખોટું બોલી રહ્યો છે. શીતલ પૅશન્ટ છે જ નહિ!”
જોકે ડૉક્ટરે થોડી સમજાવટથી કામ લીધું અને એમ લાગવા દીધું નહિ કે પૅશન્ટના સીટિંગ ચાલી રહ્યા છે. થોડી મેડિસિનનો કોર્સ પણ આપ્યો હતો.
* * *
ખેર, દેવાંગની વાત જુદી હતી પણ અસીમ તો શીતલ સાથે એક છત નીચે રહેતો હતો. આ છતાં આ વખતે પણ દર વખતની જેમ શીતલના ગુસ્સાનું કારણ અસીમ ક્યાં જાણતો હતો? શીતલ ગમે ત્યારે ગુસ્સો કરી બેસે અને અત્યારે પણ ઘરની બધી ચીજવસ્તુઓ રફેદફે કરીને ફેંકી હતી. ઊભરો શમી જાય તેમ હવે તે ડ્રૉઇંગરૂમના એક ખૂણામાં

શાંતિથી બેસી ગઈ હતી. જાણે કશું બન્યું જ નથી.
અસીમે એટલું જ પૂછ્યું કે "આમ સાવ અચાનક શું થયું?"
શીતલ ઊભી થઈને એટલું જ બોલી હતીઃ "અસીમ, હું મૉમના ઘરે રહેવા જઉં છું." આટલું કહીને તે ઘરેથી નીકળી ગઈ હતી.
અસીમ બોલ્યો હતો કે "અરે! આપણા બાવીસ વર્ષના દીકરાનો વિચાર તો કર?" પણ એ સાંભળવા શીતલ ઊભી નહોતી.
("મુંબઈ સમાચાર" 2020)

સંજોગોનો શિકાર દ્રૌપદી

કોર્ટરૂમ ભરચક હતો. સૌની નજર ન્યાયના આસન ઉપર હતી. કેસ ચર્ચાસ્પદ કે અસામાન્ય નહોતો, જટિલ અને સંકુલ જરૂર હતો. આમજનતાને રસ પડે કે ના પડે, પણ ન્યાયઆલમ અને કાયદાઆલમને અવશ્ય રસ પડે એવો કેસ હતો. ન્યાયાધીશ દીપા ભટ્ટ જેમની સાથે લીવ-ઈન રિલેશનશિપમાં રહી ચૂકી હતી એવા પોતાના એક સમયના સીનિઅર ઍડ્વૉકેટ આર.કે. ત્રિવેદી સામેના કેસમાં શું ચુકાદો સંભળાવશે? એના ઉપર સૌની નજર હતી.
સવારના બરાબર અગિયાર વાગ્યાના સુમારે પોતાની કોર્ટ ચૅમ્બરમાંથી નીકળીને ન્યાયાધીશ દીપા ભટ્ટ કોર્ટરૂમમાં આવીને ન્યાયાસન ઉપર બિરાજે છે. વ્હાઇટ સાડી, વ્હાઇટ બ્લાઉઝ, બ્લેક કૉટમાં જાજરમાન વ્યક્તિત્વ. ચાળીસેક વર્ષનાં ન્યાયાધીશની નજર સમગ્ર કોર્ટરૂમમાં ફરી વળે છે. કોર્ટની કાર્યવાહી શરૂ કરવા તેઓ સૌમ્ય સ્વરે આદેશ કરે છે.
કોર્ટનો શિરસ્તેદાર કેસ નંબર અને નામની બૂમ પાડે છે. કોઈ હલચલ થતી નથી. નંબર આગળ વધે છે. થોડી વારમાં મદદનીશ સરકારી વકીલ રઘુભાઈ ઊભા થાય છે અને ન્યાયપીઠ તરફ શીશ ઝુકાવે છે. ન્યાયાધીશ કહે છે: “યુ મૅ પ્રૉસિડ નાઉ...”
રઘુભાઈ રઘવાયા થઈને કહે છે કે “યૉર ઑનર, સમાજમાં કોઈ સ્ત્રી કોઈ પુરુષ ઉપર વિશ્વાસ મૂકી શકે એવું રહ્યું જ નથી. જજ સાહેબા, આ એક એવો કેસ છે કે જેમાં તહોમતદાર ખુદ અગ્રણી વકીલ છે. જ્યારે કોઈ સ્ત્રી અને સમગ્ર સમાજ વકીલ તરફ સન્માનની નજરે

જોતાં હોય ત્યારે એ વિશ્વાસનો ભંગ કરીને પોતાની પાસે આવેલી સ્ત્રીનું જાતીય શોષણ કરવા, કરાવવામાં સામેલગીરી હોય એવા સંગીન આરોપ સાથે તહોમતદાર ઍડ્વૉકેટ રાજેશકુમાર કાન્તિલાલ ત્રિવેદી ઉર્ફે આર.કે. ત્રિવેદી સામેનો કેસ આપની સમક્ષ સાફ-સાફ રજૂ કરવામાં આવ્યો છે.”

આરોપીના કઠેડામાં ઊભા રહેલા વરિષ્ઠ વકીલ આર.કે. ત્રિવેદીના ચહેરા ઉપર ઉંમર અને અનુભવના ચાસ પડેલા જોઈ શકાતા હતા. ટટ્ટાર ગરદન અને અણનમ શીશ. પ્રતિભાશાળી વ્યક્તિત્વ. પંચાવન વર્ષના ત્રિવેદી સામે જોઈને ન્યાયાધીશે પૂછ્યું કે “તમારે તમારા બચાવમાં કશું કહેવું છે? અલગથી કોઈ વકીલ રોકવા માગો છો?”

આર.કે. ત્રિવેદીએ મક્કમતાપૂર્વક જવાબ આપ્યો કે “યૉર ઑનર, મારા કેસનો બચાવ હું જાતે જ કરી લઈશ.”

ન્યાયાધીશે સંમતિ આપી અને આર.કે. ત્રિવેદીએ પોતાની પુરસીસ શરૂ કરી: “યૉર ઑનર, ફરિયાદ પક્ષનો કેસ મુખ્યત્વે એવો છે કે ભોગ બનનાર લીના શાહનું જાતીય શોષણ કરવામાં આવ્યું તેમાં મારી સામેલગીરી હતી. હવે વિક્ટિમ લીનાએ પોતાના સ્ટેટમેન્ટમાં કહ્યું છે કે તેમનું નામ લીના મઢીવાલા હતું. નીતિન શાહ નામના યુવાન સાથે ઘરેથી ભાગીને પ્રેમલગ્ન કર્યાં હતાં. નીતિન કોઈ કામધંધો કરતો નહોતો. મકાનનું ભાડું પણ ચઢી ગયું હતું. પોતે નોકરી કરીને પતિને પાલવવો પડે એના બદલે તે છૂટી થવા માગતી હતી. બીજી તરફ નીતીન તેમને છોડવા રાજી નહોતો. આથી લીના એક અસીલ તરીકે મારી યાને કે ઍડ્વૉકેટ આર.કે. ત્રિવેદી પાસે કલમ-125 મુજબ ભરણપોષણનો કેસ માંડવા માટે આવી હતી. સાથે-સાથે

એના કહેવાથી જ તેના પતિ નીતિન સામે કલમ-498 (ક) હેઠળ પણ દહેજ અને શારીરિક-માનસિક ત્રાસનો કેસ કર્યો હતો. તેણે મારી મદદથી અને મારા કહેવાથી જ લૉ શાખાનો સ્ટડી પણ કર્યો અને જુનિઅર વકીલ તરીકે મારું બધું કામ પણ સંભાળતી હતી. મારા ઘરે તેને આશ્રય પણ આપવામાં આવ્યો હતો. મારા કહેવાથી તે સરકાર દ્વારા યોજાતી કાનૂની શિબિરો, લીગલ વર્કશૉપ અને લોક અદાલત વગેરે કાર્યક્રમોમાં સેવા આપવા જતી હતી, ત્યાં કેટલાક લોકો દ્વારા જાતીય શોષણનો ભોગ બની હતી.”

આર.કે. ત્રિવેદીએ પોતાની દલીલ આગળ વધારી: “માનનીય જજ સાહેબા, મારો કહેવાનો અર્થ સાફ છે કે મેં તેને કાનૂની સેવા માટે પ્રેરિત કરી હતી કે જેથી તેની પ્રૉફેશનલ સ્કિલમાં વધારો થાય. એવા કાર્યક્રમોમાં આવનારા મહાનુભાવો સાથે ઘરોબો કેળવવા કે અંગત સંબંધ બાંધવાની મેં કોઈ સલાહ નહોતી આપી કે મારું કોઈ દબાણ પણ નહોતું. વળી તેના નિવેદનથી મારી સામેલગીરી સાબિત કરી શકાતી નથી. વિક્ટિમ તરીકે તેમણે શોષણ કરનારાઓનાં નામો પણ જાહેર કર્યા નથી. આથી તેમના નિવેદનના આધારે મારા ઉપર જો આરોપ મૂકવામાં આવે તો એ શંકાસ્પદ ગણાય. તેમણે પોતાના નિવેદનના સમર્થનમાં કોઈ આધાર – પુરાવા પણ રજૂ કર્યા નથી. બનાવનો કે ગુનાનો સમયગાળો પણ દ્વિધા ઊભી કરનારો છે. તેમના જ વર્ણન અનુસાર ત્રણ વર્ષ બાદ ફરિયાદ કરવામાં આવી છે. તેમના પતિ સામેના કેસોનો હિસ્ટ્રી જોતાં જણાય છે કે ફરિયાદી લીના શાહ ઉર્ફે લીના મઢીવાલા ખોટી ફરિયાદો અને ખોટા કેસો કરવાની ટેવ ધરાવે છે. વધુમાં તો તેમનું જજની ઍક્ઝામનું રિઝલ્ટ નેગેટિવ આવ્યા

બાદ તેમણે આ તકરાર ઊભી કરેલી છે.”
– ન્યાયાધીશ શૂન્યમનસ્ક બની જાય છે. તેમની આંખો સામે ભૂતકાળનાં દૃશ્યો વર્ષો પછી એક પછી એક ફ્લેશ થવા લાગે છે. એ અષાઢના દિવસો અને ચોમાસાની ઝરમર અને ઝાપટાંનો ઠંડોગાર માહોલ. પહેલા વરસાદની ભીનાશમાંથી ઊઠી આવતી માટીની સુગંધ. વર્ષાઋતુની એક રમ્ય સાંજે કોર્ટ કેસની બાબતે દીપા ભટ્ટ ઍડ્વૉકેટ આર.કે. ત્રિવેદીને મળવા તેમની ઑફિસ ગઈ હતી. તેમને મળીને મેઈન રોડ ઉપર આવી હતી. વરસાદ શરૂ થયો હતો. બસ કે રિક્ષા મળે એવો કોઈ અણસાર નહોતો.
સ્કૂટર ઉપર ઘર તરફ નીકળેલા આર.કે. ત્રિવેદીએ દીપાને જોઈને સ્કૂટરને બ્રેક મારીને લિફ્ટ ઑફર કરી હતી: “ચાલો, ક્યાં જવું છે તમારે?”
દીપા આમંત્રણનો સ્વીકાર કરીને સ્કૂટરની પાછલી સીટ ઉપર બેસી ગઈ હતી. એ વાતને પંદરેક વર્ષ થઈ ગયાં. એ સમયે દીપા પચીસેક વર્ષની ત્યક્તા હતી. પતિએ કાઢી મૂકી હતી અને સગાં સૌ સ્વાર્થનાં બન્યાં હતાં. ઓછા ખર્ચમાં રહેવા-જમવાનું મળે એ હેતુથી તેણે વર્કિંગ વિમેન હૉસ્ટેલમાં મુકામ કર્યો હતો અને સામાન્ય પગારવાળી નોકરી પણ શોધી લીધી હતી. હૉસ્ટેલના મહિલા સંચાલકે જ તેની કરમકહાણી સાંભળ્યા પછી સલાહ આપી હતી કે તે પતિ પાસે મન્થલી મૅન્ટેનન્સ મેળવવા કાનૂની રીતે હક્કદાર છે. આમ દીપાએ ઍડ્વૉકેટ આર.કે. ત્રિવેદીને કન્સલ્ટ કરીને કલમ-125 મુજબ પતિ સામે કોર્ટમાં ભરણપોષણનો કેસ મૂક્યો હતો.
વકીલ આર.કે. ત્રિવેદી દીપાની સ્થિતિ અને સંજોગોથી વાકેફ હતા. તેમણે જ ગ્રેજ્યુએટ થયેલી દીપાને લૉ-સ્ટડી કરાવીને વકીલ પણ બનાવી હતી.

ત્યારે છત્રીસ વર્ષના આર.કે. ત્રિવેદી એકલા જ રહેતા હોવાથી તેને પોતાના ઘરે જ રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. સમવયસ્ક સ્ત્રી-પુરુષને એકાંત મળે અને હૃદયના તાર સિતાર બનીને ન ઝણઝણી ઊઠે તો જ નવાઈ!

કુદરતી આવેગ અને આકર્ષણને કોણ રોકી શકે ભલા? પૂર આવેલી નદીને પટ મળ્યો હતો. આર.કે. અને દીપાની જોડી હવે કોર્ટ કૅમ્પસમાં પણ ચર્ચાનો વિષય બની રહી હતી. દીપાની આંખોમાં મેઘધનુષી શમણાં અંજાયેલાં હતાં. દીપાને જજ બનવું છે એ જાણ્યા પછી આર.કે. ત્રિવેદીએ જ તેને પરીક્ષાલક્ષી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ન્યાયપથની દિશા પણ બતાવી હતી. જજીસની સિલેક્શન પૅનલમાં સામેલ એક જજ સાથે દીપાએ સંપર્કો વધાર્યા હતા. રિટર્નના ટેસ્ટ અને ઑરલ ઇન્ટરવ્યૂમાં દીપા પાસ જાહેર થઈ હતી અને જજ પણ બની ગઈ હતી.

– અચાનક ન્યાયાધીશ દીપા ભટ્ટની આંખ સામે જાણે કે અંધકાર છવાઈ ગયો. કોર્ટમાં બોર્ડ ઍડજૉર્નન કર્યું. રિસેસ ટાઇમમાં તેણે નિરાંતનો શ્વાસ લીધો એ પછી પુનઃ કોર્ટ કાર્યવાહીનો આરંભ કરાવ્યો.

પોતે રિઝર્વ રાખેલું જજમેન્ટ ઓપન કોર્ટમાં જાહેર કર્યું કે “કેસની હકીકતો અને સંજોગો તથા આ પ્રકારના કેસોમાં જુદી-જુદી હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટના વિભિન્ન જજમેન્ટ્સ ઉપર આધાર રાખીને એવું ઠરાવવામાં આવે છે કે આ કેસની ફરિયાદી અને વિક્ટીમ લીના મઢીવાલા ઉર્ફે લીના શાહે કરેલા તમામ આરોપો બેબુનિયાદ છે, તેમણે શોષણ કરનારનાં નામો આપ્યા વિના તહોમતદાર આર.કે. ત્રિવેદી ઉપર મદદગારીના આક્ષેપો કરેલા છે કે જે તર્કસંગત નથી. પોલીસ પાસે કોઈ પુરાવા પણ ઉપલબ્ધ નથી.

ગુનાને સાંકળતી કડીઓનો પણ અહીં અભાવ છે. આથી આ અદાલત તહોમતદાર આર.કે. ત્રિવેદીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરે છે. આ સાથે કેસને ડિસમિસ કરવામાં આવે છે.” ચુકાદો ઓપન કોર્ટમાં વાંચી સંભળાવ્યા બાદ ન્યાયાધીશ દીપા ભટ્ટ એક નજર આર.કે. ત્રિવેદી ઉપર કરી લે છે અને જાણે પોતાની જાત સાથે સંવાદ કરી લે છે: “હું પાર્થ નથી કે બાણ ચઢાવી શકું, હું તો સંજોગોનો શિકાર બનેલી દ્રૌપદી!”

(“નવચેતન” 1990)

હરિરામની હાર

દિવાળીનો દિવસ. ઘેર-ઘેર દીપમાળા ઝગમગે. અંધકાર ઉપર પ્રકાશના વિજયનું પર્વ, પણ હરિરામનો ચહેરો પડી ગયો હતો. સવારથી હરિરામ ઉદાસ હતા. દિવસમાં ચાર-ચાર વખત ગામના એસ.ટી. ડેપોએ જઈને પાછા ફર્યા. દુમાડ ગામ સુધી અમદાવાદથી દિવસમાં માત્ર ચાર વાર જ બસ આવતી. હરિરામનું ઘર એટલે ગામનો આબરૂદાર વિપ્ર પરિવાર. પાંચમાં પૂજાતા હરિરામ આજે વયના વાર્ધક્યના આરે ગામમાં ચર્ચાઈ પણ રહ્યા છે. જોકે સાંભળી લેવા સિવાય તેઓ હવે બીજું કરી પણ શું શકે?

“પુનિયાના બાપા, આમ ક્યાં સુધી સૂનમૂન બેસી રહેશો? હવે વાળુ કરવાનો વખત થયો ને હજુ તમે પૂજાય બાકી રાખી છે.” પ્રભાવતીએ પતિને ધીમો સાદ દીધો ને તંદ્રાવસ્થામાં સરકી ગયેલા હરિરામને ઢંઢોળ્યા.

ઘરના આંગણામાં તુલસીક્યારા પાસે માટીના ઓટલે બેઠેલા હરિરામે આળસ મરડી અને પોતાની બાજુમાં જ બેસી પડેલાં પ્રભાવતી ગોરાણીની સામું જોઈ રહ્યા. ચશ્માંની પેલે પાર નિહાળી રહેલા ગોર જાણે ગોરાણીના ચહેરાનો તાગ મેળવવા મથી રહ્યા હતા.

થોડી વાર એમ જ બેસી રહ્યા બાદ તેઓએ કહ્યું કે “ગોરાણી, મને તમે આમ કહો છો તો તમે શા વિચારોમાં ખોવાઈ ગયાં? ખરેખર તો તમે બધુંય જાણો છો ને પાછાં અજાણ્યાં બનીને વાત માંડો છો? પણ ઠીક છે, જવા દો એ બધી વાત... ચાલો, એ કહો કે ચૂલે શું ચઢાવો છો? તમે કંઈ પણ બનાવો, ત્યાં સુધી હું અબ ઘડી પૂજા કરી દઉં છું.”

ગોરાણીએ કહ્યું: “જુઓ, સવારના બનાવેલા બે રોટલા પડ્યા

છે ને ખીચડી મૂકી દઉં છું. આપણે બે માણસને ખાવા જોઈએ કેટલું?"
ગોરની આંખે ઝળઝળિયાં આવી ગયાં, તે બોલી પડ્યા: "પણ તમે તો બે દિવસથી કહ્યા કરો છો કે ઘરમાં ચોખા ખલાસ થઈ ગયા છે?"
ગોરાણીએ ધરપત બંધાવી આપતાં કહ્યું કે "એની ફિકર તમે શીદને કરો છો? હમણાં બાજુવાળાં જશીબહેનના ઘરેથી મુઠ્ઠી દાણા લઈ આવું છું." – આટલું કહેતાં તો તેમની આંખોમાં પણ આંસુ આવી ગયાં.
ડૂમો બાઝેલા અવાજે હરિરામે પત્ની પાસે જઈને તેના વાંસે હાથ ફેરવ્યો અને બોલ્યા કે "મનમાં ઓછું ન લાવતાં આપણો લાલજી કાલ સવારે દયા કરશે ને સારા દિવસો આવશે. બધા દિવસો કંઈ એકસરખા જતા નથી. આપણો કાળિયો ઠાકર હાજરાહજૂર છે અને આપણો પુનિયો એક દિવસ જરૂર ઘરે પાછો આવશે. પછી આપણને કોઈ વાતની ફિકર નહીં રહે. ખરું ને?"
ગોરાણીએ કહ્યું: "મને ખબર છે, પુનિયાના બાપુ. પાછલા વીસ વરસથી હું સાંભળતી આવી છું, ને તમે વરસોથી જાણે નિયમ બનાવ્યો હોય એમ આજે સપરમા દહાડે પણ ચાર-ચાર વખત એસ.ટી. ડેપો જઈને આવ્યા પણ દીકરાના કોઈ વાવડ મળ્યા ખરા?"
"રહેવા દો ગોરાણી, તમેય આજે સવારથી દીકરાના નામનું ગાણું ગાતાં હતાં. મને તો ખબર જ હતી અને આપણાં ભાગ્ય જ એવાં, બાકી તો કોને દોષ દઈએ?" હરિરામ પત્ની પ્રભાવતીને સધિયારો આપતાં– આપતાં પોતે ખુદ ઢીલા પડી જતા હતા.
હરિરામ ગોર અને પ્રભાવતી ગોરાણી એટલે દુમાડ ગામનું

આબરૂદાર ખોરડું. ગામની શાળામાં હરિરામની માસ્તર તરીકે નોકરી અને થોડું ઘણું ગોરપદું પણ ખરું. લગ્નને સાત-આઠ વર્ષ થયાં ને કંઈ કેટલીય બાધા-આખડીઓ કરી ત્યારે આ દંપતીને ત્યાં પારણું બંધાયું હતું. પતિ-પત્ની બેઉ લાલજીનાં અનન્ય ભક્ત. જાણે ભગવાન શ્રીકૃષ્ણનાં જ પુત્રરૂપે પુનિત પગલાં ન થયાં હોય એમ દીકરાનું નામ પુનિત રાખ્યું હતું. સમયને જતાં ક્યાં વાર લાગે છે? દીકરો મોટો થતો ગયો.

પુનિત ભણવા-ગણવામાં હોશિયાર. ગોરપદામાં ઘર ચાલે અને શાળાના પગારની આવકમાંથી બચત કરી–કરીને હરિરામે થોડીક જમીન પણ લીધી હતી. માણસો રાખીને ખેતીવાડી કરાવે અને ગોર પોતે પણ ખેતરે જઈને ધ્યાન આપતા. પુનિતને ડૉક્ટર બનાવવા અમદાવાદની મેડિકલ કૉલેજમાં મૂક્યો હતો. એની તોતિંગ ફીનો ખર્ચ કાઢવા મા-બાપે બધી બચત વાપરી નાખી હતી.

સમય જતાં દીકરાએ કહેલું કે "બાપુ, મારું ભણવાનું તો પૂરું થઈ ગયું પણ વધુ ભણવા અમેરિકા જવાની મારી ઇચ્છા છે. જો તમે રજા આપો તો..."

આમ સમય જતા દીકરાને અમેરિકા મોકલવા અને તેની કારકિર્દી ખાતર તો ખેતર પણ વેચી કાઢ્યું હતું. આટલું ઓછું હોય તેમ દીકરાના સારા ભવિષ્યની આશામાં ને આશામાં હવે મા-બાપે ખોરડું પણ વેચવું પડ્યું હતું. પોતાનું મકાન છોડીને છાતી ઉપર પથ્થર મૂકીને માવતરે ભાડાના ઘરમાં બાકીની જિંદગીને ખસેડી હતી.

અમેરિકા પહોંચ્યા પછી શરૂ-શરૂમાં તો દીકરો અમેરિકાથી ફોન

પણ કરતો અને નિયમિત કાગળ લખતો હતો. કાગળમાં જલદી વતન પાછા ફરવાની અને પૈસા મોકલવાની પણ વાત કરતો હતો. પુનિત અમેરિકા ગયો ત્યારે હરિરામ પચાસ વર્ષના હતા. આજે વીસ-વીસ વર્ષનાં વહાણાં વાયાં અને હરિરામ પણ સિત્તેર વર્ષના થઈ ગયા પણ દીકરાએ અત્યાર સુધીમાં ફૂટી કોડી પણ મોકલી નથી. અમેરિકા પહોંચ્યા પછી ધીરે-ધીરે પુનિતે ફોન કરવાના પણ બંધ કરી દીધા હતા અને કાગળ લખવાના પણ બંધ કર્યા હતા. હવે તો તેનો કોઈ અતો-પતો પણ નહોતો.
દીકરો અમેરિકા ગયો ત્યારે દિવાળીના દિવસે પાછા આવવાનું કહીને ગયો હતો કે “બા-બાપુજી, આપણે દિવાળી સાથે ઊજવીશું. દિવાળીના દિવસે હું જરૂર પાછો આવી જઈશ.” – પરંતુ દીકરો ગયો તે ગયો. આજની ઘડી અને કાલનો દહાડો. પેન્શનની હજારેક રૂપરડીમાં ગોર અને ગોરાણી મોંઘવારીમાં જેમતેમ કરીને દિવસો ગુજારી રહ્યાં છે, એવી શ્રદ્ધા સાથે કે “અમારો પુનિયો જરૂર પાછો આવશે અને સુખના દિવસો લાવશે.”
(“ચાંદની” 1987)